નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૬.૪૩ |
| પાઉન્ડ | ૧૨૮.૪૮ |
| યુરો | ૧૦૯.૮૫ |
| સઉદી રિયાલ | ૨૫.૭૨ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૪૮,૫૧૦ |
| ચાંદી (૧ કિલો) | ૨,૩૫,૦૦૦ |

ઝમ-ઝમ
ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ ૨૦૨૭ બુકીંગ ચાલુ છે
દિવાળી વેકેશન ઉમરાહ
૧૫ દિવસ
૨૦ દિવસ
9712057888/7405355743/9712457888
૮, ગ્રાઉન્ડ ફ્લોર, દસ્કોઈ ચેમ્બર્સ, ખમાસા, અહમદાબાદ

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૩૫૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી

### CJP શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ પર અટલ

# સરકારે માગણીઓના જવાબ માટે આજે બપોર સુધીનો સમય માગ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

વિદ્યાર્થીઓના આંદોલનને શાંત કરવા અને તેમના અસંતોષને દૂર કરવા માટે કેન્દ્ર સરકારે પોતાના પ્રયાસો ઝડપી બનાવી દીધા છે. આ પૃષ્ઠભૂમિમાં કેન્દ્રીય મંત્રીમંડળે પરીક્ષાના પેપર લીક કરનારાઓ સામે અત્યંત કડક સજાની જોગવાઈ ધરાવતા બિલને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય પીએમ મોદી દ્વારા મોડી રાત્રે જાહેર કરાયેલા એક વીડિયો બાદ આવ્યો છે, જેમાં તેમણે પેપર લીક સામે સખત કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું.

આ સિવાય દિવસ દરમિયાન પીએમએ જાહેરાત કરી હતી કે, પેપર લીકના કેસ ચલાવવા માટે વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર નવા બિલમાં દોષિતો માટે ૧૦ વર્ષ સુધીની જેલ અને રૂા.૧૦ કરોડ સુધીના દંડની દરખાસ્ત કરવામાં આવી છે, જ્યારે હાલના કાયદામાં ૩થી ૫ વર્ષની જેલ અને રૂા.૧૦ લાખ સુધીના દંડની જ જોગવાઈ છે.

**CJP અને સરકાર વચ્ચે બીજા તબક્કાની વાટાઘાટો : શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ :**

જંતર-મંતર પર ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનનું નેતૃત્વ કરી રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા વચ્ચે બીજા તબક્કાની વાતચીત થઈ હતી. આ બેઠકમાં CJPના નેતાઓએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું જ તેમની મુખ્ય માંગ છે અને આ મુદ્દે તેઓ કોઈ જ પ્રકારની સમજૂતી કરવા તૈયાર નથી.

CJPએ શુક્રવારે કહ્યું છે કે, સરકારે તેમની માગણીઓનો જવાબ આપવા માટે શનિવાર બપોર સુધીનો સમય માંગ્યો છે. આ અગાઉ CJP અને સરકારના પ્રતિનિધિઓ વચ્ચેની મહત્ત્વપૂર્ણ બેઠક પૂર્ણ થઈ હતી. સરકારનું પ્રતિનિધિત્વ કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડા



અને પીએમઓ રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. CJPનું પ્રતિનિધિત્વ પ્રવક્તા સૌરવ દાસ અને અન્ય સભ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ મીટિંગ પછી CJP પ્રવક્તા આશુતોષ રંકા અને સૌરવ દાસે જણાવ્યું હતું કે, તેમની માગણીઓ યથાવત્ છે, જેમાં એક વધારાની માંગ છે કે, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈ કેસ નોંધવામાં ન આવે. તેમણે કહ્યું કે, સરકારે અત્યાર સુધી કોઈ ખાતરી આપી નથી અને તેમની માગણીઓનો જવાબ આપવા માટે શનિવાર સુધીનો સમય માંગ્યો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ પર, પ્રવક્તાઓએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડાએ બેઠક દરમિયાન આ અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી.

**દિલ્હી હાઈકોર્ટે CJPના 'ચલો સંસદ' કૂચની એનઆઈએ તપાસની માંગ કરતી પીઆઈએલ પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો :**

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે NEET-UG પેપર લીક અને અન્ય સંબંધિત મુદ્દાઓના વિરોધમાં ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ કોકરોચ જનતા પાર્ટીની આગેવાની હેઠળની કૂચની એનઆઈએ અથવા કોઈપણ 'વિશેષ એજન્સી' દ્વારા તપાસની માંગ કરતી પીઆઈએલ પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બેન્ચે જણાવ્યું હતું કે, તોડફોડની કથિત ઘટનાઓની જાણકારી અને સૂચના અધિકારીઓને આપવામાં આવી હતી, જે કાયદા અનુસાર કાર્યવાહી કરશે. બેન્ચે એમ પણ કહ્યું કે, કેન્દ્રનું કામ છે કે, કોઈપણ કેસને તપાસ માટે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને મોકલવામાં આવે, કોર્ટમાં નહીં. કોર્ટના અવલોકનોને ધ્યાનમાં રાખીને, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજદારના વકીલને પીઆઈએલ પાછી ખેંચવા પર વિચાર કરવા કહ્યું, જેના પગલે અરજદારે બેન્ચને તે પાછી ખેંચવાની વિનંતી કરી હતી.

### અભિજિત દીપકેનું મોટું નિવેદન

## જંતર-મંતર પર શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન ચાલુ જ રહેશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

NEET પેપર લીક અને દેશની શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક સુધારાની માંગ સાથે છેલ્લા ૨૬ દિવસથી અનિશ્ચિતકાલીન ભૂખ હડતાલ પર બેઠેલા જાણીતા સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે કેન્દ્ર સરકારના આશ્વાસન બાદ પોતાના પારણાં કરી લીધા છે. જોકે, સોનમ વાંગચુકના અનશન વિરામ બાદ તરત જ અભિજિત દીપકેએ સ્પષ્ટ કરી દીધું છે કે તેમનું આંદોલન પૂરૂં થયું નથી અને શિક્ષણ મંત્રીના રાજીનામા સુધી આ લડાઈ ચાલુ જ રહેશે. સોનમ વાંગચુકે અનશન સમાપ્ત કર્યા બાદ અભિજિત દીપકેએ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે સોનમ વાંગચુકના ત્યાગની પ્રશંસા કરવાની સાથે આંદોલન ચાલુ રાખવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. અમને આ વાતની રાહત અને આનંદ છે કે સોનમ સરે ૨૬ દિવસ પછી પોતાની ભૂખ હડતાલ પૂરી

**વાંગચુકના પારણાં બાદ અભિજિત દીપકેની મોટી જાહેરાત**

કરી છે. સર, તમારી જબરદસ્ત હિંમત અને કુરબાની માટે ખૂબ-ખૂબ આભાર. પોતાનો જીવ જોખમમાં મૂકીને તમે આખા દેશની ચેતનાને જગાડી છે. તમારો જીવ આ દેશ માટે અત્યંત કિંમતી છે. કોકરોચ જનતા પાર્ટીનો જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપી દે. સોનમ વાંગચુકની તબિયત લથડતા તેમને ગુરૂગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જીતેન્દ્ર સિંહ પોતે મેદાંતા હોસ્પિટલ પહોંચ્યા હતા અને સરકાર વતી તેમની સાથે મુલાકાત કરી હતી. હોસ્પિટલમાં થયેલી ચર્ચા દરમિયાન સરકારે વિરોધ પ્રદર્શન કરી રહેલા આંદોલનકારીઓ પ્રત્યે સકારાત્મક વલણ અપનાવવાની ખાતરી આપી હતી. સરકારે આશ્વાસન આપ્યું છે કે દિલ્હીના જંતર-મંતર પર શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારાઓ અને ૨૦ જુલાઈના રોજ સંસદ માર્ચમાં સામેલ લોકો સામે નોંધાયેલા કેસો પર સકારાત્મક વિચારણા કરીને રાહત આપવામાં આવશે. પોતાના અનશનના અંત અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપતા સોનમ વાંગચુકે જણાવ્યું કે, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, જીતેન્દ્ર સિંહ અને લેહ-લદ્દાખ એપેક્સ બોડીના નેતાઓની સત્તાવાર હાજરીમાં તેમણે ૨૬ દિવસ બાદ ભૂખ હડતાલ સમેટી છે.

### પેપર લીકના વિરોધમાં

## કોંગ્રેસ આજે દેશભરમાં યોજશે વિશાળ કેન્ડલ માર્ચ

**દરેક જિલ્લા સ્તરે સાંજે યોજાનારી આ માર્ચ મહાત્મા ગાંધી કે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સમાપ્ત થશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

દેશમાં NEET અને CBSE જેવી પરીક્ષાઓમાં પેપર લીક તેમજ ગેરરીતિઓના વિરોધમાં અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (AICC) દ્વારા શનિવાર, ૨૫ જુલાઈના રોજ દેશવ્યાપી પ્રદર્શનનું આહ્‌વાન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ સાથે એકજૂથતા દર્શાવવા માટે કોંગ્રેસ દરેક જિલ્લા સ્તરે સાંજે વિશાળ કેન્ડલ માર્ચ અને સત્યાગ્રહનું આયોજન કરશે. કોંગ્રેસ સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ દ્વારા ૨૪ જુલાઈના રોજ તમામ પ્રદેશ સમિતિઓને આ અંગે પરિપત્ર મોકલવામાં આવ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિર્દેશ પર યોજાઈ રહેલી આ માર્ચ દરેક જિલ્લામાં મહાત્મા ગાંધી અથવા ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમા સુધી જશે અને ત્યાં જ તેનું સમાપન થશે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર, પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતાઓને કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. એક્ઝામ સિસ્ટમની ક્રેડિબિલિટી ફરી સ્થાપિત કરવા માટે પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના તાત્કાલિક રાજીનામાની માંગ પણ દોહરાવી છે. કોંગ્રેસે પોતાના તમામ પ્રદેશ, જિલ્લા અને બ્લોક સમિતિઓ સહિત વિવિધ વિભાગોને આ કાર્યક્રમમાં સક્રિય થવા સૂચના આપી છે. આ સાથે જ વિદ્યાર્થીઓ, યુવાનો, વાલીઓ અને નાગરિક સમાજના પ્રતિનિધિઓને શિક્ષણ બચાવો અભિયાનમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે.

# અમેરિકાએ ફોર્સ્ડ લેબરની ચિંતાઓને પગલે ભારતીય આયાત પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો

(એજન્સી) તા.૨૪

વૈશ્વિક સપ્લાય ચેઈનમાં બળજબરીપૂર્વકના શ્રમ (ફોર્સ્ડ લેબર)ના ઉપયોગ સામે લડવાના હેતુથી એક નવો વેપાર ઉપાય હાથ ધરીને યુનાઈટેડ સ્ટેટ્સે ભારત સહિત ૧૭ દેશોમાંથી આવતી આયાતી વસ્તુઓ પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો છે. ૧૯૭૪ના ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ (સેક્શન ૩૦૧) હેઠળ યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) જેમીસન ગ્રીઅર દ્વારા ગુરૂવારે આ ટેરિફની જાહેરાત કરવામાં આવી હતી. આ વર્ષના પ્રારંભમાં લાદવામાં આવેલા કામચલાઉ ૧૦ ટકા આયાત કરની મુદ્દત પૂર્ણ થવાની સાથે જ શુક્રવારે મધ્યરાત્રિ ૧૨:૦૧ વાગ્યાથી આ નવો દર અમલમાં આવશે. USTR દ્વારા જ્યારે જૂન મહિનામાં આ યોજના રજૂ કરવામાં આવી હતી ત્યારે ભારત પર ૧૨.૫ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ હતો. જો કે, ભારતે ૧૪ જૂને પોતાની વિદેશી વેપાર નીતિમાં સુધારો કરીને



**ભારતે બળજબરીપૂર્વકના શ્રમ દ્વારા ઉત્પાદિત માલની આયાત પર જૂન મહિનામાં પ્રતિબંધ મૂક્યા બાદ અમેરિકાએ પ્રારંભિક ૧૨.૫ ટકાના ટેરિફને ઘટાડીને ૧૦ ટકા કર્યો**

બળજબરીપૂર્વકના શ્રમ દ્વારા ઉત્પાદિત સામાનની આયાત પર પ્રતિબંધ મૂકતા વોશિંગ્ટને આ દર ઘટાડીને ૧૦ ટકા કર્યો હતો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે જાહેર કરેલા એક મેમોરેન્ડમમાં જણાવ્યું હતું કે, 'આ કાર્યવાહીના પરિણામે ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે મને સલાહ આપી છે કે, આ દેશો આવા પ્રતિબંધોને અસરકારક રીતે અમલમાં મૂકે તે માટે તેમની આયાત પર ૧૦ ટકાના દરે ટેરિફ લાદવો જોઈએ.'

**૧૭ દેશો પર ૧૦ ટકા અને ૪૩ દેશો પર ૧૨.૫ ટકા ટેરિફ :** USTRએ બળજબરીપૂર્વકના શ્રમથી બનેલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવામાં અને તેનો યોગ્ય અમલ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કુલ ૬૦ દેશો પર આ ટેરિફ લાદ્યા છે. આમાંથી ભારત, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, બાંગ્લાદેશ અને પાકિસ્તાન સહિત ૧૭ દેશોએ ૧૦ ટકા ટેરિફનો સામનો કરવો પડશે, જ્યારે બાકીના ૪૩ દેશો પર ૧૨.૫ ટકાનો લેવી લાદવામાં આવશે. ચીન અને જાપાન જેવા દેશો, જેમની પાસે આવા શ્રમથી બનેલા માલની આયાત પર પ્રતિબંધ મૂકતા કાયદા નથી, તેમના પર ૧૨.૫ ટકાનો ઉચ્ચ ટેરિફ લાગશે.

જો કે, આ ટેરિફ એવા કાચા માલ પર લાગુ નહીં થાય કે જેમના પર પ્રતિબંધ મૂકવાથી યુએસની સ્થાનિક સપ્લાયમાં અછત સર્જાય, દેશના સમગ્ર અર્થતંત્રમાં મોટી વિક્ષેપ પડી શકે અથવા તે ઉત્પાદનો અમેરિકામાં પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન કે ઉગાડી શકાતા ન હોય. ગ્રીઅરે જણાવ્યું હતું કે, આ પગલાનો હેતુ શ્રમ અધિકારોના ઉલ્લંઘન અને અયોગ્ય વેપાર પદ્ધતિઓ બંનેનો ઉકેલ લાવવાનો છે.

**ભારત-અમેરિકા વેપાર સંબંધો પર અસર :**

વોશિંગ્ટનમાં એક ઈન્ડસ્ટ્રી બોડીના પ્રોગ્રામ ઓફિસર અભિક સેનગુપ્તાએ જણાવ્યું હતું કે, 'ટેરિફમાં ૧૨.૫ ટકાથી ૧૦ ટકાનો ઘટાડો ટકાવારીની દૃષ્ટિએ ઓછો લાગે છે પરંતુ સંકેત આપવાની દૃષ્ટિએ આ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તે દર્શાવે છે કે, વોશિંગ્ટન ભારત-અમેરિકાના આર્થિક સંબંધોની વ્યૂહાત્મક દિશાને જાળવી રાખીને નિયમોનો અમલ કરવા ઈચ્છે છે.' બીજી તરફ, ભારતે USTR તપાસનો વિરોધ કર્યો છે અને જાળવી રાખ્યું છે કે, આ મુદ્દાઓને હાલમાં ચાલી રહેલી દ્વિપક્ષીય વેપાર વાટાઘાટોના ભાગરૂપે જ ઉકેલવા જોઈએ. ઉલ્લેખનીય છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ એ ભારતનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર અને સૌથી મોટું નિકાસ સ્થળ છે. વાણિજ્ય વિભાગના ડેટા અનુસાર ૨૦૨૫માં દ્વિપક્ષીય સામાનનો વેપાર લગભગ ૧૪૧ અબજ ડૉલર થયો હતો, જેમાં ભારતની ૮૭.૩ અબજ ડૉલરની નિકાસ સામેલ હતી.

CELEBRATING EXCELLENCE 35 years GT

# 'શું તે ક્યારેય ફરી જોઈ શકશે ?' : વિદ્યાર્થીઓ પર પેલેટ ગનના ઉપયોગ બદલ રાહુલ ગાંધીના કેન્દ્ર સરકાર પર પ્રહારો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે આરોપ લગાવ્યો હતો કે, કથિત NEET પેપર લીક મુદ્દે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર સુરક્ષા દળો દ્વારા અતિશય બળપ્રયોગ કરવામાં આવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે, પેલેટ ગનના ઉપયોગને કારણે કેટલાક વિદ્યાર્થીઓની આંખોની રોશની ગુમાવવા સહિત ગંભીર ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્ત આંદોલનકારીઓને મળ્યા બાદ મીડિયાને સંબોધતા રાહુલ ગાંધીએ ૧૯ વર્ષીય સાહિલ નામના વિદ્યાર્થીનો ઉલ્લેખ કર્યો હતો, જેને પેલેટ વાગવાથી તેની એક આંખને ગંભીર નુકસાન પહોંચ્યું છે. દિલ્હી પોલીસ અને સત્તાવાર ફેક્ટ-ચેકર્સ દ્વારા આ દાવાઓને નકારવામાં આવ્યા હોવા છતાં ૨૦ જુલાઈની 'CJP' માર્ચ દરમિયાન કેટલાક પ્રદર્શનકારીઓને પેલેટ ગનથી ઈજાઓ પહોંચી હોવાના તબીબી અહેવાલો સામે આવ્યા છે. દેશની રાજધાનીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પેલેટ ગનનો ઉપયોગ થયો હોવાની આ એક દુર્લભ ઘટના માનવામાં આવે છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, સાહિલ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી અને ડોક્ટરો પણ



**૧૯ વર્ષીય વિરોધ પ્રદર્શનકારી ઈજાગ્રસ્ત થતાં રાહુલ ગાંધીએ જવાબદારો સામે કાર્યવાહી, PM મોદીની માફી અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી**

ચોક્કસપણે કહી શકતા નથી કે તેની દૃષ્ટિ પાછી આવશે કે નહીં.

**રાહુલ ગાંધીએ આંદોલનકારીઓ વતી ૩ મુખ્ય માગણીઓ રજૂ કરી :**

**રાહુલ ગાંધીએ આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ તરફથી સરકાર સામે ત્રણ પ્રમુખ માગણીઓ મૂકી છે :**

૧. પેપર લીક માટે જવાબદાર તમામ લોકો સામે કડક કાર્યવાહી કરીને તેમને દૂર કરવામાં આવે.
૨. વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને પેલેટ ગનનો ઉપયોગ કરવા બદલ દોષિતો સામે પગલાં લેવાય.
૩. સરકારના વડા તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રભાવિત થયેલા હજારો યુવાનોની માફી માંગવી જોઈએ. હુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દેશની 'ગુનાહિત બનેલી શિક્ષણ વ્યવસ્થાનું પ્રતીક' છે અને તેઓ શિક્ષણ પ્રણાલીના પતન માટે જવાબદાર હોવાથી તેમણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી વિદ્યાર્થીઓની તમામ માગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

**સરકાર બે મુખ્ય માગણીઓ સ્વીકારવા તૈયાર : CJP :** ગુરૂવારે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાયેલી બે કલાક લાંબી બેઠક બાદ CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે તેમની બે મુખ્ય માગણીઓ સદ્ધાંતિક રીતે સ્વીકારી લીધી છે, જ્યારે શિક્ષણ મંત્રીના રાજીનામા અંગે નિર્ણય લેવા માટે સમય માંગ્યો છે.

**ક્યા બાત હૈ ?!**




**પેટ્રોલના ભાવ વધારાની અસર આપણા ધંધા પર પણ થઈ ! જે દાતા ભીખમાં પાંચ રૂપિયા આપતા'તા તે હવે માત્ર બે જ રૂપિયા આપે છે !**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેપર લીક બિલની ઘોષણા કરી, રાહુલ ગાંધીએ વીડિયોને દયનીય ગણાવ્યા

(એજન્સી) તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવાર, ૨૩ જુલાઈના રોજ જાહેરાત કરી હતી કે સરકાર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીક સામે કડક પગલાં લેવા માટે આવતા અઠવાડિયે સંસદમાં એક બિલ રજૂ કરશે. મોદીએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત કાયદાના રૂપરેખાઓને શુક્રવાર, ૨૪ જુલાઈના રોજ યોજાનારી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક દરમિયાન અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. કેબિનેટ શુક્રવારે પેપર લીકના મુદ્દા પર ચર્ચા કરશે. સોમવારે, જ્યારે ચોમાસુ સત્રનો બીજો સપ્તાહ શરૂ થશે, ત્યારે પેપર લીક સામે કડક કાર્યવાહીની જોગવાઈઓ સાથે એક બિલ લાવવામાં આવશે, અને અમે તેને શક્ય તેટલી વહેલી તકે પસાર કરવાનો પ્રયાસ કરીશું.

મોદીએ લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને આવા પેપર લીકથી થતી તકલીફનો સ્વીકાર કર્યો હતો. અઢી મહિના પહેલાના NEET વિવાદનો ઉલ્લેખ કરતા, તેમણે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં પર વાત કરી હતી. તેમાં પેપર લીકમાં સામેલ લોકોની ધરપકડ, જેઓ હવે જેલમાં છે અને વિદ્યાર્થીઓનું



શૈક્ષણિક વર્ષ ન ગુમાવે તેની ખાતરી કરવા માટે ફરીથી પરીક્ષાનું ઝડપી સંચાલન શામેલ છે. લગભગ ૨૨ લાખ વિદ્યાર્થીઓએ ફરીથી પરીક્ષા આપી હતી, જેના પરિણામો ૧૯ જુલાઈના રોજ જાહેર થયા હતા, જેનાથી ઘણા સફળ ઉમેદવારોને રાહત મળી હતી. જોકે, મોદીએ જણાવ્યું હતું કે, સરકાર માત્ર આ પગલાં પર આધાર રાખી રહી નથી. તેમણે અધિકારીઓને ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવાનો નિર્દેશ આપ્યો છે, જે આવા કેસોમાં ઝડપી ન્યાય મેળવવા માટે સ્થાપિત કરવામાં આવી છે. વધતા જતાં રાજકીય દબાણ વચ્ચે મોદી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. મોદીનો વીડિયો પોસ્ટ થયા પછી તરત જ, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તેની આકરી ટીકા કરી હતી અને તેને "દયનીય રીતે રેકોર્ડ કરેલ મધ્યરાત્રિનો વીડિયો" ગણાવ્યો હતો અને તેને વિદ્યાર્થીઓની બુદ્ધિમત્તાનું અપમાન ગણાવ્યું હતું. ગાંધીએ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને માર મારનારાઓને સજા અને સરકાર પાસેથી ઔપચારિક માફીની માંગ કરી હતી. NEET પેપર લીકના આરોપોએ દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા છે, વિરોધ પક્ષો વારંવાર કેન્દ્ર પાસેથી જવાબદારીની માંગ કરી રહ્યા છે. આગામી બિલ અંગે મોઈની જાહેરતને પરીક્ષા પ્રણાલીમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે સરકારના પ્રતિભાવ તરીકે જોવામાં આવી રહ્યું છે.

GUJARAT TODAY ગુજરાત ટુડે AHMEDABAD શનિવાર તા.૨૫-૭-૨૦૨૬

# સોનમ વાંગચુકે ભૂખ હડતાળ સમાપ્ત કરતાં કોંગ્રેસ સાંસદ ઇમરાન મસૂદે તેમની ટીકા કરી, તેમને 'અણ્ણા ભાગ ૨' ગણાવ્યા





## તેમણે કહ્યું કે, 'તેઓ અણ્ણા ભાગ ૨ છે, ૧૨ વર્ષથી અણ્ણા ચૂપ રહ્યા છે અને હવે સોનમ વાંગચુક ચૂપ રહેશે, તમે ગઈકાલે સરકાર સાથે સોદો કરી રહ્યા હતા; તે સમયે ત્યાં કોઈ વિદ્યાર્થી હાજર હતો ? સરકાર સાથે આ તમારો વ્યક્તિગત સોદો છે

(એજન્સી) તા.૨૪

કોંગ્રેસ સાંસદ ઇમરાન મસૂદે શુક્રવારે ૨૬ દિવસની ભૂખ હડતાળ સમાપ્ત કરવા બદલ પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકની ટીકા કરી અને તેઓએ આરોપ લગાવ્યો કે, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ખાતરી આપવામાં આવી હોવા છતાં આ નિર્ણય સરકાર સાથે 'વ્યક્તિગત સોદો' છે. મસૂદે વાંગચુકની તુલના અનુભવી સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારે સાથે કરી અને તેઓએ કયા સંજોગોમાં ઉપવાસ સમાપ્ત કર્યા તે અંગે પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, તેઓ અણ્ણા ભાગ બે છે. ૧૨ વર્ષથી અણ્ણા ચૂપ રહ્યા છે અને હવે સોનમ વાંગચુક ચૂપ રહેશે. તમે ગઈકાલે સરકાર સાથે સોદો કરી રહ્યા હતા; તે સમયે ત્યાં કોઈ વિદ્યાર્થી હાજર હતો ? સરકાર સાથે તમારા વ્યક્તિગત સોદા સિવાય બીજું શું કહી શકાય છે ? કોંગ્રેસના રાજ્યસભા સાંસદ વિવેક તંખા વિપક્ષી નેતાઓમાં સામેલ હતા જે વાંગચુકને મળ્યા હતા અને તેમને તેમના અનિશ્ચિત ઉપવાસ સમાપ્ત કરવા વિનંતી કરી હતી. વિપક્ષી સાંસદોના એક પ્રતિનિધિમંડળે વાંગચુકને ખાતરી આપી હતી કે, વિરોધ દરમિયાન ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સંસદમાં ઉઠાવવામાં આવશે. જો કે, ઉપવાસ સમાપ્ત કરવાના નિર્ણયને સમજાવતા વાંગચુકના પત્ની ડૉ.ગીતાંજલિ આંગ્મોએ જણાવ્યું હતું કે, સરકારે મુખ્ય માગણીઓ સ્વીકારીને લેખિત પુષ્ટિ આપી છે, જેમાં વિદ્યાર્થી વિરોધીઓ સામે કોઈ FIR દાખલ કરવામાં આવશે નહીં, NEET પેપર લીક પીડિતોને વળતર આપવામાં આવશે અને સંસદના ચાલુ ચોમાસા સત્ર દરમિયાન શૈક્ષણિક સુધારાઓની ચર્ચા કરવામાં આવશે. મધ્યરાત્રિએ અમને સરકાર તરફથી વિદ્યાર્થી વિરોધીઓ સામે FIR ન કરવાની, NEET પીડિતો માટે વળતર અને સંસદમાં શૈક્ષણિક સુધારાઓ પર ચર્ચા કરવાની અમારી માગણી સ્વીકારવાની લેખિત પુષ્ટિ મળી છે. તેમણે કહ્યું કે, ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ અને કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે એક દિવસ પહેલા વાંગચુકને મળ્યા હતા, જ્યારે ૧૬ સાંસદોએ વિરોધ સ્થળની મુલાકાત લીધી હતી અને ૬૫ વિપક્ષી સાંસદોએ શિક્ષણ સુધારાઓ પર સંસદીય ચર્ચાને સમર્થન આપતા લેખિત ખાતરીઓ રજૂ કરી હતી. આ આંદોલનને સફળ ગણાવતા આંગ્મોએ કહ્યું કે, NEET પેપર લીક એ શિક્ષણ ક્ષેત્રમાં ઊંડા પ્રણાલીગત મુદ્દાઓનું માત્ર 'લક્ષણ' હતું અને આશા વ્યક્ત કરી કે આ આંદોલન નીતિ નિર્માતાઓ માટે જાગૃતિનો સંકેત બનશે. તેમણે કહ્યું કે, વાંગચુકે વિદ્યાર્થી વિરોધીઓને કાનૂની કાર્યવાહીથી બચાવવા માટે લેખિત ખાતરીઓ મેળવી હતી અને વિદ્યાર્થીઓ સરકારી પ્રતિનિધિઓને મળ્યા પછી આંદોલનનો ભાવિ માર્ગ નક્કી કરશે. આ દરમિયાન આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વાંગચુકના ઉપવાસ સમાપ્ત કરવાના નિર્ણયનું સ્વાગત કર્યું અને કહ્યું કે, તેમનું સ્વાસ્થ્ય દેશ માટે મહત્ત્વપૂર્ણ છે. સોનમ વાંગચુકજીના અનશન રદ કરવાના નિર્ણયનું હું સ્વાગત કરૂં છું. તેમનું જીવન અને સ્વાસ્થ્ય રાષ્ટ્ર માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. CJPએ આજે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું એલાન કર્યું છે, તેથી હું દરેકને તેમાં ભાગ લેવા વિનંતી કરૂં છું.

# 'અમે મોદી અને શાહથી ડરતા હતા પરંતુ વિરોધ કરનારા વિદ્યાર્થીઓ નીડર છે' : કોંગ્રેસ નેતા મણિશંકર અય્યર

## NEET પેપર લીક મામલે જંતર-મંતર પર વિદ્યાર્થીઓના પ્રદર્શનમાં જોડાયા મણિશંકર અય્યર; CJP અને કેન્દ્ર સરકાર વચ્ચેની વાતચીતને આવકારી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યર શુક્રવારે કથિત NEET પેપર લીકના મુદ્દે દિલ્હીના જંતર-મંતર પર યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. આ દરમિયાન તેમણે કોકરોચ જનતા પાર્ટી (CJP) અને કેન્દ્ર સરકાર વચ્ચે શરૂ થયેલી વાટાઘાટોનું સ્વાગત કરતા આશા વ્યક્ત કરી હતી કે, આ સકારાત્મક પરિણામ તરફ દોરી જશે. આ આંદોલનને એક મહત્ત્વપૂર્ણ ક્ષણ ગણાવતા અય્યરે કહ્યું હતું કે, 'આ એક ઐતિહાસિક ક્ષણ છે. અમે પણ અહીં છીએ અને વિચાર્યું કે આપણે પણ આ ઈતિહાસનો એક હિસ્સો બનવું જોઈએ.' દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે પેપર લીક



વિવાદ અંગે CJPના પ્રતિનિધિઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે ઔપચારિક ચર્ચા શરૂ થઈ છે. સક્રિય કાર્યકર્તા સોનમ વાંગચુક દ્વારા તટસ્થ સ્થળે વાતચીત કરવા માટે કેન્દ્ર સરકારે તૈયારી દર્શાવ્યા બાદ તેમના ૨૬ દિવસના ઉપવાસનો અંત આણ્યો હતો. આ વાટાઘાટો અંગે અય્યરે ઉમેર્યું કે, 'મને આનંદ છે કે વાતચીત થઈ રહી છે. મને આશા છે કે, આનું કોઈ સકારાત્મક પરિણામ આવશે, નહિતર આ પ્રદર્શન ચાલુ રહેશે.' તેમના પત્ની સુનીત અય્યરે પણ આ વાતચીતને સમર્થન આપ્યું હતું અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીની ટીકા કરતા કહ્યું કે, મુદ્દાઓનો ઉકેલ વાતચીત દ્વારા આવી શકે છે, પથ્થર કે લાઠીઓથી નહીં.

**'અમે ડરતા હતા પણ આ દેશ નિડર બનવો જોઈએ'** : બાદમાં સમાચાર એજન્સી ANI સાથે વાત કરતા કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'હું અહીં શીખવા આવ્યો છું. આ વિદ્યાર્થીઓ આપણને નિડર બનતા શીખવી રહ્યા છે. એક સમય હતો જ્યારે અમે નરેન્દ્ર મોદી અને અમિત શાહથી ડરતા હતા.' પોતાના નિવેદનમાં આગળ ઉમેરતા તેમણે કહ્યું કે, 'અમે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જોયા છે. તેઓ હજુ પણ જેલમાં છે અને સરકાર કોર્ટ સમક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહી છે. મેં તે સમયે પણ મારો અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ હું ડરેલો હતો. આજના વિદ્યાર્થીઓ સંપૂર્ણપણે નિડર છે અને આ સમગ્ર દેશે પણ આ જ રીતે નિડર બનવું જોઈએ.' હાલમાં કેન્દ્ર સરકાર અને CJP વચ્ચે કથિત NEET પેપર લીક અને તેનાથી સંબંધિત માંગણીઓ અંગે ચર્ચા ચાલી રહી છે, જેમાં દોષિતો સામે કડક કાર્યવાહી અને પરીક્ષા પ્રક્રિયામાં સુધારાનો સમાવેશ થાય છે. બેઠકના અંતિમ પરિણામની હજુ રાહ જોવાઈ રહી છે.

# 'અમે પણ એક સમયે NEETના વિદ્યાર્થીઓ હતા' : જંતર-મંતર ખાતે ફ્રન્ટ લાઈન પર સેવા આપતા સ્વયંસેવક ડોક્ટરો

## વિરોધ સ્થળ પર આવેલા આ સ્વયંસેવક ડોક્ટરો કહે છે કે, અમે અહીં બધા વ્યક્તિગત રીતે, અમારા પોતાના સમયે આવી રહ્યા છીએ

(એજન્સી) તા.૨૪

અનેક સ્વયંસેવક ડોક્ટરો અને તબીબી વિદ્યાર્થીઓએ જંતર-મંતર ખાતે એક કામચલાઉ શિબિર સ્થાપી છે અને આ વિરોધ અને પોલીસ અથડામણ દરમિયાન ઘાયલોની સારવાર કરી છે. NEET પેપર લીક જેવા મુદ્દાઓથી પ્રેરિત થઈને ઘણા લોકોએ પહેલી વાર પ્રતિક્રિયા આપી. ૧૦૦થી વધુ વિરોધીઓને હોસ્પિટલમાં સારવારની જરૂર હતી, જેમાં ઓછામાં ઓછા ૩૦-૪૦ને માથામાં ઈજાઓ થઈ હતી.



જંતર-મંતર વિરોધ સ્થળ પર સૂત્રોચ્ચાર કરતા ખોરાક વહેંચતા અને એકબીજાને પંખાથી હવા નાખતા વિરોધીઓ દેખાય છે. અહીં સ્વયંસેવક ડોક્ટરો અને તબીબી વિદ્યાર્થીઓ છે, જે ઘાયલ અને થાકેલા વિરોધીઓની સંભાળ રાખે છે. કેટલાકને પાટો અને પીડાનાશક દવાની જરૂર છે; અન્ય સર્જિકલ માસ્ક અને ORS માંગવા આવે છે, જ્યારે અન્ય ફક્ત સૂવા માટે જગ્યા શોધી રહ્યા છે. મેડિકલ કેમ્પની સામે, છાંયડા નીચે સાદડીઓ અને ગાદલાઓની હરોળ ઘાયલ, થાકેલા અને બીમાર વિરોધીઓને થોડી રાહત આપે છે, જ્યાં આ સ્વયંસેવક ડોક્ટરો કામ કરે છે. મર્યાદિત જગ્યામાં વધતી ભીડ અને સશસ્ત્ર પોલીસ દળો સાથે અથડામણો વચ્ચે, આ કામચલાઉ તબીબી શિબિર વિરોધ પ્રદર્શનની સૌથી વ્યસ્ત અને સૌથી અનિવાર્ય જગ્યાઓમાંની એક બની ગઈ છે. ૨૬ વર્ષીય જનરલ ફિઝિશિયન ડૉ.શિલિપ ચંદ્રા કહે છે કે, તે દિવસે નાના, ઘાયલ બાળકોને કચડી નાખવામાં આવી રહ્યા હતા. ૨૦ જુલાઈ, સોમવારે 'સાંસદ ચલો' કૂચ દરમિયાન સુરક્ષા દળો દ્વારા વિરોધ પ્રદર્શનકારોને વિખેરવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડૉ.શિલ્પી ૧૮ જુલાઈથી સ્થળ પર સ્વયંસેવક તરીકે સેવા આપી રહ્યા છે. શરૂઆતમાં તે અને તેમના સાથીદારો મુખ્યત્વે મૂળભૂત પ્રાથમિક સારવાર પૂરી પાડતા હતા અને કાર્યકર્તા સોનમ વાંચુક સહિત ભૂખ હડતાળ પર રહેલા લોકોને સંભાળતા હતા. તે સમયે ખૂબ ઓછા ડોક્ટરો હતા પરંતુ ૨૦ જુલાઈના રોજ પરિસ્થિતિએ વળાંક લીધો. ડૉ.રામ મનોહર લોહિયા હોસ્પિટલ (RML)ના રહેવાસી ડૉ.કેયુર કહે છે કે, અહીં અમે ફક્ત નાની ઈજાઓ માટે પાટો બાંધી શકીએ છીએ, પ્રાથમિક સારવાર આપી શકીએ છીએ અને પીડા નિવારક દવાઓ આપી શકીએ છીએ. જ્યારે જીવલેણ ઈજાઓ અને ગંભીર રીતે ઘાયલ દર્દીઓની વાત આવે છે, ત્યારે અમે અહીં ઘણું બધું કરી શકતા નથી. એક દર્દી, ૨૧ વર્ષીય મહિલાને ICUમાં ખસેડવામાં આવી હતી અને લાઈફ સપોર્ટ પર રાખવી પડી હતી. ભલે તે હવે વેન્ટિલેટરથી બહાર છે, તે હજુ પણ ગંભીર સ્થિતિમાં છે.

આ ઘર્ષણ દરમિયાન પોલીસ કર્મચારીઓ ઘાયલ થયાના અહેવાલો પણ મળ્યા છે, જેમાં ઘણાને ઘાયલ પ્રદર્શનકારીઓ સાથે સારવાર માટે RML હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જો કે, ડોક્ટરો કહે છે કે, ગંભીર રીતે ઘાયલ થયેલા પ્રદર્શનકારીઓની સંખ્યા ઘાયલ પોલીસ કર્મચારીઓ કરતા ઘણી વધારે છે. લાવવામાં આવેલા ઘણા વિદ્યાર્થીઓને ગંભીર ઈજા થઈ હતી. સોમવારે બપોરે ૧૦૦થી વધુ વિરોધીઓને ગંભીર અને નાની ઈજાઓ સાથે RML હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હોવાના અહેવાલ છે. ડોક્ટરોએ જણાવ્યું હતું કે, આમાંથી ઓછામાં ઓછા ૩૦-૪૦ કેસોમાં માથામાં ઈજાઓ થઈ હતી. ચાર વિરોધીઓને પેલેટ ગનથી ગંભીર ઈજાઓ પણ થઈ છે, જેમાં ૧૯ વર્ષનો એક યુવાન પણ સામેલ છે જે એક આંખની દૃષ્ટિ ગુમાવી શકે છે. જો કે, દિલ્હી પોલીસ આ દાવાઓને નકારે છે. જો પોલીસ ભીડને કાબૂમાં લેવા માટે બળનો ઉપયોગ કરે છે, તો તેઓ ફક્ત કમરની નીચે અને શરીરના સંવેદનશીલ ભાગોથી દૂર મારવી જોઈએ. અમે પોલીસને વારંવાર કેટલાક વિરોધીઓના માથા પર માર મારતા જોયા છે. લોકોની છાતી, હાથ, પાંસળી પર માર મારવામાં આવ્યો હતો. મહિલાઓના પેટ પર પણ માર મારવામાં આવ્યો હતો. પોલીસ અને RAFએ જે કર્યું તે ભયાનક હતું. મેં તે મારી આંખો સામે જોયું છે.

સફદરજંગ હોસ્પિટલના કોમ્યુનિટી મેડિસિનમાં રહેતી ૩૦ વર્ષીય ડૉ.પ્રિયાંશા ગુપ્તા કહે છે કે, એક ડોક્ટર તરીકે, મને મારા સાથીદારો અને ભૂતકાળમાં સામાજિક ન્યાયના મુદ્દાઓ પર તેમના પ્રતિભાવથી ઘણી વાર નિરાશા થઈ છે. ડોક્ટરો સામાન્ય રીતે સક્રિયતામાં સામેલ થતા નથી અને આવા સ્થળ પર ઘણા સ્વયંસેવક ડોક્ટરો સાથે સંપૂર્ણ તબીબી શિબિર વિરોધ પ્રદર્શનોમાં એક દુર્લભ દૃશ્ય છે.

ડૉ.શિલ્પા દરરોજ વિરોધ સ્થળ પર સાત કલાકથી વધુ સમય વિતાવે છે, તેણી કહે છે, ૨૦ જુલાઈ પહેલા અમારી પાસે કોઈ ટીમ નહોતી અને અમે એટલા સંગઠિત નહોતા. અત્યારે અમારી પાસે ઘણા સ્વયંસેવક ડોક્ટરો છે અને પૂરતો પુરવઠો છે જેથી અમે અમારી સુવિધા અને ક્ષમતા મુજબ આવી શકીએ અને જઈ શકીએ. અહીં ૨૪/૭ ડોક્ટરો છે.

ડૉ.શિલ્પા, ડૉ.પ્રિયાંશા અને ડૉ.કેયુર સહિત આમાંના ઘણા ડોક્ટરો પહેલીવાર વિરોધ પ્રદર્શનમાં તબીબી વ્યાવસાયિકો તરીકે સ્વયંસેવક તરીકે સેવા આપી રહ્યા છે. હાથ મોજા પહેરેલા અને કચરાપેટી લઈને, ૨૪ વર્ષીય ડૉ.કેયુરને વિરોધ સ્થળ તરફ જતા રસ્તા પર કચરો ઉપાડે છે. જ્યારે ડૉ.કેયુર હોસ્પિટલ પહોંચે છે, ત્યારે રાત્રે ૮થી સવારે ૯ વાગ્યા સુધીની ૧૩ કલાકની રાત્રિ શિફ્ટ છે.

ડૉ.પ્રિયાંશા કહે છે કે, ૨૨ જુલાઈના રોજ તે પહેલી વાર વિરોધ પ્રદર્શનમાં સ્વયંસેવક તરીકે ગઈ હતી પરંતુ તેણી ઈચ્છે છે કે, તે વહેલા ગઈ હોત. કારણ કે, હું કોમ્યુનિટી મેડિસિનની ડોક્ટર છું, મારી શાખા ક્લિનિકલ નથી, શરૂઆતમાં મને લાગ્યું કે મારી સેવાઓ આ પરિસ્થિતિમાં એટલી સુસંગત રહેશે નહીં અને હું અહીં જરૂરી સંભાળ પૂરી પાડી શકીશ નહીં પરંતુ પછી હું અહીં આવી અને જોયું કે અહીં મોટાભાગના ડોક્ટરો ખરેખર યુવાન ઈન્ટર્ન, મેડિકલ વિદ્યાર્થીઓ અને પેરામેડિકલ વિદ્યાર્થીઓ હતા, જેઓ સમય કાઢી રહ્યા છે અથવા વર્ગો વચ્ચે અને તેમની ફરજો પછી અહીં આવવા માટે સમય કાઢી રહ્યા છે જેથી તેઓ ગમે તે રીતે મદદ કરી શકે. તેનાથી મને ખરેખર પ્રેરણા મળી અને મને ઘર જેવું લાગ્યું.

ઘણા લોકો માટે, તેનું કારણ સીધું કાર્યકર્તા સોનમ વાંગચુક સાથે જોડાયેલું છે, જેઓ ૧૦ જુલાઈથી ભૂખ હડતાળ પર હતા. મને ખરેખર એ હકીકતથી ખૂબ જ દુઃખ થયું કે આટલા બધા લોકો વિરોધ કરી રહ્યા હતા અને સોનમ વાંગચુક આટલા લાંબા સમયથી ભૂખ હડતાળ પર હતા છતાં સરકારે હજુ સુધી તેમને સ્વીકાર્યા નથી. તેમના તરફથી કોઈ જવાબદારી લેવામાં આવી નથી. ડૉ.પ્રિયાંશા ગુપ્તા કહે છે કે, વાંગચુકની અટકાયત પણ કારણભૂત હતી. સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાં ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. હું ત્યાં મારૂં અનુસ્નાતક શિક્ષણ લઈ રહી છું અને તે જ જગ્યાએથી મેં મારૂં MBBS પણ કર્યું છે. તેથી કોઈને ઘરે જ તેમના મૂળભૂત અધિકારો છીનવી લેવામાં આવ્યા તેનાથી મને ખૂબ જ દુઃખ થયું. તેનાથી મને ખૂબ ગુસ્સો આવ્યો અને મને કંઈક કરવાની ઈચ્છા થઈ. આટલા બધા ડોક્ટરો આવવાનું બીજું એક મુખ્ય કારણ એ છે કે, NEET પેપર લીક થવાને કારણે વિરોધ પ્રદર્શનો થયા હતા, જે તેઓને પણ અસર કરે છે. અમે એક સમયે NEETના વિદ્યાર્થીઓ હતા, તેથી અમે સમજીએ છીએ કે આ વિદ્યાર્થીઓએ કેટલી પીડા સહન કરી હશે. ડૉ.કેયુર કહે છે કે, NEET પેપર લીક થવાની આ પહેલી ઘટના નથી. દુર્ભાગ્યે તે એવી વસ્તુ છે જેની વિદ્યાર્થીઓ વર્ષોથી અપેક્ષા રાખતા આવ્યા છે, તેથી અમે વર્તમાન વિદ્યાર્થીઓના દુઃખને ઊંડાણપૂર્વક સમજીએ છીએ. અમે ઘણા વિદ્યાર્થીઓને જાણીએ છીએ જે ભવિષ્યમાં NEET આપવાના છે. અમે પણ પોસ્ટ-ગ્રેજ્યુએટ તરીકે ફરીથી NEET આપીશું. તેથી અમને સિસ્ટમમાં થોડો વિશ્વાસ અને પારદર્શિતાની જરૂર છે અને તે વિશ્વાસનું હાલમાં ઉલ્લંઘન થઈ રહ્યું છે. ડોક્ટરો કહે છે કે, આ કામ સરળ નથી. બીજાઓની સંભાળ રાખવાની સાથે, આરોગ્યસંભાળ સ્વયંસેવકોની સુખાકારીની ખાતરી કરવી પણ એક પડકાર રહ્યો છે. જો કે, અમને ખૂબ જ ટેકો મળ્યો છે, શરૂઆતમાં અમારી પાસે દવાઓ ઓછી હતી પરંતુ હવે અમારી પાસે ખૂબ જ સ્ટોક છે. દર ૧-૨ કલાકે લોકો અમારી પાસે આવી રહ્યા છે અને કંઈક દાન કરી રહ્યા છે. અમને યાદ છે કે, ૨૨ જુલાઈના રોજ એક વિદ્યાર્થીએ તબીબી પુરવઠા માટે ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું દાન આપ્યું હતું. તે અદ્ભુત છે !

# કેબિનેટે પેપર લીક માટે ૧૦ વર્ષની જેલ, ૧૦ કરોડ રૂપિયા દંડનો પ્રસ્તાવ મૂક્યો

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કર્યાના થોડા કલાકો પછી શુક્રવાર, ૨૪ જુલાઈના રોજ કેન્દ્રીય કેબિનેટે પેપર લીક માટે કડક સજા સુનિશ્ચિત કરવા માટે બિલના ડ્રાફ્ટને મંજૂરી આપી. અહેવાલ મુજબ કેબિનેટે ફક્ત હાલના પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કર્યો છે અને કડક દંડ રજૂ કર્યો છે. નવા કાયદામાં વધુમાં વધુ ૧૦ વર્ષની જેલ અને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હોવાનું જણાવાયું છે. તેમાં વર્તમાન ત્રણ વર્ષથી લઘુત્તમ કેદની સજાને વધારીને પાંચ વર્ષ કરવાની પણ જોગવાઈ છે. ગુરૂવાર, ૨૩ જુલાઈની મધ્યરાત્રિની આસપાસ એક વીડિયો સંદેશમાં મોદીએ જાહેરાત કરી હતી કે, પેપર લીક સામે કડક કાર્યવાહીની જોગવાઈઓ ધરાવતું બિલ આવતા અઠવાડિયે સંસદમાં રજૂ કરવામાં આવશે.

# લંડનની લક્ઝરી હોટેલમાં સઉદી પ્રિન્સના મૃત્યુનો મામલો

## દારૂ અને અનેક ડ્રગ્સના મિશ્રણને કારણે ઘાતક હૃદયરોગનો હુમલો આવ્યો હતો : તપાસનું તારણ

યુકેના સતાવાળાએ ચુકાદો આપ્યો છે કે નવેમ્બર ૨૦૨૫માં લંડનની મેરિયોટ હોટેલ કેન્સિંગ્ટનમાં મૃત હાલતમાં મળી આવેલા સાઉદી પ્રિન્સ અબ્દુલ્લા બિન ફહાદ બિન અબ્દુલ્લા બિન અબ્દુલ્લાઝીઝ બિન જલાવી અલ સઉદ, જેમનો મૃતદેહ ગયા વર્ષે લંડનની એક લક્ઝરી હોટેલમાં મળી આવ્યો હતો, તેમનું મૃત્યુ સત્તાવાર રીતે આકસ્મિક મૃત્યુ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે, કારણ કે યુકેની તપાસમાં એવું તારણ નીકળ્યું હતું કે દારૂ અને અનેક દવાઓના મિશ્રણને કારણે જીવલેણ હૃદયરોગનો હુમલો થયો હતો. સઉદી અરેબિયાના શાસક ગૃહના ૨૯ વર્ષીય સભ્ય ૨૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ લંડન મેરિયોટ હોટેલ કેન્સિંગ્ટનમાં તેમના સ્યુટમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા, જ્યારે હોટેલ સ્ટાફે બંધ રૂમમાં પ્રવેશ કર્યો અને કટોકટી સેવાઓને ચેતવણી આપી. પેરામેડિક્સના પ્રયાસો છતાં, તેમને પુનર્જીવિત કરી શકાયા ન હતા. તપાસના નિષ્કર્ષ પછી, કોરોનર જીન હાર્કિને ''દુર્ભાગ્યથી મૃત્યુ''નો ચુકાદો નોંધ્યો, જે કાનૂની નિષ્કર્ષ છે જેનો ઉપયોગ જ્યારે કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ જોખમી કૃત્ય કરતી વખતે આકસ્મિક રીતે મૃત્યુ પામે છે ત્યારે થાય છે. કાર્યવાહીમાં આત્મહત્યા, ષડયંત્ર અથવા કોઈ તૃતીય પક્ષની સંડોવણી સૂચવતા કોઈ પુરાવા મળ્યા નથી. તપાસ દરમિયાન સમીક્ષા કરાયેલા સીસીટીવી ફૂટેજમાં રાજકુમાર તેમના મૃત્યુની આગલી રાત્રે સિગારેટ માટે થોડા સમય માટે બહાર નીકળ્યા પછી એકલા હોટેલમાં પાછા ફરતા જોવા મળ્યા. સુનાવણી દરમિયાન રજૂ કરાયેલા તબીબી પુરાવાઓમાં તારણ કાઢ્યું હતું કે પ્રિન્સ અબ્દુલ્લાને દારૂ સાથે GHB, જેને સામાન્ય રીતે પાર્ટી ડ્રગ તરીકે ઓળખવામાં આવે છે, તેમજ અનેક પ્રિસ્ક્રિપ્શન અને મનોરંજક પદાર્થોનું સેવન કર્યા પછી હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ટોક્સિકોલોજીના તારણો અનુસાર, તેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૧૦૦ મિલી દીઠ ૨૨૨ મિલિગ્રામ હતું, જે ઈંગ્લેન્ડની દારૂ પીવાની કાયદેસર મર્યાદા કરતાં લગભગ ત્રણ ગણું હતું. તબીબી નિષ્ણાતોએ કોર્ટને જણાવ્યું હતું કે ફક્ત આટલું સ્તર કોમા લાવવાની ક્ષમતા ધરાવે છે. પ્રિન્સ અબ્દુલ્લા મોટાભાગે સઉદી અરેબિયાના શાહી પરિવાર સાથે જોડાયેલા હોવા છતાં જાહેર જીવનની બહાર રહ્યા. તેમના મૃત્યુ પછી, સઉદી રોયલ કોર્ટે તેમના મૃત્યુની જાહેરાત કરી અને ત્યારબાદ રિયાધમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

# CJP વિરોધ : મીડિયાએ 'અવિચારી' રીતે અહેવાલ આપ્યો કે મેં તાત્કાલિક સુનાવણીનો ઈન્કાર કર્યો; કોઈ અરજી જ દાખલ કરવામાં આવી નથી : CJI સૂર્યકાન્ત

CJP વિરોધ પર સુપ્રીમ કોર્ટમાં કોઈ અરજી દાખલ કરવામાં આવી નથી તે સ્પષ્ટતા કરતા, ભારતના મુખ્ય ન્યાયાધીશ ન્યાયાધીશ સૂર્યકાન્તે શુક્રવારે મીડિયા અહેવાલોનો આક્રો વિરોધ કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમણે CJP વિરોધીઓ પર કથિત પોલીસ બર્બરતા સામેની અરજીને તાત્કાલિક સુનાવણી માટે સૂચિબદ્ધ કરવાનો ઈનકાર કર્યો હતો. આવા અહેવાલોને ''સંપૂર્ણપણે ખોટા'' અને ''અવિચારી'' ગણાવીને CJIએ કહ્યું કે, કોઈ અરજી દાખલ કરવામાં આવી નથી અને તે ફક્ત એક રજૂઆત હતી.

# NEET પેપર લીક વિવાદ વચ્ચે બોમ્બે સિટી સિવિલ કોર્ટ બાર એસોસિએશને વિદ્યાર્થી વિરોધીઓને ટેકો આપ્યો, પોલીસ કાર્યવાહીની નિંદા કરી અને કાનૂની સહાય ઓફર કરી

મુંબઈ : બોમ્બે સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ બાર એસોસિએશને કથિત NEET પેપર લીક મામલે ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને ટેકો આપ્યો, પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગની સખત નિંદા કરતો ઠરાવ પસાર કર્યો અને પીડિત વિદ્યાર્થીઓને કાનૂની સહાયની ખાતરી આપી હતી. ગુરૂવારે સાંજે બાર એસોસિએશન પરિસરમાં યોજાયેલી એક તાકીદની બેઠકમાં, સભ્યોએ સર્વાનુમતે શિક્ષણના ભવિષ્ય અંગે શાંતિપૂર્ણ રીતે એકઠા થયેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી દર્શાવતા અહેવાલો અને વીડિયોઝ પર ગંભીર ચિંતા વ્યક્ત કરતો ઠરાવ અપનાવ્યો. તેના ઠરાવમાં એસોસિએશને કહ્યું કે, તે દૃશ્યો અને મીડિયા અહેવાલોથી ખૂબ જ વ્યથિત છે જેમાં કથિત રીતે મહિલા વિરોધીઓ સહિત વિદ્યાર્થીઓ પર પોલીસ હુમલો કરતી અને પ્રદર્શનોને વિખેરવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કરતી દર્શાવવામાં આવી છે. 'તેમના બંધારણીય અધિકારોનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ સામે બળનો ઉપયોગ ખૂબ જ ખલેલ પહોંચાડે છે અને કાયદાના શાસન દ્વારા સંચાલિત સમાજમાં તેને સહન કરી શકાતું નથી,' ઠરાવમાં જણાવાયું હતું.

# 'અમે આખા વર્ષ દરમિયાન નજર રાખીશું' : સુપ્રીમ કોર્ટે NEET સુધારાના 'સંસ્થાકીયકરણ' માટે આપી ખાતરી

## સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને NTA પાસે સુધારાઓની પ્રગતિ અંગે માંગ્યો વિગતવાર અહેવાલ; કામચલાઉ ઉકેલોને બદલે કાયમી અને સુરક્ષિત વ્યવસ્થા ઊભી કરવા આદેશ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સર્વોચ્ચ અદાલતે શુક્રવારે કેન્દ્ર સરકાર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ને NEET-UG પેપર લીક વિવાદ બાદ સૂચવવામાં આવેલા સુધારાઓના અમલીકરણમાં થયેલી પ્રગતિ અંગે એક વિગતવાર નવું એફિડેવિટ (સોગંદનામું) દાખલ કરવા માટે નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, તે આ સુધારાઓ યોગ્ય રીતે લાગુ થાય અને તેનું પૂર્ણ 'સંસ્થાકીયકરણ' થાય તે સુનિશ્ચિત કરવા માટે 'આખા વર્ષ દરમિયાન તેની પર બારીકાઈથી નજર રાખશે.'

જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની ખંડપીઠે જણાવ્યું હતું કે, સરકારે કામચલાઉ કે અસ્થાયી ઉકેલો પર આધાર રાખવાને બદલે કાયમી સંસ્થાકીય સુધારા કરવા માટે કયા ચોક્કસ પગલાં લીધાં છે તેની એફિડેવિટમાં સ્પષ્ટતા કરવી પડશે. જસ્ટિસ નરસિમ્હાએ નોંધ્યું હતું કે, પેપર લીક થયા બાદ પ્રશ્નપત્રોના સુરક્ષિત પરિવહન માટે ભારતીય વાયુસેનાની મદદ લેવી એ માત્ર એક કામચલાઉ ઉકેલ હતો અને તે ક્યારેય કાયમી વ્યવસ્થા બની શકે નહીં. કોર્ટે આ મામલે આગામી સુનાવણી આવતા સોમવારે મુકરર કરી છે.

**૧૦ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો અને આધુનિક ટેક્નોલોજી અંગે રિપોર્ટ માંગ્યો :**

સમાચાર એજન્સી ANI અનુસાર સુપ્રીમ કોર્ટે પ્રસ્તાવિત ગવર્નિંગ બોર્ડ, નિષ્ણાતોની આગેવાની હેઠળના યુનિટ્સ, હિસ્સેદારોના નામાંકન અને હાઈ-પાવર્ડ કમિટીની ભલામણોના અમલ અંગે માહિતી માંગી છે. આ સુધારાઓમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સિક્યુરિટી, રિસર્ચ અને ડેવલપમેન્ટ, પારદર્શિતા, વહીવટ અને માનવ સંસાધન સહિતના ૧૦ મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

**આ સિવાય અદાલતે નીચે મુજબના મહત્ત્વના મુદ્દાઓ પર પણ કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટતા માંગી છે :**

- **સુરક્ષા અધિકારીઓની ભૂમિકા :** સુરક્ષા, મોનિટરિંગ અને વિજિલન્સ માટે નવ-નિયુક્ત એડિશનલ ડાયરેક્ટર જનરલની ભૂમિકા અને તેમની કામગીરીની પ્રગતિનો રિપોર્ટ.
- **પરીક્ષા પ્રક્રિયાના ત્રણેય તબક્કા :** પરીક્ષા પહેલાં (Pre-exam), પરીક્ષા દરમિયાન (During exam) અને પરીક્ષા પછી (Post-exam) હાથ ધરવામાં આવતા સુધારાઓનો સ્ટેટસ રિપોર્ટ.
- **રાજ્ય અને જિલ્લા કક્ષાએ સંકલન :** રાજ્ય અને જિલ્લા સત્તાવાળાઓ સાથે પરીક્ષા પદ્ધતિ, મલ્ટીપલ-સેશન પરીક્ષાઓ (અલગ-અલગ શિફ્ટમાં), પરીક્ષા કેન્દ્રો, પ્રશ્નપત્રોનું પ્રિન્ટિંગ અને પરિવહન અંગે થયેલી પ્રગતિ.
- **કોમ્પ્યુટર આધારિત પરીક્ષા અને ડિજિટેક :** પરીક્ષાને 'કોમ્પ્યુટર-બેઝ્ડ ટેસ્ટિંગ' (CBT) મોડ પર શિફ્ટ કરવાના પ્રસ્તાવ, ડેટા સુરક્ષાના ઉપાયો તેમજ ઉમેદવારોના વેરિફિકેશન માટે 'ડિજિયાત્રા' (DigiYatra) જેવી આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ અંગે સરકારની યોજના.

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા અગાઉ દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં આ તમામ મહત્ત્વના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા નહોતા. જેના જવાબમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે, સરકાર આ તમામ વિગતો આવરી લેતું એક નવું અને સંપૂર્ણ એફિડેવિટ ટૂંક સમયમાં દાખલ કરશે, જેનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કર્યો હતો.

# બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને રાજીનામું આપ્યું

(એજન્સી) ઢાકા, તા.૨૪। બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન જે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના પૂર્વ સાથી હતા, તેમણે શુક્રવારે તેમના કાર્યકાળના અંતના બે વર્ષ પહેલાં રાજીનામું આપ્યું. 'હું વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યો છું,' ૭૬ વર્ષીય નેતાને ધ ડેઈલી સ્ટાર અખબાર દ્વારા ટાંકવામાં આવ્યા હતા. તેઓ તેમના રાજીનામાના કારણ વિશેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.



# જંતર-મંતર પર સુરક્ષા કડક; ચહેરાની ઓળખ કરતી સિસ્ટમ સ્થાપિત કરાઈ

## જંતર-મંતર પર 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા ચાલી રહેલા ધરણા અને વિરોધ પ્રદર્શન વચ્ચે CJP નેતાઓ અને સરકાર વચ્ચે આજે વાતચીત થવાની છે. ત્યારે દેશભરમાં CJP વિરોધ પ્રદર્શન ચાલુ છે

(એજન્સી) તા.૨૪

- જ્યારે સરકાર વાટાઘાટોમાં વ્યસ્ત છે, ત્યારે જંતર-મંતર પર સુરક્ષા કડક કરવામાં આવી રહી છે.
- CJP અને કેન્દ્ર વચ્ચે વાતચીત પૂર્ણ થઈ છે.
- ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અંગે કોઈ સંમતિ થઈ નથી.
- CJPએ કહ્યું: સરકાર અમારી ત્રણ માંગણીઓમાંથી ફક્ત બે જ સ્વીકારવા તૈયાર છે.
- અભિજીત દિપકેએ જાહેર કર્યું: અમે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા વિના જંતર-મંતર છોડીશું નહીં.
- જંતર-મંતર પર ભીડ ફરી વધી રહી છે.
- ઈન્ટરનેટ સસ્પેન્શન આજે રાત્રે મધ્યરાત્રિ સુધી લંબાવવામાં આવ્યું.
- કોંગ્રેસે મધ્ય દિલ્હી સહિત દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોની જાહેરાત કરી અને તેના જિલ્લા એકમોને સંદેશા મોકલ્યા.
- નવી દિલ્હી મેટ્રો સ્ટેશન પર અંધાધૂંધી; સ્ટેશન બંધ.
- પેપર લીક અટકાવવા માટે મોદી કેબિનેટના નિર્ણયો અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

**જંતર-મંતર પર સુરક્ષા કડક; ચહેરાની ઓળખ સિસ્ટમ સ્થાપિત :** વોન્ટેડ ગુનેગારો, ભાગેડુઓ અને ગુનાહિત રેકોર્ડ ધરાવતા વ્યક્તિઓ (હિસ્ટ્રી-શીટર્સ)ને ઓળખવા માટે જંતર-મંતર ખાતે વિરોધ સ્થળની આસપાસ ચાર ચહેરાની ઓળખ સિસ્ટમ (FRS) યુનિટ સ્થાપિત કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આ સર્વેલન્સ સિસ્ટમ સામાન્ય વિરોધીઓ માટે નથી; તેના બદલે, તેનો હેતુ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓને ઓળખવાનો છે જે ''વિરોધમાં ઘૂસણખોરી'' કરીને કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી શકે છે. FRS યુનિટ વિરોધ સ્થળની નજીકના મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો પર મૂકવામાં આવ્યા છે અને સીધા દિલ્હી પોલીસ ડેટાબેઝ સાથે જોડાયેલા છે. સૂત્રોએ સંકેત આપ્યો છે કે, અધિકારીઓ રીઅલ-ટાઈમમાં સિસ્ટમનું નિરીક્ષણ કરશે, જેનાથી તેઓ કોઈપણ વોન્ટેડ ગુનેગાર, 'ખરાબ પાત્ર' અથવા હિસ્ટ્રી-શીટરની ઓળખ તાત્કાલિક ચકાસી શકશે. એક પોલીસ સૂત્રએ જણાવ્યું હતું કે, ''ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે, ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓ કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ ઊભા કરવા માટે વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ ન કરે. આ સિસ્ટમ દિલ્હી પોલીસ ડેટાબેઝ સાથે જોડાયેલી છે અને વોન્ટેડ ગુનેગારો, ભાગેડુઓ, હિસ્ટ્રી-શીટર અને 'ખરાબ પાત્રો' (BC)ને ઓળખી શકે છે જેમની વિગતો પહેલાથી જ રેકોર્ડ પર છે.'' અધિકારીના જણાવ્યા અનુસાર, FRS સામાન્ય પ્રદર્શનકારીઓને લક્ષ્ય બનાવતું નથી; તેના બદલે, તેનો હેતુ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓને ઓળખવાનો છે જેઓ મોટી ભીડનો લાભ લેવાનો પ્રયાસ કરી શકે છે.

**સરકાર અને CJP મક્કમ રહે; કેન્દ્ર વધુ સમય માંગે છે :** શુક્રવારે કેન્દ્ર સરકાર અને CJP વચ્ચે કોઈ કરાર થયો ન હતો. સરકાર સાથેની બેઠક બાદ, કોકરોચ જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રંકાએ જણાવ્યું હતું કે, ''સરકારે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની અમારી માંગણી અંગે આવતીકાલે બપોર સુધીનો સમય માંગ્યો છે. અમને આશા છે કે, સરકાર તેમને ટૂંક સમયમાં હટાવશે. સરકારે બે માંગણીઓને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે: આત્મહત્યા દ્વારા મૃત્યુ પામેલા NEET ઉમેદવારોના પરિવારોને વળતર આપવું અને વિદ્યાર્થીઓ સામે FIR અને કાનૂની કેસ પાછા ખેંચવા.'' દરમિયાન, સરકારે મધ્ય દિલ્હીમાં ઈન્ટરનેટ બંધ મધ્યરાત્રિ સુધી લંબાવ્યો છે. કોંગ્રેસ પાર્ટી ખૂબ જ આક્રમક મૂડમાં હોય તેવું લાગે છે; તેણે રાષ્ટ્રવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે.

# સુપ્રીમ કોર્ટે પૂર્વ પરવાનગી વિના કોર્ટની સુનાવણીના કોઈપણ ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ અપલોડ કરવા કે શેર કરવા પર પ્રતિબંધ મૂક્યો

**ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બેન્ચે ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ અપલોડ કરવા કે શેર કરવા કોર્ટ પાસેથી પૂર્વ પરવાનગી મેળવવાનો આદેશ આપ્યો છે**

(એજન્સી) તા.૨૪

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર ન્યાયિક સુનાવણીના ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગના નિષ્કર્ષણ, સંપાદન, પ્રસાર, ફરીથી પોસ્ટ, અપલોડ અથવા મુદ્રીકરણ પર પ્રતિબંધ મૂકવા માટે વચગાળાનો આદેશ પસાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર ન્યાયિક સુનાવણીના ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગના નિષ્કર્ષણ, સંપાદન, પ્રસાર, ફરીથી પોસ્ટ, અપલોડ અથવા મુદ્રીકરણ પર પ્રતિબંધ મૂકવા માટે વચગાળાનો આદેશ પસાર કર્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બેન્ચે ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ અપલોડ કરવા કે શેર કરવા કોર્ટ પાસેથી પૂર્વ પરવાનગી મેળવવાનો આદેશ આપ્યો છે. સંબંધિત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અથવા સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલની પૂર્વ પરવાનગી વિના સોશિયલ મીડિયા અથવા અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર ન્યાયિક કાર્યવાહીના



ઓડિયો/વીડિયો રેકોર્ડિંગ્સનું નિષ્કર્ષણ, ફેરફાર, પ્રસારણ, પોસ્ટિંગ, ફરીથી પોસ્ટિંગ, અપલોડિંગ અથવા મુદ્રીકરણ કરી શકાશે નહીં. કોર્ટે કહ્યું કે, વચગાળાના નિર્દેશ કોર્ટ કાર્યવાહીના સમાચાર રિપોર્ટિંગને અસર કરશે નહીં. કોર્ટ પત્રકાર હર્ષિતા ગ્રોવર દ્વારા કોર્ટ કાર્યવાહીના રેકોર્ડિંગ્સના ક્લિપિંગ, સંપાદન, શેરિંગ અને મુદ્રીકરણને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા માંગતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરી રહી હતી. કોર્ટે અવલોકન કર્યું કે રેકોર્ડિંગ્સનું પસંદગીયુક્ત અને સંદર્ભની બહારનું પરિભ્રમણ કોર્ટની ગરિમાને અસર કરે છે અને તેની ગરિમા નબળી પાડે છે અને સિસ્ટમમાં લોકોના વિશ્વાસને અસર કરે છે. ઉપરોક્ત અરજીમાં માંગવામાં આવેલા રાહત પગલાંના અમલીકરણને સરળ બનાવવા માટે નોડલ મંત્રાલયોને ઓળખવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો. કોર્ટે હાઈકોર્ટને ન્યાયિક સુનાવણીના લાઈવ સ્ટ્રીમિંગ અંગે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકાના પાલન અંગે અહેવાલો રજૂ કરવા પણ અપીલ કરી હતી. અરજદારના મતે પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને ન્યાયના સિદ્ધાંતને જાળવી રાખવા માટે લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કરવામાં આવ્યું હતું. જો કે, નક્કર સલામતીના અભાવે રેકોર્ડિંગ્સનું ક્લિપિંગ અને સંપાદન કરવામાં આવ્યું હતું, જે ઘણીવાર વ્યાપારી લાભ માટે ઉપયોગમાં લેવાય છે. અરજદારની આ અરજીમાં ન્યાયિક રેકોર્ડિંગ્સના કથિત દુરૂપયોગના વિવિધ કિસ્સાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં દલીલ કરવામાં આવી હતી કે, આવી સામગ્રીના અનિયંત્રિત પરિભ્રમણથી ન્યાયાધીશો, વકીલો અને અરજદારોની પ્રતિષ્ઠાને નુકસાન થાય છે.

# કોંગ્રેસે વિરોધ પ્રદર્શનો અંગે DU અને JNUની ચેતવણીઓની ટીકા કરી : વિદ્યાર્થીઓને ધમકાવવાની હિંમત કેવી રીતે થઈ ??

**રાહુલ ગાંધીએ DU અને JNU દ્વારા જારી કરાયેલી સલાહને લોકશાહી અધિકારો પર હુમલો ગણાવ્યો છે, ખડગેએ જણાવ્યું હતું કે, મોદી સરકાર હવે આ યુનિવર્સિટીઓનો ઉપયોગ વિદ્યાર્થીઓને પ્રચાર દ્વારા ડરાવવા માટે કરી રહી છે**

(એજન્સી) તા.૨૪

કોંગ્રેસે DU અને JNU દ્વારા - IIT રૂરકી પછી - જંતર-મંતર વિરોધ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીની ભાગીદારી અંગે આપવામાં આવેલી ચેતવણીઓને વિદ્યાર્થીઓના લોકશાહી અધિકારો પર હુમલો ગણાવ્યો છે. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ સલાહ પર કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓને તેમના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરવા માટે ડરાવવા એ અસ્વીકાર્ય છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ આને વિદ્યાર્થીઓને ધમકાવવાના હેતુથી પ્રચાર ગણાવ્યો હતો. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (JNU) દ્વારા શુક્રવારે તેના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે જારી કરાયેલી સલાહને પગલે કોંગ્રેસના નેતાઓની આ કડક પ્રતિક્રિયા આવી હતી. આ પહેલા ગુરૂવારે મોડી રાત્રે દિલ્હી યુનિવર્સિટી (DU)એ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે આવી જ સલાહકાર જારી કરી હતી. IIT રૂરકીએ પણ થોડા દિવસ પહેલા આવી જ ગાઇડલાઇન્સ જારી કરી હતી. આ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને જંતર-મંતર અને નજીકના વિરોધ સ્થળોથી દૂર રહેવા અને કાયદા અને યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવા વિનંતી કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર દિલ્હી યુનિવર્સિટીની સલાહકારનો જવાબ આપતા રાહુલ ગાંધીએ સખત નારાજગી વ્યક્ત કરી. તેમણે આરોપ લગાવ્યો કે વિદ્યાર્થીઓના અવાજને દબાવવાના પ્રયાસો થઈ રહ્યા છે અને આ લોકશાહી મૂલ્યોની વિરુદ્ધ છે. રાહુલે લખ્યું, 'તમે વિદ્યાર્થીઓને તેમના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરવા બદલ ધમકી આપવાની હિંમત કેવી રીતે કરી? યાદ રાખો, જ્યારે સમય આવશે, ત્યારે તમને એકલા જ જવાબદાર ઠેરવવામાં આવશે.' કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી રહ્યા છે કારણ કે, સરકાર હવે દેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓનો ઉપયોગ 'પ્રચાર' માટે કરી રહી છે. ખડગેએ કહ્યું, 'ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગવા અને શિક્ષણ પ્રણાલી પર અર્થપૂર્ણ ચર્ચા શરૂ કરવાને બદલે, મોદી સરકાર આ આદરણીય યુનિવર્સિટીઓનો ઉપયોગ વિદ્યાર્થીઓને ડરાવવા માટે કરી રહી છે. હવે સમજો કે દેશના યુવાનો શા માટે રસ્તા પર ઉતરી રહ્યા છે. હવે તમે જાણો છો કે ભાજપે છેલ્લા ૧૨ વર્ષોમાં શિક્ષણ પ્રણાલીને કેવી રીતે નુકસાન પહોંચાડ્યું છે !' શુક્રવારે જારી કરાયેલ એક માર્ગદર્શિકામાં જેએનયુ વહીવટીતંત્રએ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફને જવાબદારીપૂર્વક વર્તવા અને તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપવા કહ્યું. તેણે વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહીની પણ ચેતવણી આપી. જાહેર વિરોધ અંગે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરીને, યુનિવર્સિટીએ યુનિવર્સિટી સમુદાયના



સભ્યોને જંતર-મંતર અને તેની આસપાસના વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનોની મુલાકાત લેવાનું કે તેમાં ભાગ લેવાનું ટાળવાની સલાહ આપી. જેએનયુએ વધુમાં જણાવ્યું હતું કે, 'સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે પણ જવાબદારી નિભાવવી જોઈએ. જો કોઈ વ્યક્તિ લાગુ કાયદાઓનું ઉલ્લંઘન કરે છે, તો તેમને યુનિવર્સિટીના નિયમો હેઠળ કાનૂની કાર્યવાહી તેમજ શિસ્તબદ્ધ કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.' જેએનયુ પહેલા દિલ્હી યુનિવર્સિટી (ડીયુ)એ ગુરૂવારે રાત્રે તેના વિદ્યાર્થીઓ અને સ્ટાફને સમાન સલાહ જારી કરી હતી. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓને સંબોધતા, ડીયુ માર્ગદર્શિકાએ જણાવ્યું હતું કે, 'તમારી સલામતી અમારા માટે સર્વોપરી છે. કૃપા કરીને નોંધ લો કે જંતર-મંતર પર કોઈપણ ગેરકાયદેસર સભા અથવા વિરોધ પ્રદર્શન પર સખત પ્રતિબંધ છે. માનનીય સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર, આવી ઘટનાઓ કાનૂની કાર્યવાહીને પાત્ર બની શકે છે. આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની વ્યક્તિગત સલામતીને જોખમમાં મૂકી શકે છે અને તેમના અભ્યાસ અને ભવિષ્યની કારકિર્દી પર પ્રતિકૂળ અસર કરી શકે છે. તેથી બધા વિદ્યાર્થીઓને જંતર-મંતરથી દૂર રહેવા, તેમની સલામતીને પ્રાથમિકતા આપવા અને કાયદાનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે. વધુમાં સાવચેતી રાખવી, કારણ કે, પરિસ્થિતિને વધુ ખરાબ કરવા માટે નોંધપાત્ર પ્રમાણમાં ખોટા અને ભ્રામક સમાચાર અને સામગ્રી બનાવવામાં આવી રહી છે અને પ્રસારિત કરવામાં આવી રહી છે. તમારી સલામતીને પ્રાથમિકતા આપો.' અગાઉ IIT રૂરકીએ પણ આવી જ માર્ગદર્શિકા જારી કરી હતી. આ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને વિરોધ સ્થળોથી દૂર રહેવા, તેમની સલામતીને પ્રાથમિકતા આપવા અને કાયદાનું પાલન કરવા વિનંતી કરી છે. યુનિવર્સિટીઓ જણાવે છે કે, આ સલાહકાર્ય વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા અને વ્યવસ્થા જાળવવાના ઉદ્દેશ્યથી જારી કરવામાં આવી હતી.

# છાત્ર આંદોલન : આત્મહત્યા કરનાર વિદ્યાર્થીનો પરિવાર જંતર મંતર પહોંચ્યો; પૂછ્યું, "તેઓ હજુ કેટલા બાળકોના જીવ લેશે ?

**પેપર લીક થયા બાદ ૨૧ જૂને યોજાનારી NEET પુનઃપરીક્ષામાં બેસવાના હતા તે એક ડઝનથી વધુ ઉમેદવારોએ પરીક્ષાના થોડા દિવસો પહેલા જ આત્મહત્યા કરી હતી. ૧૯ વર્ષીય સના શેખ તેમાંથી એક હતી. તેના માતાપિતા વિદ્યાર્થીઓના વિરોધને ટેકો આપવા અને સરકાર પાસેથી જવાબદારીની માંગ કરવા માટે દિલ્હીના જંતર મંતર પહોંચ્યા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

શેખ જાફર હુસૈન અને તેમની પત્ની હબીબ-ઉન-નિસા શેખ, 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે દિલ્હી પહોંચ્યા હતા. તેઓ ન તો પ્રોફેસર છે, ન તો વિદ્યાર્થીઓ છે, ન તો કાર્યકરો; ન તો તેમનો કોઈ રાજકીય પક્ષ સાથે કોઈ સંબંધ છે. જોકે, NEET પેપર લીકથી તેમના પર એવો ઘા પડ્યો જે તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં. NEET પુનઃપરીક્ષાના એક દિવસ પહેલા - ૨૦ જૂને આ દંપતીએ તેમની ૧૯ વર્ષની પુત્રી, સના શેખને કાયમ માટે ગુમાવી દીધી. હૈદરાબાદની મેડિકલની પરીક્ષા આપતી સના એક એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવી હતી; પોલીસના જણાવ્યા મુજબ, તે આત્મહત્યાનો મામલો હતો. પોલીસે જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી એક ચિઠ્ઠી મળી હતી જેમાં સનાએ લખ્યું હતું કે, "મારા મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી. હું મારી જાતે મારો જીવ લઈ રહી છું." અહેવાલો અનુસાર, તપાસકર્તાઓનું માનવું છે કે વિદ્યાર્થીનીએ શૈક્ષણિક તણાવ, સારા પ્રદર્શનના દબાણ અને પાછલી પરીક્ષામાં મળેલી નિષ્ફળતાને કારણે આ પગલું ભર્યું હતું. પોલીસે ખુલાસો કર્યો કે સનાએ ગયા વર્ષે પણ NEET પરીક્ષા આપી હતી પરંતુ તે સફળ થઈ ન હતી. ત્યારબાદ, તેણીએ કોચિંગ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો અને ૩ મેના રોજ યોજાયેલી NEET પરીક્ષામાં ફરીથી હાજર રહી. પોલીસે નોંધ્યું હતું કે સનાએ ૯૦% થી વધુ ગુણ સાથે પોતાનો મધ્યવર્તી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તે ૨૧ જૂને યોજાનારી NEET પુનઃપરીક્ષાની તૈયારી કરી રહી હતી. અહેવાલો અનુસાર, ૨૧ જૂને NEET પુનઃપરીક્ષામાં બેસવાના એક ડઝનથી વધુ ઉમેદવારોએ પરીક્ષાના થોડા દિવસો પહેલા જ આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા હતા. સનાનું મૃત્યુ દેશભરમાં વિદ્યાર્થી આત્મહત્યાની દુઃખદ શ્રેણીમાં વધુ એક ઘટના છે; સંસ્થાકીય ભ્રષ્ટાચારથી ઉદ્ભવતા ભારે દબાણ, ચિંતા અને અનિશ્ચિતતા ઉમેદવારોને એવી સ્થિતિમાં લઈ જાય છે જ્યાં તેમને આ કઠોર પગલું ભરવા સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો નથી. તેના પરિવારે ધ વાયરને સનાની સુસાઈડ નોટની એક નકલ બતાવી; ૭૦૦ શબ્દોની આ નોંધ આ શબ્દોથી શરૂ થાય છેઃ "મારા મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી. હું મારો પોતાનો જીવ લઈ રહી છું." નોંધમાં સના વારંવાર પોતાની ઊંડી વ્યથા, પરીક્ષા સાથે સંકળાયેલા દબાણ, નિષ્ફળતાનો અતિશય ભય અને અપેક્ષાઓ પર ખરા ઉતરવાના ભારે બોજનો ઉલ્લેખ કરે છે. ૨૦૨૪થી NEETની તૈયારી કરી રહેલી સનાએ પરીક્ષામાં પોતાનું હૃદય અને આત્મા રેડી દીધા હતા, પરંતુ ખામીયુક્ત અને અન્યાયી પરીક્ષા પ્રક્રિયા દ્વારા તેના સપના ચકનાચૂર થતા જોયા હતા. આ દુર્ઘટના પછી તેનો પરિવાર અને તેમના સંપર્કમાં આવેલા લોકો માને છે કે સનાની સ્પષ્ટ ક્ષમતા હોવા છતાં - જે તેની ઈન્ટરમીડિયેટ પરીક્ષાઓમાં ૧૦૦૦માંથી



૯૮૦ના સ્કોરમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે - સિસ્ટમે તેને વધઘટ થતા પર્સેન્ટાઈલ સ્કોર્સને કારણે અપૂરતી અનુભવી હતી. NEET પરીક્ષાના ગેરવહીવટને કારણે તેમની પુત્રી અને અન્ય વિદ્યાર્થીઓને થયેલા નુકસાન પર શોક વ્યક્ત કરતા, સનાના પિતા શેખ જાફર માને છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના કારણે જીવ ગુમાવનારાઓ માટે અવાજ ઉઠાવનારાઓ સાથે ઊભા રહેવું તેમનું કર્તવ્ય છે. હબીબ-ઉન-નિસાના ચહેરા પર ઊંડી વેદના અને અસંખ્ય અનુત્તરિત પ્રશ્નો સ્પષ્ટપણે દેખાય છે. તેણીએ ધ વાયરને કહ્યું, "હું ફક્ત મારી પુત્રી માટે જ જંતર-મંતર ગઈ નહોતી; હું આત્મહત્યા દ્વારા મૃત્યુ પામેલા તમામ ૨૩ વિદ્યાર્થીઓ માટે ત્યાં ગઈ હતી. શાંતિથી પોતાનો ગુસ્સો વ્યક્ત કરતા પ્રદર્શનકારીઓ અમારા પણ બાળકો છે." "તેઓ કદાચ જીવ ગુમાવનારા બાળકોને ઓળખતા ન હતા, તેમ છતાં તેઓ ત્યાં જ ઊભા છે." આ દંપતીને બે અન્ય પુત્રીઓ છે જે શાળાએ જાય છે. તેમની માતા કહે છે કે જંતર-મંતર જવાનું તો તેમના માટે ઘણું સરળ હતું, પરંતુ તે તેમના બીજા બાળકોને આ દુઃખનો સામનો કેવી રીતે કરવો તે સમજાવવામાં ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ ઘટનાથી વ્યથિત થઈને, માતાએ કહ્યું, "હું હજુ સુધી મારા દુઃખને દૂર કરી શકી નથી. પેપર લીક જેવી ભૂલો પછી, NTA તાત્કાલિક ફરીથી પરીક્ષાનો આદેશ આપે છે. જ્યારે સરકાર અમને મતદારો તરીકે નિષ્ફળ બનાવે છે, ત્યારે શું અમને ફરીથી મતદાન કરવાની તક ન મળવી જોઈએ ? તેઓ ખોટા નિર્ણયો લઈ રહ્યા છે જેના કારણે ઘણા વિદ્યાર્થીઓ પોતાનો જીવ ગુમાવી રહ્યા છે... તેઓ બીજા કેટલા વિદ્યાર્થીઓને મારવા માંગે છે ?" તેણીએ ગુસ્સામાં ઉમેર્યું, "બાળકો એટલા દબાણ હેઠળ છે કે તેઓ તૂટી રહ્યા છે. સરકારને કોઈ કેમ પ્રશ્ન કરી રહ્યું નથી ? જો તેઓ સરકાર ચલાવી શકતા નથી, તો તેમને સત્તા પરથી હાંકી કાઢવા જોઈએ."

# દિયા મિર્ઝાએ પીએમ મોદીના વીડિયો સંદેશ પર ઉઠાવ્યા સવાલ અમોલ પાલેકરે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને ખુલ્લો પત્ર લખ્યો

**NEET પેપર લીક વિવાદ વચ્ચે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે ૨૦ જૂનથી જંતર મંતર પર વિદ્યાર્થીઓનું આંદોલન યથાવત્**

(એજન્સી) મુંબઈ, તા.૨૪

NEET પેપર લીકના મુદ્દે ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રતિભાવ પર બૉલિવૂડ અભિનેત્રી દિયા મિર્ઝાએ સવાલો ઉઠાવ્યા છે. દિયા મિર્ઝાએ જણાવ્યું હતું કે, આ મુદ્દે પ્રધાનમંત્રીનું નિવેદન ખૂબ જ મોડું આવ્યું છે અને તે પ્રભાવિત વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારજનોની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિદ્યાર્થીઓ ગત ૨૦ જૂનથી દિલ્હીના જંતર મંતર પર સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ગુરૂવારે સવારે પીએમ મોદીએ 'X' પર એક પોસ્ટ દ્વારા જાહેરાત કરી હતી કે પેપર લીકમાં સામેલ લોકોને ઝડપી અને કડક સજા થાય તે માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે. ત્યારબાદ રાત્રે તેમણે એક વીડિયો સંદેશ જાહેર કરીને આંદોલનકારી વિદ્યાર્થીઓને કડક કાર્યવાહીની ખાતરી આપી હતી. પીએમની આ જાહેરાત પર પ્રતિક્રિયા આપતા દિયા મિર્ઝાએ ઈન્સ્ટાગ્રામ પર એક નોંધ શેર કરીને નિરાશા વ્યક્ત કરી હતી. તેણે લખ્યું, 'જે માતા-પિતાએ પોતાના બાળકો ગુમાવ્યા છે, જે બાળકોના મોત થયા છે, પોતાના હક માટે લડી રહેલા વિદ્યાર્થીઓની હિંમત તેમજ સપ્તાહો સુધી ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ જી અને વિદ્યાર્થીઓ માટે સહાનુભૂતિનો એક શબ્દ પણ બોલવામાં ન આવ્યો.' દિયાએ વધુમાં ઉમેર્યું, 'સર, આટલો સમય કેમ લાગ્યો ? તમને કંઈક બોલવામાં ૪૭ દિવસ લાગ્યા અને હવે જ્યારે તમે બોલ્યા છો, ત્યારે કંઈ ખાસ કહ્યું નથી, જે તૂટેલા લાખો હૃદયને સાંત્વના આપી શકે.'

**મનોરંજન જગતમાંથી વિદ્યાર્થીઓના આંદોલનને મળ્યું સમર્થન**

દિયા મિર્ઝા સિવાય બૉલિવૂડની અનેક જાણીતી હસ્તીઓએ પણ વિદ્યાર્થીઓના આ આંદોલન પ્રત્યે પોતાનું સમર્થન જાહેર કર્યું છે :

**શાહિદ કપૂર :** ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતા શાહિદે લખ્યું, 'જે શિક્ષણ વ્યવસ્થા યુવાનો માટે બની છે, જો તેમને જ તેના પર વિશ્વાસ ન રહે તો શું થશે ? જેમના માટે આ વ્યવસ્થા છે તેમનો જ પ્રથમ હક છે. તેઓ પરીક્ષામાં પ્રશ્નોના જવાબ આપે છે અને આજે તેઓ પ્રશ્ન પૂછી રહ્યા છે. તો કેમ ન પૂછે ? દેશનો યુવા જ આ દેશનું ભવિષ્ય છે અને તેમને સિસ્ટમ પર વિશ્વાસ હોવો જ જોઈએ.'

**નવાઝુદ્દીન સિદ્દીકી :** હાલ વિદેશમાં રહેલા નવાઝુદ્દીન સિદ્દીકીએ વીડિયો સંદેશ દ્વારા જણાવ્યું કે, વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે અને તેમની ચિંતાઓને નજરઅંદાજ કરવી અયોગ્ય છે. તેમણે જવાબદેહી નક્કી કરવાની માંગને ટેકો આપ્યો હતો અને આંદોલન દરમિયાન થયેલી હિંસા સામે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરી હતી.

**વિધ્યુત જામવાલ અને શ્રેયા ધનવંતરી :** વિદ્યુત જામવાલે પણ વિદ્યાર્થીઓ માટે પોતાનું સમર્થન દર્શાવ્યું હતું. જ્યારે અભિનેત્રી શ્રેયા ધનવંતરીએ આંદોલનને સમર્થન આપવા બદલ સોશિયલ મીડિયા પર થતા ટ્રોલિંગ સામે કટાક્ષભરી પોસ્ટ શેર કરી હતી.




**દિગ્ગજ અભિનેતા અમોલ પાલેકરનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ખુલ્લો પત્ર**

દિગ્ગજ અભિનેતા અમોલ પાલેકરે 'મિડ-ડે'માં પ્રકાશિત એક ખુલ્લા પત્ર દ્વારા પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને પોતાનું સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે લખ્યું, 'કોઈપણ સમાજ પોતાની યુનિવર્સિટીઓમાંથી જ પ્રશ્નો પૂછતા શીખે છે. તમારા ભવિષ્ય પર સત્તા ધરાવનારાઓને પ્રશ્ન કરવો એ કોઈ વિશેષાધિકાર નથી પરંતુ એક લોકશાહી જવાબદારી છે જેને તમે નિભાવી રહ્યા છો. જ્યારે પ્રશ્નોના જવાબ વિચાર-વિમર્શને બદલે લાઠીઓથી આપવામાં આવે, ત્યારે વિદ્યાર્થીઓ નાના નથી થતા પરંતુ શાસન/રાજ્ય નાનું પડે છે.'

# હાઉસ પેઈન્ટરથી ફ્યુચર ડોક્ટર : સૂરજ સુમને મુશ્કેલી વચ્ચે NEET પાસ કરીને પોતાનું ભાગ્ય કેવી રીતે બદલી નાખ્યું

(એજન્સી) તા.૨૩

સૂરજ સુમનની વાર્તા એ વાતનો જીવંત પુરાવો છે કે વ્યક્તિના સપના કયા ઊંચાઈ સુધી પહોંચી શકે છે તે નાણાકીય સંજોગો દ્વારા નહીં, પરંતુ તેના પોતાના દૃઢ નિશ્ચય દ્વારા નક્કી થાય છે. જે હાથ એક સમયે પેઈન્ટબ્રશ પકડી રાખતા હતા તે જ હાથ હવે સ્ટેથોસ્કોપ પકડી રાખશે. આ સફળતા ફક્ત એક વિદ્યાર્થી માટે નથી; તે લાખો યુવાનો માટે પ્રેરણારૂપ છે જેઓ અછતનો સામનો કરવા છતાં પોતાના સપનાઓને જીવંત રાખે છે. ઘણીવાર એવું કહેવામાં આવે છે કે દરેકને સ્વપ્ન જોવાનો અધિકાર છે, પરંતુ તે સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવાની હિંમત બહુ ઓછા લોકોમાં હોય છે. બુંદી જિલ્લાના કાપ્રેન શહેરના રહેવાસી સૂરજ સુમને સાબિત કર્યું છે કે અટલ સંકલ્પ સાથે, ગરીબી, વંચિતતા અને પ્રતિકૂળતા કોઈના ધ્યેય તરફ જવાનો માર્ગ રોકી શકતા નથી. જે હાથ એક સમયે ગામડાઓ અને નગરોમાં ઘરો રંગીને પોતાની માતાને ટેકો આપતા હતા તેઓ હવે દર્દીઓની સારવાર માટે સ્ટેથીસ્કોપ ચલાવશે. સૂરજે NEET-UGમાં ૫૮૩ ગુણ (૯૯.૧૫૯૩૫૫૯ પર્સેન્ટાઈલ) મેળવીને સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે, જેમાં તેણે OBC શ્રેણીમાં ૭૮૦૦ ગુણ અને ૧૬૫૬૯ ગુણ મેળવ્યા છે. આ સફળતા ફક્ત પરીક્ષા પાસ કરવા કરતાં વધુ રજૂ કરે છે; તે સંઘર્ષ, સખત મહેનત અને આશાનો એક ભવ્ય વિજય છે. સૂરજનો પરિવાર આર્થિક રીતે ખૂબ જ નબળો છે. નાની ઉંમરે ઘરની જવાબદારીઓ તેના ખભા પર આવી ગઈ. રજાઓ અને ફાજલ સમયમાં, તે ગામડાઓ અને શહેરોમાં ઘરના ખર્ચાઓનું સંચાલન કરવામાં મદદ કરવા માટે ઘર રંગવાનું કામ કરતો હતો. તેની માતા, ગીસી બાઈ, અને નાની બહેન, ગરિમા, ખેતમજૂર



તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી હતી. આર્થિક મુશ્કેલીઓ એટલી ગંભીર હતી કે તેની બહેન ગરિમાને ભંડોળના અભાવે અને ગામમાં વધુ શિક્ષણ માટે સુવિધાઓના અભાવે આઠમા ધોરણ પછી શાળા છોડી દેવી પડી; તેણીએ પણ તેની માતા સાથે મજૂર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. સૂરજે હવે નક્કી કર્યું છે કે, ડૉક્ટર બન્યા પછી, તેની પહેલી પ્રાથમિકતા તેની બહેનને ફરીથી શિક્ષણ મેળવવામાં મદદ કરવાની રહેશે. સૂરજે ધોરણ ૧૦માં ૮૭% અને ધોરણ ૧૨માં ૮૫% ગુણ મેળવ્યા. જીવવિજ્ઞાન તેનો પ્રિય વિષય હતો અને તેણે બાળપણથી જ ડૉક્ટર બનવાનું સ્વપ્ન જોયું હતું. જોકે, તેના પરિવારની આર્થિક પરિસ્થિતિ મેડિકલ પ્રવેશ પરીક્ષાઓની તૈયારીનો ખર્ચ ઉઠાવી શકતી ન હતી. આ સમય દરમિયાન, તે એલન કોચિંગ વિશે પૂછપરછ કરવા કોટાની મુલાકાત લેતો હતો. ત્યાં તેને એલન કારકિર્દી સંસ્થા અને એલએન મહેશ્વરી પરમાર્થ ન્યાસ દ્વારા ચલાવવામાં આવતા 'શિક્ષા સંબલ' કાર્યક્રમ વિશે જાણવા મળ્યું. પસંદગી પરીક્ષા પાસ કર્યા પછી, તેને મફત NEET કોચિંગ, તેમજ સંપૂર્ણપણે મફત ભોજન અને રહેવાની સુવિધા આપવામાં આવી. આ સહાય તેના સપનાને ઉડાન ભરવા માટેનો સૌથી મજબૂત પાયો બની ગયો. સૂરજ કહે છે કે 'શિક્ષા સંબલ' તેના જીવનમાં વાસ્તવિક શક્તિ અને ટેકો પૂરો પાડતો હતો. જો તેને આ તક ન મળી હોત, તો તેણે ક્યારેય કલ્પના પણ ન કરી હોત કે તે કોટા આવીને આટલી ઉત્તમ સુવિધાઓ સાથે મેડિકલ પરીક્ષાઓની તૈયારી કરી શકશે. તેના મતે આ તેના જીવનનો સૌથી મોટો વળાંક સાબિત થયો. આખા વર્ષ દરમિયાન, તેને અભ્યાસની સાથે રહેવા, ખોરાક અને અન્ય તમામ જરૂરિયાતો માટે ઉત્તમ સુવિધાઓ મળી, જેનાથી તે તેના ધ્યેય પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શક્યો. હવે, તેનું સૌથી મોટું સ્વપ્ન તેની બહેનને તેનું અટકેલું શિક્ષણ ફરી શરૂ કરવામાં મદદ કરવાનું છે. સૂરજની વાર્તા ફક્ત શિક્ષણ વિશે નથી; તે પ્રતિકૂળતાઓ સામે લડવાની વાર્તા છે. તેણે ગરીબી સામે શરણાગતિ સ્વીકારી ન હતી પરંતુ તેના સંજોગોનો સામનો કર્યો હતો. દિવસ દરમિયાન અભ્યાસ કરીને અને ફાજલ સમયમાં મજૂર કે ચિત્રકાર તરીકે કામ કરીને, તેણે સાબિત કર્યું કે મહેનતુ વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિને નબળાઈ બનવા દેતો નથી. આ સિદ્ધિ પર ટિપ્પણી કરતા એલનના ડિરેક્ટર અને એલએન મહેશ્વરી પરમાર્થ ન્યાસના ટ્રસ્ટી નવીન મહેશ્વરીએ જણાવ્યું હતું કે સંસ્થાનો ઉદ્દેશ્ય ફક્ત વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો નથી પરંતુ પ્રતિભાશાળી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રગતિ કરવાની તકો પૂરી પાડવાનો છે. તેમણે જણાવ્યું હતું કે 'શિક્ષા સંબલ' કાર્યક્રમ ત્રણ વર્ષ પહેલાં હિન્દી-માધ્યમ સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવ્યો હતો જે સંસાધનોના અભાવે પાછળ રહી જાય છે. આ પહેલના સકારાત્મક પરિણામો હવે બહાર આવવા લાગ્યા છે.

# પિતાને લકવો થયો, OMR શીટ વરસાદમાં ભીંજાઈ ગઈ - આ રીતે કોટાના સ્ટેશનરી દુકાનના માલિકના પુત્રએ NEET પાસ કર્યું

(એજન્સી) તા.૨૩

આર્યન માને છે કે દરેક પરીક્ષા વ્યક્તિની નબળાઈઓ દર્શાવે છે અને દરેક ભૂલ સફળતાની નજીક એક ડગલું લાવે છે. જોકે, આ યાત્રા ખૂબ જ સરળ નહોતી. એવા સમયે હતા જ્યારે તેણે પરીક્ષાઓમાં અપેક્ષા કરતા ઓછા ગુણ મેળવ્યા હતા, ક્ષણો જ્યારે તેનો આત્મવિશ્વાસ ડગમગ્યો હતો, અને એવા સમયે જ્યારે એવું લાગતું હતું કે તેનું સ્વપ્ન અધૂરૂં રહી જશે. છતાં દરેક વખતે તેના માતાપિતા, મોટા ભાઈ અને શિક્ષકો તેને ટેકો આપવા માટે ભેગા થયા હતા. એવું કહેવાય છે કે જ્યારે કોઈ વ્યક્તિ પૂરા દિલથી સમર્પણ, પ્રામાણિકતા અને અતૂટ શ્રદ્ધા સાથે પોતાના સપનાઓને આગળ ધપાવે છે, ત્યારે મોટામાં મોટા અવરોધો પણ આખરે રસ્તો બતાવી દે છે. કોટાના આર્યન માલવની વાર્તા આ માન્યતાનું એક ચમકતું ઉદાહરણ છે. આ ફક્ત એક વિદ્યાર્થીના ડૉક્ટર બનવાની વાર્તા નથી; તે એક પરિવારના સંઘર્ષ, બલિદાન, શ્રદ્ધા અને અદમ્ય ભાવનાની વાર્તા છે - એક પરિવાર જે દરેક મુશ્કેલીને દૂર કરવાના પડકાર તરીકે જોતો હતો. આર્યનના પિતા મુરલીધર માલવ વર્ષો પહેલા બુંદી જિલ્લાના એક નાના ગામ ભવાનીપુરાથી પોતાના પરિવાર સાથે કોટા આવ્યા હતા. સારા ભવિષ્યની શોધમાં શહેરમાં આવ્યા પછી, મુરલીધર માલવ એક



સામાન્ય સ્ટેશનરીનો વ્યવસાય ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવામાં સફળ રહ્યા. વિનોબા ભાવે નગરમાં એક નાના ભાડાના ઘરમાં રહેતા પરિવાર મર્યાદિત સંસાધનો હોવા છતાં મોટા સપના જોતો રહ્યો. પરિવારનો મોટો દીકરો રાજ પણ ડૉક્ટર બનવાની ઈચ્છા રાખતો હતો. તેણે NEET માટે તૈયારી કરી પણ સફળ ન થયો. ત્યારબાદ તેણે નર્સિંગનો કોર્ષ પૂર્ણ કર્યો અને હવે સરકારી નોકરી માટે તૈયારી કરી રહ્યો છે. મોટા ભાઈનું અધૂરૂં સ્વપ્ન આખા પરિવારની આશા બની ગયું, નાના ભાઈ આર્યનની નજરમાં નવું ઘર મળ્યું. જ્યારે આર્યને ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષામાં ૯૪ ટકા ગુણ મેળવ્યા, ત્યારે આખા પરિવારને ખાતરી થઈ ગઈ કે તે ખરેખર ડૉક્ટર બનવાનું સ્વપ્ન સાકાર કરશે. જોકે, સ્વપ્ન જેટલું ભવ્ય હતું, નાણાકીય પડકારો પણ એટલા જ ભયાવહ હતા. કોટા જેવા શૈક્ષણિક કેન્દ્રમાં રહેતા હોવા છતાં, પરિવારની આર્થિક પરિસ્થિતિ તેમને NEET કોચિંગ માટે જરૂરી લાખો રૂપિયા ખર્ચવાની મંજૂરી આપતી ન હતી. આ સમયગાળા દરમિયાન, પરિવારને મોશન એજ્યુકેશનની શિષ્યવૃત્તિ લોટરી યોજના વિશે ખબર પડી. તેઓએ અરજી કરી, અને નસીબ તેમના પર સ્મિત કર્યું; આર્યને ૭૦% ફી માફી મળી. પરિવાર માટે આ શિષ્યવૃત્તિ ફક્ત નાણાકીય સહાય નહોતી પરંતુ આશાનું દ્વાર હતું જેણે તેના ડૉક્ટર બનવાના સ્વપ્નને નવી પાંખો આપી. જ્યારે કોચિંગ શરૂ થયું, ત્યારે એવું લાગતું હતું કે જીવન આખરે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે. જોકે, ભાગ્યમાં બીજી મુશ્કેલ કસોટી હતી. આર્યનના પિતાને અચાનક લકવાગ્રસ્ત હુમલો આવ્યો. પરિવાર એક સાથે નાણાકીય અને ભાવનાત્મક કટોકટીનો સામનો કરી રહ્યો હતો. આ મુશ્કેલ સમયમાં તેના મોટા ભાઈ રાજે ઘરની જવાબદારીઓ સંભાળી જેથી ખાતરી કરી શકાય કે તેના નાના ભાઈનો અભ્યાસ કોઈપણ કિંમતે ખોરવાઈ ન જાય.

મધુરમથી ધોરાજી ચોકડી સુધીના માર્ગને પહોળો કરાશે

# જૂનાગઢ જિલ્લા ભાજપ કાર્યાલય, કે.જે. હોસ્પિટલના દબાણો પર બુલડોઝર ફરી વળશે

### શહેરના અતિ વિકસિત વિસ્તારમાં બાયપાસ રોડની બંને સાઈડ ૨૨ મીટર જગ્યા ખુલ્લી કરાશે

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ શહેરના અતિ વિકસીત મધુરમ ચોકડીથી ધોરાજી ચોકડી સુધીના માર્ગ ઉપર આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટેની નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા કાર્યવાહી ગઈકાલથી શરૂ કરવામાં આવી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલા સર્વે અનુસાર જૂનાગઢ જિલ્લા ભાજપ કાર્યાલય તેમજ જાણીતી કે.જે. હોસ્પિટલ અને કેટલીક હોટલોએ માર્જીન છોડયા વિના કરેલા દબાણોની પોલ ખુલવા પામી હતી અને જે અંગે તંત્ર દ્વારા માર્કિંગ પણ કરવામાં આવેલ છે અને આગામી સમયમાં તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની પ્રક્રિયાના ભાગરૂપે દબાણો ઉપર બુલડોઝર ફરી વળશે તેમ મનાય છે.આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના અતિ વિકસીત મધુરમ ચોકડીથી ધોરાજી ચોકડી સુધીના બાયપાસ રોડને જૂનાગઢ મનપા અને જૂનાગઢ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીને સોંપવાની પ્રક્રિયા આખરી તબકકામાં ચાલી રહી છે. જિલ્લા કલેક્ટરના આદેશ બાદ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા મનપા અને જુડાની ટીમોને સાથે રાખીને દબાણો દૂર કરવાની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં સૌથી ચોંકાવનારી વિગત સામે આવી છે કે, ખામધ્રોળ ચોકડી પાસે આવેલા જિલ્લા ભાજપ કાર્યાલય દીનદયાલ ભવન ખાતે માર્જીનની જગ્યા છોડવાને બદલે તેમાં બાંધકામ કરી નખાયું છે. એનએચએઆઈના સર્વે મુજબ ભાજપ કાર્યાલયનું એક તરફ ૬.૩ મીટર અને બીજી તરફ ૬ મીટર જેટલું રસ્તા પર દબાણ છે જયાં ઓથોરીટી દ્વારા લાલ રંગથી માર્કિંગ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત કે.જે. મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ દ્વારા પણ ૩.૧ મીટરનું દબાણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. સત્તાધારી પક્ષનાં જ કાર્યાલય પર માર્કિંગ થતાં શહેરમાં ભારે ચર્ચા જાગી છે. ઓથોરીટીના અધિકારીઓના જણાવ્યા અનુસાર મધુરમ ચોકડીથી ધોરાજી ચોકડી સુધીનો રોડ સેન્ટર લાઈન (મધ્ય રેખા)થી બંને તરફ ૨૨.૫-૨૨.૫ મીટર એટલે કે કુલ ૪૫ મીટરની પહોળાઈ ધરાવે છે. આ ૪૫ મીટરની ત્રિજ્યામાં આવતા ભાજપ કાર્યાલય, હોસ્પિટલ સહિતના તમામ નાના મોટા કાયમી કે અસ્થાયી દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવશે. મામાદેવ મંદિરથી વાડલા ફાટક અને ભેંસાણ ચોકડીથી જ્ઞાન ભારતી સંકુલ સુધીના ૩૦-૩૦ મીટરના રસ્તાઓ જુડાને સોંપવામાં આવશે. પ્રથમ દિવસે તંત્ર દ્વારા સામાન્ય અને કાચા દબાણો દૂર કરીને સંબંધિત તમામ આસામીઓને પોતાના દબાણો જાતે જ હટાવી લેવા માટે આખરી સુચના આપી દેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, શહેરના ઉપરોકત ૧૧ કિમીના હાઈવે પર મોટાભાગની હોસ્પિટલો, ખાણીપીણીની રેકડીઓ, હોટલો, પાર્ટી પ્લોટો, ઓફીસો આવેલી છે. ત્યારે નિયમ મુજબ જે બાંધકામ હશે તે રહેશે બાકીના તમામ બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાતા ખળભળાટ મચી જવા પામેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર

# પ્રાંતિજમાં ૯૮, હિંમતનગરમાં ૭૨ અને પોશીનામાં ૪૮ મિમી વરસાદ ખાબક્યો



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. રાત્રિના સમયે ઈડર, વિજયનગર, પોશીના અને પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ, પ્રાંતિજમાં સૌથી વધુ ૯૮ મિમી વરસાદ પડ્યો છે. આ ઉપરાંત, હિંમતનગરમાં ૭૨ મિમી, પોશીનામાં ૪૮ મિમી, ઈડરમાં ૪૦ મિમી, તલોદમાં ૨૬ મિમી, વિજયનગરમાં ૨૫ મિમી, ખેડબ્રહ્મામાં ૭ મિમી અને વડાલીમાં ૨ મિમી વરસાદ નોંધાયો છે. હિંમતનગર ફાયર વિભાગના ફાયર ઓફિસર મયંક પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટરના આદેશ અનુસાર સુરતમાં રેસ્ક્યુ કામગીરી માટે મદદની વિનંતી કરવામાં આવી હતી. જેના પગલે હિંમતનગર ફાયર સ્ટેશનથી ગુરૂવારે રાત્રે એક વાન, ત્રણ સભ્યો અને એક બોટ સાથે ટીમ સુરત જવા રવાના થઈ હતી. જિલ્લાના આઠમાંથી છ તાલુકામાં ગુરૂવારે રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન વરસાદ પડ્યો હતો. ખાસ કરીને તલોદમાં બે કલાકમાં એક ઈંચ (૨૪ મિમી) વરસાદ નોંધાયો હતો.

# સુરેન્દ્રનગરમાં મેઘરાજાની તોફાની બેટિંગ, વાંસલ ડેમ ઓવરફ્લો અને ધોળીધજા ડેમ ૯૦ ટકા ભરાયો

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૪

ઝાલાવાડ પંથકમાં મેઘરાજા મહેરબાન થયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના તમામ ૧૦ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાતા ચારેકોર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સતત વરસી રહેલા અવિરત વરસાદને કારણે જિલ્લાના જળાશયોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરેન્દ્રનગર જિલ્લા માટે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

અવિરત વરસાદના કારણે જિલ્લાના મુખ્ય જળાશયો છલકાઈ રહ્યા છે. સતત વરસાદને પગલે સુરેન્દ્રનગરનો મહત્ત્વનો વાંસલ ડેમ ઓવરફ્લો થઈ ગયો છે, જેથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આનંદનો માહોલ છવાયો છે. સુરેન્દ્રનગરમાં પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત ગણાતો ધોળીધજા ડેમ પણ ૯૦ ટકા જેટલો ભરાઈ ગયો છે, જેથી શહેર અને જિલ્લાની પાણીની સમસ્યા હલ થઈ ગઈ છે. જિલ્લાના તમામ ૧૦ તાલુકાઓમાં વરસાદી માહોલ વચ્ચે વિવિધ વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે.

દસાડા તાલુકામાં સૌથી વધુ ૩ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. વઢવાણ, લખતર, મૂળી અને ચુડા તાલુકામાં ૨ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. ડેમોમાં પાણીની ભારે આવક અને ઓવરફ્લોની સ્થિતિને પગલે જિલ્લા વહીવટી તંત્ર પૂરેપૂરૂં સજ્જ બન્યું છે.



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સ્થિતિને કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે. સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો વધતો જાય છે અને કેટલાક મુખ્ય માર્ગો પર પણ પાણી ફરી વળ્યું છે. ૮૦ ફૂટ રોડ પર પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ પાસેની સ્થિતિએ સ્થાનિક તંત્રની કામગીરી અંગે ફરી સવાલો ઊભા કર્યા છે. અહીં દર વર્ષે ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોવા છતાં કાયમી ઉકેલ માટે પૂરતી કામગીરી કરવામાં આવી ન હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે.

સુરેન્દ્રનગર શહેરના ૮૦ ફૂટ રોડ પર વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે પાણીનો ભરાવો સતત વધતો હોવાની સ્થિતિ છે. પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ નજીક રસ્તો પાણીમાં ગરકાવ થતાં વાહનચાલકોને પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. વરસાદ ચાલુ રહે અને પાણીનો નિકાલ ઝડપી ન થાય તો સ્થિતિ વધુ ગંભીર બની શકે તેવી ચિંતા પણ વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ચોમાસાની શરૂઆત સાથે જ દર વર્ષે આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. ભારે વરસાદ દરમિયાન રસ્તા પર પાણી ભરાઈ જવાથી વાહનવ્યવહાર ખોરવાય છે અને આસપાસના રહેણાક તેમજ વ્યાવસાયિક વિસ્તારોને પણ અસર થાય છે. આ વર્ષે પણ પ્રથમ સારા વરસાદ બાદ જ સમાન સ્થિતિ સર્જાતા પ્રિ-મોન્સૂન કામગીરી કેટલી અસરકારક રહી તે અંગે પ્રશ્નો ઊઠી રહ્યા છે.

વાગરાના ચાંચવેલ નજીકની ઘટના

# ખાડીના બ્રિજ પરથી ભારદારી ટ્રક નીચે ખાબકતાં ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૨૪

વાગરાના ચાંચવેલ નજીક ખાડીના બ્રિજ પરથી ભારદારી ટ્રક નીચે ખાબકતા ચાલકનું કેબિનમાં ફસાઈ જવાથી મોત નિપજવા પામ્યું હતું. વાગરા તાલુકાના ચાંચવેલ ગામ નજીક આવેલ ખાડી પરના બ્રિજ પરથી એક ભારદારી ટ્રક નીચે ખાબકતા ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. અશોક લેલન્ડ કંપનીની હેવી ટ્રક ગાડી નં-આર જે ૦૯ જીડી ૬૦૩૬ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા ડ્રાઈવરે સ્ટીયરિંગ ઉપરનો કાબૂ ગુમાવતા સદર દુર્ઘટના સર્જાઈ હતી. ટ્રક પાણીમાં ખાબકતા કેબીનમાં સ્ટીયરિંગ સાથે દબાઈ જતા ડ્રાઈવરને પેટના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચી હતી. વધુમાં કેબિનમાં પાણી ભરાવાના કારણે ફસાઈ જવાના લીધે ચાલકનું મોત નીપજ્યું હોવાની માહિતી સાંપડી છે. અકસ્માતની જાણ થતાં જ વાગરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. બચાવ કામગીરીમા ONGCની ફાયર ટીમ પણ મદદમાં જોતરાઈ હતી. ભારે વજન ધરાવતી ટ્રકને બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવામાં આવી હતી. રેસ્ક્યુ દરમિયાન ટ્રકને ઊંચકીને બહાર કાઢવામાં આવતા તેની નીચે દબાયેલા ડ્રાઈવરનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ મોહનલાલ ખુમા નાયક (ઉં.વ.૪૭) રહે.ચીકરડા ગામ તા.ડુંગલા જી.ચીતોડગઢ તરીકે પ્રસ્થાપિત થઈ છે.



(તસવીર : અમજદ સૈયદ, વાગરા)

# ઓરસંગ નદીનો જોજવા આડબંધ પ્રથમ વખત ઓવરફ્લો, ખેડૂતોમાં ખુશીનો માહોલ



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૨૪

છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા વરસાદના પગલે બોડેલી તાલુકાના જોજવા ગામ નજીક આવેલો ઓરસંગ નદીનો આડબંધ ચાલુ ચોમાસામાં પ્રથમ વખત ઓવરફ્લો થયો છે. આડબંધ પરથી પાણીની ચાદર વહેતા મનોહર દૃશ્યો સર્જાયા હતા, જેને જોવા માટે સ્થાનિક લોકો પણ ઉમટી પડ્યા હતા.ઓરસંગ નદીને છોટાઉદેપુર જિલ્લાની જીવાદોરી માનવામાં આવે છે. જિલ્લામાં સારા વરસાદને કારણે નદીમાં પાણીની સતત આવક થતાં જોજવા આડબંધ છલકાયો છે. આડબંધ ઓવરફ્લો થતાં નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.આડબંધમાં પૂરતું પાણી સંગ્રહિત થતાં ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ બનતાં આગામી ખેતીની સીઝનમાં પાકને જરૂરી પાણી સરળતાથી મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, સમયસર અને સારો વરસાદ તેમજ આડબંધ ઓવરફ્લો થવાથી કૃષિ માટે અનુકૂળ સ્થિતિ સર્જાઈ છે, જેનાથી આવનારી સિઝનમાં પાકનું ઉત્પાદન પણ સારૂં રહેવાની સંભાવના છે.

# RBSKની ટીમે ભારે વરસાદમાં સગર્ભા મહિલાઓનું સમયસર ઈમરજન્સી રેસ્ક્યુ કર્યું

### ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે આરોગ્ય તંત્રની સરાહનીય કામગીરી

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૪

ભરૂચ જિલ્લામાં તાજેતરમાં આપવામાં આવેલા રેડ એલર્ટને પગલે અવિરત અને અનાધાર વરસાદ વરસી રહ્યો હતો. આવી મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ ભરૂચ જિલ્લા આરોગ્ય તંત્ર અને રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK)ની ટીમે પોતાની ફરજ પ્રત્યે સમર્પણ દર્શાવીને સગર્ભા મહિલાઓની સમયસર ઈમરજન્સી સેવાઓ પૂરી પાડી ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

અંકલેશ્વર તાલુકાની RBSK ટીમ દ્વારા સારંગપુર, દઢાલ અને કોસમડી જેવા વિસ્તારોમાં પ્રસૂતિની સંભવિત તારીખ ધરાવતી સગર્ભા માતાઓની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કોસમડી ખાતે પ્રસૂતિની પીડાથી પીડાતી સગર્ભા માતાને સ્થિતિની ગંભીરતા જોઈને RBSK ટીમે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કર્યો હતો અને તેમને વધુ સારવાર અર્થે સુરક્ષિત રીતે 'પ્રીતિ વુમન્સ હોસ્પિટલ' ખાતે શિફ્ટ કર્યા હતા.

આ ઉપરાંત, સારંગપુર અને દઢાલ ખાતે પ્રથમ વખત સગર્ભા બનેલી મહિલાઓને અચાનક પ્રસૂતિની પીડા ઉપડતાં RBSKની ટીમે સ્થળ પર જઈને માતા અને પરિજનોને યોગ્ય કાઉન્સેલિંગ તેમજ માનસિક હિંમત પૂરી પાડી હતી. તેમને પણ સત્વરે વધુ યોગ્ય સારવાર અર્થે 'સેવા રૂરલ હોસ્પિટલ, ઝઘડિયા' ખાતે સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા.

ભારે વરસાદની સ્થિતિ વચ્ચે પણ આરોગ્ય કર્મીઓએ સમયસૂચકતા વાપરી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા માતા અને બાળકના જીવનું જોખમ ટળ્યું હતું.

# ખેતીની સીમમાં વરસાદી પાણી ભરાતા ખેડૂતોની સ્થિતિ કફોડી, પાકને ભારે નુકસાનની ભીતિ

### દર વર્ષે આ સમસ્યા સામે આવતી હોવાનો ખેડૂતોનો આક્ષેપ, કાયમી નિકાલની વ્યવસ્થા કરવાની માંગ

(સંવાદદાતા દ્વારા)પાલેજ, તા.૨૪

ભરૂચ જિલ્લામાં સતત વરસાદને કારણે પાલેજ પંથકમાં આવેલા આમોદ, ભરૂચ અને કરજણ તાલુકાના અનેક ખેતીપ્રધાન ગામોમાં ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેડૂતોની સ્થિતિ વધુ કફોડી બની છે.

રેલવે કોરિડોર અને એક્સપ્રેસ હાઈવેના બ્રીજોના નિર્માણ બાદ અનેક જગ્યાએ ખેતીની જમીનો બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલની સુવિધાનો અભાવ હોવાથી દર વર્ષે ચોમાસા દરમિયાન ખેતરોમાં પાણી સરોવર સમાન ભરાઈ રહે છે. લાંબા સમય સુધી પાણીનો નિકાલ ન થતાં ખેતરો સુકાતા નથી અને ઉભા પાકને ભારે નુકસાન થાય છે.

ખાસ કરીને કપાસ, તુવેર, મરચાં સહિતના મોડા વાવેતરના પાકોમાં પાણી ફરી વળતાં પાક બળી જવાની ભીતિ ઊભી થઈ છે. ઉપરાંત કંકોડા, ચોરી, પાપડી સહિતના વિવિધ શાકભાજીના રોકડિયા પાકો પણ પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોને ભારે આર્થિક ફટકો પડવાની શક્યતા છે.

હજારો એકર વિસ્તારમાં મરચાં અને તુવેરના પાકને નુકસાન થયાની ખેડૂતો દ્વારા ફરિયાદ કરવામાં આવી રહી છે. જો શાકભાજીના પાકો નાશ પામશે તો બજારમાં આવક ઘટશે અને આગામી દિવસોમાં શાકભાજીના ભાવમાં વધારો થવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.ખેડૂતોનું કહેવું છે કે દર વર્ષે એક જ સમસ્યા સામે આવે છે, છતાં વરસાદી પાણીના કાયમી નિકાલ માટે કોઈ અસરકારક વ્યવસ્થા કરવામાં આવી નથી. તેથી સરકાર તાત્કાલિક સર્વે કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય આર્થિક સહાય જાહેર કરે તેમજ વરસાદી પાણીના કાયમી નિકાલ માટે જરૂરી આયોજન કરે તેવી માંગ ખેડૂત આલમમાંથી ઉઠી રહી છે.



(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

ઉત્તરપ્રદેશની જોહર યુનિવર્સિટીના ૨૮ ખંડો તોડવાની નોટિસ સામે

# રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને હસ્તક્ષેપની માંગ કરતા ગુજરાત કોંગ્રેસના આગેવાનો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૪

ઉત્તરપ્રદેશના રામપુર સ્થિત મૌલાના મહંમદ અલી જોહર યુનિવર્સિટીના ૨૮ ખંડોને ગેરકાયદેસર ગણાવી તોડવાની આપવામાં આવેલી નોટિસ સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ચિરાગ શેખ અને વડોદરા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ અરબાઝ ખાન પઠાણ દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તક્ષેપ કરવાની અપીલ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, અંદાજે ૫૦૦ એકરમાં ફેલાયેલી મૌલાના મહંમદ અલી જોહર યુનિવર્સિટી આધુનિક સુવિધાઓ ધરાવતી ઉચ્ચ શિક્ષણ સંસ્થા છે, જ્યાં વિવિધ ધર્મોના આશરે ૪,૦૦૦થી ૪,૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કરેલા અનેક વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત હોવાનું પણ જણાવાયું છે.

નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે, યુનિવર્સિટીની સ્થાપના સમયે રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટી અસ્તિત્વમાં નહોતી અને તે સમયે ગ્રામ પંચાયત પાસેથી જરૂરી મંજૂરીઓ મેળવી બાંધકામ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, કેન્દ્ર અને રાજ્યના શિક્ષણ વિભાગોની મંજૂરી બાદ જ યુનિવર્સિટી શરૂ થઈ હોવાનું પણ જણાવાયું છે.

વધુમાં જણાવાયું છે કે, આ યુનિવર્સિટી મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય તેમજ કેટલીક પરિસ્થિતિમાં નિઃશુલ્ક શિક્ષણ પણ આપવામાં આવે છે.નિવેદનમાં ઉત્તરપ્રદેશ સરકાર પર રાજકીય પૂર્વગ્રહના આધારે યુનિવર્સિટીને નિશાન બનાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જો કોઈ વહીવટી કે કાનૂની ખામી હોય તો તેનું નિરાકરણ ચર્ચા અને કાયદેસરની પ્રક્રિયા દ્વારા લાવવું જોઈએ, શિક્ષણ સંસ્થાને નુકસાન પહોંચાડવું યોગ્ય નથી, તેવી માંગ કરવામાં આવી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી વિભાગના જનરલ સેક્રેટરી ચિરાગ શેખ અને વડોદરા શહેર યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ અરબાઝખાન પઠાણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રજૂઆત કરી છે કે, તેઓ હસ્તક્ષેપ કરી યુનિવર્સિટીને બચાવવા માટે જરૂરી પગલાં ભરે તેવી માગણી કરી છે.

# શિહોરના પાલડી ગામે 'બાલિકા પંચાયત સંવાદ'



મહિલા અને બાળ વિકાસ વિભાગની આગવી પહેલ હેઠળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના પાલડી ગામમાં બાલિકા પંચાયતના સભ્યો માટે સંવાદ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કિશોરીઓને આરોગ્ય, પોષણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, મહિલા સશક્તિકરણ તેમજ મહિલાઓ અને કિશોરીઓ માટે અમલમાં રહેલી વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. ખુલ્લા સંવાદ દરમિયાન તેમના પ્રશ્નોના જવાબ આપી શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રીટાબેન શુકલ, સંકલ્પ હબ–એમ્પાવરમેન્ટ ઓફ વુમન યોજનાના સ્ટાફ તેમજ આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહી હતી. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

# જેસરના અયાવેજ ગામે પ્રાકૃતિક કૃષિ ગોષ્ઠિ યોજાઇ

પાલિતાણા, તા.૨૪

ભાવનગરના આત્મા પ્રોજેક્ટ દ્વારા જેસર તાલુકાના અયાવેજ ગામ ખાતે પ્રાકૃતિક ખેતીની વૈજ્ઞાનિક ગોષ્ઠિનું આયોજન કિસાન પ્રાકૃતિક મોડેલ ફાર્મ પર કરવામા આવ્યું હતું. ખેડૂત મિત્રોને પ્રાકૃતિક ખેતીની માહિતી અને પ્રાકૃતિક ફાર્મની મુલાકાત સાથે પ્રાકૃતિક કૃષિની વિશેષ માહિતી આપવામાં આવી હતી જેમાં બહોળી સંખ્યામાં ખેડૂત મિત્રો જોડાયા હતા. આ અંગે વિશેષ માર્ગદર્શન આપવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડૉ. ગંભીરસિંહ વાળા, જેસર આત્મા પ્રોજેક્ટના અજીતસિંહ ગોહિલ, મહુવા આત્મા પ્રોજેક્ટના સંજયભાઈ કવાડ, ટેરિટરી મેનેજર કાર્બન ક્રેડિટ, ગ્રો ઈન્ડિગોના જયેશભાઇ જાદવ એ ઉપસ્થિત રહીને વિસ્તૃત માહિતી આપી હતી.

# હાંસોટ પંથકમાંથી પસાર થતી કીમ નદી ઉફાન પર, મુખ્ય માર્ગો બેટમાં ફેરવાયા


(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૪

હાંસોટ તાલુકામાંથી પસાર થતી કિમ નદી ઉફાન પર જોવા મળતા વિવિધ ગામોમાં નદીના પાણી ભરાઈ ગયા હતા તો અંકલેશ્વરથી સુરતને જોડતો સ્ટેટ હાઇવે પર વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો.

હાંસોટ પંથકમાં કીમ નદીના પાણીએ જાણે વિનાશ વેર્યો છે. ઉપરવાસમાં વરસેલા વરસાદના પગલે કીમ નદીનું પાણી હાંસોટ પંથક તરફ વળ્યું હતું જેના કારણે આજે સવારથી અંકલેશ્વરથી સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર સાહોલ અને વડોલી ગામ વચ્ચે કીમ નદીના પાણી ફરી વળ્યા હતા જેના પગલે સ્ટેટ હાઈવેનો વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. કોઈ વ્યક્તિ જોખમી રીતે રસ્તો પસાર ન કરે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.હાંસોટ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર નયન વસાવા, પી.એસ.આઈ.કે.ડી.રાઠોડ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્થળ પર પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી.

કીમ નદીના વધેલા જળસ્તરના પગલે હાંસોટના પાંજરોલી અને આસારમાં ગામમાં નદીના પાણી ફરી વળ્યા હતા. ગામને જોડતો મુખ્ય માર્ગ જાણે બેટમાં ફેરવાઈ ગયો હતો જેના પગલે સાહોલથી કોસંબાને જોડતો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો હતો. કીમ નદીના પાણી બંને ગામમાં પ્રવેશતા તંત્ર દ્વારા સ્થળાંતર પણ કરાવવામાં આવ્યું હતું. લોકોના ઘર અને દુકાનો સુધી કિમ નદીનું પાણી પ્રવેશ્યું હતું જેના કારણે જન જીવન પ્રભાવિત થયું હતું.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# સાવરકુંડલા ખાતે તા. ૨૯મીએ મેગા રોજગાર ભરતી મેળો

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી દ્વારા તા.૨૯/૦૭/૨૦૨૬ના રોજ આઈ.ટી.આઈ. સાવરકુંડલા ખાતે એક ભવ્ય મેગા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં મુખ્યત્વે બે કંપનીઓ દ્વારા વિવિધ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જેમાં 'ઈ.ડી.એફ. ઈન્ટરનેશનલ નેટવર્ક્સ' કંપનીમાં 'સ્માર્ટ મીટર ઈન્સ્ટોલર'ની પોસ્ટ માટે ઈલેક્ટ્રીશ્યન અથવા વાયરમેન ટ્રેડની લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. જ્યારે 'ક્રેડિટ એક્સેસ, સાવરકુંડલા' કંપનીમાં 'ટ્રેનીંગ સેન્ટર મેનેજર'ની પોસ્ટ માટે ધોરણ-૧૦ પાસથી લઈને સ્નાતક (ગ્રેજ્યુએટ) સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. જરૂરી યોગ્યતા અને રસ ધરાવતા તમામ ઉમેદવારોને તા.૨૯/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આઈ.ટી.આઈ. સાવરકુંડલા ખાતે જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવા સાવરકુંડલા આઈ.ટી.આઈ આચાર્યની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ફાયર બ્રિગેડે આબાદ બચાવ કર્યો

# અંકલેશ્વર : પાણીના વહેણમાં તણાયેલા બાઈકસવારનું રેસ્ક્યુ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૪

અંકલેશ્વર તાલુકામાં ભારે વરસાદને લઈ ઠેર-ઠેર પાણી ભરાયા હતા જેને લઈ એક મોટી દુર્ઘટના ટળી છે. અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામ સ્થિત આવેલી RMPS સ્કૂલ નજીકના રસ્તા પરથી પસાર થતાં પાણીના તીવ્ર વહેણ માંથી પસાર થઈ રહેલા એક બાઈક સવાર અચાનક પાણીના પ્રવાહમાં ખેંચાઈ ગયો હતો.અંદાડા ગામના રહીશ પ્રવીણભાઈ સોલંકી પોતાની બાઈક સાથે આ પાણીના વહેણમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાણીની તીવ્રતાને કારણે તેઓ તણાવવા લાગ્યા હતા. જોકે, સમયસૂચકતા વાપરીને તેમણે નજીકમાં આવેલા વીજળીના પોલ (થાંભલા)ને મજબૂતીથી પકડી લીધો હતો અને મદદ માટે રાહ જોઈ રહ્યા હતા.ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તથા મામલતદાર અંકલેશ્વરની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર સ્ટાફે ભારે જહેમત ઉઠાવીને પોલ પકડીને ઉભેલા પ્રવીણભાઈનું સલામત રીતે રેસ્ક્યુ કરી તેમને હેમખેમ બહાર કાઢ્યા હતા.મામલતદાર રાજન વસાવાએ અંકલેશ્વર તાલુકાના તમામ નાગરિકોને ખાસ વિનંતી કરી છે કે જ્યાં પણ આ પ્રકારે પાણીના ભારે વહેણ જતા હોય, ત્યાંથી બાઈક કે વાહન લઈને પસાર થવાનું સાહસ ન કરવું અને હંમેશા સુરક્ષિત રસ્તાનો ઉપયોગ કરવો.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# અમદાવાદના બોપલમાં આર્મીએ બોટ ઉતારવી પડી; શેલા તળાવમાં ફેરવાયું

## અમદાવાદમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થયું છે ● સ્ટેડિયમ પાસે ભૂવામાં ૪ વાહનો ફસાયા, સદ્‌નસીબે જાનહાનિ ટળી ● મકરબામાં ૧૦૦૦થી વધુ ઘરોમાં ગટરના પાણી ઘૂસતા રહીશોને શાળામાં આશરો લેવો પડ્યો ● વિકાસના દાવાઓ વચ્ચે પ્રજા ત્રાહિમામ્ પોકારી રહી છે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં અનરાધાર વરસાદથી શહેર જળમગ્ન બન્યું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાતા રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. અમુક સ્થળે ભૂવા પડ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. તો ચાલો જાણીએ ધોધમાર વરસાદ બાદ કેવી છે. અમદાવાદના સ્ટેડિયમ પાસે કોટેશ્વર મહાદેવ નજીક ભૂવા પડતા ૪ વાહનો ફસાયા હતા. ફાયર વિભાગને ઘટનાની જાણ થતાં વાહનો બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થયાના સમાચાર નથી.

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલની હાલત અત્યંત વિકટ બની છે. હોસ્ટેલની અંદરથી લઈને બહાર રોડ સુધી જળબંબાકારની સ્થિતિ સર્જાતા અહીં રહેતી ૧૦૦૦ જેટલી ગર્લ્સ સ્ટુડન્ટ્સ ભારે મુશ્કેલીમાં મુકાઈ છે. સતત ભરાયેલા પાણીના કારણે ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓ માટે ખાવા-પીવાથી લઈને આવવા-જવાની મોટી આફત ઊભી થઈ છે. ત્યારે હોસ્ટેલનો વીડિયો વાયરલ થતાં લોકો યોગ્ય અને તાત્કાલિક પગલા ભરવા માગ કરી રહ્યા છે. કહેવાતા સ્માર્ટ સિટી અમદાવાદના વિકાસની પોલ ખુલી ગઈ. લોકોએ કહ્યું કે, ચોમાસામાં જ ખોદી નંખાયેલા રસ્તાઓ અને કોર્પોરેશનની નિષ્ફળ કામગીરીથી પ્રજા પારાવાર હાલાકી ભોગવી રહી હોવા છતાં, કોઈ સ્થાનિક નેતા કે ધારાસભ્ય મદદે ફરક્યા સુધ્ધાં નહીં. પ્રજાના ટેક્સના પૈસે માત્ર કાગળ પર જ વિકાસ થયો હોવાથી લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો. ઈન્ડિયન આર્મીના જવાનો દ્વારા બોપલના કેટલાક વિસ્તારોમાં હોળી લઈને સોસાયટીના રહીશોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું. આર્મીની અલગ અલગ ટીમ દ્વારા રહીશોનું અલગ અલગ બોટમાં બેસાડીને એક જગ્યાએથી સુરક્ષિત જગ્યાએ લઈ જઈને સ્થળાંતર અને રેસ્ક્યૂ



કરવામાં આવ્યું. અમદાવાદ જિલ્લાના બાવળા નજીક આવેલા ગેલપ્સ પાર્કમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે આશરે ૯૦૦ જેટલા લોકો ફસાયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ અને SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીની ફસાયેલા લોકોનું રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં પડેલા ભારે વરસાદે અનેક વિસ્તારોમાં જનજીવનને અસર પહોંચાડી છે. તેવામાં શેલા વિસ્તારમાં આવેલી આકાશ રેસિડેન્સીમાં વરસાદી પાણી ભરાવાની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. સોસાયટીના બેઝમેન્ટ પાર્કિંગમાં વરસાદી પાણી ઘૂસી જતાં અનેક મોંઘીદાટ કારો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે, જેને લઈને લોકોમાં પણ ચર્ચા જાગી છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલ અંગે પણ અનેક સવાલો ઊભા થયા છે. હાલ વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને બેઝમેન્ટ પાર્કિંગનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખવા તેમજ સ્થાનિક તંત્ર દ્વારા જારી કરવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લાના બાવળા સ્થિત રજોડા ખાતે આવેલા 'ગેલોપ્સ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક'માં ભારે વરસાદને કારણે મોટા પાયે પાણી ભરાઈ ગયા હતા. આ પરિસ્થિતિમાં ત્યાં ફસાયેલી ૪૫ યુવતીઓ અને ૨ સ્ટાફના સભ્યોને આર્મીના જવાનો દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અમદાવાદમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, જજીસ બંગલો વિસ્તારમાં ધોધમાર વરસાદને કારણે પાણી ભરાયું છે. પાણી ભરાવાના કારણે લોકોના દૈનિક જીવન પર અસર પડી છે અને ઘરવખરીને પણ નુકસાન થવાની આશંકા વ્યક્ત કરી છે. રહેવાસીઓએ તાત્કાલિક પાણીના ઝડપી નિકાલ અને જરૂરી રાહત કામગીરી હાથ ધરવામાં આવે તેવી તંત્ર સમક્ષ માંગ કરી છે. સાથે જ સ્ટોર્મ વોટર ડ્રેનેજની નિયમિત સફાઈ અને વ્યવસ્થાપન અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, દર વર્ષે સફાઈ માટે કોન્ટ્રાક્ટ અપાય છે છતાં યોગ્ય સફાઈ થતી ન હોવાનું આ વરસાદમાં સ્પષ્ટ થઈ રહ્યું છે.

## તંત્રના અણઘડ વહીવટને કારણે અમદાવાદના વિવિધ વિસ્તારો ટાપુમાં ફેરવાયા



બોપલ રોડ



સંકલિતનગર ઘરમાં પાણી



સંકલિતનગર, જુહાપુરા



રાણીપ, છારાનગર, રબારીનગર



ફલકનુમા ફ્લેટ, જુહાપુરા



પીરકમાલ મસ્જિદ, દાણીલીમડા રોડ

### વર્ષોથી આ સમસ્યાનો અંત નથી : સ્થાનિકો

## સરસપુર-રખિયાલમાં રહેવાસીઓ પાણી ભરાતા ત્રાહિમામ, ભારે રોષ



ગોમતીપુર

### વર્ષોથી ડ્રેનેજ અને પાણી નિકાલની સમસ્યા યથાવત છે

અમદાવાદ, તા.૨૪। અમદાવાદના સરસપુર-રખિયાલ વોર્ડમાં છેલ્લા બે દિવસથી વરસેલા વરસાદે અમદાવાદ મહાનગરપાલિકાના વિકાસના દાવાઓની પોલ ફરી એકવાર ખોલી નાખી છે. સમગ્ર વિસ્તાર જાણે તળાવમાં ફેરવાઈ ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. મુખ્ય માર્ગોથી લઈને આંતરિક સોસાયટીઓ સુધી પાણી ભરાઈ જતાં વાહનચાલકો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. દર વર્ષે ચોમાસું આવે, વરસાદ પડે અને અમદાવાદના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જાય, આ હવે નવી ઘટના રહી નથી, પરંતુ તંત્રની જૂની બેદરકારીનું જીવંત ઉદાહરણ બની ગયું છે. કરોડો રૂપિયાના વિકાસના દાવાઓ વચ્ચે બે દિવસના વરસાદમાં જ રસ્તાઓ પર પાણી ભરાઈ જવું એ આખરે કયા વિકાસનું પ્રતિબિંબ છે? વર્ષોથી ડ્રેનેજ વ્યવસ્થા અને વરસાદી પાણીના નિકાલની સમસ્યા યથાવત છે. નાગરિકો નિયમિતપણે મિલકત વેરો અને અન્ય કર ચૂકવે છે, પરંતુ બદલામાં તેમને મળે છે માત્ર પાણી ભરાયેલા રસ્તા, ટ્રાફિક, અકસ્માતનો ભય અને રોજિંદી મુશ્કેલીઓ. હવે સરસપુર-રખિયાલના લોકોનો એક જ સવાલ છે, કાગળ પરનો વિકાસ નહીં, જમીન પર પરિણામ ક્યારે દેખાશે? પાણી ભરાવાની આ કાયમી સમસ્યાનો ઉકેલ ક્યારે આવશે? સરકાર અને અમદાવાદ મહાનગરપાલિકાએ હવે જવાબદારીમાંથી બચવાના બદલે નાગરિકોને સ્પષ્ટ જવાબ આપવાનો સમય આવી ગયો છે.

### આંબલી, બોપલ અને ઘુમા વિસ્તારની મુલાકાત લીધી

## CM ભૂપેન્દ્ર પટેલ, શહેરના મેયર અને કમિશનર પાણીમાં ઉતર્યા

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જે સોસાયટીઓમાં મોટા પ્રમાણમાં પાણી ભરાયાં છે ત્યાં ખુદ પહોંચ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદે શહેરમાં આફતનું રૂપ લીધુ છે. ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ છે અને અનેક વિસ્તારોમાં કેડસમા પાણી ભરાવાના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. શહેરમાં સ્થિતિ બેકાબૂ બનતા તંત્ર દ્વારા આર્મીને મેદાનમાં ઉતારવામાં આવી છે. વરસાદી સંકટને લઈને રાજ્ય સરકાર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે જાતે જ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. સીએમ ભૂપેન્દ્ર પટેલે હાલ આંબલી, બોપલ અને ઘુમા વિસ્તારની મુલાકાત લીધી છે. જે સોસાયટીઓમાં મોટા પ્રમાણમાં પાણી ભરાયાં છે ત્યાં સીએમ ખુદ પહોંચ્યા હતા. ખાસ કરીને બોપલની સેન્ટોસા સોસાયટીમાં પહોંચીને તેમણે સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત સ્થાનિક લોકો સાથે સીધી વાતચીત કરી હતી, તેમની હાલાકી જાણી હતી અને વહીવટી તંત્ર દ્વારા શક્ય એટલી ઝડપથી પાણીના નિકાલની ખાતરી આપી હતી. શહેરમાં હજુ પણ અનેક ઠેકાણે પાણી જ પાણી જોવા મળી રહ્યું છે, ત્યારે અમદાવાદ શહેરના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ પણ રાહત અને બચાવ કામગીરીનું મોનિટરિંગ કરવા ગ્રાઉન્ડ પર ઉતર્યા છે. તેમણે ઘુમા, બોપલ અને થલતેજ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમની સાથે અમદાવાદના મેયર હિતેષ બારોટ અને મ્યુનિસિપલ કમિશનર પણ જોડાયા હતા અને અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. મીડિયા સાથેની ખાસ વાતચીતમાં પ્રભારી મંત્રી અને મનપા કમિશનરે શહેરની વર્તમાન સ્થિતિ અંગે મહત્ત્વના નિવેદનો આપ્યા હતા. પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, "શહેરમાં અનરાધાર વરસાદથી વિકટ પરિસ્થિતિ બની છે. પરંતુ લોકોની મદદ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની તમામ ટીમો ખડેપગે છે અને યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે." મનપા કમિશનરે જણાવ્યું હતું કે, "સતત વરસી રહેલા વરસાદના લીધે શહેરની પરિસ્થિતિ બગડી છે. શહેરમાં અનેક જગ્યાએ સીવેઝ લાઈન ચોકઅપ થઈ જવાના લીધે પાણીના નિકાલમાં મુશ્કેલી પડી રહી છે, જેના લીધે પરિસ્થિતિ વધુ વણસી છે. તંત્ર દ્વારા લાઈનો ક્લિયર કરવાની કામગીરી ચાલી રહી છે." હાલમાં સરકાર, મનપા તંત્ર અને આર્મીના જવાનોના સંયુક્ત પ્રયાસોથી શહેરમાં ભરાયેલા પાણીના નિકાલ અને ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી તેજ કરવામાં આવી છે.

### ધોળકામાં ૧૯ ઈંચ વરસાદથી જળબંબાકાર

## અમદાવાદ સરેરાશ ૧૬ ઈંચ વરસાદમાં પાણી-પાણી !

### ખેડાના મહેમદાવાદમાં ગઈકાલથી કુલ ૨૪ ઈંચને પાર : કુલ ૬ તાલુકામાં ૧૦ ઈંચથી વધુ વરસાદ

સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. રાજ્યના ખૂણે-ખૂણામાં વરસેલા મુસળધાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ખાસ કરીને મધ્ય ગુજરાત અને અમદાવાદ જિલ્લામાં આકાશી આફતે ભારે તારાજી સર્જી છે. અમદાવાદ શહેરમાં ગઈકાલથી શરૂ થયેલા અવિરત વરસાદના કારણે સરેરાશ ૧૬ ઈંચ જેટલો આંકડાશાસ્ત્રીય વરસાદ નોંધાયો છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. પૂર્વથી લઈને પશ્ચિમ અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં ૧૦ ઈંચ કરતાં પણ વધુ વરસાદ ખાબકતાં રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા છે. અનેક નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યભરમાં મેઘરાજાએ સાંબેલાધારે બોલાવેલી બેટિંગના આંકડા ધ્રૂજાવી દે તેવા છે. ખેડા જિલ્લાના મહેમદાબાદમાં ગઈકાલથી આજ સવાર સુધીમાં ૨૪ ઈંચથી વધુ સાંબેલાધાર વરસાદ ખાબક્યો છે, જેના કારણે ચારેય તરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદના ધોળકા તાલુકામાં પણ મેઘરાજાએ કળ વળવા દીધી નથી અને ત્યાં ધોળકામાં ૧૯ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યના કુલ ૨૫૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજ્યના ૬ તાલુકાઓમાં અત્યંત ભારે વરસાદ સાથે કુલ ૨૧ જેટલા તાલુકાઓમાં ૧૦ ઈંચ કરતાં પણ વધુ આકાશી પાણી વરસ્યું છે.

## બગોદરા-સનાથલ હાઈવે બંને બાજુ બંધ; ચાંગોદર પાસે અમદાવાદ-રાજકોટ હાઈવે પર પાણી ભરાયા

### અમદાવાદથી સૌરાષ્ટ્ર જતાં વાહનચાલકો માટે વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ અપાયા છે, જે ૪૦-૫૦ કિલોમીટર લાંબા રહેશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં બે દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે, ત્યારે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેમાં ચાંગોદર પાસે અમદાવાદ-રાજકોટ હાઈવે પર પાણી ભરાતા અનેક વાહનો અટવાયા હોવાના દશ્યો સર્જાયા છે. તેવામાં અમદાવાદથી સૌરાષ્ટ્ર આવતા-જતાં લોકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. અતિભારે વરસાદને પગલે બગોદરા-સનાથલ હાઈવે બંને બાજુ બંધ કરવામાં આવ્યો છે. આ અંગે એસપી ઓમ પ્રકાશ જાટે જણાવ્યું કે, હાલ પૂરતું બગોદરાથી સનાતલ સુધીનો હાઈવે બંને બાજુથી બંધ રાખ્યો છે. જેથી અંદર ફસાયેલા વાહનોને બહાર કાઢી શકાય, કારણ કે ઘણી જગ્યાએ લગભગ ૬-૭ ફૂટ જેટલું પાણી ભરાયેલું છે અને કોઈ પણ વાહન ત્યાંથી પસાર થઈ શકે તેમ નથી. જ્યાં સુધી પાણી ઓસરે નહીં ત્યાં સુધી અમે વાહનવ્યવહાર માટે કામચલાઉ ડાયવર્ઝન આપ્યું છે. જેમાં વાહનો બગોદરાથી વેજલકા અને ત્યાંથી એક્સપ્રેસવે થઈને એસ. પી. રિંગરોડ આવી શકશે. તેવી જ રીતે, જો કોઈને અમદાવાદથી રાજકોટ જવું હોય તો તેઓ સનાથલ સર્કલથી એક્સપ્રેસવે પકડીને વેજલકા થઈને જઈ શકશે. આ ઉપરાંત, વિરમગામ તરફનું પણ ડાયવર્ઝન આપ્યું છે. એટલે કે જેને સીધા આગળ જવું હોય તેઓ વિરમગામ અને સુરેન્દ્રનગર વાળો રસ્તો પકડીને ત્યાંથી નીકળી શકશે. આ ડાયવર્ઝન રૂટ અંદાજે ૪૦થી ૫૦ કિલોમીટર જેટલા લાંબા રહેશે.

### હજુ ૪૮ કલાક તાંડવ મચાવી શકે છે વરસાદ

## એકસાથે ૪ મોટી સિસ્ટમની આખા રાજ્ય પર અસર

### રાજ્યભરમાં એકસાથે ચાર મોટી હવામાન સિસ્ટમ એક્ટિવ થવાને કારણે સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં હજુ ૪૮ કલાક વરસાદ તાંડવ મચાવી શકે છે. રાજ્યભરમાં એકસાથે ચાર મોટી હવામાન સિસ્ટમ એક્ટિવ થવાને કારણે સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે. આગામી ૪૮ કલાક સુધી રાજ્યમાં વરસાદનું આ તાંડવ યથાવત રહી શકે છે અને ભારેથી અતિભારે વરસાદની શક્યતા સેવાઈ રહી છે. ગુજરાતની નજીક એક મજબૂત લો પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ છે. ચોમાસાની મુખ્ય ધરી હાલ ગુજરાત અને ખાસ કરીને ઉત્તર ગુજરાત પરથી પસાર થઈ રહી છે. ગુજરાત પર જ ભેજવાળા પવનોનો મોટો ઝોન સર્જાયો છે, જેના કારણે સતત વરસાદી વાદળો બંધાઈ રહ્યા છે. આ ઉપરાંત બંગાળની ખાડીમાં પણ એક નવું સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જે આગામી દિવસોમાં વરસાદની તીવ્રતા વધારી શકે છે. આ ચારેય પરિબળો એકસાથે સક્રિય થતાં મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાનું આક્રમક સ્વરૂપ છે.

મોસમમાં પહેલીવાર એવો માહોલ સર્જાયો છે કે, સમગ્ર ગુજરાતમાં એકસાથે મેઘમહેર જોવા મળી રહી છે. આ સિઝનનો આ પહેલો એવો વરસાદી રાઉન્ડ છે જે આટલો વ્યાપક અને સાર્વત્રિક રહ્યો છે. આજે રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં નાનો-મોટો વરસાદ નોંધાયો છે.

આજે અત્યારસુધીમાં રાજ્યના ૨૩૯ તાલુકાઓમાં વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેમાં ક્યાંક અતિશય મુશળધાર તો ક્યાંક હળવોથી મધ્યમ વરસાદ પડ્યો છે. ગુરૂવારે પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં રાજ્યના ૨૫૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો.

સિઝનનો કુલ વરસાદ ૫૦ ટકાને પાર પહોંચવાની શક્યતા છે. અત્યાર સુધીમાં સમગ્ર ગુજરાતમાં સિઝનનો ૪૮.૩ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. આજે દિવસ દરમિયાન થનારા વરસાદના કારણે કુલ ટકાવારી ૫૦ ટકાને પાર પહોંચી જવાની પૂરેપૂરી શક્યતા છે.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં આકાશી આફત જેવા મુશળધાર વરસાદથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને અતિશય વરસાદ પડી ગયો છે, જ્યારે તેની સામે કેટલાક વિસ્તારોમાં હજુ પણ જરૂરિયાત કરતાં ખૂબ જ ઓછો કે હળવો વરસાદ નોંધાયો છે.

### ગુજરાતમાં ભારે વરસાદથી વાહનવ્યવહાર ઠપ્પ

## ૧૨૦૦થી વધુ રસ્તાઓ બંધ, નેશનલ હાઈવે પર પાણી ફરી વળ્યા

### ભારે વરસાદને પગલે એસ.ટી. નિગમ દ્વારા ૫૨૬ રૂટની કુલ ૨,૪૧૨ બસ ટ્રિપો બંધ રાખવાની ફરજ પડી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૪

રાજ્યભરમાં સર્જાયેલી અતિવૃષ્ટિ અને પૂરની ગંભીર પરિસ્થિતિને પગલે જનજીવન અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે. મુશળધાર વરસાદના કારણે રાજ્યના ૧,૨૦૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, સ્ટેટ હાઈવે અને પંચાયત હસ્તકના રસ્તાઓનો સમાવેશ થાય છે. સૌથી વધુ માઠ અસર વલસાડ, નવસારી અને સુરત જિલ્લામાં જોવા મળી રહી છે. સરકારી આંકડા અનુસાર, રાજ્યભરમાં ૪ નેશનલ હાઈવે, ૩૦ સ્ટેટ હાઈવે અને ૧,૧૦૦થી વધુ પંચાયત રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા છે. વલસાડમાં ઓવરટોપિંગના કારણે નેશનલ હાઈવે ૪૮ (NH-48) પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સ્થગિત કરી દેવાયો છે. એકલા વલસાડ જિલ્લામાં જ ૪૭૮ જેટલા રસ્તાઓ બંધ પડી ગયા છે. જ્યારે નવસારી જિલ્લામાં ૨૫૬ રસ્તાઓ બંધ છે. સાપુતારા-નાસિક હાઈવે ધોવાયોઃ ડાંગ જિલ્લામાં સાપુતારા બોર્ડર પર મહારાષ્ટ્ર RTO ચેકપોસ્ટ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ ધોવાઈ જતાં આંતરરાજ્ય એસ.ટી. અને વાહનવ્યવહાર ઠપ્પ થયો છે. ગુજરાતથી મહારાષ્ટ્ર જતી બસોને સાપુતારા બસ સ્ટેન્ડ પર જ રોકી દેવામાં આવી છે. રસ્તાઓ પર પૂરના પાણી ભરાઈ જવાથી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ની સેવાઓ પર ભારે અસર પડી છે. એસ.ટી. નિગમ દ્વારા ૫૨૬ રૂટની કુલ ૨,૪૧૨ બસ ટ્રિપો બંધ રાખવાની ફરજ પડી છે. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે રાજ્યના ૪,૦૯૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જેમાંથી તંત્ર દ્વારા ૩,૭૬૨ ગામોમાં વીજળી પૂર્વવત કરી દેવાઈ છે, પરંતુ હજુ પણ ૩૩૩ ગામોમાં વીજ પુરવઠો ઠપ છે અને ત્યાં કામગીરી ચાલુ છે.

### વરસતાં વરસાદમાં બેઘર થયા પરિવાર

## અમદાવાદના મોટેરામાં ૩ મકાન ધરાશાયી થયા

અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલી ભવાની ટેનામેન્ટમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. મોટેરામાં આવેલ ભવાની ટેનામેન્ટના ૩ મકાનો અચાનક જમીનદોસ્ત થઈ ગયા છે, જ્યારે અન્ય ૨ મકાનો જોખમી રીતે નમી પડ્યા છે. આ ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નમી ગયેલા મકાનોને ભયજનક જાહેર કરીને ખાલી કરાવવામાં આવ્યા છે. રત્નાંજલિ ગ્રુપ દ્વારા મોટેરામાં એક હાઈ-રાઈઝ બિલ્ડિંગ માટે ઊંડું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. આ ખોદકામ દરમિયાન જીડીઆર (GDR)ના નિયમો મુજબ આસપાસના ટેનામેન્ટથી યોગ્ય માર્જિન (અંતર) જાળવવામાં આવ્યું ન હતું. નિયમોના ઉલ્લંઘન અને બેદરકારીના કારણે જ આસપાસના મકાનોના પાયા નબળા પડ્યા અને આ હોનારત સર્જાઈ હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. રાતના આશરે ૭ વાગ્યાના સુમારે મકાનો નમવા લાગતા જ સમયસૂચકતા વાપરીને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ અચાનક ૩ મકાનો ધડાકાભેર ધરાશાયી થઈ ગયા હતા. ઘરમાંથી ઘરવખરી, કિંમતી રોકડ કે દાગીના બચાવવાનો પણ લોકોને સમય મળ્યો નહોતો. એક પરિવાર તો પોતાના ૩ મહિનાના નાનકડા બાળકને વરસતા વરસાદમાં હાથમાં લઈને બહાર નીકળવા મજબૂર બન્યો હતો. અચાનક બનેલી આ ઘટનાને કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને આર્થિક નુકસાન વેઠનારા પીડિત પરિવારો માટે યોગ્ય વળતર તથા કડક કાર્યવાહીની માગ થઈ રહી છે.

# ઈરાન યુદ્ધ : ઈર્બિલ પર ઈરાની ડ્રોન હુમલા; અહવાઝમાં યુએસ એરસ્ટ્રાઈકમાં ૪નાં મોત

## ઈર્બિલ એરપોર્ટ નજીક ડ્રોન તૂટી પડ્યા બાદ કામગીરી પુનઃ શરૂ, જોર્ડનમાં આવેલા યુએસ એરબેઝ પર ઈરાનનો હુમલો; બહરીન અને કુવૈતમાં ઈરાની મિસાઈલો ઈન્ટરસેપ્ટ કરાઈ

(એજન્સી) તા.૨૪

ઈર્બિલ શહેર પર થયેલા ડ્રોન હુમલા દરમિયાન ઈર્બિલ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક એક ડ્રોન ક્રેશ થતાં એરપોર્ટ સેવાઓ પ્રભાવિત થઈ હતી, પરંતુ બાદમાં એરપોર્ટને પુનઃ શરૂ કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ, ઈરાની સેનાએ દાવો કર્યો છે કે તેણે જોર્ડનમાં આવેલા 'અલ-અઝરક' યુએસ એરબેઝ પર હુમલો કર્યો છે. આ સિવાય, બહરીન અને કુવૈત બંને દેશોએ ઈરાની મિસાઈલોને હવામાં જ નિષ્ફળ બનાવી હોવાની જાહેરાત કરી છે, જેના પગલે બહરીનમાં એલાર્મ વાગ્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે માહિતી આપી છે કે તેમણે સતત ૧૩મી રાત્રે ઈરાન સામે હવાઈ હુમલા પૂર્ણ કર્યા છે. ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર ખુર્રમાબાદ, જસ્ક, અહવાઝ, બંદર અબ્બાસ તેમજ કેશ્મ આઈલેન્ડ સહિતના અનેક શહેરોમાં મોટો વિસ્ફોટ થવાના અહેવાલો મળ્યા છે. અહવાઝમાં થયેલા અમેરિકી હુમલામાં ૪ લોકોના મોત થયા છે. બહરીનના સંરક્ષણ દળોએ સત્તાવાર રીતે જણાવ્યું છે કે તેમની એર ડિફેન્સ સિસ્ટમે ઈરાન તરફથી થયેલા અનેક હવાઈ હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક સંદેશમાં, બહરીન આર્મીએ તમામ નાગરિકોને સાવચેતી રાખવા અને હુમલાના કાટમાળ કે શંકાસ્પદ વસ્તુઓથી દૂર રહેવાની સૂચના આપી છે. સેનાએ ઉમેર્યું હતું કે ઈરાન દ્વારા નાગરિકો અને ખાનગી મિલકતોને લક્ષ્ય બનાવવા માટે મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય




માનવાધિકાર કાયદાનું ભારે ઉલ્લંઘન છે. બીજી તરફ, કબ્જા હેઠળના વેસ્ટ બેંકમાં ઈઝરાયેલી સેના અને સેટલર્સ (વસાહતીઓ)ની હિંસક પ્રવૃત્તિઓ સતત વધી રહી છે : હુમલા અને ગોળીબાર : કાલકિલ્યાના પૂર્વમાં આવેલા ફાર'આતા ગામ પર સેટલર્સના હુમલા દરમિયાન એક પેલેસ્ટીની નાગરિકને છાતીમાં ગોળી વાગતા તેની હાલત ગંભીર છે. આ સિવાય નાબ્લુસના દક્ષિણમાં આવેલ તાલ ગામમાં સેટલર્સે કરેલા ગોળીબારમાં ચાર પેલેસ્ટાઈનીઓ અને એક ઈઝરાયેલી સેટલરનું મોત થયું છે. સુરક્ષા દળોનું નેટવર્કઃ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઈઝરાયેલી સૈન્યએ કમાન્ડો બ્રિગેડ, નાહલ બ્રિગેડ અને પેરાટ્રૂપર્સ બ્રિગેડની કંપનીઓને તૈનાત કરી છે અને વધુ ૫ વધારાની સૈન્ય ટુકડીઓ મોકલવાનો નિર્ણય લીધો છે. મિલકતોને નુકસાન : જીત ગામ અને ખિરબેટ ઈમરેહામાં સેટલર્સે ઘરો પર પથ્થરમારો કર્યો, પેપર સ્પ્રે છાંટ્યો અને વાહનો તેમજ મિલકતો સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ઈઝરાયેલી દળોએ ટીયર ગૅસના સેલ છોડ્યા હતા જેનાથી સ્થાનિકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. હિંસાનો આંકડો : જેરીકો નજીક કાર બગડી જતાં રોકાયેલા એક પેલેસ્ટીની ડ્રાઈવર પર પણ સેટલર્સે હુમલો કરી પીઠમાં છરી મારી હતી. પેલેસ્ટીન આરોગ્ય મંત્રાલયના રિપોર્ટ અનુસાર, જાન્યુઆરીથી અત્યાર સુધીમાં વેસ્ટ બેંકમાં ૮૭ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જેમાંથી ૨૧ લોકોને સેટલર્સે ગોળી મારી હતી.

# ટ્રમ્પ ઈરાન પર 'મોટા' અમેરિકન હુમલાઓનું વિચારી રહ્યા છે : એક્સિઓસ

(એજન્સી) તા.૨૪

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામે એક નવું લશ્કરી ઓપરેશન શરૂ કરવાનું વિચારી રહ્યા છે જે આ વર્ષની શરૂઆતમાં ઓપરેશન એપિક ફ્યુરી દ્વારા કરાયેલા અમેરિકન હુમલાઓ કરત પણ ઘાતક હોઈ શકે છે, એક્સિઓસે અહેવાલમાં જણાવાયું હતું. આઉટલેટ સાથેની એક મુલાકાતમાં, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ સંભવિત મોટા હુમલા અંગે નિર્ણય લેવાની નજીક છે પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. બે યુએસ અધિકારીઓએ એક્સિઓસને એમ પણ કહ્યું હતું કે કોઈ નવા લશ્કરી આદેશો જારી કરવામાં આવ્યા નથી. "હું એક મોટા હુમલા પર વિચાર કરી રહ્યો છું. પહેલા કરતાં પણ મોટો. હું નિર્ણય લેવાની નજીક છું. અમે તેના માટે તૈયાર છીએ," ટ્રમ્પે કહ્યું. તેમણે એમ પણ કહ્યું હતું કે જો વિનંતી કરવામાં આવે તો ઈઝરાયેલ લગભગ તરત જ ઓપરેશનમાં જોડાઈ શકે છે, પરંતુ તેમણે કહ્યું હતું કે અમેરિકાને ઈરાન સામે નવી ઝુંબેશ ચલાવવા માટે બીજા



દેશની સહાયની જરૂર રહેશે નહીં. એક્સિઓસના જણાવ્યા મુજબ, ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાની અધિકારીઓ વાટાઘાટો કરવા માંગે છે પરંતુ મધ્યસ્થી પ્રયાસો દ્વારા રજૂ કરાયેલા નવીનતમ પ્રસ્તાવ સાથે હજુ સુધી સંમત થયા નથી.

# ન્યૂ યોર્કના મેયર કહે છે કે ગાઝા અને ઈરાન પરના તેમના મંતવ્યો બદલ તેમને અને તેમની પત્નીને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી

(એજન્સી) તા.૨૪

ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીએ કહ્યું કે ઈઝરાયેલ અને ગાઝા યુદ્ધ અંગે જાહેર નિવેદનો આપ્યા બાદ તેમને અને તેમની પત્નીને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. રોલિંગ સ્ટોન સાથેની એક મુલાકાતમાં, મમદાનીએ કહ્યું, "જાનથી મારી નાખવાની ધમકીઓ માટે તૈયાર રહેવું મુશ્કેલ છે, પરંતુ જ્યારે તમે બધા માટે ઊભા રહેવા માટે તૈયાર હોવ છો, ત્યારે તેના પરિણામો ભોગવવા પડે છે." તેમણે ઉમેર્યું કે ન્યૂ યોર્ક રાજ્ય વિધાનસભાના સભ્ય તરીકે સેવા આપતી વખતે તેમને આવી જ ધમકીઓ મળી હતી, જેમાં ઈઝરાયેલને યુએસ લશ્કરી સહાયની ટીકા અને પેલેસ્ટીની નાગરિકોની હત્યાના વિરોધનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મમદાનીએ કહ્યું કે ધમકીઓ તેમના મેયર બન્યા તે પહેલાં શરૂ થઈ હતી અને પદ સંભાળ્યા પછી પણ ચાલુ રહી. તેમણે એમ પણ કહ્યું કે તેમની પત્નીને ઈઝરાયેલ અને ગાઝા પરના તેમના



મંતવ્યોને કારણે ટીકા અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો. ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ સાથેની એક અલગ મુલાકાતમાં, મમદાનીએ કહ્યું કે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂને હેગમાં કાર્યવાહીનો સામનો કરવો જોઈએ, આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (ICC) દ્વારા નેતાન્યાહૂ સામે જારી કરાયેલ ધરપકડ વોરંટનો ઉલ્લેખ કરીને. મમદાનીએ પછીથી સ્પષ્ટતા કરી કે ન્યુ યોર્ક સિટી પાસે ICC ધરપકડ વોરંટ લાગુ કરવાનો સ્વતંત્ર કાનૂની અધિકાર નથી. તેમણે કહ્યું કે આવી કોઈપણ કાર્યવાહીની જવાબદારી યુએસ ફેડરલ સરકારની રહેશે.

# ગાઝાના પુનર્નિર્માણનો ખર્ચ અગાઉના તમામ યુદ્ધો કરતાં સાત ગણો વધુ થશે : ઓક્સફેમ

## પેલેસ્ટીની જૂથો સાથે મળીને તૈયાર કરાયેલા એક નવા અહેવાલમાં ઓક્સફેમ કહે છે કે ગાઝાના પુનર્નિર્માણનો ખર્ચ ઓછામાં ઓછો ૭૧.૪ અબજ ડોલર થશે

(એજન્સી) તા.૨૪

ગાઝાના પુનર્નિર્માણનો ખર્ચ બરબાદ થયેલા દરિયાકાંઠાના વિસ્તારને ફરીથી બનાવવાના અગાઉના દરેક પ્રયાસ કરતાં ઓછામાં ઓછો સાત ગણો વધુ થશે અને પેલેસ્ટીની નેતૃત્વ વિના તે સફળ થશે નહીં, એમ યુકે ચેરિટી ઓક્સફેમે ગુરૂવારે ચેતવણી આપી હતી. ઓક્સફેમે, પેલેસ્ટીની એનજીઓ સાથે મળીને ગાઝાના પુનર્જીવન માટે વિશ્વ નેતાઓને એક યોજના રજૂ કરી છે જે "ઈઝરાયેલના નરસંહાર માટે પેલેસ્ટીની માલિકી અને જવાબદારીને તેના મૂળમાં રાખે છે", ચેરિટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમાં ગાઝાના પુનઃનિર્માણનો કુલ ખર્ચ $૭૧.૪ બિલિયન હોવાનો અંદાજ છે, જે દર્શાવે છે કે આ ખર્ચ ૨૦૦૮-૯, ૨૦૧૪ અને ૨૦૨૧ જેવા અગાઉના ઈઝરાયેલી યુદ્ધો પછી બરબાદ થયેલા પ્રદેશના પુનઃનિર્માણના ખર્ચ કરતાં સાત ગણો વધારે છે. ઓક્સફેમની યુકે શાખાના ચીફ એક્ઝિક્યુટિવ રિચાર્ડ હોક્સે જણાવ્યું હતું કે "(યુકે) સરકારે ગાઝા પટ્ટીના પુનઃનિર્માણમાં પેલેસ્ટીનીઓ પ્રાથમિક નિર્ણય લેનારા છે તેની ખાતરી કરવામાં આગેવાની લેવી જોઈએ અને ગાઝામાં ઈઝરાયેલી સરકારના ચાલી રહેલા નરસંહાર અને સહાય નાકાબંધીના વિનાશક પરિણામો ભોગવવા ન પડે. જ્યારે ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતો સાથેના તમામ વેપારને બંધ કરવો જોઈએ. "ગાઝાનું નવેસરથી નિર્માણ" શીર્ષક ધરાવતો ઓક્સફેમનો અહેવાલ ગાઝામાં પરામર્શ પછી લખવામાં આવ્યો હતો અને ટ્રમ્પના શાંતિ બોર્ડ અને વિશ્વ નેતાઓને રજૂ કરવામાં આવ્યો હતો. તે ભાર મૂકે છે કે પેલેસ્ટીનીઓએ આ પ્રક્રિયાનું નેતૃત્વ કરવું જોઈએ, એમ કહીને કે બહારથી લાદવામાં આવેલી કોઈપણ યોજના નિષ્ફળ જશે, ભલે તેમાં ગમે તેટલું રોકાણ કરવામાં આવે. તેનો અંદાજ છે કે ૨૦૦૮-૯, ૨૦૧૪ અને ૨૦૨૧માં પુનઃપ્રાપ્તિનો કુલ ખર્ચ




આજના ભાવે આશરે $૧૦ બિલિયન હતો - જે આજે ગાઝાના નિર્માણ માટે જરૂરી છે તેના કરતા ઘણો ઓછો છે. જોકે, આ દરેક કિસ્સામાં, ઈઝરાયેલી નાકાબંધી અને ઘેરાબંધી અને દાતાની અછતને કારણે પુનર્નિર્માણ અટકી ગયું હતું. ગાઝા આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી હુમલાઓમાં ૭૩,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જ્યારે ૧૭૩,૦૦૦થી વધુ ઘાયલ થયા છે. કુલ ૨.૩ મિલિયન વસ્તીમાંથી ૧.૯ મિલિયનને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા છે, અને માનવ વિકાસ અંદાજે ૭૭ વર્ષ પાછળ ધકેલાઈ ગયો છે.

# આરબ અને મુસ્લિમ દેશોએ અલ-અક્સા મસ્જિદ પર ઈઝરાયેલી હુમલાની નિંદા કરી

(એજન્સી) તા.૨૪

આઠ આરબ અને મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોએ કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમમાં અલ-અક્સા મસ્જિદ કમ્પાઉન્ડ પર કટ્ટર જમણેરી જૂથો અને હજારો ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાની સખત નિંદા કરી છે. ગુરૂવારે જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, જોર્ડન, પાકિસ્તાન, કતાર, સઉદી અરેબિયા, તુર્કી અને સંયુક્ત અરબ અમીરાતના વિદેશ પ્રધાનોએ અલ-અક્સામાં "ઉગ્રવાદી ઈઝરાયેલી મંત્રીઓના નેતૃત્વમાં વસાહતીઓ દ્વારા કરવામાં આવેલા મોટા પાયે ઘૂસણખોરી"ની નિંદા કરી. રાજદ્વારીઓએ ભાર મૂક્યો કે ઈસ્લામના ત્રીજા સૌથી પવિત્ર સ્થળ પર હુમલો ઈઝરાયેલી પોલીસ દળોના રક્ષણ હેઠળ થયો હતો. "આ ઉશ્કેરણીજનક ક્રિયાઓ નફરત અને ઉગ્રવાદને પ્રોત્સાહન આપે છે, અને બે-રાજ્ય ઉકેલના આધારે ન્યાયી અને સ્થાયી શાંતિને આગળ વધારવાના પ્રયાસોને અવરોધે છે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે, આ ઉગ્રતાને "જેરૂસલેમમાં પવિત્ર સ્થળોની ઐતિહાસિક અને કાનૂની સ્થિતિને બદલવાનો ગેરકાયદેસર પ્રયાસ" ગણાવ્યો છે. "ઈઝરાયેલનો કબજા હેઠળના જેરૂસલેમ અથવા તેના ઈસ્લામિક અને ખ્રિસ્તી પવિત્ર સ્થળો પર કોઈ સાર્વભૌમત્વ નથી," એમ તેમાં કહેવામાં આવ્યું હતું. ૪,૨૦૦થી વધુ ઈઝરાયેલી વસાહતીઓ અને કટ્ટર-જમણેરી જૂથોના સભ્યોએ ગુરૂવારે તિશા બાવના યહૂદી રજા નિમિત્તે અલ-અક્સા મસ્જિદ કમ્પાઉન્ડમાં હુમલો કર્યો, જે આ વર્ષે સૌથી મોટા ઘુસણખોરીમાંનો એક છે. ઈઝરાયેલના દૂર-જમણેરી રાષ્ટ્રીય સુરક્ષા



પ્રધાન ઈટામાર બેન-ગ્વિરે પણ ભારે પોલીસ સુરક્ષા હેઠળ સ્થળ પર પ્રવેશ કર્યો. પેલેસ્ટીની અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળોએ મસ્જિદના દરવાજા પર કડક પ્રતિબંધો લાદ્યા હતા, મોટી સંખ્યામાં પેલેસ્ટીની ઉપાસકો અને વિદ્યાર્થીઓને પ્રવેશતા અટકાવ્યા હતા અને ઘણા લોકો પર હુમલો કર્યો હતો. ઈઝરાયેલે ૧૯૬૭માં પૂર્વ જેરૂસલેમ પર કબજો કર્યો અને ૧૯૮૦માં તેને ઔપચારિક રીતે પોતાના કબજામાં લઈ લીધું. ૨૦૨૪માં, આંતરરાષ્ટ્રીય ન્યાયાલયે ચુકાદો આપ્યો કે ઈઝરાયેલનો પૂર્વ જેરૂસલેમ સહિત પેલેસ્ટીની પ્રદેશ પરનો કબજો ગેરકાયદેસર છે.

# ગાઝાના સામાજિક વિકાસ મંત્રાલયે રજિસ્ટર્ડ અનાથ બાળકોની સંખ્યામાં વધારો થયાનું જણાવ્યું

(એજન્સી) તા.૨૪

ગાઝાના સામાજિક વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રદેશમાં નોંધાયેલા અનાથ બાળકોની સંખ્યા વધીને ૬૫,૨૭૯ થઈ ગઈ છે, જેમાં ૫૪,૪૬૮ બાળકોનો સમાવેશ થાય છે જેમણે યુદ્ધ દરમિયાન એક અથવા બંને માતાપિતા ગુમાવ્યા હોવાનું જણાવ્યું હતું. એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ પછી તેના રેકોર્ડમાં ૨,૦૩૯ બાળકો ઉમેરવામાં આવ્યા છે. મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે નોંધાયેલ વિધવાઓની સંખ્યા ૨૮,૨૨૪ સુધી પહોંચી ગઈ છે, જેમાં ૭૪૨ મહિલાઓનો સમાવેશ થાય છે જે આ જ સમયગાળા દરમિયાન વિધવા થઈ હતી. મંત્રાલય અનુસાર, આ આંકડાઓ માનવતાવાદી અને સામાજિક પરિસ્થિતિના કથળતા સ્તરને દર્શાવે છે, જે સતત સંઘર્ષ, વારંવાર વિસ્થાપન અને નાગરિકો માટે સલામત વિસ્તારોના ઘટાડાને કારણે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે તેની ટીમોએ ૨૦થી વધુ આશ્રયસ્થાનો અને વિસ્થાપન શિબિરોને થયેલા નુકસાન અથવા હડતાલનું દસ્તાવેજીકરણ કર્યું છે, જેના પરિણામે ૧૬૩ થી વધુ તંબુઓને નુકસાન ઉપરાંત ૬૩૮થી વધુ પરિવારોએ તેમના ઘર સંપૂર્ણપણે ગુમાવ્યા છે. તેમાં એ પણ અહેવાલ આપવામાં આવ્યો છે કે આશ્રયસ્થાનોની ક્ષમતામાં ઘટાડો અને ફ્રન્ટ લાઈનમાં સ્થળાંતર થવાને



કારણે ૮૦૦ થી વધુ નવા વિસ્થાપિત પરિવારોને ખુલ્લામાં સૂવાની ફરજ પડી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આશ્રયસ્થાનો હવે સાવ ઓછા સ્તરનું રક્ષણ પણ પૂરૂં પાડી શકતા નથી અને આંતરરાષ્ટ્રીય સમુદાય અને મધ્યસ્થીઓને લડાઈનો અંત લાવવા અને વિસ્થાપિત નાગરિકો માટે સુરક્ષા સુનિશ્ચિત કરવા તાત્કાલિક પગલાં લેવા હાકલ કરી છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# વિદેશમાં ભારતીયોના જીવનની સુરક્ષા : માત્ર શોક નહીં, નીતિમાં પરિવર્તન પણ જરૂરી

યુક્રેનમાં વેપારી જહાજ પર થયેલા હુમલામાં ચાર ભારતીય ખલાસીઓના મૃત્યુએ ફરી એકવાર એ કડવી વાસ્તવિકતા આપણી સામે મૂકી છે કે વિશ્વના સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં રોજીરોટી માટે જતા ભારતીય નાગરિકોનું જીવન કેટલું જોખમભર્યું બની ગયું છે. સરકાર દ્વારા શોક વ્યક્ત કરવો, મૃતકોના પરિવારજનોને સહાય આપવાની જાહેરાત કરવી અને સંબંધિત દેશ સમક્ષ વિરોધ નોંધાવવો જરૂરી છે, પરંતુ તે પૂરતું નથી. મૂળ પ્રશ્ન એ છે કે શું ભારત પાસે પોતાના નાગરિકોની વિદેશમાં સુરક્ષા માટે લાંબાગાળાની કોઈ અસરકારક વ્યૂહરચના છે ખરી ?

ભારત આજે વિશ્વમાં સૌથી વધુ માનવશક્તિ નિકાસ કરનાર દેશોમાં સામેલ છે. લાખો ભારતીયો જહાજો, બાંધકામ, આરોગ્ય, તેલ-ગેસ, પરિવહન અને અન્ય ક્ષેત્રોમાં કામ કરે છે. તેમની મહેનતથી દેશમાં દર વર્ષે અબજો ડોલરનું વિદેશી ચલણ આવે છે છતાં જ્યારે તેઓ યુદ્ધ, આતંકવાદ કે રાજકીય અસ્થિરતાનો ભોગ બને છે ત્યારે ઘણીવાર સરકારની કાર્યવાહી ઘટના બની ગયા પછી જ શરૂ થાય છે. આ અભિગમ બદલવાની જરૂર છે.

રશિયા-યુક્રેન યુદ્ધે સાબિત કર્યું છે કે હવે યુદ્ધ માત્ર સરહદો સુધી સીમિત નથી. વેપારી જહાજો, બંદરો અને આંતરરાષ્ટ્રીય વેપાર પણ તેના નિશાન પર છે. આવા સંજોગોમાં ભારતીય ખલાસીઓને જોખમી વિસ્તારોમાં મોકલતાં પહેલાં સુરક્ષાનું ગંભીર મૂલ્યાંકન કરવું જોઈએ. માત્ર કંપનીઓના નિર્ણય પર બધું છોડી દેવું યોગ્ય નથી.

સરકારે વિશ્વના દરેક સંઘર્ષગ્રસ્ત વિસ્તારમાં કાર્યરત ભારતીયોની સતત માહિતી રાખવી જોઈએ. ક્યા વિસ્તારમાં કેટલા ભારતીયો છે, તેઓ કઈ કંપનીમાં કામ કરે છે અને કટોકટીમાં તેમનો સંપર્ક કેવી રીતે કરવો - આ બધી માહિતી સક્રિય ડેટાબેઝમાં હોવી જોઈએ. યુદ્ધ અથવા હુમલાની શક્યતા વધે ત્યારે તાત્કાલિક ચેતવણી અને જરૂર પડે તો સ્થળાંતરની વ્યવસ્થા પણ તૈયાર હોવી જોઈએ.

ભારતીય દૂતાવાસોની ભૂમિકા પણ વધુ સક્રિય બનવી જોઈએ. માત્ર પાસપોર્ટ અને વિઝાની સેવાઓ પૂરતી નથી. ભારતીય નાગરિકોની સુરક્ષા, સમયસર માર્ગદર્શન અને કટોકટીમાં ઝડપી પ્રતિસાદ તેમની પ્રાથમિક જવાબદારી હોવી જોઈએ. દરેક દૂતાવાસ પાસે સંકટ વ્યવસ્થાપનની સ્પષ્ટ યોજના હોવી જરૂરી છે.

વેપારી જહાજોમાં કામ કરતા ભારતીયો માટે પણ અલગ સુરક્ષા નીતિ હોવી જોઈએ. ઘણી વખત ઊંચા વેતનની લાલચમાં તેઓ એવા વિસ્તારોમાં પહોંચે છે જ્યાં યુદ્ધનો ખતરો સતત રહે છે. આવા વિસ્તારોમાં જતાં પહેલાં જોખમ અંગે સ્પષ્ટ માહિતી, પૂરતો વીમો અને પરિવાર માટે આર્થિક સુરક્ષાની ખાતરી ફરજિયાત બનાવવી જોઈએ.

આ ઘટનાએ ખાનગી શિપિંગ કંપનીઓની જવાબદારી પર પણ પ્રશ્નો ઊભા કર્યા છે. નફો કમાવાની દોડમાં કર્મચારીઓના જીવનને જોખમમાં મૂકવું એ સ્વીકાર્ય નથી. સરકારે આંતરરાષ્ટ્રીય નિયમોના પાલનની કડક દેખરેખ રાખવી જોઈએ અને બેદરકારી બદલ કડક કાર્યવાહી કરવાની તૈયારી રાખવી જોઈએ.

ભારત આજે વૈશ્વિક મંચ પર ઊભરતી શક્તિ તરીકે પોતાની ઓળખ મજબૂત કરી રહ્યું છે. આવી સ્થિતિમાં વિશ્વના કોઈપણ ખૂણે ભારતીય નાગરિક પર હુમલો થાય તો ભારતનો પ્રતિસાદ માત્ર ઔપચારિક વિરોધ પૂરતો ન રહેવો જોઈએ. રાજદ્વારી દબાણ, આંતરરાષ્ટ્રીય મંચો પર સક્રિય રજૂઆત અને જવાબદારી નક્કી કરવાની માંગ વધુ મજબૂત રીતે થવી જોઈએ.

આ ઘટનાએ એ પણ યાદ અપાવ્યું છે કે રોજગારની મજબૂરીમાં હજારો યુવાનો જોખમી વિસ્તારોમાં જવા મજબૂર બને છે. દેશમાં વધુ સુરક્ષિત અને ગુણવત્તાસભર રોજગારની તકો ઊભી કરવી પણ એટલી જ જરૂરી છે. જો પોતાના દેશમાં પૂરતી તકો ઉપલબ્ધ હશે તો ઘણા યુવાનો જાનનું જોખમ લઈને યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં જવાનું ટાળશે.

ચાર ભારતીયોના મૃત્યુ માત્ર ચાર પરિવારોનું દુઃખ નથી. તે સમગ્ર દેશ માટે ચેતવણી છે કે વૈશ્વિક યુદ્ધો અને સંઘર્ષોની અસર હવે સીધી ભારતીય નાગરિકો સુધી પહોંચી રહી છે. તેથી ભારતે વિદેશમાં પોતાના નાગરિકોની સુરક્ષાને રાષ્ટ્રીય સુરક્ષાના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે જોવી જ રહી.

શોક અને શ્રદ્ધાંજલિ જરૂરી છે, પરંતુ તેનાથી આગળ વધીને નીતિગત સુધારા વધુ જરૂરી છે. જો દરેક દુર્ઘટના પછી માત્ર સંવેદના વ્યક્ત કરીને આગળ વધી જઈશું તો આવી ઘટનાઓ ફરી બનતી રહેશે. હવે સમય આવી ગયો છે કે ભારત પોતાના દરેક નાગરિકને સ્પષ્ટ સંદેશ આપે - દેશની સરહદોની અંદર જ નહીં, પરંતુ વિશ્વના કોઈપણ ખૂણે ભારતીયનું જીવન સુરક્ષિત રાખવાની જવાબદારી પણ ભારત સરકારની છે. આ જ સાચી શ્રદ્ધાંજલિ હશે તે ચાર ભારતીય ખલાસીઓને, જેમણે રોજીરોટીની શોધમાં પોતાના પ્રાણ ગુમાવ્યા.

# 'હવે ડર દૂર થઈ ગયો છે' : વડાપ્રધાન મોદી પોતાનું પ્રભુત્વ ગુમાવી રહ્યા છે, હવે આ આંદોલન જલ્દી સમાપ્ત થવાનું નથી

કોકરોચ જનતા પાર્ટીના ઉદ્દેશ્ય માટે યુવાનો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોએ શિક્ષણ સુધારાથી મોદીને નિશાન બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સરકારના ભયનો અભાવ અને સરકાર વિરોધી ભાવનામાં વધારો થયો છે, સરકાર હવે પેપર લીકના કેસ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટનું વચન આપી રહી છે. વિરોધ પક્ષને મૂળભૂત રીતે ફાયદો થઈ રહ્યો છે, પરંતુ યુવાનોનો ગુસ્સો સરકાર પર છે. શું યુવા એકત્રીકરણમાં આ પરિવર્તન કાયમી રાજકીય પરિવર્તનમાં પરિણમશે?

મોદી સરકાર માટે સમસ્યા એ છે કે જે યુવાનો ચાલુ વિરોધમાં જોડાયા હતા અને પોલીસ હિંસાનો સામનો કર્યો હતો અથવા જોયો હતો, તેઓ તેમને ટેકો આપવાના નથી. સંભવતઃ, તેઓ સરકારના કથન સામે સક્રિય પ્રચારકોમાં ફેરવાઈ શકે છે. મોટાભાગના લોકો તે ઓનલાઈન અને કેટલાક ઓફલાઈન પણ કરી શકે છે. પરંતુ તેઓ આ અનુભવ ભૂલી શકે તેવી શક્યતા નથી.

સપ્તાહના અંતે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનમાં અને ખાસ કરીને સોમવાર, ૨૦ જુલાઈના રોજ પોલીસ હિંસા પછી બદલાયું છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વિરુદ્ધ પોસ્ટરો અને સૂત્રોની સંખ્યા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરતા વધુ હતી. આવું કેમ થયું તે પૂછવામાં આવતા, એક પછી એક પ્રદર્શનકારીએ ત્રણ શબ્દો કહ્યાઃ "હવે ડર ચાલ્યો ગયો છે."

મધ્ય દિલ્હીમાં જે થઈ રહ્યું છે તે પણ મહત્વપૂર્ણ છે. આ દેશમાં રાજકીય સત્તાનું કેન્દ્ર છે. આ એક એવો વિસ્તાર છે જ્યાં પીએમ મોદીએ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ દ્વારા પોતાના પ્રભુત્વનો પ્રયાસ કર્યો છે. અહીં પોલીસનો વિરોધ કરવો એ પીએમનો સીધો વિરોધ છે. આ એક એવો વર્ગ છે જેને શાસક વર્ગ દ્વારા શાંત અનુભવવામાં આવ્યો હતો - ફક્ત સરકાર અને શાસક પક્ષ જ નહીં, પરંતુ ન્યાયતંત્ર, મુખ્ય પ્રવાહના મીડિયા, સેલિબ્રિટી અને ઓનલાઈન ટ્રોલ દ્વારા અને સ્થિર નોકરી બજાર અને વધતા ખર્ચના ભૌતિક પડકારો હતા. તેઓને હવે પોતાનો અવાજ મળી ગયો છે અને અહીંથી પાછા ફરવાનું કોઈ કારણ નથી.

## CJP વિરોધનું ધ્યાન હવે ધર્મેન્દ્ર પ્રધાનથી મોદી તરફ થઈ ગયું છે

**જોકે, આનો અર્થ એ નથી કે તે ચૂંટણી પરિવર્તનમાં પરિણમશે**

ગુરુવાર, ૨૩ જુલાઈના રોજ વડાપ્રધાને એક સોશિયલ મીડિયા પોસ્ટ મૂકી, જેમાં પેપર લીક કેસના આરોપીઓને સજા આપવા માટે "ફાસ્ટ-ટ્રેક કોર્ટ"નું વચન આપ્યું હતું. આ એક દુર્લભ પ્રસંગ છે. વડાપ્રધાન સ્પષ્ટતાનું વચન આપતા નિવેદન આપે છે. અત્યાર સુધી સરકારની વ્યૂહરચના એવી હતી કે પ્રધાનમંત્રીને ભવિષ્યના કોઈપણ દોષથી બચાવવા માટે ચોક્કસ મુદ્દાથી આગળ ન જવા દેવામાં આવે. સરકારના દૃષ્ટિકોણથી, જ્યારે પ્રધાનને બરતરફ કરવા એ ક્યારેય દોષ ન સ્વીકારવાની તેની નીતિથી વિચલન હશે, તેમ છતાં તેને "યુવાનોની વાત સાંભળતી સરકાર" તરીકે ફેરવી શકાય છે. આ પહેલા પણ લગભગ ૧૮ મહિના સુધી ચાલેલા વિરોધ પછી તેણે કૃષિ કાયદાઓ પર યુ-ટર્ન લીધો હતો.

CJPના દૃષ્ટિકોણથી, તે હાલ માટે આદર્શ પરિણામ હશે. તે તેમને તેની રચનાના માત્ર બે મહિના પછી મોટી જીતનો દાવો કરવા સક્ષમ બનાવશે. આ વિરોધ જેટલો લાંબો સમય ચાલુ રહેશે, તે બંને પક્ષો માટે વધુ ખતરનાક બનશે. એક તરફ, તે સરકાર અને ખાસ કરીને મોદી વિરુદ્ધ રોષમાં વધારો કરી શકે છે. બીજી તરફ, વિરોધ જેટલો લાંબો સમય ચાલશે, કોઈ નાની ઘટના હિંસક બનવાની શક્યતા એટલી જ વધારે હશે. સીજેપીના નેતાઓ ભીમાકોરેગાંવ અને સીએએ વિરોધી વિરોધ પ્રદર્શનના ઉદાહરણ પરથી જાણે છે કે હિંસા ગમે તે પક્ષ શરૂ કરે, પોલીસ વિરોધ નેતાઓનો પીછો કરશે.

સરકાર માટે સમસ્યા એ છે કે જે યુવાનો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને પોલીસ હિંસાનો સામનો કર્યો હતો અથવા જોયો હતો, તેઓ તેમને ટેકો આપવાના નથી. બધી શક્યતાઓમાં, તેમાંથી ઘણા સરકારના કથન સામે સક્રિય ઝુંબેશ ચલાવનારાઓમાં ફેરવાઈ શકે છે. મોટાભાગના લોકો તે ઑનલાઈન અને કેટલાક ઑફલાઈન પણ કરી શકે છે. પરંતુ તેઓ આ અનુભવ ભૂલી શકે તેવી શક્યતા નથી. જેણે પણ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો છે તે વિવિધ લાગણીઓ આ વિરોધ સમાપ્ત થયા પછી પણ કોઈ પણ યુવા આ સરળતાથી ભૂલી શકશે નહીં.

આ યુવાનો માટે, મોદી સરકાર ખલનાયક બનશે જેમ યુપીએ નિર્ભયા અને ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન વિરોધીઓ માટે હતા, વીપી સિંહ મંડલ કમિશન વિરોધી વિરોધીઓ માટે અને ઈન્દિરા ગાંધી ઈમરજન્સી વિરોધી વિરોધીઓ માટે હતા. આ ચિંતાજનક શક્યતા છે કે સરકાર વિરોધીઓ પર કડક કાર્યવાહી કરી શકે છે, જેનો હેતુ ફક્ત વર્તમાન એકત્રીકરણને જ નહીં પરંતુ યુવાનોને એટલી હદે નિરાશ કરવાનો છે કે તે ભવિષ્યના એકત્રીકરણની શક્યતાને કચડી નાખે છે. સીએએ વિરોધી વિરોધ પ્રદર્શનો, ભીમા કોરેગાંવ વિરોધીઓ અને વારિસ પંજાબ દે સાથે તે પહેલાથી જ કરી ચૂક્યું છે. NEET વિરોધ પ્રદર્શનો સાથે આવું કરવું સરળ રહેશે નહીં.

યુવાનોના વિરોધ પ્રદર્શનનો લાભ વિરોધ પક્ષોને મળી શકે છે. પરંતુ એ પણ સાચું છે કે જો યુવાનોને વિરોધ પક્ષમાં વિશ્વાસ હોત તો આ વિરોધ આટલા મોટા પાયે ન થયો હોત. એ અંગે કોઈ શંકા નથી કે ચૂંટણીઓ એક સમાન ક્ષેત્ર ન રહી હોય, અને સરકારે વિરોધ પક્ષ સામે તપાસ એજન્સીઓનો મુક્તપણે ઉપયોગ કર્યો છે. જો આ વિરોધ વિરોધ પક્ષ દ્વારા સંચાલિત હોત, તો તે સામાન્ય લોકોનો આટલો બધો ટેકો એકત્રિત કરી શક્યો ન હોત. વિપક્ષ માટે સારી વાત એ છે કે યુવાનોનો ગુસ્સો સરકાર સામે છે, સમગ્ર રાજકીય વર્ગ સામે નહીં. આ તે નેપાળમાં Gen-Z વિરોધ પ્રદર્શનથી અલગ છે. અહીં, વિરોધીઓ દ્વારા વિરોધ પક્ષના નેતાઓનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

છેલ્લા ૧૨ વર્ષથી, પીએમ મોદીને 'ટેફલોન નેતા' માનવામાં આવતા હતા. સરકારે ગમે તે ખોટું કર્યું હોય, તેઓ લગભગ હંમેશા દોષથી બચવામાં સફળ રહ્યા. નોટબંધીને ખરાબ પરિણામો સાથે "સારા ઈરાદાપૂર્વકનું પગલું" તરીકે જોવામાં આવતું હતું. GSTની મુશ્કેલીઓ પહેલા અરુણ જેટલી અને પછી નિર્મલા સીતારમણ સાથે સંકળાયેલી હતી. નોકરીઓ અને આર્થિક સ્થિરતાના મુદ્દા પર પણ, સીતારમણ જ ટીકાનો સામનો કરી રહ્યા છે. કોવિડને બાહ્ય ઘટના તરીકે જોવામાં આવતો હતો, અને સરકાર કોવિડ મૃત્યુ માટે મોટાભાગે દોષથી બચી ગઈ હતી.

જોકે, આ બદલાવાનું શરૂ થયું છે. યુએસ-ઈરાન યુદ્ધ દરમિયાન મોદીના કઠોરતાના નિવેદન પછી તેના પ્રારંભિક સંકેતો જોઈ શકાય છે. પરંપરાગત રીતે સરકારનો વિરોધ ન કરતા વર્ગો તરફથી પણ તેની મજાક ઉડાવવામાં આવી હતી. હાલના યુવા વિરોધમાં, ટીકા અને ઉપહાસ સંપૂર્ણપણે અલગ રહ્યા છે. મધ્ય દિલ્હીમાં પોસ્ટરો તરીકે કોઈ રાજકીય જોડાણ વિનાના યુવાનોનું મીમ્સ અથવા કાર્ટૂન લઈને ફરવું, એક વર્ષ પહેલાં પણ અશક્ય હતું.

આનો અર્થ એ નથી કે ભાજપ ૨૦૨૯ હારી રહ્યું છે. રાજકારણમાં ત્રણ વર્ષ લાંબો સમય છે. વિપક્ષ કે કોઈપણ વિરોધ આંદોલન માટે આટલા લાંબા સમય સુધી ગતિશીલતા ટકાવી રાખવી સરળ રહેશે નહીં. IAC ચળવળે પણ લગભગ ૧૮ મહિના સુધી સરકાર વિરુદ્ધ સમર્થન એકત્રિત કર્યું અને પછી તે આમ આદમી પાર્ટીમાં પરિવર્તિત થઈ. પરંતુ ૨૦૧૩ થી, UPA વિરોધી ઢાલ PM મોદીના નેતૃત્વમાં BJP દ્વારા કબજો લેવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્તમાન શાસન ભલે વિરોધ પ્રદર્શનોથી હચમચી ગયું હોય, પરંતુ તેનું કમાન્ડ-એન્ડ-કંટ્રોલ માળખું ખૂબ જ અકબંધ છે. કોઈ મોટા આંતરિક વિભાજનના કોઈ સંકેતો નથી.

પશ્ચિમ બંગાળમાં હાર અને તૃણમૂલ કોંગ્રેસ અને શિવસેના (UBT) જેવા મુખ્ય પક્ષોમાં વિભાજનથી વિપક્ષ નબળો રહ્યો છે. અને તે હજુ પણ ભાજપ કરતા પૈસા અને માનવશક્તિ બંનેમાં ઘણું નબળું છે. પરંતુ તેમાં કોઈ શંકા નથી કે આ સરકાર વધુ અસુરક્ષિત બનશે, અને તેના પરિણામો દરેક માટે આવી શકે છે.

**- આદિત્ય મેનન** (સૌ. : ધ ક્વિન્ટ)

# વડોદરાના ક્રિકેટર જર્સીસ વાડિયાનો ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમમાં સમાવેશ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરા ક્રિકેટ એસોસિએશન (બીસીએ)ના મેદાનથી ક્રિકેટની શરૂઆત કરનાર યુવા ઓલરાઉન્ડર જર્સીસ વાડિયાએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે. બાંગ્લાદેશની રાષ્ટ્રીય ટેસ્ટ ટીમ સામે આગામી ૬થી ૮ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ડાર્વિનમાં રમાનારી ત્રણ દિવસીય તૈયારી મેચ માટે ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમમાં તેમની પસંદગી કરવામાં આવી છે.

આ પસંદગી સાથે વડોદરાના ક્રિકેટર તરીકે તેમણે ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય ક્રિકેટ વ્યવસ્થામાં મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે, જેને વડોદરા અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ માનવામાં આવી રહી છે.

વાડિયાએ ક્રિકેટની પ્રાથમિક તાલીમ વડોદરામાં મેળવી હતી.



તેમણે બરોડા ક્રિકેટ એસોસિએશન હેઠળ અંડર-૧૨, અંડર-૧૪, અંડર-૧૬ અને અંડર-૧૯ કક્ષાએ પ્રતિનિધિત્વ કરીને પોતાની પ્રતિભા સાબિત કરી હતી. નાની ઉંમરથી જ ડાબા હાથની આક્રમક બેટિંગ અને ડાબોડી બોલિંગના કારણે તેઓ પસંદગીકારોના ધ્યાનમાં આવ્યા હતા.

જર્સીસ માત્ર ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ સ્તરની તકો મેળવવા માટે તેઓ ઓસ્ટ્રેલિયાના એડિલેડ શહેરમાં સ્થાયી થયા હતા. ત્યાં તેમણે દક્ષિણ ઓસ્ટ્રેલિયાની પ્રીમિયર ક્રિકેટ લીગમાં ક્લબ ક્રિકેટથી પોતાની નવી સફર શરૂ કરી હતી. સતત સારા પ્રદર્શનના કારણે તેઓ ધીમે ધીમે ઓસ્ટ્રેલિયન ક્રિકેટના પસંદગીકારોના ધ્યાનમાં આવ્યા હતા.ડિસેમ્બર ૨૦૨૫માં એડિલેડ સ્ટ્રાઈકર્સએ તેમને બિગ બેશ લીગ માટે પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. પોતાની બીજી જ મેચમાં તેમણે સતત ત્રણ છગ્ગા ફટકાર્યા અને ત્રણ વિકેટ ઝડપી સમગ્ર ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં ચર્ચાનો વિષય બન્યા હતા.જર્સીસ વાડિયાના કાકા ઋષિ વાડિયાએ કહ્યું કે, 'વડોદરાના ક્રિકેટરનો ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમના માળખામાં સમાવેશ થવો ખૂબ જ ગૌરવની બાબત છે.'

## ડીસા એડિશનલ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ અને પીડિતાને ૪ લાખનું વળતર

ડીસા, તા.૨૪

કાંકરેજ તાલુકાના અરણીવાડા ગામની સીમમાં મહિલા પર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં આજરોજ બીજી એડિશનલ સેશન્સ કોર્ટ, ડીસા દ્વારા આરોપીને તકસીરવાન ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજા અને ભોગ બનનાર મહિલાને રૂા.૪,૦૦,૦૦૦/-નું વળતર ચૂકવવાનો ફરી અતિ મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે ? બનાવની વિગત અનુસાર, ગત તા.૧૦/૦૪/૨૦૧૯ના રોજ બપોરના સુમારે ભોગ બનનાર મહિલા અરણીવાડા ગામની સીમમાં પોતાના પુત્ર સાથે પશુઓ ચરાવતી હતી. આ દરમ્યાન આરોપી સુરેશજી અજમલજી સોલંકી ત્યાં આવી પહોંચ્યો હતો અને મહિલાની મરજી વિરૂદ્ધ તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીએ મહિલાના પુત્રને મારી નાખવાની ધમકી પણ આપી હતી.આ અંગે ભોગ બનનારે શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.જેની ડીસા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી ? આ કેસ બીજા એડિશનલ સેશન્સ જજ અન્દલા તિવારીની કોર્ટમાં ચાલવા ઉપર આવતા સરકારી વકીલની દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ આરોપી સુરેશજી સોલંકીને દોષિત ઠેરવી દુષ્કર્મ હેઠળઃ ૧૦ વર્ષની સખત કેદ અને રૂા.૫,૦૦૦/-નો દંડ. (દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદ) હુકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે ભોગ બનનાર મહિલાને રૂા.૪,૦૦,૦૦૦/-નું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.?

# વડોદરામાં અનાજ બજારના ૧૭ વેપારીઓ સાથે ૨.૪૪ કરોડની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૪

વડોદરાના હાથીખાના અનાજ બજારના ૧૭ વેપારીઓ સાથે ૨.૪૪ કરોડની છેતરપિંડી થતા ભેજાબાજ સામે વેપરીઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, વારસીયાની શારદા સોસાયટીમાં રહેતા અને એપીએમસી માર્કેટ ખાતે ખાધ તેલની દુકાન ચલાવતા વેપારી વિનોદ અશોકકુમાર માખીજાનીએ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, હરણી પોલીસ સ્ટેશનની પાછળ રાજેશ્વર ગોલ્ડમાં રહેતા વિનોદભાઈ પટેલનું અમારી દુકાને છેલ્લા પાંચ વર્ષથી તેલ ખરીદી કરવાનું ઉધારનું ખાતું ચાલે છે વિનોદ મારા કુટુંબમાં માસીનો દીકરો છે વિનોદે એપ્રિલ ૨૦૨૬ અડધા મહિના સુધી રેગ્યુલર પેમેન્ટ કરતા હતા, પરંતુ તારીખ ૨૩-૪-૨૦૨૬થી તારીખ ૨૬-૫-૨૦૨૬ સુધીના પેમેન્ટની સમયસર ચૂકવણી કરી ન હતી. વિનોદભાઈ અમારી પાસેથી ઉધારમાં માલ લઈને ખરીદ કિંમત કરતા ઓછા ભાવે રોકડા પૈસામાં બજારમાં વેચી દેતા હતા તે અમને જાણવા મળ્યું છે. તેમજ અન્ય ૧૬ વેપારીઓ સાથે પણ આ રીતે કર્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. મારા તથા વેપારીઓના મળીને કુલ ૨.૪૪ કરોડ રૂપિયા વિનોદભાઈ ચૂકવતા નથી.

# મોડાસાની રાજેન્દ્રનગર પોલીસ ચોકીનો વર્ષો બાદ પુનઃ પ્રારંભ

## એસપી મનોહરસિંહ જાડેજાના હસ્તે ખુલ્લી મૂકાઈ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૪



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી રાજેન્દ્રનગર પોલીસ ચોકીનો વર્ષો બાદ પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા (એસપી) મનોહરસિંહ જાડેજાના હસ્તે પોલીસ ચોકીનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર આવેલી આ પોલીસ ચોકી ફરી શરૂ થતાં હાઈવે પર સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે. અરવલ્લી જિલ્લામાં પ્રવેશતા વાહનો અને શંકાસ્પદ હિલચાલ પર અસરકારક નજર રાખવામાં પણ આ ચોકી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.રાજેન્દ્રનગર પોલીસ ચોકી અગાઉ વિવિધ કારણોસર બંધ થઈ ગઈ હતી, પરંતુ હવે વર્ષો બાદ ફરી કાર્યરત થતાં સ્થાનિક નાગરિકો અને હાઈવે પરથી અવરજવર કરતા વાહનચાલકોને રાહત મળશે. અકસ્માત, ગુનાહિત પ્રવૃત્તિઓ તેમજ ઈમરજન્સી સ્થિતિમાં પોલીસનો ઝડપી પ્રતિસાદ મળી રહેશે.ઉદ્ઘાટન પ્રસંગે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પોલીસ દ્વારા કાયદો-વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા અને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ પોલીસ ચોકી મહત્ત્વપૂર્ણ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વડોદરામાં બીજા દિવસે પણ જળબંબાકાર મકાનોમાં પાણી ફરી વળ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪



વડોદરા શહેરમાં સતત પડી રહેલા ભારે વરસાદના કારણે આજે બીજા દિવસે પણ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત બન્યું છે. મુખ્ય માર્ગોથી લઈને રહેણાંક વિસ્તારો સુધી પાણી ફરી વળતાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, જેના કારણે ઘરવખરીને નુકસાન પહોંચ્યું છે અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઝાંસી રાણી સર્કલથી રામેશ્વર મહાદેવ મંદિર થઈ નંદાલય સુધીના માર્ગ પર તેમજ રાજેશ ટાવર વિસ્તારની તમામ સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. અનેક મકાનોમાં પાણી પ્રવેશતાં રહેવાસીઓએ ઘરવખરી બચાવવા માટે દોડધામ કરવી પડી હતી.સુભાનપુરા વિસ્તારના રામેશ્વર નગરમાં પણ પાણી ફરી વળતાં સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ ભાયલીના જૂના વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતાં સ્થિતિ વધુ ગંભીર બની હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કન્યા પ્રાથમિક શાળામાં આશરે ૪૫૦ લોકોના સ્થળાંતરની વ્યવસ્થા કરવામાં આવી છે. જે લોકો સ્થળાંતર કરવા ઈચ્છતા નથી.ઉપરાંત, ચાર દરવાજા, નવા બજાર મુખ્ય માર્ગ, ગેંડા સર્કલથી અલકાપુરી માર્ગ તેમજ દશામાં મંદિર સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. નોકરી-ધંધે જતાં અનેક વાહનચાલકો પાણી ભરાયેલા માર્ગોમાં અટવાઈ ગયા હતા, જેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી.દર વર્ષે ચોમાસા પહેલાં શહેરમાં પાણી ભરાવાની સમસ્યા નિવારવા માટે પ્રિ-મોન્સૂન કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. તેમ છતાં વરસાદમાં શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર બનતાં તંત્રની કામગીરી સામે ફરી એક વખત સવાલો ઊભા થયા છે.

## કારેલીબાગમાં પાણી ભરાતા સ્થાનિકોએ ડે.મેયર સામે બળાપો ઠાલવ્યો

વોર્ડ નંબર ૭ના કારેલીબાગ વિસ્તારમાં આવેલા અંબાલાલ પાર્ક ખાતે વિનાયક રેસીડેન્સી નજીક ગુરુવારે રાત્રે પડેલા વરસાદ બાદ મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાઈ જતાં સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પાણી ભરાવાના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલી પડી હતી.

પાણી ભરાવાની ફરિયાદને પગલે ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન સ્થાનિક રહીશોએ તેમની સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. રહીશોનું કહેવું હતું કે સોસાયટીના પ્રવેશદ્વાર પાસે દર વખતે વરસાદ દરમિયાન પાણી ભરાઈ જાય છે, છતાં સમસ્યાના કાયમી નિરાકરણ માટે કોઈ અસરકારક કામગીરી કરવામાં આવી નથી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# વિદેશમાં ભારતીયોના જીવનની સુરક્ષા : માત્ર શોક નહીં, નીતિમાં પરિવર્તન પણ જરૂરી

યુક્રેનમાં વેપારી જહાજ પર થયેલા હુમલામાં ચાર ભારતીય ખલાસીઓના મૃત્યુએ ફરી એકવાર એ કડવી વાસ્તવિકતા આપણી સામે મૂકી છે કે વિશ્વના સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં રોજીરોટી માટે જતા ભારતીય નાગરિકોનું જીવન કેટલું જોખમભર્યું બની ગયું છે. સરકાર દ્વારા શોક વ્યક્ત કરવો, મૃતકોના પરિવારજનોને સહાય આપવાની જાહેરાત કરવી અને સંબંધિત દેશ સમક્ષ વિરોધ નોંધાવવો જરૂરી છે, પરંતુ તે પૂરતું નથી. મૂળ પ્રશ્ન એ છે કે શું ભારત પાસે પોતાના નાગરિકોની વિદેશમાં સુરક્ષા માટે લાંબાગાળાની કોઈ અસરકારક વ્યૂહરચના છે ખરી ?

ભારત આજે વિશ્વમાં સૌથી વધુ માનવશક્તિ નિકાસ કરનાર દેશોમાં સામેલ છે. લાખો ભારતીયો જહાજો, બાંધકામ, આરોગ્ય, તેલ-ગેસ, પરિવહન અને અન્ય ક્ષેત્રોમાં કામ કરે છે. તેમની મહેનતથી દેશમાં દર વર્ષે અબજો ડોલરનું વિદેશી ચલણ આવે છે છતાં જ્યારે તેઓ યુદ્ધ, આતંકવાદ કે રાજકીય અસ્થિરતાનો ભોગ બને છે ત્યારે ઘણીવાર સરકારની કાર્યવાહી ઘટના બની ગયા પછી જ શરૂ થાય છે. આ અભિગમ બદલવાની જરૂર છે.

રશિયા-યુક્રેન યુદ્ધે સાબિત કર્યું છે કે હવે યુદ્ધ માત્ર સરહદો સુધી સીમિત નથી. વેપારી જહાજો, બંદરો અને આંતરરાષ્ટ્રીય વેપાર પણ તેના નિશાન પર છે. આવા સંજોગોમાં ભારતીય ખલાસીઓને જોખમી વિસ્તારોમાં મોકલતાં પહેલાં સુરક્ષાનું ગંભીર મૂલ્યાંકન કરવું જોઈએ. માત્ર કંપનીઓના નિર્ણય પર બધું છોડી દેવું યોગ્ય નથી.

સરકારે વિશ્વના દરેક સંઘર્ષગ્રસ્ત વિસ્તારમાં કાર્યરત ભારતીયોની સતત માહિતી રાખવી જોઈએ. ક્યા વિસ્તારમાં કેટલા ભારતીયો છે, તેઓ કઈ કંપનીમાં કામ કરે છે અને કટોકટીમાં તેમનો સંપર્ક કેવી રીતે કરવો - આ બધી માહિતી સક્રિય ડેટાબેઝમાં હોવી જોઈએ. યુદ્ધ અથવા હુમલાની શક્યતા વધે ત્યારે તાત્કાલિક ચેતવણી અને જરૂર પડે તો સ્થળાંતરની વ્યવસ્થા પણ તૈયાર હોવી જોઈએ.

ભારતીય દૂતાવાસોની ભૂમિકા પણ વધુ સક્રિય બનવી જોઈએ. માત્ર પાસપોર્ટ અને વિઝાની સેવાઓ પૂરતી નથી. ભારતીય નાગરિકોની સુરક્ષા, સમયસર માર્ગદર્શન અને કટોકટીમાં ઝડપી પ્રતિસાદ તેમની પ્રાથમિક જવાબદારી હોવી જોઈએ. દરેક દૂતાવાસ પાસે સંકટ વ્યવસ્થાપનની સ્પષ્ટ યોજના હોવી જરૂરી છે.

વેપારી જહાજોમાં કામ કરતા ભારતીયો માટે પણ અલગ સુરક્ષા નીતિ હોવી જોઈએ. ઘણી વખત ઊંચા વેતનની લાલચમાં તેઓ એવા વિસ્તારોમાં પહોંચે છે જ્યાં યુદ્ધનો ખતરો સતત રહે છે. આવા વિસ્તારોમાં જતાં પહેલાં જોખમ અંગે સ્પષ્ટ માહિતી, પૂરતો વીમો અને પરિવાર માટે આર્થિક સુરક્ષાની ખાતરી ફરજિયાત બનાવવી જોઈએ.

આ ઘટનાએ ખાનગી શિપિંગ કંપનીઓની જવાબદારી પર પણ પ્રશ્નો ઊભા કર્યા છે. નફો કમાવાની દોડમાં કર્મચારીઓના જીવનને જોખમમાં મૂકવું એ સ્વીકાર્ય નથી. સરકારે આંતરરાષ્ટ્રીય નિયમોના પાલનની કડક દેખરેખ રાખવી જોઈએ અને બેદરકારી બદલ કડક કાર્યવાહી કરવાની તૈયારી રાખવી જોઈએ.

ભારત આજે વૈશ્વિક મંચ પર ઊભરતી શક્તિ તરીકે પોતાની ઓળખ મજબૂત કરી રહ્યું છે. આવી સ્થિતિમાં વિશ્વના કોઈપણ ખૂણે ભારતીય નાગરિક પર હુમલો થાય તો ભારતનો પ્રતિસાદ માત્ર ઔપચારિક વિરોધ પૂરતો ન રહેવો જોઈએ. રાજદ્વારી દબાણ, આંતરરાષ્ટ્રીય મંચો પર સક્રિય રજૂઆત અને જવાબદારી નક્કી કરવાની માંગ વધુ મજબૂત રીતે થવી જોઈએ.

આ ઘટનાએ એ પણ યાદ અપાવ્યું છે કે રોજગારની મજબૂરીમાં હજારો યુવાનો જોખમી વિસ્તારોમાં જવા મજબૂર બને છે. દેશમાં વધુ સુરક્ષિત અને ગુણવત્તાસભર રોજગારની તકો ઊભી કરવી પણ એટલી જ જરૂરી છે. જો પોતાના દેશમાં પૂરતી તકો ઉપલબ્ધ હશે તો ઘણા યુવાનો જાનનું જોખમ લઈને યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં જવાનું ટાળશે.

ચાર ભારતીયોના મૃત્યુ માત્ર ચાર પરિવારોનું દુઃખ નથી. તે સમગ્ર દેશ માટે ચેતવણી છે કે વૈશ્વિક યુદ્ધો અને સંઘર્ષોની અસર હવે સીધી ભારતીય નાગરિકો સુધી પહોંચી રહી છે. તેથી ભારતે વિદેશમાં પોતાના નાગરિકોની સુરક્ષાને રાષ્ટ્રીય સુરક્ષાના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે જોવી જ રહી.

શોક અને શ્રદ્ધાંજલિ જરૂરી છે, પરંતુ તેનાથી આગળ વધીને નીતિગત સુધારા વધુ જરૂરી છે. જો દરેક દુર્ઘટના પછી માત્ર સંવેદના વ્યક્ત કરીને આગળ વધી જઈશું તો આવી ઘટનાઓ ફરી બનતી રહેશે. હવે સમય આવી ગયો છે કે ભારત પોતાના દરેક નાગરિકને સ્પષ્ટ સંદેશ આપે - દેશની સરહદોની અંદર જ નહીં, પરંતુ વિશ્વના કોઈપણ ખૂણે ભારતીયનું જીવન સુરક્ષિત રાખવાની જવાબદારી પણ ભારત સરકારની છે. આ જ સાચી શ્રદ્ધાંજલિ હશે તે ચાર ભારતીય ખલાસીઓને, જેમણે રોજીરોટીની શોધમાં પોતાના પ્રાણ ગુમાવ્યા.

# 'હવે ડર દૂર થઈ ગયો છે' : વડાપ્રધાન મોદી પોતાનું પ્રભુત્વ ગુમાવી રહ્યા છે, હવે આ આંદોલન જલ્દી સમાપ્ત થવાનું નથી

## CJP વિરોધનું ધ્યાન હવે ધર્મેન્દ્ર પ્રધાનથી મોદી તરફ થઈ ગયું છે

કોકરોચ જનતા પાર્ટીના ઉદ્દેશ્ય માટે યુવાનો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોએ શિક્ષણ સુધારાથી મોદીને નિશાન બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સરકારના ભયનો અભાવ અને સરકાર વિરોધી ભાવનામાં વધારો થયો છે, સરકાર હવે પેપર લીકના કેસ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટનું વચન આપી રહી છે. વિરોધ પક્ષને મૂળભૂત રીતે ફાયદો થઈ રહ્યો છે, પરંતુ યુવાનોનો ગુસ્સો સરકાર પર છે. શું યુવા એકત્રીકરણમાં આ પરિવર્તન કાયમી રાજકીય પરિવર્તનમાં પરિણમશે?

મોદી સરકાર માટે સમસ્યા એ છે કે જે યુવાનો ચાલુ વિરોધમાં જોડાયા હતા અને પોલીસ હિંસાનો સામનો કર્યો હતો અથવા જોયો હતો, તેઓ તેમને ટેકો આપવાના નથી. સંભવતઃ, તેઓ સરકારના કથન સામે સક્રિય પ્રચારકોમાં ફેરવાઈ શકે છે. મોટાભાગના લોકો તે ઓનલાઈન અને કેટલાક ઓફલાઈન પણ કરી શકે છે. પરંતુ તેઓ આ અનુભવ ભૂલી શકે તેવી શક્યતા નથી.

સપ્તાહના અંતે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનમાં અને ખાસ કરીને સોમવાર, ૨૦ જુલાઈના રોજ પોલીસ હિંસા પછી બદલાયું છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વિરુદ્ધ પોસ્ટરો અને સૂત્રોની સંખ્યા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરતા વધુ હતી. આવું કેમ થયું તે પૂછવામાં આવતા, એક પછી એક પ્રદર્શનકારીએ ત્રણ શબ્દો કહ્યા: "હવે ડર ચાલ્યો ગયો છે."

મધ્ય દિલ્હીમાં જે થઈ રહ્યું છે તે પણ મહત્વપૂર્ણ છે. આ દેશમાં રાજકીય સત્તાનું કેન્દ્ર છે. આ એક એવો વિસ્તાર છે જ્યાં પીએમ મોદીએ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ દ્વારા પોતાના પ્રભુત્વનો પ્રયાસ કર્યો છે. અહીં પોલીસનો વિરોધ કરવો એ પીએમનો સીધો વિરોધ છે. આ એક એવો વર્ગ છે જેને શાસક વર્ગ દ્વારા શાંત અનુભવવામાં આવ્યો હતો - ફક્ત સરકાર અને શાસક પક્ષ જ નહીં, પરંતુ ન્યાયતંત્ર, મુખ્ય પ્રવાહના મીડિયા, સેલિબ્રિટી અને ઓનલાઈન ટ્રોલ દ્વારા અને સ્થિર નોકરી બજાર અને વધતા ખર્ચના ભૌતિક પડકારો હતા. તેઓને હવે પોતાનો અવાજ મળી ગયો છે અને અહીંથી પાછા ફરવાનું કોઈ કારણ નથી.

**જોકે, આનો અર્થ એ નથી કે તે ચૂંટણી પરિવર્તનમાં પરિણમશે**

ગુરુવાર, ૨૩ જુલાઈના રોજ વડાપ્રધાને એક સોશિયલ મીડિયા પોસ્ટ મૂકી, જેમાં પેપર લીક કેસના આરોપીઓને સજા આપવા માટે "ફાસ્ટ-ટ્રેક કોર્ટ"નું વચન આપ્યું હતું. આ એક દુર્લભ પ્રસંગ છે. વડાપ્રધાન સ્પષ્ટતાનું વચન આપતા નિવેદન આપે છે. અત્યાર સુધી સરકારની વ્યૂહરચના એવી હતી કે પ્રધાનમંત્રીને ભવિષ્યના કોઈપણ દોષથી બચાવવા માટે ચોક્કસ મુદ્દાથી આગળ ન જવા દેવામાં આવે. સરકારના દૃષ્ટિકોણથી, જ્યારે પ્રધાનને બરતરફ કરવા એ ક્યારેય દોષ ન સ્વીકારવાની તેની નીતિથી વિચલન હશે, તેમ છતાં તેને "યુવાનોની વાત સાંભળતી સરકાર" તરીકે ફેરવી શકાય છે. આ પહેલા પણ લગભગ ૧૮ મહિના સુધી ચાલેલા વિરોધ પછી તેણે કૃષિ કાયદાઓ પર યુ-ટર્ન લીધો હતો.

CJPના દૃષ્ટિકોણથી, તે હાલ માટે આદર્શ પરિણામ હશે. તે તેમને તેની રચનાના માત્ર બે મહિના પછી મોટી જીતનો દાવો કરવા સક્ષમ બનાવશે. આ વિરોધ જેટલો લાંબો સમય ચાલુ રહેશે, તે બંને પક્ષો માટે વધુ ખતરનાક બનશે. એક તરફ, તે સરકાર અને ખાસ કરીને મોદી વિરુદ્ધ રોષમાં વધારો કરી શકે છે. બીજી તરફ, વિરોધ જેટલો લાંબો સમય ચાલશે, કોઈ નાની ઘટના હિંસક બનવાની શક્યતા એટલી જ વધારે હશે. સીજેપીના નેતાઓ ભીમાકોરેગાંવ અને સીએએ વિરોધી વિરોધ પ્રદર્શનના ઉદાહરણ પરથી જાણે છે કે હિંસા ગમે તે પક્ષ શરૂ કરે, પોલીસ વિરોધ નેતાઓનો પીછો કરશે.

સરકાર માટે સમસ્યા એ છે કે જે યુવાનો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને પોલીસ હિંસાનો સામનો કર્યો હતો અથવા જોયો હતો, તેઓ તેમને ટેકો આપવાના નથી. બધી શક્યતાઓમાં, તેમાંથી ઘણા સરકારના કથન સામે સક્રિય ઝુંબેશ ચલાવનારાઓમાં ફેરવાઈ શકે છે. મોટાભાગના લોકો તે ઓનલાઈન અને કેટલાક ઓફલાઈન પણ કરી શકે છે. પરંતુ તેઓ આ અનુભવ ભૂલી શકે તેવી શક્યતા નથી. જેણે પણ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો છે તે વિવિધ લાગણીઓ આ વિરોધ સમાપ્ત થયા પછી પણ કોઈ પણ યુવા આ સરળતાથી ભૂલી શકશે નહીં.

આ યુવાનો માટે, મોદી સરકાર ખલનાયક બનશે જેમ યુપીએ નિર્ભયા અને ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન વિરોધીઓ માટે હતા, વીપી સિંહ મંડલ કમિશન વિરોધી વિરોધીઓ માટે અને ઈન્દિરા ગાંધી ઈમરજન્સી વિરોધી વિરોધીઓ માટે હતા. આ ચિંતાજનક શક્યતા છે કે સરકાર વિરોધીઓ પર કડક કાર્યવાહી કરી શકે છે, જેનો હેતુ ફક્ત વર્તમાન એકત્રીકરણને જ નહીં પરંતુ યુવાનોને એટલી હદે નિરાશ કરવાનો છે કે તે ભવિષ્યના એકત્રીકરણની શક્યતાને કચડી નાખે છે. સીએએ વિરોધી વિરોધ પ્રદર્શનો, ભીમા કોરેગાંવ વિરોધીઓ અને વારિસ પંજાબ દે સાથે તે પહેલાથી જ કરી ચૂક્યું છે. NEET વિરોધ પ્રદર્શનો સાથે આવું કરવું સરળ રહેશે નહીં.

યુવાનોના વિરોધ પ્રદર્શનનો લાભ વિરોધ પક્ષોને મળી શકે છે. પરંતુ એ પણ સાચું છે કે જો યુવાનોને વિરોધ પક્ષમાં વિશ્વાસ હોત તો આ વિરોધ આટલા મોટા પાયે ન થયો હોત. એ અંગે કોઈ શંકા નથી કે ચૂંટણીઓ એક સમાન ક્ષેત્ર ન રહી હોય, અને સરકારે વિરોધ પક્ષ સામે તપાસ એજન્સીઓનો મુક્તપણે ઉપયોગ કર્યો છે. જો આ વિરોધ વિરોધ પક્ષ દ્વારા સંચાલિત હોત, તો તે સામાન્ય લોકોનો આટલો બધો ટેકો એકત્રિત કરી શક્યો ન હોત. વિપક્ષ માટે સારી વાત એ છે કે યુવાનોનો ગુસ્સો સરકાર સામે છે, સમગ્ર રાજકીય વર્ગ સામે નહીં. આ તે નેપાળમાં Gen-Z વિરોધ પ્રદર્શનથી અલગ છે. અહીં, વિરોધીઓ દ્વારા વિરોધ પક્ષના નેતાઓનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

છેલ્લા ૧૨ વર્ષથી, પીએમ મોદીને 'ટેફલોન નેતા' માનવામાં આવતા હતા. સરકારે ગમે તે ખોટું કર્યું હોય, તેઓ લગભગ હંમેશા દોષથી બચવામાં સફળ રહ્યા. નોટબંધીને ખરાબ પરિણામો સાથે "સારા ઈરાદાપૂર્વકનું પગલું" તરીકે જોવામાં આવતું હતું. GSTની મુશ્કેલીઓ પહેલા અરુણ જેટલી અને પછી નિર્મલા સીતારમણ સાથે સંકળાયેલી હતી. નોકરીઓ અને આર્થિક સ્થિરતાના મુદ્દા પર પણ, સીતારમણ જ ટીકાનો સામનો કરી રહ્યા છે. કોવિડને બાહ્ય ઘટના તરીકે જોવામાં આવતો હતો, અને સરકાર કોવિડ મૃત્યુ માટે મોટાભાગે દોષથી બચી ગઈ હતી.

જોકે, આ બદલાવાનું શરૂ થયું છે. યુએસ-ઈરાન યુદ્ધ દરમિયાન મોદીના કઠોરતાના નિવેદન પછી તેના પ્રારંભિક સંકેતો જોઈ શકાય છે. પરંપરાગત રીતે સરકારનો વિરોધ ન કરતા વર્ગો તરફથી પણ તેની મજાક ઉડાવવામાં આવી હતી. હાલના યુવા વિરોધમાં, ટીકા અને ઉપહાસ સંપૂર્ણપણે અલગ રહ્યા છે. મધ્ય દિલ્હીમાં પોસ્ટરો તરીકે કોઈ રાજકીય જોડાણ વિનાના યુવાનોનું મીમ્સ અથવા કાર્ટૂન લઈને ફરવું, એક વર્ષ પહેલાં પણ અશક્ય હતું.

આનો અર્થ એ નથી કે ભાજપ ૨૦૨૯ હારી રહ્યું છે. રાજકારણમાં ત્રણ વર્ષ લાંબો સમય છે. વિપક્ષ કે કોઈપણ વિરોધ આંદોલન માટે આટલા લાંબા સમય સુધી ગતિશીલતા ટકાવી રાખવી સરળ રહેશે નહીં. IAC ચળવળે પણ લગભગ ૧૮ મહિના સુધી સરકાર વિરુદ્ધ સમર્થન એકત્રિત કર્યું અને પછી તે આમ આદમી પાર્ટીમાં પરિવર્તિત થઈ. પરંતુ ૨૦૧૩ થી, UPA વિરોધી ઢાલ PM મોદીના નેતૃત્વમાં BJP દ્વારા કબજો લેવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્તમાન શાસન ભલે વિરોધ પ્રદર્શનોથી હચમચી ગયું હોય, પરંતુ તેનું કમાન્ડ-એન્ડ-કંટ્રોલ માળખું ખૂબ જ અકબંધ છે. કોઈ મોટા આંતરિક વિભાજનના કોઈ સંકેતો નથી.

પશ્ચિમ બંગાળમાં હાર અને તૃણમૂલ કોંગ્રેસ અને શિવસેના (UBT) જેવા મુખ્ય પક્ષોમાં વિભાજનથી વિપક્ષ નબળો રહ્યો છે. અને તે હજુ પણ ભાજપ કરતા પૈસા અને માનવશક્તિ બંનેમાં ઘણું નબળું છે. પરંતુ તેમાં કોઈ શંકા નથી કે આ સરકાર વધુ અસુરક્ષિત બનશે, અને તેના પરિણામો દરેક માટે આવી શકે છે.

**- આદિત્ય મેનન** (સૌ. : ધ ક્વિન્ટ)

# 'NIA તપાસનો આદેશ આપવો એ કેન્દ્રનું કામ છે' : દિલ્હી હાઈકોર્ટે પોલીસ પર હુમલો કરનાર CJP વિરોધીઓ સામે NIA તપાસની માંગ કરતી PIL ફગાવી દીધી

**દિલ્હી હાઈકોર્ટે NEET-UG પેપર લીક સામે કોકરોચ જનતા પાર્ટીના વિરોધની તપાસની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ફગાવી દીધી**

(એજન્સી) તા.૨૪

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ કોકરોચ જનતા પાર્ટીની આગેવાની હેઠળની કૂચમાં ભાગ લેનારા વિરોધીઓ સામે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) તપાસની માંગ કરતી PIL પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો હતો. કોકરોચ પાર્ટીએ NEET-UG પેપર લીક કેસમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બરતરફ કરવાની માંગ અને શિક્ષણ પ્રણાલીમાં કથિત અનિયમિતતાઓ પર કેન્દ્ર પર દબાણ લાવવા માટે આંદોલનના ભાગ રૂપે રેલીનું આયોજન કર્યું હતું. વિરોધ રેલીમાં હિંસા થઈ હતી જેમાં વિદ્યાર્થીઓ અને દિલ્હી પોલીસ કર્મચારીઓ બંને ઘાયલ થયા હોવાના અહેવાલ છે. અરજદાર સતીશકુમાર અગ્રવાલ જે અખિલ ભારત હિન્દુ મહાસભાના પૂર્વ ઉપપ્રમુખ છે, તેમણે વિરોધ પ્રદર્શનના સાચા હેતુ અને સ્વરૂપને ઉજાગર કરતી વખતે બાહ્ય તત્ત્વો, વિદેશી ભંડોળની કથિત સંડોવણીની શંકા વ્યક્ત કરી હતી. જો કે, મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની હાઈકોર્ટ બેન્ચે જણાવ્યું હતું કે, તોડફોડની કથિત ઘટનાઓની જાણકારી અને સૂચના અધિકારીઓને આપવામાં આવી હતી, જેઓ કાયદા અનુસાર કાર્યવાહી કરશે. હાઈકોર્ટ બેન્ચે એમ પણ કહ્યું હતું કે, કોઈપણ કેસને તપાસ માટે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને મોકલવાનું કેન્દ્રનું કામ છે, કોર્ટનું નહીં. કોર્ટના અવલોકનોને ધ્યાનમાં રાખીને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજદારના વકીલને PIL પાછી ખેંચી લેવાનું વિચારવા કહ્યું, જેના પગલે અરજદારે બેન્ચને તે પાછી ખેંચવાની વિનંતી કરી હતી. અરજદાર સતીશકુમાર અગ્રવાલે પીઆઈએલમાં જણાવ્યું હતું કે, કાર્યકરો અને રાજકીય નેતાઓની ભાગીદારી તેમજ વિદેશી ભંડોળ પ્રાપ્ત સંગઠનોની કથિત સંડોવણીએ 'વિરોધના સાચા સ્વભાવ, હેતુ અને ઉદ્દેશ્યો' વિશે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ ચિંતાઓ 'જાહેર વ્યવસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અને ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતાને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓમાં કોઈ બાહ્ય તત્ત્વો સંડોવાયેલા હતા કે કેમ તે નક્કી કરવા માટે' વ્યાપક તપાસ કરવાની માંગ કરે છે. આ સંજોગોમાં અરજદાર એફઆઈઆર નોંધવા, વિરોધ પ્રદર્શનો સાથે જોડાયેલી ઘટનાઓની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ કરવા અને રાષ્ટ્રીય તપાસ એજન્સી સહિત યોગ્ય વિશેષ એજન્સી દ્વારા વધુ તપાસ માટે યોગ્ય નિર્દેશો માંગે છે. કોકરોચ જનતા પાર્ટી ૨૦ જૂનથી કથિત પરીક્ષા અનિયમિતતાઓ પર ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે વિરોધ કરી રહી છે. ૨૦ જુલાઈના રોજ ભારે સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં, હજારો વિરોધીઓ જંતરમંતર પર 'ચલો સંસદ' કૂચ માટે એકઠા થયા હતા. મોનસૂન સત્રના પહેલા દિવસે જ્યારે ભીડ વધતી ગઈ, ત્યારે પોલીસે સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કરતા વિરોધીઓ પર લાઠીચાર્જ કર્યો અને ટીયરગેસના સેલ છોડ્યા ત્યારબાદ થયેલી અથડામણોમાં ઘણા પોલીસ કર્મચારીઓ અને વિરોધીઓ ઘાયલ થયા હતા.

# શિક્ષણ પ્રધાનને બરતરફ ન કરવામાં આવે અને વડાપ્રધાન માફી ન માંગે ત્યાં સુધી સંસદમાં કોઈ કાર્યવાહી થશે નહીં : રાહુલ ગાંધી

**લોકસભામાં વિપક્ષના નેતાએ દાવો કર્યો હતો કે, જ્યારે તેમણે બોલવાનો પ્રયાસ કર્યો ત્યારે ગૃહમાં તેમનો માઈક્રોફોન 'બંધ' કરવામાં આવ્યો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

પેપર લીક મુદ્દે વિરોધી વિદ્યાર્થીઓના આંદોલન અંગે કેન્દ્ર અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલા ઝઘડા વચ્ચે લોકસભાના વિપક્ષના નેતા (LoP) રાહુલ ગાંધીએ શુક્રવારે દાવો કર્યો હતો કે, ગૃહમાં તેમનો માઈક્રોફોન 'બંધ' કરવામાં આવ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'વિદ્યાર્થીઓની માફી ન માંગે' ત્યાં સુધી કોઈપણ પ્રકારની ચર્ચા કરવામાં આવશે નહીં. કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ અગાઉ વિપક્ષ પર સંસદના ચાલુ ચોમાસુ સત્ર દરમિયાન પરીક્ષા પેપર લીક અને અન્ય શૈક્ષણિક મુદ્દાઓ પર ચર્ચાથી 'ભાગી જવા'નો આરોપ લગાવ્યો હતો. રિજિજુએ તમામ પક્ષો, ખાસ કરીને વિપક્ષને, સંસદમાં NEET પેપર લીક પર ચર્ચા કરવા માટે તારીખ, સમય અને નિયમ નક્કી કરવા માટે લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળવા વિનંતી કરી હતી. ઉલ્લેખનીય છે કે, વિપક્ષે પોતે ગૃહમાં વિદ્યાર્થીઓના મુદ્દા પર ચર્ચાની માંગ કરી હતી પરંતુ ચર્ચાને સરળ બનાવવા માટે કેન્દ્ર સરકારને મુલતવી પ્રસ્તાવ સ્વીકારવા વિનંતી કરી હતી. સંસદ ભવનની બહાર પત્રકારો સાથે વાત કરતા, લોકસભાના ધારાસભ્ય રાહુલ ગાંધીએ કહ્યું: હમણાં જ, રિજિજુએ એક નિવેદન આપ્યું હતું કે તેઓ ઈચ્છે છે કે, અમે અમારા સાંસદોને ચર્ચાની મંજૂરી આપીએ. સામાન્ય પ્રોટોકોલ હેઠળ, જો કોઈ તમારૂં નામ લે છે, તો તમને જવાબ આપવાની તક આપવામાં આવે છે. તેમણે કહ્યું કે, આપણે ચર્ચા કરવી જોઈએ પરંતુ જ્યારે મેં જવાબ આપવાનો પ્રયાસ કર્યો, ત્યારે મારો માઈક્રોફોન બંધ થઈ ગયો હતો અને મને તક આપવામાં આવી ન હતી. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે, વિપક્ષનું વલણ વિદ્યાર્થીઓની ત્રણ માગણીઓ પર આધારિત છેઃ પ્રથમ, ભ્રષ્ટ શિક્ષણ પ્રધાને જવું જોઈએ. બીજું, વિદ્યાર્થીઓ પર હુમલો કરનારા અને માર મારનારાઓ સામે કાર્યવાહી અને જવાબદારી નક્કી કરવી જોઈએ. ત્રીજું, વડાપ્રધાને વિદ્યાર્થીઓની માફી માંગવી જોઈએ. આ ત્રણ શરતો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, પ્રધાનને બરતરફ કરવામાં આવે તે પહેલાં અમે કોઈ વાતચીત કે ચર્ચા કરવાના નથી. કોંગ્રેસના સાંસદ તારિક અનવરે ગૃહમાં બોલવાની મંજૂરી ન આપવાના ગાંધીના દાવાને સમર્થન આપ્યું હતું. આજે અધ્યક્ષે જે રીતે વર્તન કર્યું તે આશ્ચર્યજનક અને દુર્ભાગ્યપૂર્ણ છે. વિપક્ષના નેતાને બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી, જે બિનલોકતાંત્રિક છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે કહ્યું કે, સરકાર સાથે વિપક્ષની 'કોઈ મડાગાંઠ' નથી. તેણીએ કહ્યું કે, આવો કોઈ પ્રશ્ન જ નથી. અમે ઈચ્છીએ છીએ કે, શિક્ષણ પ્રધાન રાજીનામું આપે અને ચર્ચા થાય જેથી બાબતો આગળ વધી શકે પરંતુ સરકાર તે ઈચ્છતી નથી. તે તેના ઘમંડને કારણે સાંભળવા માંગતી નથી. ધર્મેન્દ્ર પ્રધાને 'નૈતિક ધોરણે' રાજીનામું આપવું જોઈએ. કોંગ્રેસના સાંસદ કુમારી શેલજાએ કહ્યું: નૈતિકતા પણ એવી વસ્તુ છે જે સરકાર સમજી શકતી નથી. અમારી માગણીઓ વિદ્યાર્થીઓ સાથે જે રીતે કાર્યવાહી કરવામાં આવી હતી તેના પર આધારિત છે જે અત્યંત ક્રૂર હતી. અમારા લોકો અને અમારી સાથે પણ એવું જ થયું. અમે કહી રહ્યા છીએ કે FIR પણ પાછી ખેંચી લેવામાં આવે અને શિક્ષણ પ્રધાને રાજીનામું આપવું જોઈએ.

# દિલ્હીના વકીલે અટકાયત કરાયેલા વિદ્યાર્થીઓને મુક્ત કરવાની માગણી કરતાં તેઓને નિઝામુદ્દીન પોલીસ સ્ટેશનમાં કસ્ટોડિયલ ત્રાસ આપવામાં આવ્યો : વકીલનો આરોપ

(એજન્સી) તા.૨૫

દિલ્હી સ્થિત એક વકીલે નિઝામુદ્દીન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ પર આરોપ લગાવ્યો છે કે, તેઓ ગુરૂવારે મોડી રાત્રે જંતરમંતર પર વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે અટકાયત કરાયેલા વિદ્યાર્થીઓને મુક્ત કરવા માટે સ્ટેશન ગયા હતા અને તેઓ કસ્ટોડિયલ હિંસાનો ભોગ બન્યા હતા. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (દક્ષિણ-પૂર્વ)ને સંબોધિત અને શુક્રવારે સવારે દિલ્હી પોલીસ કમિશનરને નકલ કરાયેલી ઔપચારિક ફરિયાદમાં, એડવોકેટ માણિક ગુપ્તાએ આરોપ લગાવ્યો છે કે, તેમને પોલીસ સ્ટેશનની અંદર માર મારવામાં આવ્યો હતો, ફોજદારી આરોપોની ધમકી આપવામાં આવી હતી અને પોતાને વકીલ તરીકે ઓળખાવવા બદલ ધમકાવવામાં આવ્યા હતા. ફરિયાદ અનુસાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, તેમને રાત્રે ૧૧ વાગ્યાથી ૧૧:૩૦ વાગ્યાની વચ્ચે ડિસ્ટ્રેસ કોલ આવ્યા હતા. ૨૩ જુલાઈના રોજ તેમને જાણ કરી કે નિઝામુદ્દીન ચોકડી પાસે ઘણા વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી છે અને તેમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓનો કોઈ પરિવાર દિલ્હીમાં નથી અને તેઓ તકલીફમાં છે તે જાણ્યા પછી તેઓ 'ચિંતિત નાગરિક' તરીકે પોલીસ સ્ટેશન ગયા હતા. સ્ટેશન પહોંચ્યા પછી ગુપ્તાએ આરોપ લગાવ્યો કે તેમણે બે વિદ્યાર્થીઓને અટકાયતમાં જોયા અને પોલીસ કર્મચારીઓ પાસેથી તેમને શા માટે રાખવામાં આવી રહ્યા છે તે અંગે સમજૂતી માંગી હતી. ગુપ્તા હ્યુમન રાઈટ્સ લો નેટવર્ક સાથે કામ કરે છે અને નાગરિક અધિકારના મુદ્દાઓને લગતા ઘણા મુકદ્દમાઓનો ભાગ રહ્યા છે. ગુપ્તાએ આરોપ લગાવ્યો કે સ્ટેશન હાઉસ ઓફિસર (SHO)એ પછી તેમના પર 'ગુંડાગર્દી' કરવાનો આરોપ લગાવ્યો અને તેમને અટકાયતમાં લેવાનો આદેશ આપ્યો હતો. SHOએ મારૂં ઓળખપત્ર માંગ્યું. વધારાની ફોર્સ બોલાવી અને મને પોલીસ સ્ટેશનની પાછળ લઈ જવામાં આવ્યો. ગુપ્તાએ પ્રતિકાર કર્યો નહીં અને પોલીસ સૂચનાઓનું પાલન કર્યું, જ્યારે મિત્રોને સંદેશ દ્વારા જાણ કરી કે તેમને અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેમને CCTV મોનિટરિંગ રૂમમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં પોલીસ અધિકારીએ તેમના પર શારીરિક હુમલો કરતા પહેલા દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો. ગુપ્તાએ આરોપ લગાવ્યો કે, ૨૪ જુલાઈના રોજ રાત્રે ૧૨:૧૫ વાગ્યાની આસપાસ, અધિકારીએ તેને વારંવાર થપ્પડ અને મુક્કા માર્યા, તેનું ગળું પકડી લીધું અને તેના નાક પર પ્રહાર કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે, અધિકારીએ દુર્વ્યવહાર કર્યો અને તેને 'પાઠ શીખવવાની' ધમકી આપી. ફરિયાદ મુજબ, તેનો મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો હતો કારણ કે, તેને ધમકી આપવામાં આવી હતી કે, જો તે આત્મસમર્પણ નહીં કરે તો તેને પરિણામો ભોગવવા પડશે. ગુપ્તાએ કહ્યું કે, તેને બાદમાં SHO સમક્ષ લાવવામાં આવ્યો હતો, જેમણે કથિત રીતે તેની સામે FIR નોંધવાની અને ખાતરી કરવાની ધમકી આપી હતી કે, તે ફરી ક્યારેય કાયદાની પ્રેક્ટિસ નહીં કરે. SHOએ કથિત રીતે તેને તેના પિતાને ફોન કરવા દબાણ કર્યું અને કહ્યું કે, તેનો પુત્ર 'રાત્રે શેરીઓમાં ફરતો' હતો. ગુપ્તાએ કહ્યું કે, સાથી વકીલો પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી જ તેને આખરે છોડી દેવામાં આવ્યો હતો. ફરિયાદ મુજબ તે શરૂઆતમાં રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં ગયો હતો પરંતુ પોલીસ કર્મચારીઓ દ્વારા વધુ હેરાનગતિનો ડર હોવાથી તે અંદર જઈ શક્યો ન હતો. ત્યારબાદ તેણે લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મેડિકલ-લીગલ તપાસ કરાવી હતી. MLC રિપોર્ટમાં ગરદન પર સોફ્ટ ટિશ્યુ ઈજાઓ, સોજો, કરોડરજ્જુમાં કોમળતા અને લાલાશ નોંધવામાં આવી છે.

# દિલ્હીમાં યુવાનોનો વિરોધ : કોર્ટની 'વીડિયો જોવા માટે સમય નથી' એવી ટિપ્પણીના થોડા દિવસો પછી સુપ્રીમ કોર્ટમાં આ કેસ ફરીથી આવ્યો

**ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની 'વંદા' ટિપ્પણીથી આ રાજકીય આંદોલન શરૂ થયાના બે મહિના પછી ફરીથી આ સુનાવણી આવી રહી છે**

(એજન્સી) તા.૨૪

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની 'કોકરોચ' ટિપ્પણીએ અજાણતા જ કોકરોચ જનતા પાર્ટી (CJP)ને જન્મ આપ્યાના બે મહિનાથી વધુ સમય પછી સુપ્રીમ કોર્ટે શુક્રવાર, ૨૪ જુલાઈના રોજ NEET પેપર લીક અને અન્ય પરીક્ષા અનિયમિતતાઓનો વિરોધ કરતા વિદ્યાર્થીઓ પર પોલીસ અત્યાચારનો આરોપ લગાવતી બે અરજીઓ પર સુનાવણી કરવા સંમતિ આપી છે. સુનાવણી ૨૭ જુલાઈ માટે નક્કી કરવામાં આવી છે. CJIની આગેવાની હેઠળની બેન્ચે ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં સંસદ તરફ CJPની આગેવાની હેઠળની કૂચ દરમિયાન પોલીસ બર્બરતાનો આરોપ લગાવતી અરજીની તાત્કાલિક સૂચિને નકારી કાઢ્યાના બે દિવસ પછી જ આ ઘટના બની છે. જ્યારે વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને પોલીસ કાર્યવાહીના વીડિયોનો ઉલ્લેખ કર્યો, ત્યારે CJIએ ટિપ્પણી કરી કે કોર્ટ પાસે તેમને જોવા માટે 'સમય નથી' અને વકીલને કહ્યું કે, 'અમારો સમય બગાડો નહીં.' જો કે, શુક્રવારે CJI અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનાની બેન્ચે આ મામલો સામે આવ્યા બાદ બે અલગ-અલગ જાહેર હિતની અરજીઓની સુનાવણી કરવા સંમતિ આપી. શંકરનારાયણને બેન્ચને કહ્યું કે, પોલીસ વિદ્યાર્થીઓ સામે અતિશય બળનો ઉપયોગ કરી રહી છે, કોર્ટ અમારી અને પોલીસ વચ્ચે ઊભી છે. તેની તાકીદ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, આવી ઘટનાઓ દરરોજ બની રહી છે અને કોર્ટને જાણ કરી કે વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા સંબંધિત બે અલગ-અલગ અરજીઓ સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી દ્વારા દાખલ કરવામાં આવી છે અને તેને નંબર આપવામાં આવ્યા છે. ત્યારબાદ CJIએ બંને કેસોને ૨૭ જુલાઈના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ઘટનાની વિડંબના કોઈનું ધ્યાન ગયું નથી. મે મહિનામાં સુનાવણી દરમિયાન ન્યાયાધીશ સૂર્યકાન્તના 'વંદા' જેવી ઉપમાનો ઉપયોગ યુવા કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો, જેમણે બેરોજગારી, પરીક્ષાની અનિયમિતતાઓ અને સરકારની શિક્ષણ નીતિઓ સામે વ્યંગાત્મક રાજકીય આંદોલન તરીકે CJP શરૂ કર્યું હતું. ત્યારથી પાર્ટીએ દેશભરમાં વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કર્યું છે, જેમાં ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં થયેલી કૂચનો સમાવેશ થાય છે જે પોલીસ સાથે હિંસક અથડામણમાં પરિણમી હતી. તે કૂચ દરમિયાન સંસદ તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહેલા વિરોધીઓ સુરક્ષા કર્મચારીઓ સાથે અથડાયા હતા, જેમણે ભીડને વિખેરવાના પ્રયાસમાં લાઠી અને આંસુ ગેસનો ઉપયોગ કર્યો હતો તેમજ કેટલાક અહેવાલો મુજબ પથ્થરો, ટેઝર અને પેલેટ ગનનો ઉપયોગ કર્યો હતો. NEET પેપર લીક વિવાદ પર પ્રદર્શનકારીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા હતા, જે CJPની પણ મુખ્ય માંગ રહી છે, જેને કોંગ્રેસ અને અન્ય ભારતીય બ્લોક પક્ષો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. પોલીસ અતિરેકના આરોપો દિલ્હી હાઈકોર્ટ સમક્ષ પણ છે. ૨૨ જુલાઈના રોજ હાઈકોર્ટે ૨૦ જુલાઈના કૂચ દરમિયાન વધુ પડતા બળપ્રયોગનો આરોપ લગાવતી બે અરજીઓ પર કેન્દ્ર અને દિલ્હી પોલીસ પાસેથી જવાબ માંગ્યો હતો અને અધિકારીઓને CCTV ફૂટેજ અને અન્ય વીડિયો રેકોર્ડિંગ સહિત તમામ સંબંધિત રેકોર્ડ સાચવવાનો નિર્દેશ આપ્યો હતો.

**હદીસ બોધ**

ધીરજ અને નમ્રતાપૂર્વક વર્તનારને અલ્લાહ અપમાનિત કરતો નથી.

- હદીસ બોધ

**બોધ વચન**

મુશ્કેલીઓ વહોરી લે છે તેનું વ્યાજ ચિંતા છે.

- એનન

**આજની આરસી**

૨૫ જુલાઈ શનિવાર ૨૦૨૬
૧૦ સફર હિજરી ૧૪૪૮
અષાઢ સુદ અગિયારસ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૪-૩૯
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૫

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# વિદ્યાર્થીઓની વાત સાંભળવી જરૂરી : શુભમન ગિલ અને ઇરફાન પઠાણ પણ વિદ્યાર્થી આંદોલનના ટેકામાં

તા.૨૪

NEET પેપર લીક વિવાદમાં વિદ્યાર્થીઓના સમર્થનમાં ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર શુભમન ગિલ અને પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ આવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર ભાવુક સંદેશ શેર કરી વિદ્યાર્થીઓની મહેનતનું અપમાન ગણાવ્યું. બંને ક્રિકેટરોએ દેશના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ અંગે ચિંતા વ્યક્ત કરી ન્યાયની માગ કરી છે. આ મામલે તપાસ અને દોષિતોને સજા આપવાની વાત કરી.

ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર શુભમન ગિલ અને પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે દેશમાં ચાલી રહેલા મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET પેપર લીક વિવાદ અને તેના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં સોશિયલ મીડિયા પર અત્યંત ભાવુક સંદેશ શેર કર્યા છે. દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ અંગે ચિંતા વ્યક્ત કરતા બંને ક્રિકેટરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ મૂકીને પીડિત વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.





ક્રિકેટના મેદાન પર દેશનું ગૌરવ વધારનારા આ બંને સ્ટાર્સે હવે દેશના યુવાઓ અને વિદ્યાર્થીઓના અધિકારો માટે અવાજ ઉઠાવતા આ બાબત સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહી છે.

**શુભમન ગિલનો ભાવુક સંદેશ : "આ વિદ્યાર્થીઓની મહેનતનું અપમાન છે"**

ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન શુભમન ગિલે પોતાની પોસ્ટમાં વિદ્યાર્થીઓની રાત-દિવસની મહેનતનો ઉલ્લેખ કરતા લખ્યું કે, "કોઈપણ પરીક્ષા માટે વર્ષો સુધી સખત મહેનત કરનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો જ્યારે આવા ભ્રષ્ટાચારનો ભોગ બને છે, ત્યારે તે જોવું અત્યંત દુઃખદાયક હોય છે. આ માત્ર પેપર લીક નથી, પરંતુ લાખો વિદ્યાર્થીઓની આશા, સપના અને તેમની સખત મહેનતનું ઘોર અપમાન છે. હું તમામ પીડિત વિદ્યાર્થીઓ અને આ મુશ્કેલ સમયમાં ન્યાય માટે લડી રહેલા યુવાનોની સાથે ઊભો છું." ગિલની આ ઈમોશનલ પોસ્ટે સોશિયલ મીડિયા પર લાખો યૂઝર્સનું ધ્યાન ખેંચ્યું છે અને લોકો તેની આ સામાજિક જાગૃતિની પ્રશંસા કરી રહ્યા છે.

**ઈરફાન પઠાણે સિસ્ટમ પર ઉઠાવ્યા સવાલ**

પોતાના બેબાક અંદાજ માટે જાણીતા પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણે પણ આ મામલે સિસ્ટમ સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. ઈરફાન પઠાણે X પર પોસ્ટ કરીને લખ્યું કે, "આપણા દેશનું ભવિષ્ય એવા આ યુવા વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને ન્યાય માંગવા મજબૂર બન્યા છે, તે દૃશ્યો હૃદય તોડી નાખે તેવા છે. જે વિદ્યાર્થીઓ દિવસ-રાત એક કરીને ડોક્ટર બનવાનું અને દેશની સેવા કરવાનું સપનું જોતા હોય, તેમને આવી લાચારીનો સામનો કરવો પડે તે દેશ માટે ચિંતાજનક છે. આ બાબતમાં વહેલામાં વહેલી તકે પારદર્શક તપાસ થવી જોઈએ અને દોષિતોને સખતમાં સખત સજા મળવી જોઈએ જેથી કરીને ભવિષ્યમાં કોઈ ખેલાડી કે વિદ્યાર્થીના ભવિષ્ય સાથે આવો અન્યાય ન થાય."

**દેશભરમાં વિદ્યાર્થીઓનો ઉગ્ર વિરોધ પ્રદર્શન**

નોંધનીય છે કે રાષ્ટ્રીય સ્તરની તબીબી પ્રવેશ પરીક્ષામાં કથિત ગેરરીતિઓ, પેપર લીક અને પરિણામોમાં વિસંગતતાઓને લઈને છેલ્લા ઘણા સમયથી દેશભરના જુદા જુદા રાજ્યોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો. તેવામાં સ્પોર્ટ્સ સેલિબ્રિટીઝ દ્વારા વિદ્યાર્થીઓના સમર્થનમાં આવવાથી આ આંદોલનને વધુ નૈતિક બળ મળ્યું છે.

# ટી-૨૦ ક્રિકેટમાં ગેલનો રેકોર્ડ તૂટ્યો જોસ બટલરે રચ્યો ઇતિહાસ

તા.૨૪

લંડનના લોર્ડ્સ મેદાન પર 'ધ હન્ડ્રેડ ૨૦૨૬' ટૂર્નામેન્ટમાં ઇંગ્લેન્ડના જોસ બટલરે T20 ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો છે. માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ તરફથી રમતા બટલરે ૧૬ રન બનાવી ક્રિસ ગેલને પાછળ છોડી બીજા સૌથી વધુ T20 રન બનાવનાર બેટ્સમેન બનવાનું ગૌરવ મેળવ્યું. તેના નામે હવે ૧૪,૫૭૨ રન નોંધાયા છે, અને તે કિરોન પોલાર્ડના વર્લ્ડ રેકોર્ડથી માત્ર ૨૩૧ રન દૂર છે. લંડનના ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રમાયેલી 'ધ હન્ડ્રેડ ૨૦૨૬' ટૂર્નામેન્ટની એક રોમાંચક મેચ દરમિયાન ક્રિકેટ ઈતિહાસનો એક મોટો રેકોર્ડ તૂટી ગયો છે. ઇંગ્લેન્ડ ટીમના વિસ્ફોટક વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે T20 ક્રિકેટમાં એક અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ તરફથી રમી રહેલા જોસ બટલરે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ અને પૂર્વ ઓપનર ક્રિસ ગેલને પાછળ છોડીને વિશ્વમાં બીજા સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેન બનવાનું ગૌરવ મેળવ્યું છે.

**બટલરે માત્ર ૧૬ રનની ઈનિંગ્સથી રચ્યો ઈતિહાસ :** લંડન સ્પિરિટ સામેની મેચમાં માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સની ટીમે ૭ રનથી નજીવો વિજય મેળવ્યો હતો. આ મેચમાં જોસ બટલરે ભલે મોટી ઈનિંગ્સ ન રમી હોય અને માત્ર ૧૧ બોલમાં ૧૬ રન (૧ ચોગ્ગો અને ૧ છગ્ગો) બનાવીને આઉટ થયો હોય, પરંતુ આ ટૂંકી ઈનિંગ્સ તેના માટે ઐતિહાસિક સાબિત થઈ હતી. આ ૧૬ રનની મદદથી તેણે ક્રિસ ગેલના વર્ષો જૂના રેકોર્ડને તોડી નાખ્યો હતો.



**આંકડાની નજરે જોસ બટલરની શાનદાર સફર :** જોસ બટલરના નામે હવે T20 ક્રિકેટની ૪૮૭ ઈનિંગ્સમાં ૧૪૬.૭૪ના શાનદાર સ્ટ્રાઈક રેટ સાથે કુલ ૧૪,૫૭૨ રન નોંધાઈ ચૂક્યા છે. તેના T20 કરિયરમાં ૯ સદી અને ૧૦૨ અર્ધસદી સામેલ છે, જે તેની સાતત્યપૂર્ણ બેટિંગની સાક્ષી પૂરે છે. બીજી તરફ, રેકોર્ડબુકમાં ત્રીજા સ્થાને સરકી ગયેલા વેસ્ટ ઈન્ડિઝના 'યુનિવર્સ બોસ' ક્રિસ ગેલે પોતાના કરિયરની ૪૫૫ ઈનિંગ્સમાં ૧૪૪.૭૫ના સ્ટ્રાઈક રેટથી ૧૪,૫૬૨ રન બનાવ્યા હતા, જેમાં ૨૨ સદી અને ૮૮ અર્ધસદીનો સમાવેશ થાય છે.

**ટોચ પર પહોંચવા માટે હવે માત્ર ૨૩૧ રનની જરૂર :** વિશ્વમાં સૌથી વધુ ૨૦ રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ હાલમાં વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ઓલરાઉન્ડર કિરોન પોલાર્ડના નામે છે. પોલાર્ડે ૬૬૩ ઈનિંગ્સમાં ૧૪,૮૦૩ રન બનાવ્યા છે. જોસ બટલર હવે આ વૈશ્વિક યાદીમાં પ્રથમ સ્થાને પહોંચવાથી માત્ર ૨૩૧ રન જ દૂર છે.

**T20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ટોચના પાંચ બેટ્સમેનમાં એક પણ ભારતીય નહીં**

૧. કિરોન પોલાર્ડ (વેસ્ટ ઈન્ડિઝ) – ૧૪,૮૦૩ રન
૨. જોસ બટલર (ઇંગ્લેન્ડ) – ૧૪,૫૭૨ રન
૩. ક્રિસ ગેલ (વેસ્ટ ઈન્ડિઝ) – ૧૪,૫૬૨ રન
૪. એલેક્સ હેલ્સ (ઇંગ્લેન્ડ) – ૧૪,૪૪૯ રન
૫. ડેવિડ વોર્નર (ઓસ્ટ્રેલિયા) – ૧૪,૨૮૪ રન
૬. વિરાટ કોહલી (ભારત) – ૧૪,૨૧૮ રન

**ખરાબ ફોર્મ બાદ બટલરનું શાનદાર કમબેક :** જોસ બટલર માટે આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ એટલા માટે પણ ખાસ છે કારણ કે છેલ્લા ૧૮ મહિના તેના માટે ભારે ઉતાર-ચઢાવવાળા રહ્યા હતા. ICC મેન્સ T20 વર્લ્ડ કપમાં તે ખરાબ રીતે ફ્લોપ રહ્યો હતો અને ૮ ઈનિંગ્સમાં માત્ર ૮૭ રન જ બનાવી શક્યો હતો. જોકે, વર્ષ ૨૦૨૬માં તેણે જોરદાર વાપસી કરી છે. IPLમાં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા તેણે ૧૫૨.૪૬ના સ્ટ્રાઈક રેટથી ૫૨૬ રન ફટકાર્યા હતા. ત્યારબાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત સામેની અંતિમ T20 મેચમાં માત્ર ૬૪ બોલમાં અણનમ ૧૩૧ રનની તોફાની ઈનિંગ્સ રમીને તેણે પોતાના જૂના ફોર્મની ઝાંખી કરાવી હતી. ઈન્ટરનેશનલ T20 ક્રિકેટની વાત કરીએ તો, બટલર ૧૬૦ મેચમાં ૪,૨૧૨ રન સાથે ઇંગ્લેન્ડનો સૌથી સફળ બેટ્સમેન છે અને ૩,૦૦૦ તેમજ ૪,૦૦૦ રનનો આંકડો પાર કરનારો એકમાત્ર ઇંગ્લિશ ખેલાડી છે. તે વિશ્વમાં બાબર આઝમ (૪,૫૯૬) અને રોહિત શર્મા (૪,૨૩૧) પછી ત્રીજા ક્રમે આવે છે.

# દિલ્હીમાં યજમાન નહીં મહેમાન તરીકે રમશે ટીમ ઈન્ડિયા ! અફઘાનિસ્તાન સાથેની ટી૨૦ સિરીઝનું શેડ્યૂલ જાહેર

તા.૨૪

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 3 T20 મેચની સીરિઝનું શેડ્યૂલ જાહેર થયું છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા આયોજિત આ શ્રેણી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં ૨૮ જુલાઈ, ૩૦ જુલાઈ અને ૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રમાશે. આયરલેન્ડ અને ઇંગ્લેન્ડ પ્રવાસમાં ખરાબ પ્રદર્શન બાદ ભારતીય ટીમ માટે આ શ્રેણી કમબેક કરવાની સુવર્ણ તક છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની આગામી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીના સત્તાવાર સમયપત્રકની જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણીમાં અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ સત્તાવાર યજમાનની ભૂમિકા ભજવશે. અફઘાનિસ્તાનની આંતરિક સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને, આ સમગ્ર શ્રેણી ભારતમાં દિલ્હીના ઐતિહાસિક અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે યોજાશે. તાજેતરમાં આયરલેન્ડ અને ઇંગ્લેન્ડના પ્રવાસ પર ટીમ ઈન્ડિયાને વ્હાઈટ-બોલ ક્રિકેટમાં ભારે પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેથી અફઘાનિસ્તાન સામેની આ હોમ સીરિઝ ભારતીય ટીમ માટે કમબેક કરવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

**ઈંગ્લેન્ડ અને આયરલેન્ડ પ્રવાસની નિરાશાજનક વિગતો :** આગામી શ્રેણી પૂર્વે ભારતીય ટીમનું તાજેતરનું પ્રદર્શન ચિંતાજનક રહ્યું છે. ટીમ ઈન્ડિયા વિદેશી ધરતી પર એક પણ વ્હાઈટ-બોલ મુકાબલો જીતવામાં સફળ રહી નહોતી:

**આયરલેન્ડ પ્રવાસ :** આયરલેન્ડ સામે રમાયેલી ૨ મેચોની T20 શ્રેણીમાં યજમાન ટીમે ભારતને ૨-૦થી ક્લીન સ્વીપ કરીને મોટો આંચકો આપ્યો હતો.

**ઈંગ્લેન્ડ પ્રવાસ :** ત્યારબાદ ઇંગ્લેન્ડ સામે રમાયેલી ૫ મેચોની T20 શ્રેણીમાં પણ ભારતીય ટીમનું પ્રદર્શન કથળેલું રહ્યું હતું અને ઇંગ્લેન્ડે ભારતને ૪-૦થી સજ્જડ શિકસ્ત આપી હતી.

આ સતત પરાજયના દબાણ બાદ, ભારતીય પસંદગીકારો અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં ટીમમાં મોટા ફેરફારો કરીને યુવા અને ફોર્મમાં રહેલા ખેલાડીઓને તક આપી શકે છે.

**શ્રેણીનું સંપૂર્ણ સમયપત્રક**

અફઘાનિસ્તાન સામેની શ્રેણીની તમામ મેચો દિલ્હીમાં રમાશે, જેનું શિડ્યુલ નીચે મુજબ છે :



- **પ્રથમ T20 મેચ : ૨૮ જુલાઈ ૨૦૨૬ – અરૂણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી**
- **દ્વિતીય T20 મેચ: ૩૦ જુલાઈ ૨૦૨૬ – અરૂણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી**
- **તૃતીય T20 મેચ : ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ – અરૂણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી**

તમામ મુકાબલા ભારતીય સમયાનુસાર સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે, જ્યારે મેચનો ટોસ સાંજે ૬:૩૦ વાગ્યે કરવામાં આવશે.

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ સુરક્ષાના કારણે ભારતના સ્ટેડિયમ્સને પોતાના 'હોમ ગ્રાઉન્ડ' તરીકે વાપરે છે. દિલ્હીની પિચો સ્પિન બોલિંગ માટે અનુકૂળ હોવાથી અફઘાનિસ્તાને આ મેદાન પસંદ કર્યું છે. રાશિદ ખાન, મુજીબ ઉર રહમાન અને નૂર અહેમદ જેવા દિગ્ગજ સ્પિનરોની હાજરીમાં અફઘાન ટીમ ભારતને તેની જ ધરતી પર આકરો પડકાર આપવા સક્ષમ છે. ઇંગ્લેન્ડ-આયરલેન્ડની હાર ભૂલીને ભારતીય બેટ્સમેનોએ અફઘાન સ્પિન આક્રમણ સામે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

**લાઈવ ટેલિકાસ્ટ અને ટિકિટિંગ :** ભારતમાં આ શ્રેણીનું લાઈવ પ્રસારણ સ્પોર્ટ્સ ૧૮ નેટવર્ક પર કરવામાં આવશે, જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ પર ફેન્સ જીયો સિનેમા એપ અને વેબસાઈટ પર મફતમાં લાઈવ સ્ટ્રીમિંગ જોઈ શકશે. મેચની ટિકિટોનું ઓનલાઈન વેચાણ જલદી શરૂ કરી દેવામાં આવ્યું છે.

### હાયર એજ્યુકેશન સેક્રેટરી બદલાયા

# NEET વિવાદ અને વિરોધ પ્રદર્શન વચ્ચે દિલ્હીમાં મોટો ફેરબદલ

## ઉચ્ચ શિક્ષણ વિભાગમાં આવ્યા પહેલા ગંગવાર પશુપાલન અને ડેરી વિભાગમાં સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કેન્દ્રીય વહીવટીતંત્રમાં ઉચ્ચ સ્તરે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ૧૯૯૪ની બેચના રાજસ્થાન કેડરના IAS અધિકારી નરેશપાલ ગંગવારની શિક્ષણ મંત્રાલય હેઠળના ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ વિનીત જોશીનું સ્થાન લેશે, જેમની બદલી પંચાયતી રાજ વિભાગના સચિવ તરીકે કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ વિભાગમાં આવ્યા પહેલા ગંગવાર પશુપાલન અને ડેરી વિભાગમાં સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા. આ ઉપરાંત, તેઓ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયમાં એડિશનલ સેક્રેટરી તરીકે પણ કામ કરી ચૂક્યા છે, જ્યાં તેમણે પ્રદૂષણ નિયંત્રણ અને જોખમી પદાર્થોના વ્યવસ્થાપનની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. નરેશપાલ ગંગવાર શૈક્ષણિક રીતે ટેકનિકલ અને આર્થિક ક્ષેત્રનું બહોળું જ્ઞાન ધરાવે છે. તેમણે યુનિવર્સિટી ઓફ રૂરકીમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં B.Tech, IIT દિલ્હીમાંથી કોમ્યુનિકેશન અને રડાર એન્જિનિયરિંગમાં M.Tech તથા રાજસ્થાન યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાં M.A. કર્યું છે. પોતાના લાંબા વહીવટી કરિયરમાં તેમણે રાજસ્થાન સરકારમાં શાળા શિક્ષણ, ઊર્જા, કૃષિ, ઉદ્યોગ અને માહિતી ટેકનોલોજી જેવા અનેક મહત્ત્વના વિભાગોમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સિવાય, તેમણે જયપુર ડિસ્કોમના ચેરમેન અને રાજસ્થાન સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના CMD તરીકે પણ સેવાઓ આપી છે. નોંધનીય છે કે, ૨૦૧૦થી ૨૦૧૪ દરમિયાન નેશનલ સોલર મિશનના પ્રારંભિક તબક્કામાં રાજસ્થાનની સોલર એનર્જી પોલિસી ઘડવામાં તેમણે ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

### ફ્રાન્સમાં ૨૦૨૬ની ભીષણ ગરમીથી લોકોની ચિંતા વધી

# ફ્રાન્સમાં ગરમીને કારણે ૨૦ દિવસમાં ૨૧૬૭૪ લોકોનાં મોત નિપજ્યાં

## વધારે તાપમાનથી અગાઉથી બીમાર લોકોની બીમારી વધુ ગંભીર બની જતાં મોતની સંખ્યા વધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ફ્રાન્સમાં ૨૦૨૬ની ગરમીથી લોકોની ચિંતામાં વધારો થયો છે. જૂનનાં અંતિમ દિવસો અને જુલાઈની શરૂઆત વચ્ચે ફ્રાન્સમાં ૨૦,૦૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. ફ્રાન્સની પબ્લિક હેલ્થ એજન્સીનાં આંકડા અનુસાર ૧૭ જૂનથી ૨ જુલાઈની વચ્ચે ૨૧૬૭૪ લોકોનાં મોત થયા છે. સામાન્ય રીતે આ સમયગાળામાં ૧૫૯૧૦ મોત થાય છે. એટલે કે આ વખતે સામાન્ય કરતા ૫૭૬૪ વધારે મોત થયા છે. આ આંકડાઓ પરથી જાણવા મળે છે કે ગરમી હવે ફક્ત હવામાનની મુશ્કેલી રહી નથી પણ તે લોકોનાં સ્વાસ્થ્ય માટે ખતરો બની ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું છે કે તમામ મોત ગરમીને કારણે થયા નથી પણ વધારે તાપમાનને કારણે અગાઉથી બિમાર લોકોની બિમારી વધુ ગંભીર બની ગઈ હતી. જેના કારણે મોતની સંખ્યા વધી ગઈ હતી. ફ્રાન્સમાં સામે આવેલા નવા આંકડાઓ ૨૦૨૬ની ગરમી કેટલી ભયંકર હતી તે દર્શાવે છે. શરૂઆતમાં મોતનો અંદાજ ઓછો હતો પણ પછી સામે આવેલા આંકડાથી જાણવા મળે છે કે ગરમીની અસર પહેલા કરતા વધારે હતી. આ દરમિયાન હોસ્પિટલ અને સ્વાસ્થ્ય કેન્દ્રો ઉપર પણ દબાણ વધી ગયું છે. કોઈ પણ આપત્તિ કે ઘટનાની અસર સમજવા માટે આરોગ્ય એજન્સીઓ અગાઉ કરતા કેટલા મોત વધારે થયા છે તે રજૂ કરે છે. ફ્રાન્સમાં ૧૭ જૂનથી ૨ જુલાઈ સુધીનાં સમયગાળામાં સામાન્યથી ૩૬ ટકા વધારે મોત થયા છે. જો કે આ દરેક મોતનું કારણ ગરમી ન હતી પણ ગરમીને કારણે અગાઉથી બિમાર લોકોની બિમારી વધુ ગંભીર બની ગઈ હતી. ખૂબ જ વધારે ગરમી શરીર પર દબાણ વધારે છે. જેના કારણે શરીરમાં પાણી ઘટી જાય છે. હૃદય, ફેફસા અને કિડની પર અસર પડે છે.

# દલિત કર્મશીલનું અવસાન

(એજન્સી) મેંગ્લુરૂ, તા.૨૪

અવિભાજિત દક્ષિણ કન્નડમાં દલિત ચળવળના સ્થાપક કાર્યકરોમાંના એક અને દક્ષિણ કન્નડમાં જન આંદોલનોમાં ભાગ લેનાર અને માર્ગદર્શક એમ દેવદાસ, ૭૪ વર્ષીય, બુધવારે હૃદયરોગના હુમલાને કારણે અવસાન પામ્યા છે. CPM જિલ્લા સચિવ મુનીર કટીપલાના જણાવ્યા અનુસાર, જ્યારે રાજ્યમાં દલિત સંઘર્ષ સમિતિ (DSS) શરૂ કરવામાં આવી હતી, ત્યારે એમ દેવદાસે દરિયાકાંઠાના જિલ્લામાં દલિત ચળવળ શરૂ કરવા માટે સખત મહેનત કરી હતી. તેમણે સંગઠન બનાવવા માટે જિલ્લામાં પ્રવાસ કર્યો. તેમણે દલિતોમાં વૈચારિક જાગૃતિ અને આત્મસન્માન બનાવવા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા. મેંગ્લુરૂ ક્ષેત્રમાં, તેમણે ડાબેરી અને તર્કવાદી સંગઠનો સાથે મળીને અનેક વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું. દેવદાસે સમાન વિચારધારા ધરાવતા જૂથોના પ્લેટફોર્મ બનાવવા અને સંયુક્ત સંઘર્ષોનું આયોજન કરવામાં પણ યોગદાન આપ્યું. તેઓ કાર્યકર્તાઓની નવી પેઢી માટે પ્રેરણા હતા. સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે, તેમને ૧૨ જુલાઈના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના પરિવારમાં તેમની પત્ની અને બે પુત્રીઓ છે. સીપીએમ દક્ષિણ કન્નડ જિલ્લા સમિતિ અને અન્ય સંગઠનોએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.



# જૌનપુરમાં દલિત યુવક પર હુમલો : SC/ST એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ૪ સામે કેસ દાખલ

(એજન્સી) તા.૨૪

જૌનપુરના સરપતાહા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દલિત યુવક પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. જૂની દુશ્મનાવટને કારણે મિર્ઝાપુર-રુધૌલી પુલ પાસે થયેલા આ હુમલામાં SC/ST એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ચાર નામાંકિત આરોપીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી છે. સવાયન ગામના રહેવાસી રમેશના પુત્ર સૌરભે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ૧૮ જુલાઈની સાંજે કુલદીપ, કિશન, અમન અને દીપચંદ યાદવે તેના પર હુમલો કર્યો હતો. હુમલામાં સૌરભના માથામાં ફ્રેક્ચર થયું હતું, જેમાં મુક્કા, લાતો અને ઈજાઓ થઈ હતી. રાકેશને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેનું ગળું પણ દબાવવામાં આવ્યું હતું. પીડિતોએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે હુમલાખોરોએ જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો અને તેને મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનાની જાણ પોલીસને ૧૧૨ પર કરવામાં આવી હતી. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ત્યાં સુધીમાં બધા આરોપીઓ ભાગી ગયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી એક મોટરસાઈકલ જપ્ત કરી હતી. સ્ટેશન હેડ રામશ્રય રાયે જણાવ્યું હતું કે પીડિતાની ફરિયાદના આધારે, ચાર આરોપીઓ સામે SC/ST એક્ટની વિવિધ કલમો અને અન્ય કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલે વધુ કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ધામપુર પોલીસે દલિત યુવક પર હુમલો કરવાના આરોપમાં બે યુવકોની ધરપકડ કરી




(એજન્સી) તા.૨૪

આ ઘટના ધામપુરના ચક સહજાની ગામ પાસે બની હતી, જ્યાં એક દલિત યુવક પર ત્રણ-ચાર અજાણ્યા યુવાનોએ હુમલો કર્યો હતો. પોલીસ સ્ટેશન વિસ્તારના નાંગલી લાદન ગામના રહેવાસી પ્રમોદ કુમારના પુત્ર વિવેક કુમારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

વિવેકે પોલીસને જણાવ્યું હતું કે તે સ્થાનિક વ્યવસાયમાં મિકેનિક તરીકે કામ કરે છે. તે જ વ્યવસાયમાં એક મહિલા સોનુ અને તેના પરિવાર સાથે વારંવાર ઝઘડા કરતો હતો. આ ઝઘડો બુધવારે થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, પડોશમાં રહેતા બે યુવાનોએ તેમના મિત્રો સાથે મળીને સોનુના પરિવારની ઉશ્કેરણીથી વિવેક પર હુમલો કર્યો હતો. ઈન્સ્પેક્ટર રવિન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ બામનોલીના અદનાન અને દિલ્હી ભાટપુરાના અલી તરીકે થઈ છે. તેમની સાથે બે અન્ય અજાણ્યા વ્યક્તિઓ પણ હતા. પોલીસે અદનાન અને અલીની ધરપકડ કરી છે અને તેમની સામે ચલણ જારી કર્યું છે. વિવેકની ફરિયાદના આધારે પોલીસે મનીષની પત્ની સોનુનું પણ નામ જાહેર કર્યું છે.

### એમેઝોનમાં છટણીનો રાઉન્ડ ટુ

# એઆઈની અસર : એમેઝોન અને ઉબરમાં મોટાપાયે છટણીની તૈયારી

## ૨૦૨૬માં એઆઈને કારણે ટેક સેક્ટરમાં રેકોર્ડ નોકરીઓ ઘટી : ઉબરે કસ્ટમર સપોર્ટ ટીમની સંખ્યા ૧૦ ટકા ઘટાડી

(એજન્સી) કેલિફોર્નિયા, તા.૨૪

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા ઉપયોગને કારણે વિશ્વની ટોપ ટેક કંપનીઓમાં કર્મચારીઓની છટણી વધવાની શક્યતા છે. હવે, એમેઝોન અને ઉબર જેવી કંપનીઓએ વધુ કર્મચારીઓ ઘટાડવાના સંકેત આપ્યા છે. એમેઝોને તેની આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ ટીમમાં ફરી એકવાર છટણી શરૂ કરી છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ નિર્ણય એઆઈ સંબંધિત પ્રોજેક્ટસને વધુ અસરકારક બનાવવા અને કસ્ટમર્સને અસર કરનારા પ્રોજેક્ટસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લેવામાં આવ્યો છે. જોકે કેટલા કર્મચારીઓને તેની અસર થશે તેની જાહેરાત નથી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે જાન્યુઆરીમાં એમેઝોને લગભગ ૧૬,૦૦૦ કર્મચારીઓની છટણી કરી હતી. બીજી તરફ, ઉબરે તેના કસ્ટમર સપોર્ટ વિભાગના લગભગ ૧૦ ટકા કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. કંપનીએ પહેલી વખત સ્વીકાર્યું છે કે એઆઈના વધતા ઉપયોગને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કમ્યુનિટી ઓપરેશન્સ ટીમના મોટાભાગના કર્મચારીઓને અસર પહોંચી છે. એઆઈને કારણે માઈક્રોસોફ્ટ, મેટા, ઓરેકલ સહિતની કંપનીઓએ હજારો કર્મચારીઓની છટણી કરી છે.

# તલવારો, ધાર્મિક મંત્રોચ્ચાર : જંતરમંતર પર CJPના વિરોધ પ્રદર્શન પર અન્ય લોકોનો કબજો થવાનું જોખમ

**કોમી સૂત્રોચ્ચાર, શસ્ત્રો સાથે નિહંગો, અઘોષિત કૂચ હવે નવી દિલ્હીના જંતરમંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનને વ્યાખ્યાયિત કરી રહ્યા છે. શિક્ષણનો મુખ્ય મુદ્દો હવે અંધાધૂંધીમાં ખોવાઈ ગયો હોય તેવું લાગે છે અને વિવિધ હિતો દ્વારા આ વિરોધ પ્રદર્શનને હાઈજેક કરવાના જોખમો છે**

(એજન્સી) તા.૨૪



બુધવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે નવી દિલ્હીના જંતરમંતર પર લાઉડસ્પીકર પર એક અવાજ સંભળાયો કે, "મુસલમાન જય શ્રી રામ નહીં બોલે, ભારત માતા કી જય નહીં બોલે," થોડીવારમાં જ, ભીડના કેટલાક લોકોએ તેનો પડઘો પાડ્યો. લગભગ એટલી જ ઝડપથી, લાઉડસ્પીકર પરના જૂથે "નારા-એ-તકબીર, અલ્લાહુ અકબર", "જય શ્રી રામ" અને "ભારત માતા કી જય"ના નારા લગાવ્યા. નારા લગાવવાની પ્રક્રિયા ઘણી મિનિટો સુધી ચાલુ રહી કારણ કે સેંકડો લોકો જોતા હતા, કેટલાક તેમાં જોડાતા હતા, અન્ય લોકોએ તેમના મોબાઈલ ફોન પર આ દૃશ્ય રેકોર્ડ કર્યું હતું. જંતરમંતરથી થોડાક જ મીટર દૂર - ટોલ્સટોય માર્ગ નજીક - લગભગ તે જ સમયે શીખ યોદ્ધા સંગઠનના સભ્યો, નિહંગો, તલવારો, ઔપચારિક કિરપાણ અને લાંબા ભાલા લઈને દિલ્હી પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ (RAF)ના કર્મચારીઓની સામે ઉભા હતા. જો લોકો જંતરમંતર પર પ્રદર્શન કરી રહ્યા હોય અને તેમને ખબર ન હોય કે વિરોધીઓ ત્યાં કેમ ભેગા થયા છે, તો તેમના માટે અનુમાન લગાવવું મુશ્કેલ બનશે કે આ NEET-UG પેપર લીક અંગેનું આંદોલન હતું અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગણીઓમાંનું એક હતું. ઈન્ડિયા ટુડે ડિજિટલ વિરોધ પ્રદર્શનના પહેલા દિવસથી જ રિપોર્ટિંગ કરી રહ્યું છે જ્યારે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દિપકે ૬ જૂને ત્યાં ઉતર્યા હતા. કાર્યકર્તા સોનમ વાંગચુકની ભૂખ હડતાળ આગળ વધતી હોવાથી અમે રસ અને લોકોની સંખ્યામાં વધારો જોયો છે. પરંતુ ૨૦ જુલાઈ પછી જંતરમંતર ખાતે વિરોધ સ્થળનું દૃશ્ય નાટકીય રીતે બદલાઈ ગયું છે, જ્યારે સરકાર તરફ કૂચને અતિશય બળપ્રયોગ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવી હતી. એટલો બદલાવ આવ્યો છે કે તે હવે CJP દ્વારા વિરોધ હોય તેવું લાગતું નથી. વિરોધ વધ્યો છે અને CJP નેતૃત્વ હવે નિયંત્રણમાં નથી. જો વિરોધ પહેલાથી જ હાઈજેક ન થયો હોય, તો, તે હવે હાઈજેક થઈ શકે છે. ૨૦૧૬માં પાકિસ્તાની આતંકવાદીઓ સામે થયેલી સર્જિકલ સ્ટ્રાઈકની યોજનાનું નેતૃત્વ કરનારા લેફ્ટનન્ટ જનરલ સતીશ દુઆ (નિવૃત્ત)એ કહ્યું કે, પરિસ્થિતિનો લાભ લેવા માંગતા બાહ્ય તત્વો દ્વારા આ યુવા વિરોધ હાઈજેક થઈ શકે છે. બુધવારે રાત્રે એક યુદ્ધજન્ય ક્રૂરતાથી માર મારવામાં આવ્યો હતો અને ગુરુવારે, જંતરમંતર પર વિરોધીઓ નિહંગોના જૂથ સાથે અથડાયા હતા. ત્યારબાદ ફરજ પરના દિલ્હી પોલીસ અને RAF કર્મચારીઓની નિયમિત હાલાકી પણ જોવા મળે છે. ૨૦ જુલાઈના કાર્યવાહી બાદ પ્રતિક્રિયાનો સામનો કર્યા પછી સુરક્ષા કર્મચારીઓ અસામાન્ય સંયમ બતાવી રહ્યા છે. પહેલા દિવસે, વિરોધનું સ્વરૂપ અલગ દેખાતું હતું. તે એક નાનો મેળાવડો હતો અને તેને નિયંત્રિત કરી શકાયો હતો. શિક્ષણવિદ અને કાર્યકર્તા સોનમ વાંગચુકના આગમન પછી જ રાષ્ટ્રીય રાજધાનીમાં નિયુક્ત વિરોધ સ્થળ અઠવાડિયાથી દિપકે-સ્થાપિત CJP દ્વારા કબજો કરવામાં આવ્યો છે અને, વાંગચુકે અનિશ્ચિત ભૂખ હડતાળ શરૂ કર્યા પછી શરૂઆતમાં વિરોધીઓના છૂટછવાયા જૂથને જે આકર્ષિત કર્યું તે ધીમે ધીમે રાષ્ટ્રીય ચળવળમાં પરિવર્તિત થયું. વિદ્યાર્થીઓ વિવિધ રાજ્યોમાંથી પ્રવાસ કરતા હતા. સ્વયંસેવકોએ ભીડનું સંચાલન કર્યું. મુલાકાતીઓ એકતા વ્યક્ત કરવા માટે લાઈનમાં ઉભા હતા જ્યારે ડૉક્ટરોએ વાંગચુકના સ્વાસ્થ્યનું નિરીક્ષણ કર્યું હતું. ૧૮ જુલાઈના રોજ વાંગચુકને જંતરમંતરથી બળજબરીથી દૂર કરવામાં આવ્યા અને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જ્યારે વાંગચુક સ્ટેજ પર હતા, ત્યારે ધ્યાન શિક્ષણ, પરીક્ષા સુધારા અને સરકારી જવાબદારી પર મજબૂત રીતે રહ્યું. આજે, વાંગચુકની ગેરહાજરી સાથે, તે ધ્યાન ઓળખવું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. આ વિરોધ એક જ સ્થળે અનેક પ્રદર્શનો જેવું દેખાવા લાગ્યું છે. વિવિધ જૂથો સમૂહમાં ભેગા થાય છે, દરેક પોતપોતાના સૂત્રોચ્ચાર કરે છે. કેટલાક શૈક્ષણિક સુધારાઓની ચર્ચા કરે છે, જ્યારે અન્ય અસંબંધિત રાજકીય મુદ્દાઓ અને સાંપ્રદાયિક ચર્ચા કરે છે. ઘણા સહભાગીઓ ફક્ત એટલા માટે હાજર હોય તેવું લાગે છે કારણ કે વિરોધ જાહેર ગુસ્સાનું કેન્દ્રબિંદુ બની ગયું છે. બુધવારે રાત્રે, વિરોધનું બદલાતું સ્વરૂપ જંતરમંતરની બહાર ફેલાઈ ગયું. નવી દિલ્હીના કનોટ પ્લેસમાંથી કોઈ પણ જાહેર કાર્યક્રમ વિના મોટી ભીડ કૂચ કરી અને બાદમાં હિંસક બની ગઈ. પોલીસના જણાવ્યા અનુસાર, અશાંતિ દરમિયાન વિરોધીઓ કર્મચારીઓ સાથે અથડાયા, પથ્થરમારો કર્યો અને પોલીસ વાહનોને નુકસાન પહોંચાડ્યું છે. અહીં સૂત્રોચ્ચાર છે. ગુસ્સો છે. પરંતુ સંકલન ઓછું છે. સહભાગીઓની વિવિધતા પણ છે. ઉપસ્થિત લોકોમાં શસ્ત્રો પ્રદર્શિત કરનારા નિહંગો, શિક્ષણ સાથે સંબંધિત ન હોય તેવા મુદ્દાઓ ઉઠાવનારા સમર્થકો અને મુલાકાતીઓ હતા જેમણે ખુલ્લેઆમ સ્વીકાર્યું હતું કે તેઓ મોટા પાયે વિરોધનો અનુભવ કરવા માંગતા હોવાથી આવ્યા હતા. વધતી જતી અનિશ્ચિતતા વચ્ચે મહિલાઓની સુરક્ષાની ચિંતાઓ વધી રહી છે. ભીડની બદલાતી રચનાએ પણ સલામતીની ચિંતાઓ ઉભી કરી છે. ઈન્ડિયા ટુડે ડિજિટલની રાત્રિ મુલાકાત દરમિયાન, જંતરમંતરમાં આરામ કરી રહેલી એક યુવતીએ આરોપ લગાવ્યો કે એક પુરુષે તેના પર જાતીય હુમલો કરવાનો પ્રયાસ કર્યો. નજીકના લોકોએ ઝડપથી દરમિયાનગીરી કરી હતી. જોકે, કદાચ સૌથી નોંધપાત્ર ફેરફાર ભીડનું કદ નહીં પરંતુ તેની વાતચીતનું બદલાતું સ્વરૂપ છે. શરૂઆતના દિવસોમાં, ચર્ચાઓ પરીક્ષા લીક, વિદ્યાર્થીઓના ભવિષ્ય અને શૈક્ષણિક જવાબદારી પર કેન્દ્રિત હતી. આજે, વાતચીત વારંવાર ધર્મ, ઓળખ, પ્રાદેશિક ચળવળો અને વ્યાપક રાજકીય ફરિયાદો તરફ છે. વિરોધ સ્થળ પર પહોંચતા લોકો પરિચિત થાય છે અને નાના જૂથો બનાવે છે. તેઓ સ્વયંસેવક બંને છે અને એકબીજા સાથે સંકલન કરે છે. કોકરોચ જનતા પાર્ટી માટે, તે પડકાર વધુને વધુ દૃશ્યમાન છે. તેના પોસ્ટરો હજુ પણ દેખાય છે. તેના સ્વયંસેવકો જાહેરાતો કરવાનું ચાલુ રાખે છે. પરંતુ તે તાત્કાલિક વિસ્તારની બહાર, વિરોધ ઘણીવાર તે સંગઠનથી સ્વતંત્ર રીતે કાર્ય કરતો દેખાય છે જેણે તેને શરૂ કર્યું હતું. તેનો અર્થ એ નથી કે મૂળ માંગણીઓ અદ્રશ્ય થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ આવે છે. જવાબદારીની માંગ કરતા ભાષણો ચાલુ છે. પરિવારો હજુ પણ વિરોધ સાથે એકતા વ્યક્ત કરવા માટે મુલાકાત લે છે. જેમ જેમ આંદોલન વધતું જાય છે, તેમ તેમ તેના આયોજકો અને તેના સમર્થકો બંને સામેનો પ્રશ્ન વધુને વધુ તાકીદનો બની રહ્યો છે. શું વિરોધ દરેક ફરિયાદનો મંચ બની જાય છે પછી તે કેન્દ્રિત રહી શકે છે, કે પછી તેને એવી વસ્તુમાં ફેરવી નાખવામાં આવશે જેનો તેના સ્થાપકોએ ક્યારેય ઈરાદો રાખ્યો ન હતો?

# CJPનો વિરોધ એ બીજું અણ્ણા આંદોલન નથી : તે એવી ચળવળ છે જેની સામે મોદી સરકાર લડત આપી શકે તેમ નથી

**મોદી સરકારે વિદ્યાર્થીઓની તાત્કાલિક માંગણીઓનો જવાબ આપ્યો નહીં કારણ કે તેનો અહંકાર હતો. વલણ એવું હતું કે, 'અમે આવા આંદોલનોને જોયા છે. અમે આ બાળકોને પણ સંભાળીશું'**

(એજન્સી) તા.૨૪



હાલના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન કહેવાતા ભારત ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનનું પુનરાવર્તન નથી. તે RSS દ્વારા નિર્મિત ભીડ નથી. જંતરમંતર પર કોઈ પણ સાધ્વી ઋતંભરાનું ૨૦૧૧માં અણ્ણા હજારે અને તેમના કઠપૂતળી માલિકોએ જે રીતે સ્વાગત કર્યું હતું તે રીતે સ્વાગત કરશે નહીં. અરવિંદ કેજરીવાલે IAC સાથે જે રીતે આંદોલનનો ઉપયોગ વ્યક્તિગત પ્રચાર જાહેરાત તરીકે કરવાનો પ્રયાસ કર્યો તેવી અહી કોઈ વ્યક્તિ નથી. અને અણ્ણા હજારેની જેમ કોઈ વૃદ્ધ નેતાને ઉપયોગમાં લેવામાં આવી રહ્યો નથી. નેપાળ અને બાંગ્લાદેશમાં વિદ્યાર્થી આંદોલનો સાથે સમાનતાઓ પણ નથી. ત્યાંનો ઉદ્દેશ્ય શાસન પરિવર્તનનો હતો. વિરોધીઓ હિંસક હતા અને સરકારી મિલકતનો નાશ કરવા અને વૈશ્વિક ધ્યાન દોરવા માટે કટિબદ્ધ હતા. જંતરમંતરના વિરોધીઓનો આ સ્પષ્ટપણે કોઈ હેતુ નથી. તેઓ ભારત સરકારને તોડી પાડવા કે સંસદને બાળી નાખવા માંગતા નથી. અને અલબત્ત, તેઓ રાષ્ટ્રવિરોધી નથી, ભલે કહેવાતા ગોદી મીડિયા જે પણ કહે. તેઓ કોઈ વિશાળ ISI ષડયંત્રનો ભાગ નથી. તેમને CIA કે ચીન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું નથી. તો આપણે જે જોઈ રહ્યા છીએ તેની સાથે યોગ્ય સમાનતા શું છે? તે કહેવું મુશ્કેલ છે કારણ કે વિરોધ વ્યૂહરચના અથવા રાજકીય સત્તા કબજે કરવા વિશે નથી. કોકરોચ જનતા પાર્ટી (CJP)એ સોશિયલ મીડિયા ઘટના તરીકે શરૂઆત કરી હતી જે ભારતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા દેશના યુવાનોના એક વર્ગને "કોકરોચ" કહેવાની ટિપ્પણી પર ગુસ્સાથી પ્રેરિત હતી. શિક્ષણ પ્રણાલી અને NEET પેપર લીક સામે એક મોટા વિરોધ આંદોલન શરૂ થયું. પરંતુ એકવાર સોનમ વાંગચુકે પોતાના મુદ્દાને વિરોધીઓ સાથે જોડી દીધો અને ભૂખ હડતાળ શરૂ કરી, અને હવે, સરકારના લાઠીઓ અને પેલેટ ગનનો સામનો કરીને, તેનું સ્વરૂપ ફરી બદલાઈ ગયું છે. આ વિરોધ, જાહેર ગુસ્સો અને હતાશાની અભિવ્યક્તિ છે. જોકે તેમની માંગણીઓ ફરીથી ગોઠવવામાં આવી રહી છે - વાંગચુકે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણીથી માત્ર વિચારણા સુધી પોતાનું વલણ નરમ પાડ્યું હોવાનું કહેવાય છે પણ વિરોધ પ્રદર્શનોમાં રહેલો ગુસ્સો દૂર થઈ રહ્યો નથી. વિરોધનો આ તબક્કો ૨૦૧૨ના દિલ્હી બસ ગેંગ રેપ કેસ પરના જાહેર ગુસ્સાની યાદ અપાવે છે. વિદેશમાં સારી નોકરી મેળવવા માટે નહીં પણ કોઈપણ પ્રકારની રોજગાર શોધવા માટે. દર ૨૦ મિનિટે, સરેરાશ એક ભારતીય અમેરિકાની સરહદ પર ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાય છે. તેમાંના મોટાભાગના ગુજરાતના છે જેને એક મોડેલ રાજ્ય તરીકે રજૂ કરવામાં આવે છે. જ્યારે તેઓ ઉશ્કેરાટમાં આવ્યા, ત્યારે તે તેની માનક નીતિ પર પાછી પડી ગઈ: ક્યારેય વિરોધમાં હાર ન માનો. કોઈ મંત્રી રાજીનામું આપશે નહીં. મીડિયાના એક વર્ગને વિરોધ પ્રદર્શનોને ઓછું મહત્વ આપવા અને તેમને દુષ્ટ વિદેશી દળોના હાથનું કામ ગણાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેણે એવું કરવાની જરૂર નહોતી. બીજા વિકલ્પો પણ હતા. તે વધુ તાત્કાલિક માંગણીઓનો જવાબ આપી શક્યું હોત. શિક્ષણ પ્રધાન સંગઠનાત્મક કાર્ય કરવા માટે રાજીનામું આપી શક્યા હોત. જ્યારે વિરોધીઓ રાહુલ ગાંધીની મુલાકાતની માંગ કરવાનું શરૂ કર્યું, ત્યારે ભયની ઘંટડીઓ વાગી ગઈ હોત; મુખ્ય પ્રવાહના રાજકારણીઓ તેમાં સામેલ થાય તે પહેલાં સરકાર હસ્તક્ષેપ કરી શકી હોત. તેણે આમાંથી કંઈ કર્યું નહીં કારણ કે વ્યૂહરચના કરતાં અહંકાર અને કથિત મક્કમતા હતી. વલણ એવું હતું કે, 'અમે આવી ઘણી ચળવળ જોઈ છે. અમે આ બાળકોને સરળતાથી સંભાળીશું.' અને કદાચ તે કરશે. નિઃશસ્ત્ર વિરોધીઓ પર પેલેટ ગન ચલાવીને, સરકાર કોઈપણ ભીડને વિખેરી શકે છે. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવાનો વાસ્તવિક અનુભવ ન ધરાવતા યુવાનોને ક્રૂર અને નિર્દય પોલીસ અને અર્ધલશ્કરી દળો દ્વારા ડરાવી શકાય છે. પરંતુ સરકાર જેની સામે લડી શકતી નથી તે તેમની ભાવના છે. જંતરમંતર અને ભારતમાં અન્યત્ર પ્રદર્શન કરનારા લોકો ફક્ત હિમશિલાની ટોચ છે. તેમણે જે ગુસ્સો વ્યક્ત કર્યો છે તે સોશિયલ મીડિયા પર આ વિરોધ પ્રદર્શનો જોનારાઓ દ્વારા શેર કરવામાં આવે છે. દર વખતે જ્યારે તેઓ પોલીસકર્મી દ્વારા મહિલાને થપ્પડ મારવાનો અથવા તેમના ગુપ્તાંગ પાસે લાઠી મારવાનો વીડિયો જુએ છે, ત્યારે ગુસ્સો વધતો જાય છે. આ વિદ્યાર્થીઓ ખરેખર ફરિયાદો ધરાવતા વિદ્યાર્થીઓ છે. પોલીસને મહિલા પ્રદર્શનકારીઓનું અપમાન કરવાની અથવા તેમના હાડકાં તોડવાની મંજૂરી આપવી એ એક સરમુખત્યારશાહી રાજ્ય માટે યોગ્ય પ્રતિક્રિયા હોઈ શકે છે. જો સરકાર આ વિરોધ પ્રદર્શનોને શાંત કરવામાં સફળ થાય છે તો પણ તે ક્યારેય તે ધારણાને ભૂંસી શકશે નહીં કે, એક સમય હતો જ્યારે યુવાનો માનતા હતા કે નરેન્દ્ર મોદી ભારતને બદલી નાખશે. પણ આ પેઢી આ વાત માનશે નહીં. અને તે ક્યારેય ભૂલશે નહીં કે સરકારે વાસ્તવિક ફરિયાદોનો કેવી રીતે જવાબ આપ્યો છે. **(સૌ.: ધ પ્રિન્ટ.ઈન)**

# 'જો તમારે નામ બદલવું જ હોય તો બદલો પણ અમારી કારકિર્દીનો અંત ન લાવો' જૌહર યુનિવર્સિટી ખાતે કેમ્પસ તોડી પાડવાના ભય સામે મહિલાએ સૌથી મોટો અવાજ ઉઠાવ્યો

(એજન્સી) તા.૨૪



"નામ સે દિક્કત હૈ તો નામ બદલ દો (જો તમને નામથી સમસ્યા હોય, તો નામ બદલો), યુનિવર્સિટી હસ્તગત કરો... પરંતુ તેને તોડી પાડશો નહીં," રામપુરની મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટીમાં ઓટી ટેક્નિશિયનનો કોર્સ કરી રહેલા ૨૦ વર્ષીય શાહવેઝ કહે છે. યુનિવર્સિટીમાં એમ. ફાર્માના વિદ્યાર્થી, ૨૬ વર્ષીય મોહમ્મદ શોએબ, પોતાની અંતિમ વર્ષની પરીક્ષાના પરિણામોની રાહ જોઈ રહ્યો છે, તે ચિંતિત છે કે જો રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટી ૧૫ જુલાઈના રોજ યુનિવર્સિટીની ૪૦ ઈમારતોમાંથી ૩૮ ઈમારતોને તોડી પાડવાની નોટિસ જારી કરે છે, તો ત્રણ મહિના પછી કોન્વોકેશનનું શું થશે અથવા "શું ડિગ્રી પણ માન્ય રહેશે?", જે ૫ ઓગસ્ટ સુધીનો સમય આપે છે. મેડિકલ કોલેજ બિલ્ડિંગ અને એકેડેમિક બ્લોક સિવાય બાકી રહેલી બધી ઈમારતોને તોડી પાડવાથી મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી લગભગ બંધ થઈ જશે, જે ૨૫૦ એકરમાં ફેલાયેલી છે અને લગભગ ૨૦ વર્ષ પહેલાં સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકાર હેઠળ, આઝમ ખાન, જે યુનિવર્સિટીના આજીવન ચાન્સેલર છે, તેમની સામે લગભગ સો કેસ નોંધાયા છે, જેમાંથી ૭૦થી વધુ કેસ ફક્ત ૨૦૧૯માં નોંધાયા છે, જેમાંથી લગભગ ૩૦ કેસ યુનિવર્સિટી સાથે સંબંધિત છે.

**'આપણું ભવિષ્ય દાવ પર છે' : જૌહર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ડિમોલિશન નોટિસ સામે અનિશ્ચિત સમય માટે ધરણા શરૂ કર્યા**

'વિદ્યાર્થી સલાહ કેન્દ્ર' દ્વારા શોએબને કહેવામાં આવ્યું છે કે, યુનિવર્સિટીના દરવાજા પર એક તંબુમાંથી કાર્યરત-રામપુરની સરકારી કોલેજોના લગભગ ૧૫ શિક્ષકો અને સ્ટાફ સભ્યો દ્વારા સંચાલિત-ચિંતા ન કરો અને તેને તેની ડિગ્રી મળશે.

ફરાહ અને તેના મિત્રો, જે સહાયક નર્સ મિડવાઈફ કોર્સના વિદ્યાર્થીઓ છે. જોકે, આ ચિંતા ફક્ત તેના કે અન્ય વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત રહેશે નહીં, શોએબ અવલોકન કરે છે. "૨૦૧૧ની વસ્તી ગણતરીમાં, રામપુર સાક્ષરતામાં ઉત્તરપ્રદેશમાં પાંચમા ક્રમે હતું. અમારી મજાક ઉડાવવામાં આવતી હતી. કલ્પના કરો કે જો જિલ્લાની એકમાત્ર યુનિવર્સિટી તોડી પાડવામાં આવે તો શું થશે." હિજાબ પહેરેલી અને સ્કૂટી ચલાવતી ત્રણ મિત્રો જવાબથી ડરે છે. "સરકાર બેટી બચાવો, બેટી પઢાઓ વિશે વાત કરે છે, પણ આપણા શિક્ષણનું શું? આપણા માતા-પિતા આપણને બીજે ક્યાંય જવા દેશે નહીં," સ્કૂટી ચલાવતી ફરાહ કહે છે. ત્રણેય યુનિવર્સિટીમાં સહાયક નર્સ મિડવાઈફ કોર્સ કરી રહ્યા છે. કાઉન્સેલરો તેમને ખાતરી આપે છે કે, તેમને તેમની પસંદગીની અન્ય કોલેજોમાં "એડજસ્ટ" કરવામાં આવશે, પરંતુ ત્રણેય એકસાથે ભારપૂર્વક કહે છે: "અમે બીજે ક્યાંય જવા માંગતા નથી." મૌલાના મોહમ્મદ અલી જૌહર ટ્રસ્ટ, જે યુનિવર્સિટી ચલાવે છે, તેના વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૨,૪૦૦ છે, જેઓ વિજ્ઞાન, કાયદો, માનવતા, વાણિજ્ય, ઈસ્લામિક અભ્યાસ, શિક્ષણ, કૃષિ વિજ્ઞાન, ફાર્મસી જેવી ૧૪ ફેકલ્ટીમાં લગભગ ૪૦ અભ્યાસક્રમો અને ડિપ્લોમા નોંધાયેલા છે. મોટાભાગના વિદ્યાર્થીઓ પેરામેડિક્સ અને ફાર્મસી જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં નોંધાયેલા છે. લગભગ એક તૃતીયાંશ મહિલાઓ છે; નોંધપાત્ર સંખ્યામાં હિન્દુઓ છે. મુસ્લિમ બહુમતી ધરાવતા રામપુર જિલ્લામાં બીજી કોઈ યુનિવર્સિટી નથી, સૌથી નજીકની સરકારી યુનિવર્સિટી અને મુરાદાબાદમાં ગુરૂ જંબેશ્વર યુનિવર્સિટી છે, જે ૫૦ કિમી દૂર છે. જૌહર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે વહીવટીતંત્રે તૈયાર કરેલા ૩૦ કોલેજ વિકલ્પોમાંથી મોટાભાગના ગુરૂ જંબેશ્વર યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. ગયા વર્ષે જ સ્થાપિત ગુરૂ જંબેશ્વરમાં હજુ સુધી કોઈ કેમ્પસ નથી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી, રામપુરની બહાર વિદ્યાર્થીઓનો વિરોધ. પ્રશાસને ડિમોલિશન નોટિસ સાથે જૌહર યુનિવર્સિટીના દરવાજા પર કાઉન્સેલરો તૈનાત કરવાની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, તેઓ વિદ્યાર્થીઓના કોઈપણ પ્રશ્નોના જવાબ આપશે, જેમાં તેઓ પસંદ કરી શકે તેવી કોલેજોના નામનો પણ સમાવેશ થાય છે. કાઉન્સેલરો કેમ્પસમાં પ્રવેશતા અને બહાર નીકળતા દરેક વિદ્યાર્થીની વિગતો લઈ રહ્યા છે, જો જરૂર પડે તો તેમનો પીછો કરી રહ્યા છે. કેન્દ્રના વડા અને સરકારી રઝા પીજી કોલેજના પ્રિન્સિપાલ જાગૃતિ મદન કહે છે કે, વિદ્યાર્થીઓએ ગભરાવું જોઈએ નહીં. "તેઓ (૩૦માંથી) કોઈપણ કોલેજ પસંદ કરી શકે છે. આમાંથી પાંચ સરકારી છે, બાકીની ખાનગી કોલેજો ગુરૂ જંબેશ્વર યુનિવર્સિટી સાથે જોડાયેલી છે અને મોટાભાગના અભ્યાસક્રમો જૌહર યુનિવર્સિટીના ઓફર કરવામાં આવે છે." ૧૮ જુલાઈના રોજ, વિદ્યાર્થીઓએ ડિમોલિશનના આદેશ અને કાઉન્સેલિંગ સેન્ટર સામે વિરોધ શરૂ કર્યો-જ્યારે ડિમોલિશન નોટિસ મુજબ હજુ ઘણા દિવસો બાકી હતા ત્યારે તેને શા માટે સ્થાપિત કરવામાં આવ્યું હતું-ત્યારે કાઉન્સેલરોએ કામગીરી બંધ કરી દીધી. મોટાભાગના વિદ્યાર્થીઓ સેન્ટરમાં તેમના નામ, તેઓ જે ડિગ્રી મેળવી રહ્યા છે અને સંપર્ક નંબરો શેર કરે છે, તેમ છતાં ચિંતા વધતી જ રહે છે. વિદ્યાર્થીઓ ઉપરાંત, કેમ્પસમાં સંબંધીઓ તેમજ પૂર્વ વિદ્યાર્થીઓ પણ પૂછે છે કે, ડિમોલિશનનો તેમના માટે શું અર્થ થાય છે-"શું ભૂતકાળમાં આપવામાં આવેલી ડિગ્રીઓ અને ડિપ્લોમા માન્ય રહેશે?", તેઓ પૂછે છે અને "જ્યારે અમે નોકરી માટે અરજી કરીશું ત્યારે અમારી ડિગ્રીઓની ચકાસણી કોણ કરશે?" કાઉન્સેલરો દ્વારા રાખવામાં આવેલા રજિસ્ટરમાં, કેટલાકે એક પી લખ્યો છે "યુનિવર્સિટીને તોડી ન નાખવા કારણ કે તે આપણી કારકિર્દીનો નાશ કરશે". જોકે, મોટાભાગના લોકો "કોઈ વાંધો નહીં" લખે છે. જોકે, મૌખિક રીતે, મુખ્ય પ્રશ્ન એ છે કે, દંડ લાદવા અથવા સમાન પગલાં લેવાને બદલે ઈમારતો કેમ તોડી પાડવી. ફરાહ એ જ કહે છે: "જો કોઈ ગેરરીતિઓ હોય, તો તેને સુધારી શકાય છે." બે વર્ષ પહેલાં યુનિવર્સિટીમાં ફાર્મસીનો કોર્સ પૂર્ણ કરનાર અંસાર અલી કહે છે: "બીજી યુનિવર્સિટી ભૂલી જાઓ, અહીંથી નજીકની કોલેજ, રઝા કોલેજ પણ ૩૦ મિનિટની મુસાફરી છે. છોકરીઓને સૌથી વધુ તકલીફ પડશે, કારણ કે તેમને હવે ઘરે બેસવાનું કહેવામાં આવશે. વધુમાં, અન્ય સ્થળોએ ફી માળખું વધુ હશે. જૌહર યુનિવર્સિટીમાં ફી કન્સેશન માટે વિવિધ જોગવાઈઓ છે, જે તેને અન્ય ખાનગી યુનિવર્સિટીઓ કરતા ઓછી બનાવે છે." મોના કંબોજ કાઉન્સેલિંગ સેન્ટર પર થોડી હાંફ ચઢાવે છે, કહે છે કે, તે અહીં તેના એક સંબંધી માટે છે જેણે જૌહર યુનિવર્સિટીમાંથી બી.એડ કર્યું છે. "તેણી ચિંતિત છે કે, શું તેની ડિગ્રી માન્ય છે અને શું તે તેના દ્વારા નોકરી માટે અરજી કરી શકે છે," તેણી કહે છે. બુધવારે એક ટ્વિટમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે ડિમોલિશનના આદેશને 'વિકૃત' ગણાવ્યો, ખાસ કરીને 'ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાયુક્ત સંસ્થાઓનો અભાવ ધરાવતા રાજ્યમાં'. 'જો બાંધકામ ગેરકાયદેસર હોત, તો અન્ય સજાઓ શોધો-દંડ, અન્ય શિક્ષાત્મક પગલાં, સરકારી ટેકઓવર પણ-પરંતુ યુપીને જરૂરી કાર્યરત યુનિવર્સિટીનો નાશ ન કરો!' સાંસદે ટ્વિટ કર્યું. વહીવટીતંત્રના સૂત્રો કહે છે કે, યુનિવર્સિટી પાસે ફક્ત બે જ વિકલ્પો છે-રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન, જે મુરાદાબાદ ડિવિઝનના કમિશનર પણ છે, સમક્ષ અપીલ દાખલ કરો અથવા કોર્ટનો સંપર્ક કરો. જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દ્વિવેદી, જે રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટીના ઉપાધ્યક્ષ છે, કહે છે કે, ડિમોલિશન નોટિસ આપતા પહેલા યુનિવર્સિટીને ગેરરીતિઓનો જવાબ આપવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. તોડી પાડવાની સૂચના આપવામાં આવી હતી તે ઈમારતોના નકશાને મંજૂરી આપવામાં આવી ન હતી, કૃષિ ક્ષેત્રે જમીનનો ઉપયોગ પણ બદલવામાં આવ્યો ન હતો, તે કહે છે. અધિકારીઓએ કહ્યું છે કે, રેકોર્ડ દર્શાવે છે કે ફક્ત બે યુનિવર્સિટી ઈમારતો જે તોડી પાડવામાં નહીં આવે તેમને જ માન્ય ઈમારત મંજૂરીઓ મળી હતી. ભાજપે સમાજવાદી પાર્ટી પર હુમલો કરવા માટે આ મુદ્દો ઉઠાવ્યો છે અને પૂછ્યું છે કે, ૨૦૦૬માં યુનિવર્સિટીને મંજૂરી આપતી તેમની સરકારે યુનિવર્સિટીના હિતોને ધ્યાનમાં રાખતા જમીનના ઉપયોગને કેમ બદલ્યો નહીં. યુનિવર્સિટી સાથે જોડાયેલા આઝમ ખાન સામેના ૩૦ કેસોમાં, મોટાભાગના કેસ તેના વિસ્તરણ માટે કથિત રીતે જમીન કબજે કરવાના છે. એક કેસ જૌહર યુનિવર્સિટી કેમ્પસમાં "દફનાવવામાં આવેલા" સરકારી રોડ સફાઈ મશીનો મળી આવ્યા છે, જ્યારે અન્ય કેસ પરિસરમાં એક મદરેસામાંથી ચોરાયેલા પુસ્તકો અને જૂની હસ્તપ્રતોની કથિત પુનઃપ્રાપ્તિ વિશે છે. યુનિવર્સિટી ટ્રસ્ટના સભ્ય, આઝમ ખાનની પત્ની તાઝીન ફાતિમા, તેમના પતિ સામે ચાલી રહેલા 'અભિયાન' સાથે શું થઈ રહ્યું છે તે જોડે છે: 'અમે ઘણું સહન કર્યું છે... તે (આઝમ ખાન) ફક્ત સમુદાયને ઉત્થાન આપવા માટે એક યુનિવર્સિટી બનાવવા માંગતા હતા. છેલ્લા દાયકામાં, અમારા વિદ્યાર્થીઓ કામ માટે વિદેશ ગયા છે, અધિકારીઓ બન્યા છે, ન્યાયતંત્રમાં જોડાયા છે... આ બધા યોગદાનને નકારી શકાય નહીં." યુનિવર્સિટીની બહાર પોલીસ દળની તૈનાતી અને કાઉન્સેલિંગ સેન્ટરની સ્થાપના પર પ્રશ્ન ઉઠાવતા, ફાતિમા, જે ૨૦૦૯ સુધી રઝા સરકારી પીજી કોલેજમાં સહાયક પ્રોફેસર હતા, કહે છે: "એવું લાગે છે કે, તેઓએ પહેલેથી જ ચુકાદો આપી દીધો છે... હમ ખૂન કે આખરી કતરે તક લડતે રહેંગે (અમે અમારા લોહીના છેલ્લા ટીપા સુધી લડતા રહીશું)." વિડંબના એ છે કે, આ પહેલી વાર નથી જ્યારે જૌહર યુનિવર્સિટી વિટંબનાનો સામનો કરી રહી છે, તે જ હકીકત છે જેના પર ફરાહ અને તેના મિત્રો વળગી રહ્યા છે. "અમને ખાતરી છે કે યુનિવર્સિટી તોડી પાડવામાં આવશે નહીં. ભૂતકાળમાં પણ આવી અફવાઓ આવી છે," તેણી કહે છે.

# મુંબઈ પોલીસ યુવાનોનો વિરોધ રોકવા માટે દેખરેખ અને ધાકધમકીનો ઉપયોગ કરી રહી છે

## ૧૬ જુલાઈથી શહેરમાં થયેલા વિરોધ પ્રદર્શનોમાં લગભગ ૧,૪૦૦ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે

(એજન્સી) તા.૨૪



૨૦ જુલાઈના રોજ, દિલ્હીમાં સંસદ તરફ કૂચ કરી રહેલા વિદ્યાર્થીઓને પોલીસે માર માર્યાના કલાકો પછી, મુંબઈની વિદ્યાર્થીની પ્રીતિ કાંબલે ટાપુ શહેરમાં શિવાજી પાર્ક તરફ ગઈ હતી. કાંબલેએ તાજેતરમાં ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કરી છે અને કોલેજમાં જોડાવાની તૈયારી કરી રહી છે, તે અન્ય વિદ્યાર્થીઓ સાથે પોતાની એકતા દર્શાવવા માંગતી હતી. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનમાં માંગ કરવામાં આવી રહી છે કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન મેડિકલ કોલેજોમાં બેઠકો માટે રાષ્ટ્રીય NEET-UG પરીક્ષામાં ગેરરીતિ આચરવા બદલ રાજીનામું આપે. કામ્બલેએ સમજાવ્યું: "તેના માતાપિતાએ તેમની બધી બચત તેના શિક્ષણમાં લગાવી દીધી છે. મેં વિરોધ સ્થળ પર હાજર રહેવાનું નક્કી કર્યું જેથી હું ખાતરી કરી શકું કે તેણીને અન્ય NEET વિદ્યાર્થીઓ જે કર્યું તેનો સામનો ન કરવો પડે." પરંતુ કાંબલે વિરોધ સ્થળ પર પહોંચે અથવા કોઈ સૂત્રોચ્ચાર કરે તે પહેલાં જ પોલીસે તેની અટકાયત કરી લીધી હતી. તેણીને શહેરના દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલા કાલાચોકી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી. પરંતુ પોલીસ કાર્યવાહી ત્યાં જ સમાપ્ત થઈ ન હતી. બીજા દિવસે, કાંબલેને ઉત્તર મુંબઈના અંબોલી સ્થિત તેના સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી ફોન આવ્યો કે તેઓ મહારાષ્ટ્ર પોલીસ અધિનિયમની કલમ ૩૭ અને ૧૩૫ હેઠળ પ્રતિબંધક આદેશોનું ઉલ્લંઘન કરવા અને ગેરકાયદેસર સભાને લગતી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૮૯ હેઠળ નોટિસ લેવા આવે. મંગળવારે તેણીએ અંબોલી પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી અને પોલીસે તેને જવાની મંજૂરી આપતા પહેલા અઢી કલાક રાહ જોઈ હતી. બુધવારે મુંબઈ પોલીસના એક નિવેદન અનુસાર, ૧૬ જુલાઈથી શહેરમાં વિવિધ વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવા બદલ ૧,૪૦૦ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. સેંકડો લોકોની અટકાયત કરવામાં આવી હતી અને પછી છોડી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમાંથી ઘણાને પછીના વિરોધ પ્રદર્શનોમાં ભાગ ન લેવા દબાણ કરવામાં આવ્યું હતું. કેટલાકને વોટ્સએપ પર પોલીસ નોટિસ મળી, જેમાં ભારતીય ન્યાય સંહિતાના વિભાગોની યાદી આપવામાં આવી. કેટલાકને તેમના સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત લેવા માટે કોલ આવ્યા. કેટલાકને પોલીસ સાથે તેમનું લાઈવ GPS લોકેશન શેર કરવાનું કહેવામાં આવ્યું હતું. બુધવારે, જ્યારે શહેર કોકરોચ જનતા પાર્ટી ઝુંબેશના સમર્થનમાં વિરોધ પ્રદર્શન માટે તૈયાર હતું, ત્યારે મુંબઈ પોલીસે છેલ્લા બે દિવસથી મેપ કરેલા પ્રદર્શનકારીઓના ઘરોની મુલાકાત લઈને તેમને અટકાયતમાં લેવાનું શરૂ કર્યું. શિવાજી પાર્ક સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક, પ્રમોદ પવારે, સ્ક્રોલને જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી કારણ કે તેઓ ગેરકાયદેસર રીતે ભેગા થયા હતા. દિલ્હીમાં વિરોધ શરૂ થયા પછી, લેખક રોહન શેલાર ઘણી વખત જંતરમંતર સ્થળ પર ગયા હતા. ૧૯ જુલાઈના રોજ, જ્યારે તેઓ મુંબઈમાં તેમના પરિવારને મળવા જઈ રહ્યા હતા, ત્યારે તેમણે દાદરમાં એક મૌન કૂચમાં જોડાવાનું નક્કી કર્યું. તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને ભોઈવાડા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. શેલારે આરોપ લગાવ્યો કે મંગળવારથી તેમને પોલીસ તરફથી ફોન આવી રહ્યા છે જેમાં તેમનું લાઈવ GPS લોકેશન શેર કરવાનું કહેવામાં આવી રહ્યું છે. મને ચેમ્બુરના RCF પોલીસ સ્ટેશનમાંથી ફોન આવ્યા, તેમણે કહ્યું. આજે, મારા ઘરની બહાર ત્રણ પોલીસ અધિકારીઓ મારા પર નજર રાખવા માટે તૈનાત હતા. RCF પોલીસના સિનિયર ઈન્સ્પેક્ટર દત્તાત્રય પાટીલે શેલારના દાવાઓ પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. અંધેરી વેસ્ટમાં, પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો હતો કે વર્સોવાના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર દીપશિખાવારે દ્વારા તેમને હેરાન કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીની નંદિની ગૌતમે કહ્યું કે ૨૦ જુલાઈના રોજ દાદર સ્ટેશનની બહાર પોલીસે તેમની અટકાયત કરી હતી. "હું વિરોધ પ્રદર્શનમાં પણ જોડાઈ ન હતી, પરંતુ હું ખૂબ જ સહકાર આપતી હતી. મેં મારી બધી વિગતો આપી. તેઓએ તે દિવસે અમને ચાર કલાક સુધી અટકાયતમાં રાખ્યા. ૨૧ જુલાઈના રોજ, તેમને શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમણે પોતાનું નિવેદન આપ્યું હતું. બુધવારે, ગૌતમે દાવો કર્યો હતો કે વર્સોવા પોલીસ સ્ટેશનના એક સિનિયર ઈન્સ્પેક્ટરે તેમને ફોન કરીને ઘરે રહેવા કહ્યું હતું. બાદમાં તેણીએ ફરીથી ફોન કર્યો અને મને મારું લાઈવ લોકેશન મોકલવા કહ્યું. મેં તે શેર કર્યું, પોલીસ અધિકારીએ આખરે મને ધમકી આપવાનું શરૂ કર્યું કે તેઓ મારું સરનામું જાણે છે અને ગમે ત્યારે મને ઉપાડી શકે છે. જ્યારે સ્ક્રોલે વર્સોવા સ્ટેશનના સિનિયર પીઆઈ દીપશિખાવારેનો સંપર્ક કર્યો, જેમણે ગૌતમને ટેક્સ્ટ અને ફોન કર્યો હતો, ત્યારે વારેએ પહેલા પ્રદર્શનકારીનું નામ પૂછ્યું. તેણીએ કોલ અને મેસેજ પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો. મુંબઈના એક વરિષ્ઠ અધિકારી, જેમણે નામ ન આપવાની શરતે વાત કરી, તેમણે સ્ક્રોલને જણાવ્યું હતું કે "વિરોધ એક અધિકાર છે, પરંતુ તે અન્ય લોકોના અધિકારોને અવરોધ ન થવાને આધીન છે. જો પ્રતિબંધિત આદેશ જારી કરવામાં આવે છે, તો પ્રદર્શનકારીઓ બહાર નીકળી શકતા નથી. અલબત્ત, અમે તેમને તેમનું લાઈવ લોકેશન શેર કરવા અથવા ઘરે રહેવા માટે કહીશું. અધિકારીએ જણાવ્યું હતું કે, ૧૬ જુલાઈ, ૨૦ જુલાઈ અને ૨૧ જુલાઈના રોજ મુંબઈમાં થયેલા વિરોધ પ્રદર્શનોને પોલીસ તરફથી પરવાનગી મળી ન હતી. ૩૬ વર્ષીય અન્ય એક પ્રદર્શનકારી અન્નપૂર્ણા સોનીએ પણ આવી જ અટકાયત અને ધાકધમકીનો ઉલ્લેખ કર્યો હતો. સોનીએ જણાવ્યું હતું કે ૨૦ જુલાઈના રોજ, શિવાજી પાર્ક ખાતે તેણીની કારમાંથી ઉતરતી વખતે પોલીસે તેણીની અટકાયત કરી હતી અને તેણીને માહિમ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. તે દિવસે ચાર કલાક પછી સોનીને મુક્ત કરવામાં આવી હતી. ૨૧ જુલાઈના રોજ સવારે ૨.૩૦ વાગ્યે, તેણીને વોટ્સએપ પર એક નોટિસ મળી હતી જેમાં તેણીને શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાનું કહેવામાં આવ્યું હતું. સોનીને મહારાષ્ટ્ર પોલીસ કાયદાની કલમો હેઠળ નોટિસ આપવામાં આવી હતી જે પ્રતિબંધિત આદેશોનો અનાદર કરવા અને ગેરકાયદેસર સભા અને રમખાણો સાથે સંબંધિત ભારતીય ન્યાય સંહિતાના કલમો હેઠળ નોટિસ આપવામાં આવી હતી. વોટ્સએપ પર અન્ય પ્રદર્શનકારીઓને પણ આવી જ નોટિસ આપવામાં આવી હતી. સોનીએ અધિકારીને કહ્યું કે તે પહેલાથી જ બે વાર પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ ચૂકી છે અને તેની બધી માહિતી આપી ચૂકી છે. સોનીએ કહ્યું કે પોલીસ દ્વારા વારંવાર ફોન કરવા એ "અમને ડરાવવાનો પ્રયાસ" હતો. સરકાર વિચારે છે કે તેઓ આ રીતે અમને દબાવી શકે છે, પરંતુ હું ફરીથી વિરોધમાં જોડાઈશ. સોનીની જેમ, અંધેરી પશ્ચિમની એક અભિનેત્રીને બુધવારે સવારે ૧૦.૩૦ વાગ્યે પોલીસે અટકાયતમાં લીધી હતી, શિવાજી પાર્ક વિરોધ પ્રદર્શનમાં કસ્ટડીમાં લેવામાં આવ્યાના બે દિવસ પછી અને સાયન પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા. બુધવારે, ત્રણ પોલીસ કોઈ વોરંટ કે સમન્સ વિના તેના ઘરે હાજર થયા, તેઓ તેને ફરીથી પોલીસ સ્ટેશન લઈ ગયા. મહેતાએ કહ્યું કે સામાન્ય રીતે, જે પોલીસ સ્ટેશન હેઠળ વિરોધ પ્રદર્શન યોજાય છે તે જ પોલીસ સ્ટેશન ભાગ લેનારાઓને અટકાયતમાં લે છે અને કાયદાના કોઈપણ ઉલ્લંઘનની તપાસ કરે છે. પરંતુ આ આંદોલન સાથે, વિરોધીઓને અન્ય વિવિધ સ્ટેશનોમાં લઈ જવામાં આવી રહ્યા છે.

# આજવા સરોવર ૨૦૮.૩૧ ફૂટ અને વિશ્વામિત્રી નદી ૧૩ ફૂટે પહોંચી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરા શહેર જિલ્લામાં સતત ભારે વરસાદને કારણે આજવા સરોવર અને વિશ્વામિત્રી નદીની સપાટીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આજે શુક્રવારે સવારે ૧૧:૫૦ કલાકે આજવા સરોવરની સપાટી ૨૦૮.૩૧ ફૂટ અને વિશ્વામિત્રી નદીની સપાટી કાલાઘોડા બ્રિજ ખાતે ૧૨.૫૬ ફૂટ નોંધાઈ છે. જ્યારે ગઈકાલે સવારે આજવા સરોવરની સપાટી ૨૦૭.૮૫ ફૂટ અને વિશ્વામિત્રી નદીની સપાટી ૫ ફૂટ હતી. આમ, છેલ્લા ૨૪ કલાકમાં આજવા સરોવરની સપાટીમાં ૦.૪૬ ફૂટ જ્યારે વિશ્વામિત્રી નદીની સપાટીમાં ૭.૫૬ ફૂટનો નોંધપાત્ર વધારો થયો છે.

ગુરૂવારે આખો દિવસ ભારે વરસાદ વરસ્યા બાદ શુક્રવારે સવારથી વડોદરા જિલ્લામાં વરસાદનું જોર ઘટતાં તંત્રને રાહત થઈ છે. આજે સવારે ૬થી ૧૦ વાગ્યા દરમિયાન સાવલીમાં ૮ મી.મી., વડોદરામાં ૧૩ મી.મી., વાઘોડિયામાં ૧૧ મી.મી., ડભોઈમાં ૭ મી.મી., પાદરામાં ૭ મી.મી., કરજણમાં ૨ મી.મી., સિનોરમાં ૫ મી.મી. અને ડેસરમાં ૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ ૨૯૦.૭૫ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે અત્યાર સુધી સૌથી ઓછો ૧૫૨ મી.મી. વરસાદ સાવલી તાલુકામાં નોંધાયો છે.

## વડોદરામાં વરસાદને પગલે વિવિધ સ્થળોએ ભૂવા પડતા વાહનો ફસાયા, વિશ્વામિત્રીમાં કોર્પોરેશનનું મશીન ફસાયું

વડોદરામાં માત્ર ૨૪ કલાકના ગાળામાં વરસાદે કોર્પોરેશનની પ્રિમોનસૂન કામગીરીની પોલ ખોલી દીધી છે. પરિણામે અનેક સ્થળોએ પાણી ભરાવાની સાથે ભુવા પડવાના તેમજ ઝાડ પડવાના બનાવો બની રહ્યા છે.

બિલ કેનાલ રોડ ઉપર ગઈકાલે મોડી સાંજે એક કાર મોટા ખાડામાં ફસાઈ ગઈ હતી. જેથી આસપાસના લોકો કારચાલકની મદદથી આવ્યા હતા. પરંતુ કાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. આવી જ રીતે ગોત્રી રોડ ઉપર પીએમ ઈ બસ સર્વિસની એક બસ ખાડામાં ફસાઈ જતા મુસાફરો અટવાયા હતા. તો તુલસી વાળી વિસ્તારમાં વિશ્વામિત્રીના નાળાની સફાઈ માટે ઉતારવામાં આવેલું મહાકાય મશીન ફસાઈ જતાં તેને કાઢતા ના કે દમ આવી ગયો છે. આ મશીન તણાઈને ૩૦૦ મીટર દૂર ઈન્દિરા નગર બધી સુધી આવી જતા આખરે તેને ઝાડ સાથે બાંધી દેવામાં આવ્યું છે અને કેવી રીતે કાઢવું તેની મથામણ ચાલી રહી છે.

આવી જ રીતે મોડી રાત્રે ડભોઈ રોડ મહાનગર પાસે એક વૃક્ષ ધરાશાયી થતાં કાર દબાઈ હતી પરંતુ કોઈ જાનહાની થઈ ન હતી. ફાયર બ્રિગેડ દ્વારા વૃક્ષ દૂર કરી રસતો ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# મહેમદાવાદના મોદજ ગામમાં ૨૦ લાખના ખર્ચે બનેલો કોમ્યુનિટી હોલ પ્રથમ વરસાદમાં જ ધરાશાયી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૪

મહેમદાવાદના મોદજ ગામમાં ૨૦ લાખના ખર્ચે બનેલો કોમ્યુનિટી હોલ પ્રથમ જ વરસાદમાં ધરાશાયી હતા ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે આ બાબતે તપાસ થાય તે જરૂરી છે.



મહેમદાવાદ તાલુકાના મોદજ ગામમાં રણ મુકેશ્વર મહાદેવ વિસ્તારમાં ૨૦ લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો કોમ્યુનિટી હોલ સિઝનના પ્રથમ મુશળધાર વરસાદમાં જ ધરાશાયી થઈ ગયો છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જિલ્લા પંચાયતના ૧૫મા નાણાપંચ અને જિલ્લા પંચાયત આયોજન ભંડોળમાંથી આ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું આ વિસ્તારની પ્રજા કહે છે. મહેમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં બે દિવસમાં ૨૫ ઈંચથી વધુ વરસાદ ખાબકતા જ આ નવનિર્મિત માળખું ધરાશાયી થઈ ગયું હતું, જેને કારણે સરકારી નાણાંના વેડફાટને લઈને અનેક સવાલો ઊભા થયા છે. નિર્માણ કાર્યમાં નબળી સામગ્રીના ઉપયોગ અને કોન્ટ્રાક્ટરની સ્પષ્ટ બેદરકારીના કારણે માત્ર એક જ વર્ષના અંતરાલમાં ૨૦ લાખ રૂપિયા પાણીમાં વહી ગયા છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, લોકઉપયોગી બનાવવા માટે તૈયાર કરાયેલી આ સુવિધા પહેલી જ મોટી વર્ષાઋતુ ઝીલી શકી ન હતી અને જમીનદોસ્ત થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે ભ્રષ્ટાચાર અને ગુણવત્તાની ચકાસણી સામે ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

# સાવરકુંડલા ખાતે દાદા બાપુનો ઉર્સ શાનો શૌકતથી ઊજવાયો



(તસવીર : ઈદ્રીશ જાદવ, સાવરકુંડલા)

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા ખાતે પીર સરકાર સૈયદ ગુલામ અલી બાપુ કાદરી ફાતિમી અને પીર સૈયદ મોહમ્મદ દાદા બાપુ કાદરી ફાતિમીનો ઉર્સ મુબારક શાનો શૌકતથી તારીખ ૨૩/૭/૨૦૨૬ ગુરૂવારના રોજ ખૂબ જ અકીદત સાથે મનાવવામાં આવ્યો હતો. તેમાં સવારે ૯:૩૦થી જોહરની નમાઝ સુધી કુર્આન ખાની અને ફાતિયા ખાની બાપુસાહેબના મજાર ઉપર રાખવામાં આવી હતી ત્યારબાદ શહેર તથા આવનાર મહેમાનો માટે ન્યાઝનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. બપોરે ૧થી અસર સુધી ઓરતોનો પ્રોગ્રામ એસ એમ જી કે સંકુલમાં રાખવામાં આવ્યો હતો. રાત્રે ઈશાની નમાઝ બાદ નાત શરીફ અને તકરીર પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. સાથોસાથ શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનાર તેમજ મેડિકલ ક્ષેત્રે MBBS ડોક્ટર ઓર્થોપેડિક સર્જન જેવી મેડિકલ ડિગ્રી પ્રાપ્ત કરનારને મહેમાનોના હસ્તે ગોલ્ડ મેડલ આપી નવાઝવામાં આવ્યા હતા અને ૨૦૨૬માં જે લોકોએ હજ મુબારકની સફર કરી હોય તેવા હાજી સાહેબનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ૬૦૦થી વધુ મસ્જિદ મદ્રેસા બનાવનાર અને લાખો લોકોને વ્યસન મુક્ત કરનાર પ્રણેતા પીર સૈયદ દાદા બાપુ કાદરીના ઉર્સ મુબારકમાં ચાલુ વરસાદે પણ હજારોની સંખ્યામાં બાપુના ચાહકો ઊમટી પડ્યા હતા. ઈશાની નમાઝ બાદ દાદા બાપુના ખાનકાહ બાગે રહેમતથી બાપુના ફરજંદ પીર સૈયદ મુનીર બાપુને ઈસુભાઈ પેન્ટર અને તેમની ટીમ દ્વારા બનાવેલ સ્પેશિયલ નાવડી આકારની બગીમાં હજારોની સંખ્યા સાથે સ્ટેજ ઉપર લઈ જવામાં આવ્યા હતા. ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાંથી મહેમાનો પધાર્યા હતા. જેમાં કાયદે મિલ્લત પીરે તરીકત હુજુર સૈયદ મોહમ્મદ મહેમુદ અશરફ અશરફી જિલાની અશરફી જિલાની કિછોછા મુકદ્દસે તકરીર ફરમાવી હતી અને મશહૂર ઈસ્લામિક સ્કોલર અલ્લામા, ડોક્ટર મોહમ્મદ અબ્દુલ હકીમ શકાફી, અઝહરી સાહેબ, મુફ્તી નિઝામુદ્દીન સાહેબ, સૈયદ ઉવેશ બાપુ સાહેબ પણ તશરીફ લાવ્યા હતા અને તેમની હાજરીમાં દારૂલ ઉલૂમ ફૈઝે મોહમ્મદીમાં તૈયાર થયેલ હાફિઝ સાહેબને કારી સાહેબ તેઓને પણ સનદ આપવામાં આવી હતી.

ઉર્સ દરમ્યાન આખી રાત ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. સાદાતે કિરામ અને ઉલમા કિરામ સહિત હજારોની સંખ્યામાં બાપુના મુરીદો ઊમટી પડ્યા હતા. તેમ ગુલામ અલી બાપુ ઉર્સ કમિટી અને ફૈઝે મોહમદી એજ્યુકેશનલ વેલ્ફર એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને સુન્ની મુસ્લિમ જમાતની યાદીમાં જણાવેલ છે.

# દશરથ ગામમાં વૃક્ષ પડતાં ગાયનું મોત, વાહનો અને મકાનને નુકસાન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

ગુરૂવારે રાત્રે પડેલા ભારે વરસાદ વચ્ચે વડોદરા નજીક આવેલા દશરથ ગામના માધવનગર વિસ્તારમાં લીમડાનું તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં એક ગાયનું મૃત્યુ થયું છે.વૃક્ષ પડતાં નજીકમાં પાર્ક કરેલી બે મોપેડને નુકસાન પહોંચ્યું છે. ઉપરાંત નજીક આવેલા એક મકાનને પણ આંશિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાસ્થળે ઉભેલી ટ્રેક્ટરની ટ્રોલી પણ ઝાડ નીચે દબાઈ ગઈ છે. સદ્નસીબે ઘટના સમયે આસપાસ કોઈ વ્યક્તિ ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી. ભારે વરસાદના કારણે શહેર અને આસપાસના વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે, જેના પગલે તંત્ર દ્વારા નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી રહી છે.

# લાઠીના માલવિયા પીપળિયા ગામે પાણીના પ્રવાહમાં તણાયેલી અઢી વર્ષની બાળકીનો ૪ કલાક બાદ મૃતદેહ મળી આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના માલવીયા પીપળીયા ગામે શુક્રવારે દુ:ખદ ઘટના સામે આવી હતી. ગામમાં દિનેશભાઈ મુવલાનીની વાડીમાં મજૂરી કામ કરતા પરિવારની અઢી વર્ષની બાળકી વાડીમાંથી નીકળતા પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ જતાં અરેરાટી વ્યાપી હતી.

ઘટનાની જાણ થતાં ઈન્ચાર્જ ફાયર ઓફિસર હિંમતભાઈ બાંભણિયાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. ફાયર ટીમે ભારે વરસાદ અને પાણીના તીવ્ર પ્રવાહ વચ્ચે પોતાના જીવના જોખમે સતત ચાર કલાક સુધી સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. અંદાજે ૬થી ૭ કિલોમીટર દૂર બાળકીની શોધખોળ કર્યા બાદ તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતક બાળકીની ઓળખ નંદનીબેન મુવેલ (ઉંમર અંદાજે ૨ વર્ષ ૬ મહિના) તરીકે થઈ છે. તે મૂળ મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જિલ્લાના રહેવાસી પરિવારની હોવાનું જાણવા મળ્યું છે. આ કરૂણ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. રેસ્ક્યુ કામગીરીમાં ફાયર સ્ટાફના સાગરભાઈ પુરોહિત, પ્રવિણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી અને જગદીશભાઈ ભુરીયાએ મહત્ત્વની કામગીરી બજાવી હતી.

# માંડવી તાલુકા ખાતે ૪૯ વ્યક્તિઓનું વી.એફ. હાઈસ્કૂલ ખાતે સુરક્ષિત સ્થળાંતર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સુરત જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે સતત સ્થળાંતરની કામગીરી કરાઈ રહી છે. જે અંતર્ગત સુરતના માંડવી તાલુકાના ધોબાણી નાકા વિસ્તારમાંથી નગરપાલિકાના ફાયર સ્ટાફ દ્વારા ૪૯ વ્યક્તિઓનું વી.એફ.હાઈસ્કૂલ ખાતે સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું છે. જ્યાં તેમના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, નીચાણવાળા અને પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવવા અનુરોધ કરાયો છે.

# સુરતમાં સોશિયલ મીડિયા પર ખોટી અફવા ફેલાવનારને ક્રાઈમ બ્રાંચે ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર સત સર્વેલન્સ રાખવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ખોટી અફવા ફેલાવતા એક યુવકને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો છે.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ વાયરલ થઈ હતી. જેમાં નવસારીથી આદિવાસી સમાજના ૧૫૦૦ ભાઈ-બહેનો દિલ્લી રવાના લખાણ સાથે રોડ પર ચાલતા લોકોનો બનાવટી વિડીયો શેર કરવામાં આવ્યો હતો. આ વિડીયો દિલ્લીના જંતર-મંતર પર છાત્રોના પ્રોટેસ્ટ સાથે જોડીને લોકોમાં નાહક ઉશ્કેરાટ અને વૈમનસ્ય પેદા કરે તેવા ઈરાદાથી ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ફરતો કરવામાં આવ્યો હતો. આ મામલે ઉમરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. તે દરમ્યાન ક્રાઈમ બ્રાંચને મળેલી બાતમીના આધારે ડી.સી.બી.ની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધારક મનિષભાઈ ભુવરલાલ મોર્ય (ઉ.વ.૪૨, ધંધો-પાનનો ગલ્લો, રહે. મકાન નં.૨૯, જય અંબે સોસાયટી, હરિદર્શન ખાડા, કતારગામ, સુરત, મુળ વતન - કનવારા ગામ, જિલ્લો- કટની, મધ્યપ્રદેશ)ને તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ કતારગામ લલીતા ચોકડી, ગણેશ પાન સેન્ટર પરથી પકડી પાડવામાં આવ્યો હતો. આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે તેને ઉમરા પોલીસ સ્ટેશન સુરત ખાતે સોંપવામાં આવ્યો છે.

# ભાવનગરનો જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ સિઝનમાં બીજીવાર ઓવરફ્લો



અમરેલીના ધારી પંથકમાં પડેલા વરસાદથી ડેમમાં પાણીની ભારે આવક થઈ છે. રૂલ લેવલ જાળવવા માટે શેત્રુંજી ડેમના તમામ ૫૯ દરવાજા ખોલાયા છે.ડેમમાંથી ૯૪૪૦ ક્યુસેક પાણી નદીમાં છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે.ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોના કુલ ૧૭ ગામો એલર્ટ કરાયા છે. પાલીતાણાના ૫ અને તળાજાના ૧૨ ગામોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે. **(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)**

## ધાર્મિક કાર્યક્રમ

## આણંદ : માહે સફરની ગ્યારવીહ રવિવારે મનાવાશે

બજમે સરવર નાપા શરીફ તરફથી માહે સફરની ગ્યારવીહ શરીફ તારીખ ૨૬/૦૭/૨૦૨૬ રવિવારે શહેજાદાએ સરવર શાહ પીરે તરીકત સૈયદ હાજી જહુર અહેમદ ઉર્ફે મસ્તાન બાવા તેમજ નવાસા એ સરવર શાહ વ ખલીફાએ મસ્તાન બાવા પીરે તરીકત હજરત શકીલ અહેમદ ઉર્ફે અકીલ શાહ કાદરીની સદારતમાં શુકુન પાર્ટી પ્લોટ, સામરખા ચોકડી આણંદ ખાતે સવારે ૯થી ૧૨ દરમિયાન મનાવવામાં આવશે.

આ પ્રસંગે ખલીફાએ મસ્તાન બાવા અતાએ સરવર શાહ સૈયદ તૌફીક અલી નઆત પેશ કરશે તેમજ ખલીફાએ મસ્તાન બાવા સૈયદ અકીલ અહેમદ તકરીર કરશે. તમામ મુરીદ ભાઈ તેમજ અકીદતમંદોને તશરીફ લાવવા આમંત્રણ છે. જિક્રે ઈલાહી સલાતો સલામ પછી ન્યાઝ ખવડાવવામાં આવશે.

# પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી : આમલાખાડી ઓવરફ્લો માટે કુદરત નહીં તંત્ર વધુ જવાબદાર !

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૪

અંકલેશ્વર શહેર અને તાલુકામાં પડેલા ભારે વરસાદ બાદ આમલાખાડી ઓવરફ્લો થતાં પીરામણ-GIDC રેલવે અંડરબ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. અંડરબ્રિજમાં પાણી ભરાઈ જતાં આ માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આ ઉપરાંત અન્ય અનેક રસ્તાઓ બંધ થતાં અને વિવિધ સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન ભારે અસ્તવ્યસ્ત બની ગયું છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળના પ્રમુખ સલીમ પટેલ જણાવે છે કે આજે જે સ્થિતિ સર્જાઈ છે તેની ચેતવણી અમે બે મહિના પહેલાં એટલે કે તા. ૧૧-૦૫-૨૦૨૬ના રોજ જ લેખિત રજૂઆત કરીને આપી હતી. જો તંત્રે સમયસર યોગ્ય કાર્યવાહી કરી હોત, તો પીરામણ રોડ બંધ ન થયો હોત અને શહેર તથા તાલુકાના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની આ ગંભીર સ્થિતિ ટાળી શકાઈ હોત.''

નવા ચાલુ બ્રિજને તોડી નવો બ્રિજ બનાવવા માટે જે હંગામી બ્રિજ બનાવવામાં આવ્યો છે, તેમાં પાણીના નિકાલ માટે મુકેલા પાઈપો અપૂરતા છે. જેના કારણે પાણીની અવરજવર રૂંધાય છે અને પરિણામે ખાડી ઓવરફ્લો થઈ રહી છે. પ્રકૃતિ સુરક્ષા મંડળની વર્તમાન માંગણીઓમાં આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે, હંગામી બ્રિજની ડિઝાઈન અને પાણી નિકાલની ક્ષમતા અંગે ટેકનિકલ તપાસ થાય, આમલાખાડીના તમામ અવરોધો તાત્કાલિક દૂર કરવામાં આવે, બેદરકાર અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાય અને કાયમી વરસાદી પાણી નિકાલ યોજના અમલમાં મૂકવામાં આવે.

### અગાઉ (૧૧-૦૫-૨૦૨૬) કરાયેલી મુખ્ય માગણીઓ :

આમલાખાડી અને અન્ય ખાડીઓની તાત્કાલિક ધોરણે સફાઈ કરવી.

રેલવે, એક્સપ્રેસ-વે અને નવા બ્રિજ સહિતના અવરોધો તાત્કાલિક દૂર કરવા.

વરસાદી પાણીના નિકાલ માટે અસરકારક અને વૈજ્ઞાનિક વ્યવસ્થા કરવી.

ગત વર્ષની પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે સમયસર આયોજન કરવું.

માત્ર કાગળ પર નહીં, પરંતુ વાસ્તવિક કામગીરી કરવી.

## ઠેબી ડેમના બે દરવાજા ૧ ફૂટ ખોલાયા

# અમરેલી જિલ્લામાં : સર્વત્ર જળબંબાકાર સ્થિતિ અનેક માર્ગો બંધ, નદીઓ બે કાંઠે

### જિલ્લામાં નોંધાયેલ વરસાદ (ઈંચમાં) :

- વડિયા – ૧૦ ઈંચ
- બગસરા – ૬.૫ ઈંચ
- અમરેલી – ૫ ઈંચ
- લીલિયા – ૫ ઈંચ
- લાઠી – ૩.૫ ઈંચ
- બાબરા – ૩.૫ ઈંચ
- ખાંભા – ૨ ઈંચ
- રાજુલા – ૨ ઈંચ



(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં વહેલી સવારથી મેઘરાજાએ ફરી એકવાર ધમાકેદાર બેટિંગ કરતા સમગ્ર જિલ્લામાં જળબંબાકાર સ્થિતિ સર્જાઈ હતી. સતત ધોધમાર વરસાદને કારણે અનેક નદીઓ બે કાંઠે વહેવા લાગી, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા અને અનેક માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી. ભારે વરસાદના પગલે જિલ્લાના મોટા ભાગના ખેડૂતોના ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ખેતરોમાં પાણી ફરી વળતાં ખેડૂતોમાં ચિંતા સાથે રાહતની લાગણી પણ જોવા મળી હતી કારણ કે, વરસાદથી પાકને ફાયદો થવાની આશા છે, પરંતુ વધુ પાણી નુકસાન પણ પહોંચાડી શકે તેવી સ્થિતિ સર્જાઈ છે.વરસાદને કારણે શેત્રુંજી નદીમાં નવા નીરની આવક નોંધાઈ હતી. અમરેલી નજીક આવેલ ઠેબી ડેમમાં પણ પાણીની સતત આવક થતાં સુરક્ષાના ભાગરૂપે ડેમના બે દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા, જેના કારણે નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી.સાવરકુંડલા - અમરેલી માર્ગ પર લાપાળિયા અને ગોખરવાળા ગામ વચ્ચે વરસાદી પાણી માર્ગ પર ફરી વળતાં થોડા સમય માટે વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવો પડ્યો હતો. ધારી-ચલાલા માર્ગ પર ગાવડકા ગામ નજીક નદીનું પાણી માર્ગ પર ફરી વળતાં આ માર્ગ પણ બંધ થઈ ગયો હતો. તે જ રીતે અમરેલી તાલુકાના પાણીયા ગામ પાસે નદી બે કાંઠે વહેતા પાણી રોડ પર ફરી વળતાં બગસરા-જેતપુર-જૂનાગઢ માર્ગ પર પણ વાહનવ્યવહાર ખોરવાયો હતો. અનેક સ્થળોએ મુસાફરોને લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડી હતી.

લીલિયા નજીક પુલ ઉપરથી નદીનું તેજ વહેણ પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન એક વ્યક્તિ પાણીમાંથી પસાર થવાનો પ્રયાસ કરતા વહેણમાં તણાઈ ગયો હતો. જો કે, સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસરની મદદથી તેને સલામત રીતે બચાવી લેવામાં આવ્યો હતો.

# સુરત શહેર એનએસયુઆઈ દ્વારા દિલ્હી ખાતે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૪

દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જ અને બળપ્રયોગના વિરોધમાં તેમજ વિદ્યાર્થીઓના હક્કોની લડતને દબાવવાના પ્રયાસો સામે આજે સુરત શહેર એનએસયુઆઈ દ્વારા અઠવા ગેટ એમટીબી કોલેજ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જોકે પોલીસે એનએસયુઆઈના કાર્યકતાઓની અટકાયત કરી છે.

સુરત શહેર એનએસયુઆઈએ આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરી હતી અને જણાવ્યું હતું કે દેશના વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવાને બદલે તેમની ઉપર દમનકારી કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓના હિતમાં અવાજ ઉઠાવનાર નેતાઓની અટકાયત કરીને સરકાર વિરોધના અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે, જેને એનએસયુઆઈ ક્યારેય સ્વીકારશે નહીં.વિરોધ પ્રદર્શન દરમિયાન એનએસયુઆઈના કાર્યકરોએ કેન્દ્ર સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરીને વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર અને કોંગ્રેસના નેતાઓની અટકાયતનો વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પ્રદશન કરી રહેલ એનએસયુઆઈના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામા આવી હતી એનએસયુઆઈના પ્રમુખ માજીદ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ પોતાના પ્રશ્નો અને હક્કોને લઈને શાંતિપૂર્ણ રીતે અવાજ ઉઠાવી રહ્યા હતા, ત્યારે તેમની ઉપર બળપ્રયોગ કરવામાં આવ્યો અને લાઠીચાર્જ કરવામાં આવ્યો, જે અત્યંત નિંદનીય અને લોકશાહી વિરોધી કૃત્ય છે. વધુમાં, વિદ્યાર્થીઓના સમર્થનમાં અને તેમના અધિકારો માટે અવાજ ઉઠાવવા પહોંચેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીજી તથા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકારજુન ખરગેજીની પોલીસ દ્વારા કરવામાં આવેલી અટકાયત પણ લોકશાહી મૂલ્યો પર સીધો હુમલો સમાન છે.

# સુરત, વલસાડ, મુંબઈ, અમદાવાદ અને અન્ય રૂટને જોડતી ૧૫ ટ્રેનો સંપૂર્ણ પણે રદ

## બે ટ્રેનોના રૂટમાં ફેરફાર કરાયો : ભારે વરસાદને પગલે રેલવે વ્યવહાર ખોરંભે ચઢતા હજારો મુસાફરો અટવાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સુરત સહિત રાજયમા અને મહારાષ્ટ્ર ભારે વરસાદને પગલે રેલવે વ્યવહાર હજુ પણ ખોરંભે ચઢતા હજારો મુસાફરો અટવાયા છે. આજે પણ સુરત-મુંબઈ વચ્ચે વધુ ૧૫ ટ્રેનો રદ કરવામા આવી છે. જ્યારે બે ટ્રેનોના રૂટમાં ફેરફાર કરાયો છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં પડી રહેલા ભારે વરસાદની અસર હવે રેલવે વ્યવહાર પર પણ જોવા મળી રહી છે. ભારે વરસાદ અને પ્રતિકૂળ ઓપરેશનલ પરિસ્થિતિને કારણે પિ મ રેલવેએ શુક્રવાર, ૨૪ જુલાઈના રોજ સુરત, વલસાડ, મુંબઈ, અમદાવાદ અને અન્ય રૂટને જોડતી ૧૫ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરી છે. ઉપરાંત એક સ્પેશિયલ ટ્રેનને રિશેડ્યૂલ કરવામાં આવી છે, જ્યારે બે ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ અથવા આંશિક રીતે રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ટ્રેનોમાં સુરત-વિરાર (૧૯૦૦૨), વલસાડ-દાહોદ (૧૯૦૧૧), મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ જંક્શન (૨૨૯૫૩), વલસાડ-વડનગર (૨૦૯૫૯), મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ (૨૦૯૦૧), વલસાડ-વડોદરા (૫૯૦૪૯), મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી (૧૨૦૦૯), બાંદ્રા ટર્મિનસ-સુરત (૧૨૯૩૫), બોરીવલી-વલસાડ (૬૯૧૩૯), મુંબઈ સેન્ટ્રલ-વાપી (૫૯૦૪૫), વલસાડ-મુંબઈ સેન્ટ્રલ (૫૯૦૨૪), વિરાર-ભરૂચ (૧૯૦૧૦), વિરાર-સુરત (૬૯૧૬૧) અને વિરાર-વલસાડ (૫૯૦૩૯) સહિતની ટ્રેનોનો સમાવેશ થાય છે. ઉપરાંતબાંદ્રા ટર્મિનસ-કાનપુર સેન્ટ્રલ (૨૨૪૪૪) ટ્રેન પણ રદ કરવામાં આવી છે.ભારે વરસાદને કારણે ટ્રેક પર પાણી ભરાવા, સલામતીના કારણો અને ટ્રાફિક નિયંત્રણને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પ. રેલવેએ જણાવ્યું છે. રેલવે તંત્રએ મુસાફરોને સ્ટેશન જતાં પહેલાં પોતાની ટ્રેનની સ્થિતિ તપાસવાની અપીલ કરી છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ દેત્રાલિયા સુફીયાહ મેહમુદ હતુ જે બદલીને નવું નામ **દેત્રાલીચા સુફિયા મેહમુદ** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ૯૨૫, નવી નગરી, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦.

### RBIના નામે મોકલાયેલી ઝીપ ફાઈલથી સિસ્ટમમાં પ્રવેશ મેળવ્યો

# ઝીપ ફાઈલથી કંપનીનું કમ્પ્યુટર હેક કરી ૧.૪૭ કરોડની સાયબર ઠગાઈ

## માલિકના નામ અને ફોટાવાળા વોટ્સએપ નંબરથી CFOને મેસેજ કરી રકમ ટ્રાન્સફર કરાવી

અમદાવાદ, તા.૨૪

શહેરની એક ખાનગી કંપનીને નિશાન બનાવી સાયબર માફિયાએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરના નામ અને ફોટાનો ઉપયોગ કરીને બનાવેલા નકલી વોટ્સએપ એકાઉન્ટ મારફતે કંપનીના ચીફ ફાઈનાન્સ ઓફિસર પાસેથી કુલ ૧.૪૭ કરોડ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં કંપનીના અસલી ડિરેક્ટરને ઘટનાની જાણ થતાં સમગ્ર સાયબર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. તપાસ દરમિયાન ઓફિસના કોમ્પ્યુટરમાં અજાણ્યા નંબર પરથી આવેલી ઝીપ ફાઈલ ડાઉનલોડ થતાં સિસ્ટમ હેક કરવામાં આવી હોવાનું પણ બહાર આવ્યું છે. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, બોડકદેવ વિસ્તારમાં રહેતા પ્રદીપભાઈ સોલંકી (૬૫) શહેરની એક ખાનગી કંપનીમાં ચીફ ફાઈનાન્સ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ૨૦ જુલાઈના રોજ તેમને એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ મળ્યો હતો. તેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર સ્વપ્નિલ મકાતીનો ફોટો અને નામ હોવાથી તેમણે તે નંબર સાચો હોવાનું માની લીધું હતું. મેસેજમાં પોતે મીટિંગમાં હોવાથી ફોન ન કરવા અને આ પોતાનો વ્યક્તિગત નંબર હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ એક બેંક ખાતામાં ૪૫.૬૦ લાખ ટ્રાન્સફર કરવાની સૂચના આપવામાં આવી હતી. વિશ્વાસમાં આવી પ્રદીપભાઈએ સૂચના મુજબ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. બીજા દિવસે ફરીથી તે જ નંબર પરથી સંપર્ક કરી અલગ-અલગ ત્રણ બેંક ખાતામાં વધુ રકમ ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. જેના આધારે પ્રદીપભાઈએ વધુ રકમ ટ્રાન્સફર કરી હતી. આમ કુલ મળીને આશરે ૧.૪૭ કરોડ વિવિધ ખાતાઓમાં જમા કરાવવામાં આવ્યા હતા. થોડા સમય બાદ કંપનીના અસલી મેનેજિંગ ડિરેક્ટર સ્વપ્નિલ મકાતીને આ ટ્રાન્ઝેક્શનની જાણ થતાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેમણે કોઈ પણ પ્રકારની ચૂકવણી કરવા સૂચના આપી નહોતી. ત્યારબાદ તાત્કાલિક બેંકમાં જાણ કરીને ખાતાં ફ્રીઝ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ભારે વરસાદના સંકટ વચ્ચે આજે પણ અમદાવાદની શાળા-કોલેજોમાં રજા

## જિલ્લા કલેક્ટરના આદેશ બાદ DEO દ્વારા સત્તાવાર પરિપત્ર કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારેથી અતિભારે વરસાદ અને હવામાન વિભાગની આગાહીને પગલે વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શનિવારે પણ સ્કૂલોમાં રજા જાહેર કરાઈ છે. કલેક્ટરની સૂચના મુજબ શનિવારના રોજ અમદાવાદ શહેર પૂર્વ અને પશ્ચિમ તથા અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં સંપૂર્ણ રજા જાહેર કરવામાં આવી છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગુરુવાર સવારથી શરૂ થયેલા ભારે વરસાદ અને ત્યારબાદ ભારે વરસાદની આગાહીના પગલે પ્રથમ તબક્કે ગુરુવાર અને શુક્રવારના રોજ શહેર અને ગ્રામ્ય વિસ્તારની તમામ સ્કૂલો અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. જોકે, હજુ ભારે વરસાદની આગાહીને જોતા રજા અંગેનો નિર્ણય લંબાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેર પશ્ચિમ જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને શાસનાધિકારી દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, ૨૫ જુલાઈના રોજ શાળાઓમાં શૈક્ષણિક કામગીરી બંધ રહેશે. શાળાઓ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ આંગણવાડીઓમાં પણ ૨૭ જુલાઈ સુધી રજા લંબાવવામાં આવી છે. આ સિવાય અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં પણ શનિવારના રોજ શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### મહિલા અને બાળ વિકાસ વિભાગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# આનંદનગરના આંગણવાડીમાં તેડાગર દ્વારા સરકારી પોષણ આહારની ચોરીનો પ્રયાસ

## તેડાગરે આહાર માટેના મટિરિયલની ૩૭ બેગ ટેમ્પોમાં ભરી વેચવા મોકલી, અજાણ્યા વ્યક્તિએ વીડિયો ઉતારતા ભાંડો ફૂટ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

આનંદનગરમાં આવેલી કૃષ્ણધામ આંગણવાડીમાંથી સરકાર દ્વારા બાળકો તેમજ ગર્ભવતી અને નાના બાળકો અને મહિલાઓને આપવામાં આવતી પોષણક્ષમ ખાદ્ય સામગ્રીની ચોરી કરવાનો પ્રયાસ બહાર આવ્યો છે. આંગણવાડીમાં ફરજ બજાવતી તેડાગરે અંદાજે ૨૪,૫૬૫ની કિંમતનો સરકારી પોષણ આહાર ટેમ્પોમાં ભરી વેચવા મોકલ્યો હતો. જોકે, કોઈ જાગૃત વ્યક્તિએ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી લેતા ભાંડો ફૂટી ગયો હતો અને ટેમ્પો ચાલકે તમામ માલ પરત ઉતારી દીધો હતો. સમગ્ર મામલે મહિલા અને બાળ વિકાસ વિભાગે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, મહિલા અને બાળ વિકાસ વિભાગમાં મુખ્ય સેવિકા તરીકે ફરજ બજાવતા તથા ગોતા સ્થિત વંદે માતરમ વિસ્તારમાં રહેતા રચનાબેન વસંતભાઈ પટેલના સુપરવિઝન હેઠળ સરખેજ વિસ્તાર આવે છે. આંગણવાડીમાંથી સરકારી પોષણ આહારની ગેરરીતિ થતી હોવાની માહિતી મળતા તેઓ બ્લોક કો-ઓર્ડિનેટર અને પ્રોગ્રામ ઓફિસર સાથે સ્થળ પર પહોંચ્યા હતા. ચકાસણી દરમિયાન સરકારી ખાદ્ય સામગ્રીની ઉચાપતનો પ્રયાસ થયાનું સામે આવતા તેમણે આનંદનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ૧૯ જુલાઈના રોજ કૃષ્ણધામ આંગણવાડી નં. ૬માં તેડાગર તરીકે ફરજ બજાવતી મનિષાબેન ચમનભાઈ મિસ્ત્રી (રહે. વિશ્વકર્મા નગર, વેજલપુર) આંગણવાડી કેન્દ્ર પર પહોંચી હતી. આરોપીએ કૃષ્ણધામ-૬ અને કૃષ્ણધામ-૧ કેન્દ્રમાંથી બાળશક્તિની ૧૬ બેગ, માતૃશક્તિની ૬ બેગ અને પૂર્ણાશક્તિની ૧૫ બેગ મળી કુલ ૩૭ બેગ એક અજાણ્યા ટેમ્પોમાં ભરી વેચાણ માટે મોકલી હતી. જો કે, સ્થળ પર હાજર એક અજાણ્યા વ્યક્તિએ સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં રેકોર્ડ કરી લીધો હતો. વીડિયો ઉતારાતો જોઈ ટેમ્પો ચાલક ગભરાઈ ગયો હતો અને થોડા સમય બાદ તમામ બેગ પરત આંગણવાડી ખાતે ઉતારી દીધી હતી. ઘટનાની જાણ થતાં મહિલા અને બાળ વિકાસ વિભાગે આંતરિક તપાસ શરૂ કરી હતી અને ત્યારબાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આનંદનગર પોલીસે સરકારી માલની ચોરીના પ્રયાસ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યોની ભરતી માટે HMAT યોજવાની મંજૂરી

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં પરીક્ષા માટેની આગામી કાર્યવાહી શરૂ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની જગ્યાઓ ભરવા માટેના કવાયત શરૂ થશે. શાળાઓમાં યોગ્ય અને સક્ષમ આચાર્યોની પસંદગી માટે લેવાતી 'આચાર્ય અભિરૂચિ કસોટી' (HMAT)ના આયોજન અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે.

કમિશનર શાળાઓની કચેરી દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અભિરૂચિ કસોટી યોજવા માટે શિક્ષણ વિભાગ સમક્ષ દરખાસ્ત મોકલવામાં આવી હતી. આ દરખાસ્તને ધ્યાને રાખી શિક્ષણ વિભાગ દ્વારા HMAT પરીક્ષાના આયોજન માટે સૈદ્ધાંતિક મંજૂરી આપતો આદેશ જારી કરવામાં આવ્યો છે. આમ, પરીક્ષા માટેની મંજુરી મળ્યા બાદ કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડને પત્ર લખી સુચના આપી છે. જેમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગની મંજૂરી અન્વયે આગામી સમયમાં રાજ્ય પરીક્ષા બોર્ડના પરામર્શમાં રહીને HMAT પરીક્ષાના આયોજન અંગેની જરૂરી ઘટીત કાર્યવાહી ઝડપથી હાથ ધરવામાં આવે. આમ, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જ HMAT પરીક્ષા માટેની સૂચનાઓ, ફોર્મ ભરાવાની તારીખો અને પરીક્ષાના માળખા અંગેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે. આ નિર્ણયથી ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય બનવા ઈચ્છુક ઉમેદવારો અને શિક્ષકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી ભરતીની રાહ જોઈ રહેલા ઉમેદવારો પણ પરીક્ષાની મંજુરી મળ્યા બાદ તૈયારીમાં લાગી ગયા છે.

### હજારો લોકો બેહાલ

# નારણપુરા, સરખેજથી સાણંદ, થલતેજથી મણિપુર સુધી કરોડોનો વિકાસ ડૂબ્યો

## આંતરિક રસ્તાઓમાં ટ્રાફિક જામથી લોકો પોતાના કિંમતી સામાન સાથે વાહનો છોડી પાણી ડહોળતા ઘરે જવા મજબૂર બન્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

લાંબા વિરામ અને અસહ્ય ગરમી, ઉકળાટ બાદ દક્ષિણ ગુજરાત સિવાયના રાજયના ભાગોમાં ગુરુવારે વહેલી સવારથી જ મેઘરાજાની અસાધારણ બેટિંગથી હેરિટેજ અને મેગા સિટીનો સૌથી વધારે વિકાસ ધરાવતો પશ્ચિમ અને નવા પશ્ચિમ અમદાવાદનો વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. આને કારણે ગરીબ અને તવંગર, નોકરિયાત અને ઉદ્યોગકારો, સૌને પાણીની વચ્ચેથી જ પસાર થવા મજબૂર થવું પડ્યું હતું. કરોડો રૂપિયાના બંગ્લોઝ અને ફ્લેટ્સના માલિકોને પાણીમાં ફસાયેલી મોંઘીદાટ ગાડીઓને છોડીને ઘુંટણ સમાન પાણીમાં ચાલતા જવાની ફરજ પડી હતી. બપોર પછી શરૂ થયેલા વરસાદે બાકી રહેલી કસર પૂરી કરી દેતાં પોશગણાતા વિસ્તારોની સ્થિતિ દયનીય બનાવી દીધી હતી. આ વિસ્તારની આશરે પોણા લાખ વસ્તી પાણીમાં રહેવા મજબૂર બની છે. ખાસ કરીને એસજી હાઈવે અને આસપાસના વિસ્તારોમાં આવેલી નામાંકિત શાળાઓમાં ભણવા માટે ગયેલા બાળકોને લેવા જવા માટે વાલીઓએ દોટ મુકી હતી. આને કારણે એમના દ્વીચક્રી વાહનો રસ્તામાં ખોટકાઇ જતાં બાળકો સાથે વાલીઓને પાણી ડહોલીને માંડ માંડ પોતાના સલામત રીતે ઘરે પહોંચ્યા હતા. અનેક શાળાઓએ શિક્ષણકાર્ય બંધ કરીને વિદ્યાર્થીઓને શાળામાં જ રાખી વાલીઓ અથવા નોંધાયેલી રિક્ષાઓ, વાન આવે તેમ તેમ પરત મોકલ્યા હતા. પરંતુ એ પણ ખોટકાતા રસ્તાઓમાં સ્વયંસેવકો, નાગરિકોની મદદથી એમને વાલીઓ સાથે સંપર્ક કરાવીને સલામત રવાના કરાયા હતી. શહેરના સાબરમતી, નારણપુરા, મેમનગર, થલતેજ, બોડકદેવ, વસ્ત્રાપુર, બોપલ, શેલા, ઘુમા, આંબલી, મણીપુરથી લઈને છેક સાણંદ સુધી મેઘરાજાની અવિરત બેટિંગથી ભારે મોટી તબાહીના દશ્યો સર્જાયા હતા. નારણપુરા ગામ, હાઉસિંગનો વિસ્તાર, બીઆરટીએસ રોડ, રિંગ રોડ, થતલેજ પીવીઆરની પાછળના વિસ્તારો, શીલજ રેલવે ઓવરબ્રિજની આસપાસના વિસ્તારોમાં આવેલી મોંઘીદાટ સોસાયટીઓ, એપાર્ટમેન્ટ્સમાં સવારથી જ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. આ પાણી ઓસરે એ પહેલાં તો બપોર પછી ફરીથી અવિરત સાંબોલાધાર વરસાદે લોકોની હાલત દયનીય કરી દીધી હતી. શીલજથી રિંગરોડ, બોપલથી રિંગ રોડના માર્ગો આસપાસમાં નવા બની રહેલા અને અગાઉથી બનેલા રહેણાક વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઇ ગયા હતા. અનેક સોસાયટીઓમાં તો બંગલાઓ, મકાનોમાં પાણી ભરાઇ જતાં લોકોનો કિંમતી સામાન પલળી ગયો હતો. બોપલથી સાયન્સ સિટી, રાજપથ ક્લબ, કર્ણાવતી ક્લબની પાછળના ભાગોમાં આવેલા કરોડો રૂપિયાના બંગ્લોઝ, ફ્લેટ્સ ધારકોની હાલત સૌથી વધારે કફોડી બની હતી. આ વિસ્તારોમાં ઓછામાં ઓછી ૩૦૦થી વધારે મોંઘી ગાડીઓ પાણીમાં ફસાઇને બંધ પડી ગઇ હતી. આ તરફ સ્ટર્લિંગ સિટી ૧ અને ૨ પણ પાણીમાં ગરકાવ થઇ ગયાની વિગતો મળી છે.

### ઈલેક્ટ્રિકલ સુપરવાઈઝર અને વાયરમેન પરીક્ષાનું પરિણામ જાહેર

અમદાવાદ, તા.૨૪

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ કાર્યરત સચિવ લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગભવન, ગાંધીનગર દ્વારા રાજયના જુદા જુદા કેન્દ્રો પર તા.૧૩થી ૧૬ મે, ૨૦૨૬ દરમ્યાન ઈલેકટ્રિકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાનું પરિણામ ખાતાની વેબસાઈટ https://ceiced. gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ CEICED ના પોર્ટલ પર LOGIN કરી APPLICATION STATUSમાં જઈ તા.૦૧ ઓગસ્ટ, ૨૦૨૬થી ડાઉનલોડ કરી શકશે.

### મકતમપુર વોર્ડના અસરગ્રસ્ત વિસ્તારોના લોકોમાં ફૂડ પેકેટનું વિતરણ કરાયું

અમદાવાદ, તા.૨૪

છેલ્લા બે દિવસથી મકતમપુર વોર્ડમાં વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ જવાથી ટાપુ સમાન સ્થિતિ થઈ ગઈ જે બાબતની રજૂઆત મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, આસિ. મ્યુનિસિપલ કમિશનર દક્ષિણ પશ્ચિમ ઝોન પૃથ્વીરાજ ઝાલા તથા ડે મ્યુનિસિપલ કમિશનર અંકિત પન્નુ અને એડિશનલ એન્જિનિયર સંજય સુથાર ડેપ્યુટી એડિશનલ પરમાર તથા એન્જિનિયર પ્રકાશભાઈ સમગ્ર અધિકારીઓને સતત ફોન ઉપર સંપર્ક કરી વરસાદી પાણીના નિકાલ માટે પ્રયત્નો કર્યા અને એએમસી તરફથી ફૂડ પેકેટનું મુસ્કાન પંપીંગની બાજુમાં વિતરણ આર એન પાર્ક ઝલક ફ્લેટની આજુબાજુનો વિસ્તાર, અલ અતિકની બાજુનો વિસ્તાર અને અલ અસદપાર્ક બાવા પાર્ક જુમ્મા મસ્જિદની આજુબાજુના વિસ્તારો તથા સોનલ સિનેમાની સામે આવેલ ઝૂંપડાઓ તથા રોડ ઉપર લોકોને ઘરે ઘરે જઈને પેકેટનું વિતરણ કર્યું હતું. જેમાં મકતમપુરના કોર્પોરેટર નૂરજહાં દિવાન, નાદિયા પઠાણ, પૂર્વના પ્રમુખ સાજીદ મનસૂરી અને સમગ્ર વિસ્તારમાં ફરી સિનિયર કાઉન્સિલર મિર્ઝા હાજી અસરારબેગ (હાજીભાઈ સિમેન્ટવાળા) PCC ડેલિગેટ દ્વારા ફૂડ પેકેટનો વિતરણ કરી ખૂબ મોટી સંખ્યામાં લોકોને લાભ આપવામાં આવ્યો હતો.

### ગાંધીનગરમાં 'સેધાજી ગેંગ' વિરુદ્ધ

# ગુજરાતમાં પ્રથમવાર GCTOC હેઠળ ઐતિહાસિક કાર્યવાહી

## ગાંધીનગર LCB અને SIT દ્વારા ૨૫૯ કરોડના શંકાસ્પદ બેંક ટ્રાન્ઝેક્શન અને ૯૨થી વધુ ડમી બેંક ખાતાનો પર્દાફાશ


ગાંધીનગર, તા.૨૪

શેરબજારમાં રોકાણના નામે કરોડોની છેતરપિંડીમાં માહિર ટોળકી 'સેધાજી ગેંગ' વિરુદ્ધ ગુજરાતમાં પ્રથમવાર GCTOC (ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ) હેઠળ ગાંધીનગરમાં ઐતિહાસિક કાર્યવાહી કરવામાં આવી છે. LCB અને SIT દ્વારા ૨૫૯ કરોડના શંકાસ્પદ બેંક ટ્રાન્ઝેક્શન અને ૯૨થી વધુ ડમી બેંક ખાતાનો પર્દાફાશ કરાયો છે અને ૭ મુખ્ય સૂત્રધારો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ. ડી.બી. વાળા અને તેમની ટીમ દ્વારા સાયબર અને આર્થિક ગુનાઓ આચરતી સંગઠિત ગુનાહિત 'સેધાજી ગેંગ' વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાતમાં પ્રથમવાર શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડી કરતી ગેંગ વિરુદ્ધ ગુજસીટોક એક્ટ હેઠળ સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે. તપાસ દરમિયાન ૯૨થી પણ વધારે ડમી અને ભાડે લીધેલા બેંક ખાતાનો ગુનામાં ઉપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. આ બેંક એકાઉન્ટોમાં આશરે ૨૫૯ કરોડના શંકાસ્પદ ક્રેડિટ-ડેબિટ ટ્રાન્ઝેક્શન થયેલા છે. દેશના અલગ-અલગ રાજ્યોમાંથી આ એકાઉન્ટ્સ વિરુદ્ધ કુલ ૧૪૭ ફરિયાદો નોંધાયેલી છે. નાયબ પોલીસ અધીક્ષક ડી.ટી. ગોહીલના અધ્યક્ષપણા હેઠળ રચાયેલી SIT દ્વારા કુલ ૧૦ ગુનાની તપાસ કરી ૯૫ આરોપીની અટકાયત સાથે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરાઈ છે. આ ગેંગનો મુખ્ય સૂત્રધાર સેધાજી ઉર્ફે પ્રકાશ જેસંગજી ઠાકોર સાગરીતો સાથે મળી ભારતીય શેરબજાર (NSE/BSE)માં લિસ્ટેડ કંપનીઓના શેર ખરીદ-વેચાણ કરતી સ્ટોક રિસર્ચ સેન્ટર કંપનીના બ્રોકર/એજન્ટ તરીકેની ખોટી ઓળખ આપતો હતો. સેબી (SEBI) નું કોઈ લાયસન્સ ન હોવા છતાં, તેઓ 'MARKET PULSE' એપ્લિકેશન મારફતે શેરબજારની વધ-ઘટ જોઈ રોકાણકારોના નંબર મેળવતા હતા. રોકાણકારોને ઊંચા વળતર અને નફાની લાલચ આપી વિશ્વાસમાં લઈ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવતા હતા. આ નાણાં કમિશનની લાલચ આપી ભાડે મેળવેલા ૯૨થી વધુ ડમી બેંક ખાતામાં જમા કરાવાતા હતા, ત્યારબાદ ઓનલાઈન, ATM, ચેક કે આંગડિયા મારફતે ઉપાડી લેવાતા હતા. ૧. સેધાજી ઉર્ફે પ્રકાશ જેસંગજી ઠાકોર (ગેંગ લીડર), કંકુપુરા, તા. વિસાણગર, ૭ ગુના, વોન્ટેડ, ૨. મીત પ્રકાશભાઈ રાવળ, વડનગર, ૫ ગુના જ્યુડિશિયલ કસ્ટડી, ૩. ગુણવંત ઉર્ફે લાલો અમૃતભાઈ પટેલ, કમાલપુર, તા. વિજાપુર, ૨ ગુના, હાલમાં અટક કરેલ, ૪. લવેશ જીકેશભાઈ પટેલ, વડનગર, ૪ ગુના, વોન્ટેડ, ૫. એન્જલ નટવરભાઈ પટેલ, ઊંઝા, ૩ ગુના, હાલમાં અટક કરેલ, ૬. જીતેન્દ્રકુમાર નટવરલાલ પટેલ, ઊંઝા, ૩ ગુના, હાલમાં અટક, ૭. મૌલિકસિંહ માનસિંહ ચાવડા, નવા ગામ, તા. તલોદ.

# મકરબામાં વરસાદના કારણે લોકો શાળામાં આશરો લેવા મજબૂર, એક હજાર ઘરોમાં પાણી; નેતાઓ ગાયબ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪



અમદાવાદમાં ભારે વરસાદે સ્માર્ટ સિટીના દાવાઓની પોલ ખોલી નાખી છે. મકરબા પોલીસ હેડક્વાર્ટર અને આસપાસના વિસ્તારોમાં વરસાદ રોકાયાના કલાકો બાદ પણ ગટરોના પાણી પાછા આવતા વિસ્તારમાં કેડ સમા પાણી ભરાયેલા છે. વાહનો ડૂબી જવાના અને રસ્તાઓ બંધ થવાના કારણે સાણંદ, ચાંગોદર અને સરખેજથી આવતા નોકરિયાત વર્ગ અને રાહદારીઓ રસ્તામાં જ અટવાયા છે. એટલું જ નહીં, મકરબા ઈન્દિરાનગર જેવા વિસ્તારોમાં ૧૦૦૦થી વધુ ઘરોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિકોને સરકારી શાળામાં આશરો લેવાની નોબત આવી છે. ચોમાસામાં જ ખોદી નંખાયેલા રસ્તાઓ અને નિષ્ફળ પ્રિ-મોન્સૂન કામગીરીથી ત્રસ્ત પ્રજા હાલાકી ભોગવી રહી છે, ત્યારે આ વિકટ પરિસ્થિતિમાં સ્થાનિક કોર્પોરેટરો કે ધારાસભ્યો ફરકતા પણ ન હોવાથી લોકોમાં સત્તાધીશો અને તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. કોર્પોરેશન વાળા દર વર્ષે પ્રિ-મોન્સુનની કામગીરી કરે છે છતાં ગટર લાઈનો બરાબર સાફ નથી કરાવતા, જેના કારણે બધે પાણી ભરાઈ જાય છે. જો આગળ હજુ વધારે પાણી હશે તો હું ઓફિસે નહીં જઉં.' મકરબા ઈન્દિરાનગરના એક રહીશ જીગર ઠાકોરે જણાવ્યું કે, 'હું મકરબા ઈન્દિરાનગરમાં છેલ્લા આઠ વર્ષથી રહું છું અને વર્ષોથી આ સમસ્યા જોઉં છું. આ આખા પટ્ટામાં ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા ઘર છે અને બધે ખૂબ પાણી ભરાયેલું છે. લોકોના ઘરમાં પણ પાણી ઘૂસી ગયા છે, જેથી બધાને ખાવા-પીવાની બહુ જ તકલીફ પડી રહી છે.' અહીં રહેતા મહેશભાઈ ભરવાડે જણાવ્યું કે, 'આ મકરબા પોલીસ હેડક્વાર્ટરની સામે આવેલા બળિયાદેવ મંદિર પાસેનો વિસ્તાર છે અને અહીં છેલ્લા ૧૦ વર્ષથી આ પ્રોબ્લેમ છે. ગઈકાલ સાંજથી પરિસ્થિતિ એટલી ખરાબ છે કે પાણી લોકોના ઘરમાં ઘૂસી ગયા છે અને અમે હેરાન થતી પબ્લિકને રહેવા માટે સરકારી સ્કૂલમાં સગવડ કરી છે. કોઈપણ નેતાઓ કે કોર્પોરેટરો બહાર નીકળતા નથી કારણ કે, તેમની પોતાની ઓફિસોમાં પણ અંદર જવા માટે રસ્તો નથી અને પાણી ભરાઈ ગયા છે. પબ્લિક બહાર જઈ શકે તેમ નથી અને સરકાર આનો કોઈ નિકાલ લાવતી નથી.' સરખેજથી પ્રહલાદનગર જતા મકરબા રૂરલ પોલીસ હેડક્વાર્ટર ફસાયેલા કૈલાશબહેને કહ્યું કે, 'હું સરખેજથી આવું છું અને મારે પ્રહલાદનગર જવું છે. રસ્તા બધા બ્લોક છે અને હું ફરી ફરીને અહીં આવી તો અહીં પણ પાણી ભરાયેલા છે અને ગટરો ઉભરાય છે. એક પણ રસ્તો સારો નથી, વરસાદ તો બધે હોય પણ રસ્તા તો હોવા જોઈએ ને ! આ લોકોએ ચોમાસામાં જ બધી બાજુ રસ્તા ખોદી નાખ્યા છે, બાકી ચોમાસામાં આવું કામ કરવાનું ન હોય જેનાથી બધાયને હેરાનગતિ થાય છે.' મેં આ અંગે ધારાસભ્યને પણ રજૂઆત કરી છે પણ કોર્પોરેટર કે ધારાસભ્ય કોઈ કશું જ કરતા નથી. આ સમસ્યાનો તાત્કાલિક નિકાલ લાવવો જરૂરી છે.'

# સર્વત્ર વરસાદી હેલી, સવારથી ૧૮૯ તાલુકામાં ખાબક્યો વરસાદ

## રાજ્યમાં સવારથી શરૂ થયેલા વરસાદમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં મેઘરાજાની જમાવટ

(સંવાદદાતા દ્વારા)

મહેમદાબાદ, તા.૨૪

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વરસાદનો બીજા રાઉન્ડ શરૂ થયો છે, ગુજરાતમાં હાલમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, ત્યારે આ બધાની વચ્ચે આજે સવારથી અત્યારસુધીમાં ૧૮૯ તાલુકામાં વરસાદી માહોલ જામ્યો છે. જેમાં ૨૩ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે.

સૌથી વધુ ૪.૪૧ ઈંચ વરસાદ ખેડાના મહેમદાવાદમાં નોંધાતા સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે અને જનજીવન પ્રભાવિત થયું છે. રાજ્યમાં સવારથી શરૂ થયેલા ધારાધોરણ વરસાદમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં મેઘરાજાએ જમાવટો કર્યો છે. ખેડા જિલ્લાના મહેમદાવાદમાં સૌથી વધુ ૪.૪૧ ઈંચ અને ખેડા શહેરમાં ૧.૯૩ ઈંચ વરસાદ પડ્યો છે. બનાસકાંઠાના દિયોદરમાં ૨.૮૭ ઈંચ, ભાભરમાં ૨.૪૮ ઈંચ અને સૂઈગામમાં ૧.૪૨ ઈંચ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રમાં જામકંડોરણામાં ૨.૧૭ ઈંચ, બગસરા અને હળવદમાં ૧.૭૩ ઈંચ, જ્યારે કુકાવાવ-વડિયામાં ૧.૪૩ ઈંચ અને અમરેલીમાં ૧.૩૦ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત નડિયાદમાં ૧.૬૯ ઈંચ, ધોળકામાં ૧.૫૦ ઈંચ તેમજ બહુચરાજી, કડી, બાવળામાં ૧.૪૨ ઈંચ વરસાદ પડ્યો છે. આણંદ, બોરસદ, માતર, ખંભાત, પલસાણા, ચાણસ્મા અને વડાલી જેવા વિસ્તારોમાં પણ ૧થી ૧.૨૨ ઈંચ સુધીનો નોંધપાત્ર વરસાદ થયો છે. રાજ્યમાં સર્વત્ર થયેલા આ વરસાદથી ખેડૂતોના પાકને નવું જીવન મળ્યું છે અને લોકોએ ગરમી તેમજ ઉકળાટમાંથી મોટી રાહત મેળવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન પણ રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ અને કેટલાક સ્થળે ભારે વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતાં રાજયના તમામ ૨૫૫ તાલુકાઓમાં મુશળધાર વરસાદ નોંધાયો છે. સક્રિય વરસાદી સિસ્ટમને કારણે ખેડા, અમદાવાદ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આકાશી આફતે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. રાજ્યમાં સૌથી વધુ વરસાદ ખેડાના મહેમદાબાદમાં ૧૯.૯૬ ઈંચ અને અમદાવાદના ધોળકામાં ૧૮.૬૨ ઈંચ નોંધાયો છે. નવસારીના ચીખલીમાં ૧૭.૭૬ ઈંચ, ખેરગામ અને વલસાડના ઉમરગામમાં ૧૭.૦૯ ઈંચ તેમજ સુરતના ઉમરપાડામાં ૧૭.૦૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. ખેડાના માતરમાં ૧૬.૨૨ ઈંચ, અમદાવાદના વિરમગામમાં ૧૪.૬૧ ઈંચ, વાંસદામાં ૧૪.૫૭ ઈંચ, વઘઈમાં ૧૪.૪૫ ઈંચ અને ગણદેવીમાં ૧૩.૦૭ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ૧૧.૬૫ ઈંચ, બાવળા, દસક્રોઈ, નડિયાદ, સોજીત્રા, નેત્રંગ, પેટલાદ સહિતના તાલુકાઓમાં ૧૦થી ૧૩ ઈંચ વચ્ચે સાર્વત્રિક ભારે વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે, જ્યાં છેલ્લા ૬૦ કલાકમાં ૫૫ ઈંચ જેટલો રેકોર્ડબ્રેક વરસાદ ખાબક્યો છે.

# અમદાવાદ શહેર જમાઅતે ઈસ્લામી હિંદ દ્વારા અતિવૃષ્ટિની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ શહેરમાં થયેલી અતિવૃષ્ટિના કારણે ખાસ કરીને જુહાપુરા—સરખેજ વિસ્તારના અનેક વિસ્તારોમાં જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થયું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આજે જમાઅતે ઈસ્લામી હિંદ, અમદાવાદ શહેરના સ્થાનિક એકમોના પ્રમુખો તથા જુહાપુરા—સરખેજ વિસ્તારના ચારેય કોર્પોરેટરો હિતેન્દ્ર પીઠડીયા, હાજીભાઈ મિરઝા, નૂરજહાં દિવાન અને નાદિયા પઠાનની ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ ઑનલાઈન સમીક્ષા બેઠક યોજાઈ. બેઠકમાં અતિવૃષ્ટિના કારણે સર્જાયેલી પરિસ્થિતિ, સ્થાનિક નાગરિકોને પડી રહેલી મુશ્કેલીઓ તથા તાત્કાલિક રાહત અને પુનર્વસન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. વિવિધ વિસ્તારોમાંથી પ્રાપ્ત થયેલા અહેવાલોના આધારે પાણી ભરાવા, ગંદકી, કચરાના ઢગલા, પીવાના શુદ્ધ પાણીની અછત, ખાદ્યસામગ્રીની જરૂરિયાત તથા આરોગ્ય સંબંધિત સંભવિત જોખમો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી. બેઠકમાં સૂચવવામાં આવ્યું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીના ઝડપી નિકાલ માટે પૂરતી સંખ્યામાં પમ્પની વ્યવસ્થા કરવામાં આવે, કચરાના તાત્કાલિક નિકાલ માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવે, જરૂરિયાતમંદ પરિવારો સુધી ફૂડ પેકેટ, પીવાનું પાણી, પ્લાસ્ટિક શીટ તથા અન્ય આવશ્યક રાહત સામગ્રી સમયસર પહોંચાડવામાં આવે.

આ ઉપરાંત, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માનનીય મેયર અને મ્યુનિસિપલ કમિશનરને પ્રતિનિધિમંડળ સાથે મળી સમગ્ર પરિસ્થિતિથી અવગત કરાવવા અને જરૂરી તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરવાનો પણ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. બેઠકમાં એ બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો કે સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો તથા સેવાભાવી યુવાનોને રાહત અને પુનર્વસન કાર્યમાં સાથે જોડવામાં આવે જેથી અસરગ્રસ્ત પરિવારોને ઝડપથી અને અસરકારક રીતે મદદ મળી શકે. જમાઅતે ઈસ્લામી હિંદે સૂચન કર્યું કે સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારમાં વ્યવસ્થિત અને પારદર્શક સર્વે હાથ ધરવામાં આવે, જેથી દરેક વિસ્તાર અને પરિવારની વાસ્તવિક જરૂરિયાતો જાણી શકાય. કોને ખોરાક, આરોગ્ય, સ્વચ્છતા, રહેઠાણ કે અન્ય કઈ પ્રકારની સહાયની જરૂર છે તે આધારે પ્રાથમિકતા નક્કી કરીને તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. બેઠક દરમિયાન હાજર ચારેય કોર્પોરેટરોએ પણ વિસ્તારની વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપી અને નાગરિકોને તાત્કાલિક રાહત પહોંચે તે માટે કોર્પોરેશનના સંબંધિત વિભાગો સાથે સતત સંકલન રાખીને જરૂરી કામગીરી ઝડપી બનાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. સાથે જ લોકપ્રતિનિધિ તરીકે અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત હાજર રહી નાગરિકોની સમસ્યાઓના નિરાકરણ માટે સક્રિય રહેવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો. જમાઅતે ઈસ્લામી હિંદ, અમદાવાદ શહેરના પ્રમુખ ઈકબાલ એહમદ મિરઝાએ જણાવ્યું કે આપત્તિના સમયમાં રાજકારણ નહીં પરંતુ માનવસેવા અને સહકારની ભાવના સૌથી મહત્વપૂર્ણ છે. તેમણે કોર્પોરેશન, લોકપ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સમાજના તમામ વર્ગોને એકસાથે મળી અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન માટે કાર્ય કરવાની અપીલ કરી. તેમણે શહેરના નાગરિકોને પણ વિનંતી કરી કે તેઓ જરૂરિયાતમંદોની મદદ માટે આગળ આવે, રાહતકાર્યોમાં સહભાગી બને અને મુશ્કેલીમાં મુકાયેલા પરિવારોને દરેક શક્ય સહયોગ પૂરો પાડે. જમાઅતે ઈસ્લામી હિંદ, અમદાવાદ શહેર પોતાની ક્ષમતા મુજબ રાહત અને જનસેવાના કાર્યોમાં સતત સક્રિય રહેશે.

# નારાયણ સેવા સંસ્થાનની અમદાવાદમાં વિશાળ નિ:શુલ્ક દિવ્યાંગ શિબિર ૨૬મીએ

અમદાવાદ, તા.૨૪

દિવ્યાંગજનોના પુનર્વસન અને આત્મનિર્ભરતા માટે સમર્પિત, રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત સામાજિક સંસ્થા નારાયણ સેવા સંસ્થાન તથા સીએસઆર પાર્ટનર ઈંગરસોલ રેન્ડ દ્વારા અમદાવાદમાં એક વિશાળ નિ:શુલ્ક દિવ્યાંગ શસ્ત્રક્રિયા તપાસ, પસંદગી તેમજ જાપાન અને જર્મન ટેકનોલોજીથી નિર્મિત ૩ડી પ્રિન્ટેડ નારાયણ મોડ્યુલર આર્ટિફિશિયલ લીમ્બ મેજરમેન્ટ શિબિરનું આયોજન રવિવાર ૨૬ જુલાઈના રોજ કરવામાં આવશે. આ શિબિર ગુજરાત યુનિવર્સિટી અટલ-કલામ, કેમ્પસ લેન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત ખાતે યોજાશે શિબિરનું ઉદઘાટન સવારે ૧૧ વાગ્યે કરવામાં આવશે. જ્યારે નોંધણી અને તપાસ પ્રક્રિયા સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. સંસ્થાના મીડિયા અને જનસંપર્ક પ્રમુખ ભગવાન પ્રસાદ ગૌડે જણાવ્યું કે એવા દિવ્યાંગજનો, જેમણે કોઈ અકસ્માત, બીમારી અથવા અન્ય કારણોસર પોતાના હાથ અથવા પગ ગુમાવ્યા છે. તેમને ફરીથી સન્માજનક અને આત્મનિર્ભર જીવન પ્રદાન કરવું સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. પદ્મશ્રીથી સન્માનિત સ્થાપક કૈલાશ 'માનવ'ની પ્રેરણાથી સંસ્થા છેલ્લા ચાર દાયકાથી માનવતાની સેવામાં સતત કાર્યરત છે. તેમણે જણાવ્યું કે અમદાવાદ તથા આસપાસના વિસ્તારોના દિવ્યાંગજનોને વધુમાં વધુ લાભ પહોંચાડવાના હેતુથી આ વિશાળ નિ:શુલ્ક દિવ્યાંગતા નિવારણ ઓપરેશન પસંદગી તથા નારાયણ લિમ્બ મેજરમેન્ટ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંસ્થાના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે વધુમાં વધુ દિવ્યાંગજનોને આ શિબિરનો લાભ લેવા અપીલ કરતા જણાવ્યું કે શિબિરમાં આવનાર ઈચ્છુક દિવ્યાંગજનો પોતાની સાથે આધાર કાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર તથા સ્પષ્ટપણે દિવ્યાંગતા દર્શાવતા બે પાસપોર્ટ સાઈઝના ફોટા ફરજિયાત સાથે લઈને આવે.

# સોનમ વાંગચુક અને સરકાર વચ્ચેની સમજૂતીથી CJP અને વિપક્ષ મુશ્કેલીમાં : આ સમજૂતી કેવી રીતે થઈ ? હવે શું થશે ?

### સોનમ વાંગચુક એ વિદ્યાર્થી વિરોધની સૌથી મજબૂત કડી હતી અને સાથે જ તે સૌથી નબળી કડી પણ હતી

(એજન્સી) તા.૨૪

મોદી સરકારે શિક્ષણ મંત્રી પ્રધાનના રાજીનામા સિવાયની ત્રણ માંગણીઓ પૂર્ણ કર્યા બાદ કાર્યકર સોનમ વાંગચુકે ૨૬ દિવસના ઉપવાસનો અંત કર્યો છે. આ કરારમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામે કોઈ કેસ નહીં, સંસદમાં NEET ચર્ચા અને આત્મહત્યાનો ભોગ બનેલા લોકોના પરિવારોને વળતરનો સમાવેશ છે. પરંતુ મુખ્ય માંગણી યથાવત્ છે. શું વિપક્ષ કે કોકરોચ જનતા પાર્ટી પીછેહઠ કરશે, કે પ્રધાનને હટાવ્યા વિના વિરોધ ચાલુ રહેશે ? મોદી સરકારે તેમની ત્રણ મુખ્ય માંગણીઓ સ્વીકાર્યા બાદ કાર્યકર સોનમ વાંગચુકે ૨૩ જુલાઈ, ગુરૂવારે ૨૬ દિવસના ઉપવાસનો અંત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાંગચુકનો આભાર માનતી પોસ્ટ કરી. જોકે, આ સોદામાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની મુખ્ય માંગણી-શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું શામેલ નથી.

**સરકારે વાંગચુકને આપેલા ત્રણ આશ્વાસનોમાં આનો સમાવેશ થાય છે :**

૧. જંતર-મંતરમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ કરનારા વિદ્યાર્થીઓ અને ૨૦ જુલાઈના રોજ કૂચમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામે કોઈ કેસ નહીં.
૨. NEET પેપર લીક અને સંસદમાં શૈક્ષણિક સુધારા પર ચર્ચા.
૩. પેપર લીકને કારણે આત્મહત્યાથી મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના પરિવારો માટે યોગ્ય વળતર.

૨૨ જુલાઈના રોજ કેન્દ્રીય મંત્રીઓ જેપી નડ્ડા અને જીતેન્દ્ર સિંહને લખેલા પત્રમાં વાંગચુકે કરેલી મુખ્ય માંગણીઓ પણ આ હતી. તેથી, તે અર્થમાં, પ્રધાનનું રાજીનામું તે સમયે પણ પહેલાથી જ ચર્ચામાં ન હતું.

**● આ સોદો શા માટે થયો ? અને જંતર-મંતરમાં ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ માટે આનો શું અર્થ થાય છે ?**

આ બંને પ્રશ્નોના જવાબ આપવા માટે, આપણે છેલ્લા કેટલાક અઠવાડિયામાં સમગ્ર યુદ્ધ કેવી રીતે થયું તેનો ટૂંકમાં સારાંશની જરૂર છે.

વાંગચુક વિરોધ પ્રદર્શનની સૌથી મજબૂત કડી કેમ હતી પણ તેની સૌથી નબળી કડી પણ હતી. જ્યારે સોનમ વાંગચુકે જૂનના અંતમાં પ્રધાનના રાજીનામાની માંગણી સાથે ભૂખ હડતાળ શરૂ કરી, ત્યારે સરકાર સમગ્ર મુદ્દામાં ચાર માંગણીઓ હતી. તે બધા પ્રધાનને બરતરફ કરવા માંગતા હતા પરંતુ તેમાંથી દરેકનો લાંબા ગાળાનો એજન્ડા અલગ છે. ચાર મુખ્ય વિરોધીઓમાં આ સામેલ છે.

૧. CJP, ૨. સોનમ વાંગચુક, ૩. કોંગ્રેસ, ૪. બિન-કોંગ્રેસી વિરોધ

વિરોધને સમર્થન આપતી વિદ્યાર્થી સંસ્થાઓએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે પરંતુ તેઓ વ્યાપકપણે બિન-કોંગ્રેસી વિરોધ પક્ષ સાથે જોડાયેલા છે. તેથી, તેમને આ ચર્ચા માટે અલગ એન્ટિટી ગણવાની જરૂર નથી. કોંગ્રેસ અને બિન-કોંગ્રેસી વિરોધ પક્ષ વચ્ચેનો તફાવત CJP સાથે વધુ સહયોગી સંબંધ છે. સરકારના દૃષ્ટિકોણથી, આ ચાર એન્ટિટીઓમાં સૌથી મજબૂત તેમજ સૌથી નબળી કડી સોનમ વાંગચુક છે. સૌથી મજબૂત પણ છે કારણ કે, તેમણે વિરોધ પ્રદર્શનને કાયદેસરતા મળી હતી.

કોઈપણ રાજકીય પક્ષ સાથે કોઈ જોડાણ ન ધરાવતા એક અગ્રણી કાર્યકર હોવાને કારણે, વાંગચુકે ઘણા લોકોની નજરમાં વિરોધને સ્વીકાર્ય બનાવ્યો. તેમના ઉપવાસના ત્રીજા અઠવાડિયા સુધીમાં, સેલિબ્રિટીઓ અને અગ્રણી નાગરિકોએ જાહેરમાં તેમના માટે સમર્થન વ્યક્ત કર્યું. તેમના ઉપવાસથી, વિરોધ ફરી શરૂ થયો. જો કે, તેઓ વિરોધમાં સૌથી નબળી કડી પણ હતા. આનું કારણ એ છે કે, ઉપરોક્ત ચારમાંથી કદાચ તેઓ એકમાત્ર એવા હતા જેમણે સરકારના ઈરાદા પર શંકા કરી ન હતી, ઓછામાં ઓછું જાહેરમાં તો નહીં.

બીજો પાસું એ છે કે, NEET વાંગચુક માટે એકમાત્ર મુદ્દો ન હતો, તેઓ લદ્દાખના રાજ્યના દરજ્જા માટે પણ લડી રહ્યા છે. આ મુદ્દા માટે સરકાર સાથે સમાંતર વાટાઘાટોની જરૂર છે. એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે, જ્યારે તેમણે ઉપવાસ તોડ્યા ત્યારે લદ્દાખની સર્વોચ્ચ સંસ્થાના સભ્યો પણ વાંગચુક અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા અને જીતેન્દ્ર સિંહ સાથે હતા. વાંગચુકે સરકારની ચિંતા પણ સ્વીકારી હતી કે વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ ''અસામાજિક તત્વો''



દ્વારા થઈ રહ્યો છે. તેમણે પોતાના ઉપવાસ તોડવાના નિવેદનમાં પણ આ વાત પર ભાર મૂક્યો હતો. સરકારે ખેડૂત સંગઠનો સાથે પણ આ જ દલીલ કરી હતી, ખાસ કરીને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ લાલ કિલ્લાની ઘટના પછી. જોકે, ખેડૂત સંગઠનોએ હાર માનવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ સરકારે એક ખેડૂત સંગઠન નેતા પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો જે સમગ્ર વિરોધમાં સૌથી નબળી કડી હતા: રાકેશ ટિકૈત. સરકારે વિચાર્યું કે, ટિકૈત પંજાબના નહીં પણ પશ્ચિમ યુપીના છે અને તેમણે અગાઉ ભાજપ સાથે સહયોગ કર્યો હતો, તેથી તેના પર સોદો કરવા માટે દબાણ કરી શકાય છે. પરંતુ ટિકૈત મોદી સરકારની અપેક્ષા કરતાં વધુ કઠોર ગ્રાહક સાબિત થયા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ તેમના ભાવનાત્મક આક્રોશને કારણે ગાઝીપુર વિરોધ સ્થળ પર પોલીસ કાર્યવાહી અટકાવી દેવામાં આવી અને ખેડૂતોના વિરોધમાં એકત્રીકરણ થયું. ૨૦૨૧માં ટિકૈતની જેમ, ભાજપ સરકારે NEET વિરોધમાં વાંગચુકને વધુ સમાધાનકારી ગણ્યા. આ જ કારણે ૧૮ જુલાઈએ વહેલી સવારે પોલીસ કાર્યવાહી કરવામાં આવી જેથી તેમને જંતર-મંતરથી દૂર લઈ જવામાં આવે. આ ઉલટું થયું અને આખરે સમગ્ર વિરોધમાં મોટી સંખ્યામાં જનરલ ઝેડ વિરોધીઓ જોડાયા અને વ્યવહારીક રીતે વિરોધનું નિયંત્રણ સંભાળ્યું.

**હવે શું થશે ? :** સરકાર તેના વિરોધીઓને વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહી છે. વાંગચુક હવે લગભગ રસ્તાથી દૂર છે. સરકારની યોજના હવે વિપક્ષને સંસદમાં ચર્ચા સુધી અને સીજેપીને કોન્સ્ટિટ્યુશન ક્લબમાં વાટાઘાટો સુધી મર્યાદિત રાખવાની છે. મોટો ઉદ્દેશ્ય સામાન્ય વિરોધીઓને થકાવી દેવાનો છે. વાંગચુક સાથે સરકારનો સોદો પણ વિપક્ષ અને સીજેપીને મુશ્કેલ સ્થિતિમાં મૂકે છે. વિપક્ષ પર બીજો ખતરો અને સીજેપી પર સરકાર વિરોધીઓની ધરપકડ કરવાનો છે. સરકારે ધરપકડ અંગે વાંગચુક સાથેનો પોતાનો કરાર અસ્પષ્ટ છોડી દીધો છે. તેણે જંતર-મંતર પર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા કોઈપણ યુવાનો અને ૨૦ જુલાઈના રોજ કૂચમાં ભાગ લેનારાઓની ધરપકડ નહીં કરવાનું વચન આપ્યું છે. પણ પછી કનોટ પ્લેસ અને અન્ય સ્થળોએ રહેલા વિરોધીઓનું શું ? વિરોધ સ્થળોએ જતા સમયે અટકાયતમાં લેવામાં આવેલા અથવા અન્ય શહેરોમાં અટકાયતમાં લેવામાં આવેલા લોકોનું શું ? તેમના પર કોઈ સીધી પ્રતિબદ્ધતા હોય તેવું લાગતું નથી. CJP અને વિપક્ષ બંને આ મુદ્દા પર મોટા પાયે ધરપકડ ભવિષ્યના આંદોલનોને અસર કરી શકે છે. સરકાર પ્રધાનને દૂર કર્યા વિના વિરોધ પક્ષ અને CJPને અલગ પાડવા અને તેમને વાતચીત માટે સંમત કરાવવાની અપેક્ષા રાખી રહી છે. સરકારને એવી પણ આશા છે કે, તે પેપર લીક પર મોદીના વચનોના ગાજર તેમજ સંભવિત ધરપકડની લાકડીના મિશ્રણ દ્વારા GenZ વિરોધીઓને દબાવી શકશે. સરકાર, તેના તરફથી, પ્રધાનને દૂર કરવા સિવાય દરેક છૂટછાટ આપવા તૈયાર હોય તેવું લાગે છે. આનું કારણ સરળ છે. બીજા બધા માપદંડોને પીએમ મોદીની ઉદારતા (વળતર) અથવા તેમની નિર્ણાયકતા (પેપર લીકના આરોપીઓ સામે કાર્યવાહી) તરીકે ગણી શકાય. જોકે, પ્રધાનને દૂર કરવા એ અપરાધની કબૂલાત હશે. હવે પ્રશ્ન એ છે કે, પહેલા કોણ આંખ મીંચશે-સરકાર, વિપક્ષ, કે સીજેપી ? અને જો પ્રધાનને દૂર નહીં કરવામાં આવે તો સામાન્ય વિરોધીઓ કેટલો સમય ટકી રહેશે ?

# લ્યો... પ્રજ્ઞા ઠાકુરે સરકારને અપીલ કરી : 'કોકરોચ નાબૂદ કરો, દેશને સ્વચ્છ બનાવો'

### NEET પરીક્ષા લીક મુદ્દે જંતર મંતર પર CJPના વિરોધ પ્રદર્શન વચ્ચે ભાજપના પૂર્વ સાંસદે સોશિયલ મીડિયા પર 'કાયમી ઉકેલ' લાવવાની કરી માંગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ભાજપના પૂર્વ સાંસદ પ્રજ્ઞા ઠાકુરે દેશના ''નેતા''ને અપીલ કરી છે કે તેઓ રાષ્ટ્રમાંથી ''કોકરોચ (વાંદા) નાબૂદ કરવા માટે કાયમી વ્યવસ્થા'' કરે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ કરતા ઠાકુરે લખ્યું કે ભૂતકાળમાં જ્યાં પણ કચરો કે વાંદા દેખાતા હતા ત્યાં તેમને ઝાડુથી સાફ કરવામાં આવતા હતા, પરંતુ હવે ''ઝાડુ''એ આ વાંદાઓ સાથે દોસ્તી કરી લીધી છે, જેના કારણે સમગ્ર દેશમાં ગંદકી ફેલાઈ રહી છે. તેમણે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, ''દેશના નેતાએ હવે ઝાડુ પર વિશ્વાસ ન કરવો જોઈએ; તેના બદલે વાંદાઓને નાબૂદ કરવા માટે કાયમી વ્યવસ્થા કરવી જોઈએ. દેશને સ્વચ્છ બનાવો.'' પ્રજ્ઞા ઠાકુર પોતાના વિવાદિત નિવેદનો માટે જાણીતા છે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે NEET-UG ૨૦૨૬ પેપર લીક વિવાદને લઈને પાટનગર



નવી દિલ્હીમાં જંતર મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વ હેઠળ વિશાળ આંદોલન ચાલી રહ્યું છે અને પ્રદર્શનકારીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

**વિવાદો સાથે જૂનો નાતો અને આંદોલનની વર્તમાન સ્થિતિ**

૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાંથી ગત વર્ષે વિશેષ NIA કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરાયેલા પ્રજ્ઞા ઠાકુરને ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ટિકિટ આપી નહોતી. આ અગાઉ ૨૦૧૯ની ચૂંટણી દરમિયાન તેમણે ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલામાં શહીદ થયેલા મહારાષ્ટ્ર ATSના વડા હેમંત કરકરે વિશે વિવાદિત ટિપ્પણી કરી હતી, જેની વ્યાપક ટીકા થઈ હતી. બીજી તરફ, સંસદના ચાલુ સત્ર વચ્ચે દેશભરમાં આંદોલન ચાલુ છે. કેન્દ્ર સરકારની ખાતરી બાદ સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે ગુરૂવારે મોડી રાત્રે ૨૬ દિવસથી ચાલી રહેલા પોતાના ઉપવાસનો અંત આણ્યો હતો. સરકારે પેપર લીકના મુદ્દાઓને ઉકેલવા, ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવા, કડક કાયદો લાવવા અને વિદ્યાર્થીઓ સામે કોઈ કાનૂની કાર્યવાહી ન કરવાની ખાતરી આપી છે. જોકે, CJPએ સ્પષ્ટ કર્યું છે કે શિક્ષણ મંત્રીના રાજીનામા સુધી આંદોલન યથાવત રહેશે. પ્રજ્ઞા ઠાકુરના આ નિવેદન અંગે ભાજપના મોટાભાગના નેતાઓએ મૌન જાળવી રાખ્યું છે.

# હિન્દુ-રાષ્ટ્રવાદી ભદ્રલોકનું પુનરાગમન ? શ્યામા પ્રસાદ મુખર્જી અને બંગાળના ભૂતકાળ માટે ભાજપનો પ્રોજેક્ટ

### ૨૦૨૬માં પશ્ચિમ બંગાળ જીત્યા પછી ભાજપે હિન્દુ-રાષ્ટ્રવાદી ભદ્રલોકને પુનર્જીવિત કરવાના તેના પ્રોજેક્ટને આગળ વધાર્યો છે અને શ્યામા પ્રસાદ મુખર્જી અને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને બંગાળની હિન્દુ-રાષ્ટ્રવાદી પરંપરામાં પાયાના વ્યક્તિઓ તરીકે સ્થાન આપ્યું છે

(એજન્સી) તા.૨૪

૨૦૧૪થી, ભારતીય જનતા પાર્ટીએ ભારતના રાજકીય નકશાનો મોટો ભાગ જીતી લીધો છે. છતાં તેનો પ્રતિકાર ક્યારેય ફક્ત ચૂંટણીલક્ષી ન હતો - તે બૌદ્ધિક હતો. ૨૦૨૬માં, વર્ષોના સંઘર્ષ પછી, ભાજપે આખરે બંગાળ જીતી લીધું, પંદર વર્ષના તૃણમૂલ શાસનનો અંત લાવ્યો અને તે પહેલાં, ડાબેરી મોરચાની સરકારના ચોત્રીસ વર્ષ અને તે પછી ત્યાં શાસન કરનાર પ્રથમ જમણેરી પક્ષ બન્યો. પરંતુ તે ચૂંટણી વિજયે તેના ઊંડા કાર્યને વધુ તીવ્ર બનાવ્યું છે. નહેરુવાદી ભારતને આકાર આપતી બહુમતીવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી સંવેદનશીલતા બંગાળમાં જ રચાઈ હતી, તેની કવિતા, સાહિત્ય, સિનેમા અને રાજકીય કલ્પનામાં હતી. બંગાળને વૈચારિક રીતે, અને માત્ર વહીવટી રીતે જ નહીં, શાસન કરવા માટે, હિન્દુત્વને તેના મૂળમાં તે વારસાને આગળ વધારવાનો એકમાત્ર રસ્તો એ છે કે બંગાળના વસાહતી ભૂતકાળમાં પાછા ફરવું અને તેનો વિકલ્પ પાછો મેળવવો: એક હિન્દુ-રાષ્ટ્રવાદી ભદ્રલોક જે એક સમયે હતો પરંતુ સ્વતંત્રતા પછી ડાબેરી અને ઉદારવાદી લોકશાહીઓના લાંબા વર્ચસ્વ દરમિયાન દૂર થઈ ગયો હતો. હવે વાસ્તવિક સંઘર્ષ ઈતિહાસ, સ્મૃતિ અને બંગાળી બૌદ્ધિક પરંપરાની માલિકીનો છે. એકવીસમી સદીના ભાજપ અને આરએસએસ માટે, પુનઃપ્રાપ્તિનું આ કાર્ય બંગાળમાં તેમનું બૌદ્ધિક અસ્તિત્વ તેના પર નિર્ભર છે. બંગાળી ભદ્રલોક, ''આદરણીય લોકો'', શિક્ષિત, ઉચ્ચ જાતિના, મોટાભાગે હિન્દુ ભદ્ર વર્ગ હતા જે વસાહતી કલકત્તામાં અને તેની આસપાસ હતા, બ્રિટિશ શાસન હેઠળ અંગ્રેજી શિક્ષણ, વ્યાવસાયિક રોજગાર અને જમીન મહેસૂલ દ્વારા તેમની ઓળખ હતી. શ્યામા પ્રસાદ મુખર્જી — જે બંગાળના જમણેરી રાજકારણના સ્થાપક પિતા અને ભારતીય જનસંઘના સ્થાપક, ભાજપના સંગઠનાત્મક પૂર્વજ - આ વર્ગના હિન્દુ-રાષ્ટ્રવાદી પાંખ સાથે જોડાયેલા હતા. સમકાલીન ભાજપ બૌદ્ધિક પુનઃપ્રાપ્તિના ઈરાદાપૂર્વકના કાર્યમાં છે, બંગાળી ભદ્રલોકના એક ચોક્કસ ભાગ - તેની હિન્દુ-રાષ્ટ્રવાદી, પુનરુત્થાનવાદી પાંખ - નેહરુવીયન ભારતને આકાર આપનાર ધર્મનિરપેક્ષ, ઉદારવાદી અને બહુવચનવાદી પાંખને અવગણી રહ્યો છે. તે એક અસ્તિત્વ ટકાવી રાખવાની વ્યૂહરચના છે. તેની ઓળખ હંમેશા જાતિ અને વસાહતી તકો સાથે રહી છે: ભદ્રલોકોએ વસાહતી વહીવટમાં - મેજિસ્ટ્રેટ, વકીલો, ન્યાયાધીશો, પ્રોફેસરો અને કારકુનો જેવા હોદ્દાઓ લીધા હતા અને બ્રિટિશ શાસન તેમના પર આધાર રાખતું હતું, જેથી તેમને શાસકો અને શાસિત વચ્ચે મધ્યસ્થી કરનાર સહયોગી વર્ગ તરીકે વર્ણવવામાં આવે છે. આ મહત્વનું છે, કારણ કે ભાજપ હવે નેશનાલિસ્ટ તરીકે દાવો કરવા માંગે છે તે તેના પ્રારંભિક દાયકાઓમાં, રાજ પ્રત્યે વફાદાર હતી. ઘણા અગ્રણી બંગાળી બૌદ્ધિકો અને અખબારો, છેવટે, ૧૮૫૭ના બળવા દરમિયાન બ્રિટિશરો પ્રત્યે વફાદાર રહ્યા હતા, વસાહતી શાસનને આધુનિકીકરણના સાધન તરીકે જોતા હતા અને સફળ બળવાના પરિણામોથી ડરતા હતા. આ વર્ગમાં, બે વ્યાપક પ્રવાહોને ઓળખી શકાય છે. એક હિન્દુ સાંસ્કૃતિક પુનરુત્થાનને હિન્દુ રાષ્ટ્રવાદના દૃષ્ટિકોણ સાથે જોડે છે. તેનો બૌદ્ધિક વંશ સામાન્ય રીતે બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય સુધી પહોંચે છે, જેમના આનંદમઠ (૧૮૮૨) અને વંદેમાતરમ ગીતે રાષ્ટ્રીય ઓળખને હિન્દુ ધાર્મિક પ્રતીકવાદ સાથે જોડી દીધી અને પાછળથી હિન્દુ રાષ્ટ્રવાદી વિચારને આકાર આપ્યો. રાજનારાયણ બોઝ અને નબાગોપાલમિત્ર જેવા વ્યક્તિઓએ હિન્દુ પરંપરાઓ અને સ્વદેશી સંસ્કૃતિના પુનરુત્થાનને પ્રોત્સાહન આપ્યું; વીસમી સદીની શરૂઆતમાં, અરવિંદ ઘોષ અને બિપિનચંદ્ર પાલે વધુ અડગ રાષ્ટ્રવાદને આગળ ધપાવ્યો. આ વંશાવળીને આજે સંઘ પરિવાર પોતાની સાથે લેવા માંગે છે. બીજો પ્રવાહ ઉદારવાદી, બહુલવાદી, માનવતાવાદી, બંધારણીય અને સમાવેશી હતો. તે રામમોહન રોયના બુદ્ધિવાદ અને ધાર્મિક સુધારાથી શરૂ થયો અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રવિન્દ્રનાથ ટાગોર અને સુભાષચંદ્ર બોઝ જેવા વ્યક્તિઓમાં પરિપક્વ થયો. ટાગોરે આક્રમક રાષ્ટ્રવાદની અત્યાર સુધી લખાયેલી સૌથી ટીકાઓ કરી અને ધાર્મિક અને રાજકીય અરાજકતાના જોખમો સામે ચેતવણી આપી અને સાંપ્રદાયિક ઓળખથી આગળ વધતા સાર્વત્રિક માનવતાવાદની હિમાયત કરી. બોઝે એક સ્પષ્ટ રીતે સમાવિષ્ટ રાષ્ટ્રવાદનું નિર્માણ કર્યું જે હિન્દુઓ, મુસ્લિમો, શીખો અને અન્ય લોકોને વસાહતી શાસન સામે એક કરવાનો પ્રયાસ કરતો હતો. આ પ્રવાહો એક જ સામાજિક વર્ગમાં સહઅસ્તિત્વ ધરાવતા હતા, જે કોઈપણ એકીકૃત વિશ્વ દૃષ્ટિકોણને બદલે વસાહતી બંગાળી વિચારની વાસ્તવિક વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. સમકાલીન રાજકારણ માટે મહત્વપૂર્ણ મુદ્દો એ છે કે તે બીજો તબક્કો ધર્મનિરપેક્ષ, બહુવચન, લોકશાહી હતો જે સ્વતંત્રતા ચળવળના મુખ્ય પ્રવાહમાં અને ૧૯૪૭ પછી, નહેરુવાદી સમાધાન અને સાંપ્રદાયિક સંવાદિતાના ગાંધીવાદી આદર્શમાં હતો. હિન્દુ-રાષ્ટ્રવાદી પ્રવાહે તેના પોતાના સમયમાં યોગ્યતા ગુમાવી દીધી. હવે બંગાળ જીતી લીધા પછી, ભાજપ અને આરએસએસ ભૂતકાળમાં પણ તેને જીતવા માટે કટિબદ્ધ છે અને નહેરુવાદી અને ગાંધીવાદી વારસાને સંપૂર્ણપણે બાયપાસ કરવા માટે પુનરુત્થાનવાદી ભદ્રલોક સાથે પોતાને ફરીથી જોડે છે. હિંદુ પુનરુત્થાનવાદી પરંપરાને ફરીથી મેળવવાનો ભાજપનો પ્રયાસ એક મહત્વપૂર્ણ ઐતિહાસિક વિરોધાભાસ છે. ઓગણીસમી સદીના બંગાળી ભદ્રલોકના ઘણા અગ્રણી વ્યક્તિઓ, બંકિમ, બ્રિટિશ શાસન પ્રત્યેના વાસ્તવિક સમાધાન સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને જોડે છે. આનંદમઠમાં, બંકિમ સૂચવે છે કે બ્રિટિશ શાસન સ્વ-શાસન શક્ય બને તે પહેલાં હિન્દુ સમાજના નૈતિક અને બૌદ્ધિક પુનર્જીવનને અસ્થાયી રૂપે સરળ બનાવી શકે છે. આ દ્વિધા તેમને એક સ્પષ્ટ સંસ્થાનવાદ વિરોધી રાષ્ટ્રવાદી તરીકે દર્શાવવા સાથે બંધબેસે છે. વધુ વ્યાપક રીતે, સબઓલ્ટર્ન સ્ટડીઝના ઈતિહાસકારોએ દલીલ કરી છે કે ભદ્રલોક રાષ્ટ્રવાદ ઘણીવાર ઉચ્ચ કક્ષાનો રહ્યો અને લોકપ્રિય



ગતિશીલતાથી સાવચેત રહ્યો, ખેડૂત અને સબઓલ્ટર્ન રાજકીય કાર્યવાહીને સશક્ત બનાવવાને બદલે વ્યવસ્થાપિત કરવાનો પ્રયાસ કરતો હતો. તેથી, ભાજપ દ્વારા આ પરંપરાનું આહ્વાન કરવામાં ભૂલી ગયેલા ભૂતકાળને પુનઃપ્રાપ્ત કરવા સામેલ છે; તે વર્તમાન સમયના ઉદ્દેશ્યો સાથે સુસંગત રાષ્ટ્રવાદી વંશાવળી બનાવવા માટે ઐતિહાસિક વ્યક્તિઓનું પસંદગીપૂર્વક પુનઃઅર્થઘટન કરે છે. આ સંપાદનને શ્યામા પ્રસાદ મુખર્જી કરતાં વધુ સ્પષ્ટ રીતે કોઈ દર્શાવતું નથી. ૨૦૧૪માં ભાજપ રાષ્ટ્રીય સત્તામાં આવ્યા પછી, તેમણે પક્ષની વૈચારિક વંશાવળીમાં એક કેન્દ્રિય સ્થાન ધારણ કર્યું છે, તેમને એક સ્વપ્નદૃષ્ટા રાષ્ટ્રવાદી તરીકે રજૂ કરવામાં આવ્યા છે જેમણે ભારતની પ્રાદેશિક અખંડિતતાનો બચાવ કર્યો હતો, જમ્મુ અને કાશ્મીર માટે વિશેષ બંધારણીય જોગવાઈઓનો વિરોધ કર્યો હતો. ૧૯૫૩માં કાશ્મીરમાં અટકાયતમાં તેમના મૃત્યુને રાષ્ટ્રીય એકતા માટે શહીદી તરીકે ઉજવવામાં આવે છે. ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા પછી પુનર્નિર્માણ ખાસ કરીને દૃશ્યમાન બન્યું, જેને ભાજપના નેતાઓ મુખર્જીના લાંબા સમયના વિઝનની પરિપૂર્ણતા તરીકે વર્ણવતા હતા. ઐતિહાસિક રેકોર્ડમાં, આ ચિત્ર પસંદગીયુક્ત છે. મુખર્જી નિશ્ચિતપણે સ્વર્ગસ્થ વસાહતી હિન્દુ-રાષ્ટ્રવાદી ભદ્રલોક સાથે જોડાયેલા હતા, અને તેમની કારકિર્દીમાં એવા પ્રસંગો પણ સામેલ હતા. ઓગસ્ટ ૧૯૪૨ના ભારત છોડો ચળવળ પહેલાં, તેમણે બંગાળના ગવર્નર સર જોન હર્બર્ટ સાથે પત્રવ્યવહાર કર્યો હતો કે જો કોંગ્રેસ મોટા પાયે આંદોલન શરૂ કરે તો પ્રાંતીય વહીવટીતંત્રે કેવી પ્રતિક્રિયા આપવી જોઈએ, અને દલીલ કરી હતી કે યુદ્ધના પ્રયાસને વિક્ષેપિત કરી શકે તેવા આંદોલનનો પ્રતિકાર કરવો જોઈએ. તેમણે ભારત છોડોનો વિરોધ કર્યો હતો, યુદ્ધ દરમિયાન બ્રિટિશ બંધારણીય વ્યવસ્થા હેઠળ કાર્યરત પ્રાંતીય સરકારમાં મંત્રી તરીકે સેવા આપી હતી. કોંગ્રેસના મંત્રીમંડળોએ વિરોધમાં રાજીનામું આપ્યું હોવા છતાં પણ તેમણે હિન્દુ મહાસભાની પ્રાંતીય સરકારોમાં ભાગ લેવાની નીતિને ટેકો આપ્યો હતો. અને જ્યારે ભાગલા પડવાની શક્યતા હતી, ત્યારે તેઓ બંગાળને વિભાજીત કરવાના સૌથી મજબૂત હિમાયતીઓમાંના એક બન્યા જેથી હિન્દુ બહુમતી ધરાવતો પશ્ચિમી ભાગ ભારતમાં રહે. આ જ વલણ ભાજપને બંગાળના વિભાજનની ઉજવણી કરવાની અને મુખર્જીને તેના દૂરંદેશી શિલ્પી તરીકે રજૂ કરવાની તક આપે છે. તે છેલ્લું સ્થાન મુખર્જીના રાજકારણના વાસ્તવિક સામાજિક તર્ક તરફ નિર્દેશ કરે છે. આ મુદ્દાનું મૂળ છે. હિન્દુ રાષ્ટ્રવાદ હંમેશા સ્વતંત્રતા સંગ્રામ અંગે વિશ્વસનીયતાની સમસ્યાનો સામનો કરતો રહ્યો છે: તેના મુખ્ય સંગઠનો મોટાભાગે સામૂહિક વસાહતી વિરોધી ચળવળથી અલગ રહ્યા હતા, અને ખાસ કરીને RSSએ લાંબા સમયથી વૈકલ્પિક ઐતિહાસિક કથાઓ બનાવી છે જે હિન્દુ સભ્યતાની સાતત્ય અને રાષ્ટ્રીય એકતા પર ભાર મૂકે છે. રાષ્ટ્રીય સ્તરે, ભાજપે સાવરકર, હેડગેવાર, દીનદયાળ ઉપાધ્યાય અને મુખર્જીને રાષ્ટ્રમાં પાયાના યોગદાન આપનારાઓ તરીકે સમાવીને તેના ઐતિહાસિક દેવસ્થાનનો વિસ્તાર કરીને પ્રતિક્રિયા આપી છે. મુખર્જી આ દેવસ્થાનમાં અનન્ય રીતે મૂલ્યવાન છે કારણ કે તે બંગાળી છે, અને બંગાળમાં વસાહતી વિરોધી કલ્પના સૌથી તેજસ્વી અને સૌથી વધુ બિનસાંપ્રદાયિક હતી. જો સંઘ મુખર્જીને અને બંકિમને બંગાળી રાષ્ટ્રવાદના અધિકૃત અવાજ તરીકે સ્થાપિત કરી શકે છે, તો તે એક સાથે બે બાબતો પૂર્ણ કરે છે. તે હિન્દુ રાષ્ટ્રવાદને બંગાળી બૌદ્ધિક પૂર્વજ પૂરો પાડે છે જેનો તેમની પાસે હંમેશા અભાવ રહ્યો છે. બંગાળ જીતવું, અને હવે તેના રાષ્ટ્રવાદી ભદ્રલોકની પુનઃકલ્પના કરવી, તે ફક્ત બેઠકો વિશે જ નહીં; તે એક વંશ મેળવવા વિશે છે. આ પ્રાંત તેઓને બૌદ્ધિક અને સાહિત્યિક મૂડી પ્રદાન કરે છે જેની હિન્દુ રાષ્ટ્રવાદને એક વિશ્વસનીય રાષ્ટ્રીય વાર્તા તરીકે લાંબા ગાળાના અસ્તિત્વ માટે જરૂર છે. આ ટાગોર અને બોઝને ભગવા કથામાંથી બાકાત રાખવાનું પણ સમજાવે છે. બંગાળના ધર્મનિરપેક્ષ-ઉદારવાદી ભદ્રલોક આ નવી હિન્દુ-રાષ્ટ્રવાદી લહેરનો કેવી રીતે પ્રતિભાવ આપે છે તે જોવું રસપ્રદ રહેશે. પછી ભલે તે પ્રતિકાર કરે, અનુકૂલન કરે. શહેરી, શિક્ષિત હિન્દુ મધ્યમ વર્ગના કેટલાક વર્ગો, વ્યાવસાયિકો, નિવૃત્ત સિવિલ સેવકો, શિક્ષણવિદો, બંગાળી હિન્દુ ઓળખ, નાગરિકતા અને સરહદ પાર સ્થળાંતર અંગેની તેમની ચિંતાઓ માટે ભાજપને એક સાધન તરીકે જોવા લાગ્યા છે. છતાં આ વર્ગ રાજકીય રીતે વિભાજિત છે: બંગાળના બૌદ્ધિક અને સાંસ્કૃતિક વર્ગના નોંધપાત્ર ભાગો હજુ પણ ધર્મનિરપેક્ષ, ઉદારવાદી અને ડાબેરી પરંપરાઓને વળગી રહે છે અને બહુમતીવાદી રાજકારણની તીવ્ર ટીકા કરે છે. વધુમાં, તેમનો સાંસ્કૃતિક અધિકાર ક્યારેય સંપૂર્ણ રીતે ચૂંટણીલક્ષી ન હતો; તે યુનિવર્સિટીઓ, પ્રકાશન ગૃહો અને સાહિત્યિક સંસ્થાઓ દ્વારા ચાલ્યો હતો, અને તેમાંથી મોટાભાગનો ડાબેરી મોરચાના લાંબા વર્ષો સુધી રહ્યો હતો. બંગાળના વર્તમાનને કબજે કર્યા પછી, તે હવે બંગાળના ભૂતકાળને જોડવા માટે સખત મહેનત કરી રહ્યું છે. હિન્દુ-રાષ્ટ્રવાદી ભદ્રલોકનું પુનરુત્થાન, એ મુખર્જી શહીદ અને બંકિમને સાતત્ય સાથે જોડવાનો પ્રયાસ છે. ચૂંટણી જીતવી એક વાત છે; ટાગોરના બંગાળનો વારસો મેળવવો એ બીજી વાત છે. **(સૌ.: મક્તુબમીડિયા.કોમ)**

# 'બે બાળકોના પિતા તરીકે હું અનુભવથી કહું છું...' વિદ્યાર્થી આંદોલન પર સંજય માંજરેકરની આકરી પ્રતિક્રિયા

### NEET પેપર લીક વિવાદ અંગે દેશભરમાં થઈ રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે આપ્યું મોટું નિવેદન

(એજન્સી) તા.૨૪

મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે લેવાતી ઓલ ઈન્ડિયા એન્ટ્રન્સ એક્ઝામ 'NEET'નું પેપર લીક થવાના મુદ્દે દેશભરમાં ચાલતા વિદ્યાર્થીઓના આંદોલનને પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે પણ પોતાનું મજબૂત સમર્થન આપ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક તીખી પોસ્ટ શેર કરીને તેમણે દેશના યુવાનો પ્રત્યે એકજુટતા દર્શાવી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ મુદ્દો માત્ર પેપર લીક પૂરતો મર્યાદિત નથી, પરંતુ લોકશાહીમાં દબાણ અનુભવવા સામેનો એક વિરોધ છે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સંજય માંજરેકરે લખ્યું, 'હું ભારતના યુવાનોની સાથે અડીખમ ઊભો છું. તેમને દબાવવાનો પ્રયાસ ન કરો, તેમને પાંખો આપો; તેઓ ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આ વિરોધ માત્ર NEET પેપર લીક પૂરતો સીમિત નથી. લોકશાહીમાં સતત દબાવવામાં આવવાની લાગણી અને મુખ્યધારાના મીડિયા (મેઈનસ્ટ્રીમ મીડિયા) દ્વારા કરવામાં આવતા બ્રેનવોશિંગ સામે આ એક વિદ્રોહ છે. બે બાળકોના પિતા તરીકે હું મારા અંગત અનુભવથી કહું છું કે આજના યુવાનોને દબાવવાનું કે તેમનું બ્રેનવોશિંગ કરવાનું ક્યારેય સફળ થશે નહીં.' ઉલ્લેખનીય છે કે, સંજય માંજરેકરે ૧૯૮૭થી ૧૯૯૬ વચ્ચે ભારત માટે ૩૭ ટેસ્ટ અને ૭૪ વન-ડે મેચ રમી હતી. તેઓ મુંબઈની સફળ રણજી ટીમનો ભાગ રહ્યા હતા અને તેમણે પોતાની કેપ્ટનશીપ હેઠળ મુંબઈને રણજી ટ્રોફીનો ખિતાબ પણ અપાવ્યો હતો. નિવૃત્તિ બાદ તેઓ મીડિયા અને સ્પોર્ટ્સ કોમેન્ટ્રીમાં ખૂબ સક્રિય રહ્યા છે. આ અગાઉ, પાટનગર દિલ્હીના જંતર મંતરથી સંસદ ભવન તરફ માર્ચ દરમિયાન પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ બાદ આ આંદોલન વધુ ઉગ્ર બન્યું હતું. હાલમાં બેંગ્લુરૂ અને મુંબઈ સહિત દેશના અનેક મોટા શહેરોમાં




યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જેમાં વિદ્યાર્થીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓના આક્રોશ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મીડિયા દ્વારા આશ્વાસન આપતા કહ્યું છે કે, પેપર લીક માટે જવાબદાર લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ જણાવ્યું કે, દોષિતોને સજા આપવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી રહી છે અને આગામી કેબિનેટ બેઠકમાં વધુ નિર્ણયો લેવાશે. તેમણે ઉમેર્યું કે, 'પેપર લીક એ સામાન્ય બાબત નથી, તેનાથી લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને ભારે દુઃખ પહોંચ્યું છે. અમે ખાતરી કરી રહ્યા છીએ કે વિદ્યાર્થીઓનું એક પણ વર્ષ બગાડ્યા વિના નવી વ્યવસ્થા બનાવવામાં આવે અને સંસદના આગામી સત્રમાં આ અંગેનું બિલ શક્ય તેટલી વહેલી તકે પસાર કરવામાં આવે.'

# વિદ્યાર્થી આંદોલન : PMના વીડિયો અંગે કોંગ્રેસ અધ્યક્ષ બોલ્યા, ફક્ત એકતરફી 'મન કી બાત' ન કરો; સંસદમાં જવાબ આપો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

૨૦ જુલાઈના રોજ 'સંસદ માર્ચ' દરમિયાન પોલીસના કડક કાર્યવાહી બાદ દિલ્હીમાં વિદ્યાર્થી વિરોધ વેગ પકડી રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)એ શુક્રવારે (૨૪ જુલાઈ) દેશભરમાં શાંતિપૂર્ણ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે. દિલ્હીના જંતર-મંતર પર મોટી સંખ્યામાં વિરોધીઓ એકઠા થયા છે, જ્યાં CJP સભ્યો તેમની માગણીઓ માટે દબાણ કરવા માટે ધરણા કરી રહ્યા છે. તેમની મુખ્ય માંગ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું છે. વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રએ મધ્ય દિલ્હીમાં અનેક મેટ્રો સ્ટેશનો બંધ કરી દીધા છે, વિવિધ વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દીધી છે અને અનેક રૂટ પર અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. આમ છતાં દિલ્હી અને દેશભરના અન્ય શહેરોમાં મોટી સંખ્યામાં લોકો



પ્રદર્શનોમાં જોડાઈ રહ્યા છે અને વિદ્યાર્થીઓ સાથે એકતા વ્યક્ત કરી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં વિપક્ષે સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શન કર્યું. વિપક્ષે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીનો પુનરોચ્ચાર કર્યો.

અલગ રીતે પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે ૨૬ દિવસ પછી તેમની ભૂખ હડતાળ સમાપ્ત કરી. CJPના સ્થાપક અભિજીત દિપકેએ જણાવ્યું હતું કે, તેમને એવી માહિતી મળી છે કે, CJP ટીમના સભ્યોની આજે રાત્રે ધરપકડ થઈ શકે છે. સમાચાર એજન્સી PTI અનુસાર, દિપકેએ જનતાને અપીલ કરી હતી કે, ભલે તેમની અને તેમના સાથીઓની ધરપકડ કરવામાં આવે તો પણ આંદોલન ચાલુ રાખો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, પીએમએ એકતરફી વીડિયો સંદેશ આપવાને બદલે સંસદમાં વિદ્યાર્થીઓના આંદોલનને સંબોધિત કરવું જોઈતું હતું. ખડગેએ માંગ કરી હતી કે, પ્રધાનમંત્રી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને તેમના પદ પરથી દૂર કરે અને વિદ્યાર્થીઓની માફી માંગે.

# ભાભરમાં આભ ફાટ્યું, ૨૪ કલાકમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ

## સતત ભારે વરસાદના કારણે ૫૦થી વધુ દુકાનોમાં પાણી ઘૂસતા ભારે નુકસાન

(સંવાદદાતા દ્વારા)ડીસા, તા.૨૪

ભાભરમાં ગઈ કાલથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેને લઈ સર્વત્ર જળબંબાકાર બની ગયું છે. નગરપાલિકા પ્રમુખ સહિત પાલિકાની ટીમ તેમજ પોલીસ સહિત વહીવટી તંત્ર દ્વારા પાણી નિકાલ માટે તેમજ લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ભાભરમાં ધોધમાર ગઈ કાલથી આજ સવારે ૬ વાગ્યા સુધીમાં ૧૧૩ મી.મી. વરસાદ પડ્યો હતો તેમજ આજ સવારે ૬થી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૧૬૫ મી.મી. વરસાદ ખાબકતા કુલ ૧૧ ઈંચથી વધુ વરસાદ પડતા મુખ્ય માર્ગો, લાટી બજાર, લાલચોક, આઝાદ ચોક, ખાડિયા વિસ્તાર સહિતનીચાણવાળા વિસ્તારોમાં કેડ સમા પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત બન્યું હતું. અનેક દુકાનોમાં પણ વરસાદી પાણી ઘૂસી જતાં વેપારીઓને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો, જ્યારે રોડ-રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. નગરપાલિકા દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે રહેવા માટે નગર પાલિકા ટાઉનહોલમાં વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ ગટરો અને વરસાદી પાણીના નિકાલના માર્ગો ખુલ્લા કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે, જેથી પાણીનો વહેલો નિકાલ થઈ શકે અને શહેરની સામાન્ય સ્થિતિ ઝડપથી પુનઃસ્થાપિત થાય. સતત વરસાદથી લાઈટો બંધ થઈ જતાં લોકોને લાઈટ વગર હેરાન ન થવું પડે તે માટે ચાલુ વરસાદે વીજ કર્મચારીઓ દ્વારા વીજ પોલ ઉપર ચડીને વીજ પુરવઠો ચાલુ કરતાં જોવા મળ્યા હતાં.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

### તંત્ર નુકસાનીનું વળતર આપે : દુકાનદારો

ભાભરના દુકાનદાર લાલાભાઈ પીઠડીયાએ જણાવ્યું હતું કે, સતત પડી રહેલા વરસાદના કારણે ૫૦થી વધુ દુકાનોમાં પાણી ઘૂસ્યા છે જેમાં કટલરી, કરિયાણા, જ્વેલર્સ, દરજી, ફૂટવેર, ઈલેક્ટ્રિક, વાસણ, રેડીમેડ સહિત કાપડની દુકાનોમાં ભારે નુકસાની થઈ છે. તંત્ર દ્વારા નુકસાનીનું યોગ્ય વળતર આપવામાં આવે તેવી વેપારીઓએ માંગ પણ કરી હતી.

### નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડ્યા : પ્રમુખ

પાલિકા પ્રમુખ અમરતભાઈ માળીએ જણાવ્યું હતું કે, બે દિવસથી સતત વરસાદ પડતા લાટી બજાર સહિત નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. પાલિકાની ટીમ પાણીનો નિકાલ કરવાના કામે લાગી છે તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે તેમજ વધુ વરસાદ પડતા દુકાનોમાં પાણી ઘસવાથી દુકાનદારોને જે નુકસાન થયું છે તે બાબતે અમો રાજ્ય સરકારમાં રજૂઆત કરીશું અને વેપારીઓને વળતર મળે તેવા પ્રયત્નો કરીશું.

# માતરના મોતીપુરા રોડ પર કાર ગરનાળામાં ખાબકતાં ચારનાં મોત, બેનો બચાવ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૪

અમદાવાદથી માતર ખાતે ફર્નિચરનું કામ જોવા આવી રહેલા વેપારી અને તેમના કારીગરોની અર્ટીગા કાર માતર-મોતીપુરા રોડ પર આવેલ ગરનાળાના વહેતા પાણીમાં ગઈકાલે રાત્રેપલ્ટી મારી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારચાલક સહિત કુલ ચાર વ્યક્તિઓના ઘટનાસ્થળે જ ડૂબી જવાથી અને ઈજાઓ થવાથી મોત નીપજ્યા છે, જ્યારે કારમાં સવાર અન્ય બે વ્યક્તિઓનો બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને એલ્યુમિનિયમ ફેબ્રિકેશનનો ધંધો કરતા મુકેશકુમાર જયુત યોગી ચૌહાણ (ઉં.વ.૩૨) અને તેમના મિત્ર ધર્મેન્દ્રસિંગ કુલદિપસિંગ ગીલ પોતાના કારીગરો સાથે અર્ટીગા ગાડી (નંબર GJ-27-EF-8541)માં માતર ખાતે રહેતા હિરેનભાઈ પટેલના ઘરે ફર્નિચરનું કામ જોવા માટે નીકળ્યા હતા.

ગઈકાલ તારીખ ૨૩/૦૭/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે ભારે વરસાદ વચ્ચે કાર ખોડીયાર ચોકડીથી માતર મોતીપુરા રોડ તરફથી પસાર થઈ રહી હતી. તે વખતે કાર ચાલક મયુર મહેશભાઈ પંચાલ કાર હંકારી રહ્યો હતો. મોતીપુરા તરફ જવાના રસ્તા પર અચાનક ગાડી વાળવા જતાં કાર રોડની બાજુમાં આવેલ ગરનાળાના વહેતા પાણીમાં પલ્ટી મારી ગઈ હતી. કાર પલ્ટી મારતાં જ મુકેશકુમાર ચૌહાણ બારીનો કાચ ખુલ્લો હોવાથી બહાર નીકળી ગયા હતા, જ્યારે ધર્મેન્દ્રસિંગ કાચ તોડીને બહાર આવ્યા હતા. જોકે, કારમાં સવાર અન્ય ચાર લોકો પાણીમાં ડૂબી જતાં ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ૧૦૮ મારફતે ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ મામલે માતર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### મરનારના નામ

૧ : મયુર મહેશભાઈ પંચાલ (ઉં.વ.૩૬, રહે. મણિનગર, અમદાવાદ)
૨. રાજ સંજયભાઈ રાઠોડ
૩. વિરેન્દ્રસિંગ મદનસિંગ શેખાવત (રહે. સિટીએમ, અમદાવાદ)
૪. મહમદમુસ્તકીમ મન્સુરભાઈ રાજપુત (રહે. રખિયાલ, અમદાવાદ)



(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

# ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિથી ૮ માર્ગો બંધ, માતર, મહુધા, ખેડા અને વસો તાલુકાના અનેક ગામો સંપર્કવિહોણા



(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૪

ખેડા જિલ્લામાં થયેલી અતિવૃષ્ટિને કારણે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના ૮ જેટલા મુખ્ય અને ગ્રામીણ રસ્તાઓ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી છે. જિલ્લાના માતર, મહુધા, ખેડા અને વસો તાલુકાના અનેક ગામોને જોડતા રસ્તાઓ પર પાણી ફરી વળવાથી (ઓવરટોપિંગ), રોડના સ્ટ્રક્ચરને નુકસાન થવાથી તથા રસ્તાઓમાં ભંગાણ પડવાના કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે. તંત્ર દ્વારા વાહનચાલકોની સુવિધા માટે વૈકલ્પિક રસ્તાઓની યાદી જાહેર કરવામાં આવી છે અને સ્થિતિ સામાન્ય બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.

માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), નડિયાદ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી મુજબ, અતિવૃષ્ટિના કારણે બંધ થયેલા રસ્તાઓ અને તેમની વિગતવાર પરિસ્થિતિ જોઈએ તો માતર તાલુકો : માછીયેલ ત્રાંણજા નગરામાં માલાવાડા રોડ (નગરામાં એપ્રોચ સહિત) : આ મુખ્ય જિલ્લા માર્ગ પર પાણીનું ઓવરટોપિંગ થવાના કારણે માછીયેલ, ત્રાંણજા, નગરા અને માલાવાડા ગામો અસરગ્રસ્ત થયા છે. વાહનચાલકો માટે માતર-માછીયેલ રોડ (૬ કિમી), માછીયેલ-હેરેજ રોડ (૩ કિમી), વારૂકાંસ-ત્રાંણજા રોડ (૨.૭૦ કિમી) અને લિંબાસી-માલાવાડા રોડ (૫ કિમી) ના વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ કરાવાયા છે. આ રસ્તો ૨૫ જુલાઈ સુધીમાં ચાલુ થવાની સંભાવના છે.

# કલોલમાં ધોધમાર વરસાદથી જળબંબાકાર

## ધારાસભ્યની હેલ્પલાઈન સાબિત થઈ શો-પીસ

(સંવાદદાતા દ્વારા) કલોલ, તા.૨૪

ગઈકાલે કલોલમાં પડેલા ધોધમાર વરસાદને કારણે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. ભારે વરસાદની આગાહી અને કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર દ્વારા સોશિયલ મીડિયા પર ઈમરજન્સી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ, આ નંબર માત્ર દેખાડા પૂરતો જ સીમિત રહ્યો હોવાના આક્ષેપો રહીશો દ્વારા કરવામાં આવી રહ્યા છે.કલોલના ઉસ્તાદપુરા, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે આવેલી ચાલીમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ઘરમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને રાતભર ઘર બહાર અને રોડ પર બેસી રહેવાની ફરજ પડી હતી.જ્યારે સ્થાનિકો દ્વારા ધારાસભ્ય કાર્યાલયના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે માત્ર "૧૦-૨૦ મિનિટમાં ટીમ પહોંચે છે" જેવા પોકળ આશ્વાસનો આપવામાં આવ્યા હતા. કલાકો સુધી (૧૦:૩૦ વાગ્યાથી લઈને ૧૨:૩૦ વાગ્યા સુધી અને ત્યારબાદ પણ) કોઈ જ વહીવટી કે રાહત ટીમ સ્થળ પર પહોંચી ન હતી.ધારાસભ્ય કાર્યાલય પરથી ટ્રેક્ટર અને ટીમ મોકલવાના બહાના બતાવવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવિકતામાં નીચાણવાળા વિસ્તારના રહીશોને કોઈ મદદ મળી ન હતી. આ ઘટનાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ભારે વરસાદના પગલે પશ્ચિમ રેલવેની અનેક ટ્રેનો રદ, કેટલીક શોર્ટ ટર્મિનેટ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, ભરૂચ, તા.૨૪

ભારે વરસાદ અને પ્રતિકૂળ હવામાનની સ્થિતિને પગલે પશ્ચિમ રેલવેએ ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ અનેક મહત્વની ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવાની જાહેરાત કરી છે. ઉપરાંત કેટલીક ટ્રેનોને નિર્ધારિત ગંતવ્ય સુધી પહોંચતા પહેલાં જ શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે. રદ કરાયેલી ટ્રેનોમાં બાંદ્રા ટર્મિનસ - શ્રી વૈષ્ણોદેવી કટરા સ્વરાજ એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ - અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ - વેરાવળ સૌરાષ્ટ્ર જનતા, સુરત - અમરાવતી સુપરફાસ્ટ, અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ, ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત, અમદાવાદ - વલસાડ ગુજરાત ક્વીન, દહાણુ રોડ - વડોદરા, દાદર - હનુમાનગઢ રાણકપુર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ડબલ ડેકર, બાંદ્રા ટર્મિનસ - મહુવા સુપરફાસ્ટ, નંદુરબાર - બોરીવલી એક્સપ્રેસ અને બોરીવલી - વટવા એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વડોદરા - ભરૂચ MEMU અને ભરૂચ - વડોદરા સ્ર્ઈર્સ ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. તેમજ અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ ગુજરાત એક્સપ્રેસ પણ અસરગ્રસ્ત રહી છે. પશ્ચિમ રેલવે દ્વારા ૨૫ જુલાઈ, ૨૦૨૬ની અમરાવતી - સુરત સુપરફાસ્ટ તથા ૨૬ જુલાઈ, ૨૦૨૬ની અમૃતસર - બાંદ્રા ટર્મિનસ પશ્ચિમ એક્સપ્રેસ પણ સંપૂર્ણપણે રદ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

# પાલનપુર નગરપાલિકા એલર્ટ મોડમાં... ૧૧ વોર્ડ માટે નોડલ અધિકારીઓની તૈનાતી

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૪

હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી જાહેર કરવામાં આવતા પાલનપુર નગરપાલિકા સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગઈ છે. સંભવિત વરસાદી આફત સામે સમયસર અને અસરકારક કામગીરી સુનિશ્ચિત કરવા માટે નગરપાલિકાએ શહેરના તમામ ૧૧ વોર્ડમાં ડિઝાસ્ટર નોડલ અધિકારીઓ તેમજ કર્મચારીઓની નિમણૂક કરી દીધી છે.

સમગ્ર ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિને ધ્યાનમાં રાખીને પાલનપુર શહેરમાં પાણી ભરાવાની સમસ્યા, રસ્તાઓ પર અવરજવર અને નાગરિકોની સુરક્ષા જેવા મુદ્દાઓને પ્રાથમિકતા આપી નગરપાલિકાએ આગોતરા આયોજન હાથ ધર્યું છે.

પાલિકા પ્રમુખ સુનિતાબેન પટેલે જણાવ્યું હતું કે, ભારે વરસાદની કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. દરેક વોર્ડમાં જવાબદાર અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે, જેથી જરૂરિયાત ઊભી થાય ત્યારે તાત્કાલિક કામગીરી શરૂ કરી શકાય.

સાથે જ તેમણે શહેરના નાગરિકોને મહત્ત્વની અપીલ કરતા જણાવ્યું કે, વરસાદી પાણીના વહેણમાં કચરો ન ફેંકવો, કારણ કે, તેનાથી ગટર અને વરસાદી પાણીની લાઈનો ચોક થઈ પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બને છે. નાગરિકોએ પાલિકા દ્વારા નિર્ધારિત કચરાપેટીમાં જ કચરો નાખી શહેરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવો જોઈએ.

# ઝઘડિયા તાલુકાના અવિધા ગામે પૂરના પાણીમાં ૧૯ વર્ષીય યુવક તણાયો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૪

ઝઘડિયા તાલુકાના અવિધા ગામે ભૂંડવા ખાડીમાં આવેલા પૂરના ધસમસતા પાણીમાં એક ૧૯ વર્ષીય યુવક તણાઈ જવાની દુઃખદ ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રોજ પડેલા ભારે વરસાદને કારણે ભૂંડવા ખાડીમાં પાણીનો પ્રવાહ બેકાબૂ બન્યો હતો. તે દરમિયાન અવિધા ગામના ડેરા ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય સુનિલ સુખદેવભાઈ વસાવા પોતાના ઘરની પાછળ કુદરતી હાજતે જવા નીકળ્યા હતા. દરમિયાન પગ લપસતા તેઓ સીધા પૂરના ધસમસતા પાણીમાં તણાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને યુવકની શોધખોળ શરૂ કરી હતી. ત્યારબાદ ઝઘડિયા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો તેમજ ઝઘડિયા ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ ફાયરબ્રિગેડ અને સ્થાનિક તંત્ર દ્વારા સતત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

## આપ પાર્ટી દ્વારા ૧.૫ લાખ હસ્તાક્ષર રાષ્ટ્રપતિને મોકલાયા

# રાજપીપળા ખાતે જનસભા અને રેલીમાં હજારો લોકો ચૈતર વસાવાના સમર્થનમાં આવ્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૪

રાજપીપળા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા જનસભા અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનસભા અને રેલીમાં હજારોની સંખ્યામાં લોકોએ હાજરી આપીને ચૈતર વસાવાને સમર્થન જાહેર કર્યું હતું. જનસભા બાદ રેલી સ્વરૂપે નંદરાજાની પ્રતિમાથી રાજપીપળા કલેક્ટર કચેરી સુધી વિશાળ પદયાત્રા યોજીને નર્મદા કલેક્ટરને રજૂઆત કરી હતી. ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં જનતા પાસેથી મેળવેલી ૧.૫ લાખ સહીઓ કલેક્ટરના માધ્યમથી રાષ્ટ્રપતિને મોકલવામાં આવી હતી.આ પ્રસંગે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, 'મને ગર્વ છે કે, આદિવાસી સમાજના દીકરા ચૈતર વસાવાને બચાવવા માટે ૧.૫ લાખ લોકોએ હસ્તાક્ષર કરી આપ્યા છે. ચૈતર વસાવાને સ્થાનિક ભાજપના નેતાઓએ જ નહીં પરંતુ ઉપરના નેતાઓએ જેલમાં નખાવ્યા છે. જો ચૈતર વસાવાનો કેસ તાત્કાલિક ચલાવીને સજા કરાવી શકાતી હોય, તો અદાલતોમાં ૧૬ લાખ કેસો પેન્ડિંગ છે એમાં સજા કેમ નથી કરાવાતી?

બીજી તરફ ચૈતર વસાવાના ધર્મપત્ની શકુંતલાબેન વસાવાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'ખેડૂતોને ન્યાય અપાવવાના બદલે ચૈતર વસાવાને ખોટી રીતે જેલમાં ફસાવવામાં આવ્યા છે, જેનો જવાબ જનતા આગામી સમયમાં આપશે.? જ્યારે તેમના બીજા પત્ની વર્ષાબેન વસાવાએ જણાવ્યું હતુ કે, 'જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે.' વધુમાં તેમણે સાંસદ મનસુખ વસાવાને પડકાર ફેંક્યો હતો કે, મનસુખ દાદાને જો ડિબેટ કરવી હોય તો અમારી જનતા અને હું તેમની સામે બેસવા માટે તૈયાર છીએ. ચૈતર વસાવા અનેક મુદ્દાઓ પર લડત આપે છે એ ભાજપ સરકારને ગમતું નથી પણ ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપ સરકારને આ અન્યાયનો જવાબ આપવામાં આવશે.'

# અરવલ્લી જિલ્લામાં ૨થી ૩ ઈંચ વરસાદ નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૨૪

ગુજરાતમાં ચોમાસું ફરી સક્રિય બનતાં હવામાન વિભાગ દ્વારા રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીના પગલે અરવલ્લી જિલ્લામાં તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે તમામ શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, આ આગાહી વચ્ચે જિલ્લામાં સાર્વત્રિક સામાન્ય ૨થી ૩ ઈંચ જેટલો વરસાદ ખાબકતા તંત્ર અને સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.જિલ્લામાં ગુરૂવારની રાત્રિથી જ મેઘરાજાનું આગમન થઈ ગયું હતું. શુક્રવારે સવારે કેટલાક વિસ્તારોમાં સાંબેલાધાર તો બપોર સુધી ધીમી ધારે સતત વરસાદ ચાલુ રહ્યો હતો. ધનસુરા અને સાઠંબા પંથકમાં સૌથી વધુ ૩ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. મોડાસામાં ૨ ઈંચ જેટલા વરસાદમાં જ બસ સ્ટેન્ડ પાછળના ભાગે તેમજ અન્ય નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં શહેરીજનો અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

# ૧૦ ઈંચ વરસાદથી આણંદ સહિત જિલ્લો જળબંબાકાર, અનેક ગામોમાં જનજીવન અસ્તવ્યસ્ત

## ● કાંસ ઊભરાયા, માર્ગો પાણીમાં ગરકાવ; ૪૦થી વધુ વૃક્ષો અને વીજપોલ ધરાશાયી ● પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા વચ્ચે ભારે વરસાદે તંત્રની તૈયારીઓની પોલ ખોલી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૪

આણંદ શહેરમાં ગુરૂવાર રાત્રે આભ ફાટતા માત્ર ૪ કલાકમાં ૮ ઈંચ સાથે ૩૬ કલાકમાં કુલ ૧૦ ઈંચ વરસાદ નોંધતા જનજીવન અસ્તવ્યસત થઈ ગયું હતું. રાત્રિના ૩ વાગ્યા બાદ ૧૧૦થી સોસાયટીઓ સતત પાણીનો લેવલ વધી જતાં લોકોની ઉંઘ હરામ થઈ ગઈ હતી. ૨૫૦થી વધુ ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. જે કલાકો સુધી ઓસર્યા ન હતા.

સૌ કોઈ ઘરનો માલસામાન ઉંચો ચઢાવવા માટે ઉજાગરા કરવાનો વખત આવ્યો હતો, શહેરના ચારે તરફ સોસાયટીઓમાં ઘૂંટણ સમા પાણી ઘૂસી ગયા હતા. તો વળી શહેરમાં ૧૦થી વધુ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. વ્યાયામ શાળા પાસે ઝાડ પડતા રોડ બ્લોક થઈ ગયો હતો. શહેરના સલાટિયા વિસ્તારમાં ત્રણ ફૂટ પાણી વહેતા જોવા મળ્યાં હતા. મનપાએ પ્રિ મોન્સુન કામગીરી માટે જૂન માસમાં ૨૦ લાખ ઉપરાંતનું આંધણ કરવામાં આવ્યું હતું. શહેરમાં કાંસ પર દબાણો દૂર ન કરતા કે યોગ્ય રીતે સાફ સફાઈ ન કરતા મનપાના પ્રિ મોન્સુન પાણી ફરી વળ્યા છે.

આણંદ શહેરમાં જૂના જકાતનાકાથી કોહીનુર સોસાયટી માર્ગ પર કાંસના પાણી ફરી વળતા જળબંબાકાર થયું હતું, જ્યારે કોહીનુર સોસાયટી, હિના પાર્ક સોસાયટી સહિત વિવિધ સોસાયટીઓમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે લોકો ભારે હેરાન થયા હતા કેટલાક મકાનોમાં પણ પાણી પ્રવેસી ગયા હતા જયારે ઉમરી નગરથી સાહેઆલમ સોસાયટી તરફ જતો માર્ગ પણ જળબંબાકાર થઈ જતા લોકો હેરાન પરેશાન થઈ ઊઠયા હતા. જયારે પાધરિયા વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં પણ તળાવના પાણી પ્રવેસી જતા લોકો ધરમાં ભરાયેલા વરસાદી પાણી ઉલેચતા નજરે પડતા હતા.

કરમસદ આણંદ મનપાએ ચાલુ વર્ષે મેના અંતમાં પ્રિ-મોન્સૂન કામગીરીનો પ્રારંભ કર્યં હતો. દોઢ માસ સુધી જુદા જુદા વિસ્તારમાં કામગીરી હાથ ધરાઈ હતી. તેના પાછળ મનપાએ ૨૦ લાખથી વધુ રકમનું આંધણ કર્યું છે. આ ગાળા દરમિયાન શહેરના ૬ કાંસમાં ૨૪ કિમી સુધી સાફસફાઈ, ચેમ્બરો, ગટર સહિત કુંડીઓ સફાઈ કરવાનો દાવો કરવો કરવામાં આવ્યો હતો. જે માટે ૨ જેસીબી મશીન, ૧૭ ટ્રેકટર, ચાર ટેમ્પોવાન સહિત ૧૫૦થી વધુ કર્મચારીઓ દ્વારા સફાઈ કરવામાં આવી હોવાનો દાવો કરાયો હતો. જે દાવાની પોલ ૮ ઈંચ વરસાદે એક જ રાતમાં ખુલ્લી પાડી દીધી. આણંદ જિલ્લામાં છેલ્લા ૩૬ કલાક અવરિત વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે સોજિત્રા તાલુકામાં ૧૧.૧૪ ઈંચ અને પેટલાદ, બોરસદ અને આણંદમાં૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે ઉમરેઠમાં ૫ અને ખંભાતમાં ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જેના કારણે ગામે ગામે વરસાદી પાણી ભરાય જતાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. તેમજ જિલ્લાના ૩૦થી વધુ ગામોના તળાવો ઓવરફૂલો થતાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા.



(તસવીર :- બુરહાન પઠાણ, આંણદ)

# પાટણ જિલ્લામાં મેઘાનું રૌદ્ર સ્વરૂપ; સાંતલપુરમાં ૧૨ અને રાધનપુરમાં ૯ ઈંચ વરસાદ

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૨૪

સમગ્ર રાજયની સાથે મેઘરાજાએ પાટણ જિલ્લામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી સાંતલપુરમાં સવારના ૬થી સાંજના ૬ વાગ્યા સુધી એક જ દિવસમાં ૧૨ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ પડતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે તો રાધનપુરમાં પણ ૯ ઈંચ પડતા નગરજનોની હાલત કફોડી બની છે બંને તાલુકામાં અનરાધાર વરસાદથી કેટલાય ગામોમાં પાણી ફરી વળતા સંપર્ક વિહોણા બનવાની શકયતાઓ સેવાઈ રહી છે. રાધનપુરમાં નીચાણવાળા વિસ્તારોમાં આવેલી સોસાયટીઓ અને ઘરોમાં પણ પાણી ભરાયા છે. આ ઉપરાંત સિદ્ધપુરમાં અઢી ઈંચ, પાટણ બે ઈંચ, હારીજ ૩ ઈંચ, સમી એક ઈંચ, ચાણસ્મા-શંખેશ્વર અઢી ઈંચ અને સરસ્વતીમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં સુપડાધાર ૧૨ ઈંચ વરસાદના કારણે હાઈવે તેમજ અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. અનેક માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહન વ્યવહારને અસર થઈ હતી જેના કારણે મુસાફરો સહિત વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સાંતલપુર તાલુકાના બરારા ગામમાં વરસાદી પાણી ઘૂસી જતા સમગ્ર ગામ જળબંબાકાર બન્યું હતું. બરાર અને ઘત્રાણા ગામને જોડતા માર્ગો પાણીમાં ગરકાવ થતા સંપર્ક વ્યવસ્થા ખોરવાઈ હતી. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાલુકા પંચાયતના સભ્ય જીવણ નાગરાજ અને અન્ય વાહનો સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા તેમજ જરૂરી મદદ પૂરી પાડવાની કામગીરી હાથ ધરી હતી. સાંતલપુર તાલુકાના વારાહી પંથકના ગાંજીશર, લોદરા, ગઢા ઝંડાલા, જેકડા, બોરૂડા, ચારંડા અને ધ્રાંડવા સહિતના ગામોમાં સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. તળાવો, ચેકડેમ અને અન્ય જળસ્ત્રોતોમાં નવા પાણીની આવક થતા જમીનમાં ભેજ વધ્યો છે, જે ખરીફ પાક માટે લાભદાયી માનવામાં આવે છે. જો કે સતત વરસતા વરસાદને કારણે નીચાણવાળા ખેતરોમાં પાણી ભરાઈ જતા તાજેતરમાં કરાયેલા વાવેતરને નુકસાન થવાની આશંકા પણ વ્યકત કરવામાં આવી રહી છે. તો રાધનપુરમાં નવ ઈંચ જેટલા ભારે વરસાદના કારણે મસાલી રોડ, રવિધામ સહિત અનેક સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ગટરનું કામ અધૂરૂં રાખીને રોડનું નિર્માણ કરવામાં આવતા વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થઈ શકયો નહોતો અને પાણી સીધું લોકોના ઘરોમાં ઘૂસી ગયું હતું. ઘરવખરી પલળી જતા રહેવાસીઓને ભારે નુકસાન વેઠવું પડયું હતું. કોન્ટ્રાકટરની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.



(તસવીર : ઈલ્મુદીન સૈયદ, પાટણ)

## વડોદરા રેન્જ આઈ.જી.ની ઉપસ્થિતિમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

# નર્મદા પોલીસે ગુમ થયેલા ૬૫ મોબાઈલ અને ૨૬ ગ્રામ સોનાના દાગીના શોધી મૂળ માલિકોને પરત કર્યા

રાજપીપળા,તા.૨૪

પોલીસ પ્રજાની મિત્ર છે તે ભાવનાને ચરિતાર્થ કરતા, રાજપીપળા સ્થિત જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે વડોદરા રેન્જના આઈ.જી. સંદીપ સિંહની ખાસ ઉપસ્થિતિમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તેમના હસ્તે જિલ્લામાંથી ગુમ થયેલા, ચોરાયેલા મોબાઈલ અને દાગીના ટેકનિકલ સર્વેલન્સ આધારે વિવિધ જગ્યાઓએથી શોધી વિધિવત રીતે તેના મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા. જેમાં નર્મદા LCB ટીમે જાન્યુઆરી મહિનામાં શોધી કાઢેલા ૪૫ એન્ડ્રોઈડ મોબાઈલ અને સગાબારા પોલીસ સ્ટેશને શોધી કાઢેલા ૨૦ એન્ડ્રોઈડ મોબાઈલ મળીને કુલ ૬૫ મોબાઈલ ફોન તથા રાજપીપળામાંથી ચોરાયેલા ૨૬ ગ્રામ સોનાના દાગીના તેના મૂળ માલિકોને સુપ્રત કરવામાં આવ્યા હતા. પોતાની અમાનત પાછી મળતા નાગરિકોમાં ખુશીની લહેર જોવા મળી હતી અને તેમણે નર્મદા પોલીસની આ પારદર્શક તથા પ્રજાલક્ષી કામગીરીનો આભાર માન્યો હતો.આ કાર્યક્રમમાં નાગરિકોને સંબોધતા આઈ.જી. સંદીપ સિંહે જણાવ્યું હતુ કે, પ્રજાએ પોલીસ તંત્ર પર પૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ. પોલીસ હંમેશાં લોકોની સુરક્ષા અને મદદ માટે તૈયાર છે. મોબાઈલ કે અન્ય કોઈ પણ કીમતી વસ્તુ ચોરાય કે ગુમ થાય ત્યારે તરત જ પોલીસ ફરિયાદ નોંધાવવી જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે, આજના સમયમાં મોબાઈલ ખૂબ જ મહત્વનો છે, કારણ કે તેમાં લોકોનો અંગત અને જરૂરી ડેટા હોય છે. મોબાઈલ ખોવાઈ જવાથી જો તેનો દુરુપયોગ થાય તો લોકોને ઘણી હેરાનગતિનો ભોગ બનવુ પડે છે, પરંતુ પોલીસ હંમેશાં પ્રજાની સાથે તેમની સુરક્ષા માટે છે. અને તેમણે નર્મદા જિલ્લા પોલીસ વડા અને તેમની સમગ્ર ટીમની સારી કામગીરીને બિરદાવી હતી.



(તસવીર :- વહાબ શેખ, રાજપીપળા)

### ડીસામાં ચાર ઈંચ વરસાદ ખાબકતાં ત્રણ બત્તી વિસ્તારમાં પાણી ભરાયા

ડીસા, તા.૨૪

ડીસામાં આજે મેઘાની ધમાકેદાર એન્ટ્રી થતાં ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે ખેડૂતમાં હર્ષની લાગણી જોવા મળી હતી. ડીસાથી ગવાડી જતાં ત્રણ બત્તી વિસ્તારમાં આજે ચાર ઈંચ વરસાદ ખાબકતાં કેડ સમા પાણી ભરાતા વાહનચાલકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે નીચાણવાળા વિસ્તાર ગંજી વાસમાં લોકોના ઘરમાં પાણી ભરાઈ જતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

**નામ બદલેલ છે**

જૂનું નામ
મોમીન સૈફુલ્લાભાઈ ખાલીદ
નવું નામ
મોમીન સૈફુલ્લાભાઈ ખાલીદભાઈ
સરનામું : - મુમનવાસ, સરકારી ડેરી મુ - ઉમરૂ, તા - સિદ્ધપુર, જિ.પાટણ, ગુજરાત-૩૮૪૧૫૧

# શિક્ષણ મંત્રાલયે NTAના ૪૭ અધિકારીઓને બરતરફ કર્યા



(એજન્સી) તા.૨૪

દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શન વચ્ચે NTAએ મોટો નિર્ણય લીધો છે. શિક્ષણ મંત્રાલયના સૂત્રો મુજબ, નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૪૭ અધિકારીઓને તાત્કાલિક અસરથી બરતરફ કર્યા છે. પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા જાળવવા આ કડક પગલું ભરાયું છે. કેટલાક અધિકારીઓ સામે કાનૂની અને અપરાધિક કાર્યવાહી પણ કરાશે. દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શન વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ મોટી કાર્યવાહી કરી છે. દેશની શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષા પદ્ધતિમાં મોટા સુધારા લાવવાની દિશામાં NTAએ એક બહુ મોટું પગલું ભર્યું છે. શિક્ષણ મંત્રાલયના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, NTAએ પોતાના ૪૭ અધિકારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી ટર્મિનેટ એટલે કે બરતરફ કરી દીધા છે. માત્ર નોકરીમાંથી કાઢી મુકવા પૂરતી આ કાર્યવાહી સીમિત નથી. આ ટર્મિનેટ કરાયેલા અધિકારીઓમાંથી કેટલાક સામે કાનૂની અને અપરાધિક (ક્રિમિનલ) કાર્યવાહી પણ કરવામાં આવશે. પરીક્ષાઓની પારદર્શિતા અને ગુણવત્તા જાળવી રાખવા માટે એજન્સી દ્વારા આ કડક એક્શન લેવામાં આવ્યું છે.

# નીટ પેપર લીક વિવાદ મધ્યે નિમાયેલા નવા શિક્ષણ સચિવ પણ મોટા વિવાદમાં : 'સબસિડી કાંડ'માં સંડોવણીના આક્ષેપો

(એજન્સી) તા.૨૪

દેશભરમાં નીટ (NEET) પેપર લીક વિવાદને લઈને ચાલી રહેલા બબાલ વચ્ચે કેન્દ્ર સરકારે વહીવટી સ્તરે મોટો ફેરફાર કર્યો છે. ડેરી અને પશુપાલન મંત્રાલયમાં કાર્યરત સિનિયર અધિકારી નરેશ પાલ ગંગવારની બદલી કરીને તેમને નવા ઉચ્ચ શિક્ષણ સચિવ બનાવવામાં આવ્યા છે. હાલના ઉચ્ચ શિક્ષણ સચિવ વિનીત જોશીને હટાવીને પંચાયતી રાજ મંત્રાલયમાં મોકલી દેવાયા છે. એક તરફ શિક્ષણ મંત્રાલય પેપર લીકના આક્ષેપોથી ઘેરાયેલું છે અને ભારે દબાણનો સામનો કરી રહ્યું છે. વિદ્યાર્થી સંગઠનો અને 'કોકરોચ જનતા પાર્ટી'ના પ્રદર્શનો સતત વધી રહ્યા છે, જ્યારે ઉગ્ર થયેલા વિદ્યાર્થીઓ સીધા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ પર અડગ છે. બીજી તરફ, નવા ઉચ્ચ શિક્ષણ સચિવ નરેશ પાલ ગંગવારે પદભાર સંભાળે તે પહેલા જ તેમની નિમણૂકને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તેમના પર આરોપ છે કે, રાષ્ટ્રીય બાગાયત બોર્ડમાં હતા ત્યારે તેમણે પોતાના પરિવારના સભ્યોના નામે સબસીડી લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, ગંગવારના પરિવારજનોના નામે કાકડીના ઉત્પાદન માટે 'સંરક્ષિત ખેતી યોજના' હેઠળ ૧.૧૬ કરોડ રૂપિયાની સબસીડી મંજૂર કરવામાં આવી હતી. આ કથિત ફાયદા અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈપણ અધિકૃત રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી. તેમ છતાં, ગંગવારને શિક્ષણ સચિવ બનાવવાની જાહેરાત થતા જ સોશિયલ મીડિયા પર આ બાબતે વિવિધ ચર્ચાઓ ગરમ થઈ ગઈ છે.

# દિલ્હી જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ વાનમાં AI ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમનો ઉપયોગ કરવો એ ગોપનીયતાનો ભંગ છે

**જંતર-મંતર ખાતે દિલ્હી પોલીસ દ્વારા તૈનાત કરાયેલ AI સંચાલિત ચહેરા ઓળખ ટેક્નોલોજીએ ગોપનીયતા અંગે ચિંતાઓ ઊભી કરી છે, વાયરલ વીડિયોમાં દેખરેખ પ્રણાલીઓ વ્યક્તિઓની ઓળખ કરતી દેખાઈ હતી, પોલીસ કહે છે કે, આ ટેક્નોલોજી ફક્ત ગુનાહિત ડેટાબેઝ સાથે ચહેરાઓ સાથે મેળ ખાય છે, આધાર સાથે નહીં, જો કે, તેનો ડેટા સ્ત્રોત અસ્પષ્ટ છે, વિરોધીઓને પ્રોફાઈલિંગ અને લાંબા ગાળાના ડેટા સ્ટોરેજનો ડર છે**

(એજન્સી) તા.૨૪

દિલ્હીના જંતર-મંતર વિરોધ સ્થળ પર AI સંચાલિત ચહેરા ઓળખ ટેક્નોલોજીના ઉપયોગથી ગોપનીયતા, દેખરેખ અને કાયદા અમલીકરણ ટેક્નોલોજીની મર્યાદાઓ પર રાષ્ટ્રવ્યાપી ચર્ચા શરૂ થઈ છે. સોશિયલ મીડિયા પર આવેલા વીડિયોમાં દિલ્હી પોલીસ ભીડનું નિરીક્ષણ કરવા સક્ષમ અદ્યતન દેખરેખ વાહનો સાથે જોવા મળે છે.

આ ફૂટેજથી અટકળો થઈ છે, ઘણા વપરાશકર્તાઓ કહે છે કે, શું આ ટેક્નોલોજી આધાર ડેટાબેઝ સાથે જોડાયેલ છે. જો કે, હાલમાં કોઈ સત્તાવાર પુરાવા કે પુષ્ટિ નથી કે વિરોધ પ્રદર્શન સ્થળ પર ચહેરા ઓળખ માટે દિલ્હી પોલીસ દ્વારા આધાર ડેટાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઓનલાઈન શેર કરાયેલા ઘણા વીડિયોમાં બહુવિધ ડિસ્પ્લે સ્ક્રીનોથી સજ્જ પોલીસ વાહનની અંદર લાઈવ સર્વેલન્સ સેટઅપ દર્શાવવામાં આવ્યું છે. આ સિસ્ટમ ઉચ્ચ-રિઝોલ્યુશન સીસીટીવી કેમેરામાંથી ફીડ્સ મેળવે છે અને ભીડમાં કેદ થયેલા ચહેરાઓને સ્કેન કર્યા પછી ચોક્કસ વ્યક્તિઓના ફોટોગ્રાફ્સ, નામો અને અન્ય વ્યક્તિગત વિગતો પ્રદર્શિત કરે છે.

જો કે, આ વીડિયોથી આધાર રેકોર્ડ્સ એક્સેસ કરવામાં આવી રહ્યા હોવાના દાવાઓ થાય છે, અધિકારીઓએ પણ કહ્યું નથી કે સર્વેલન્સ સિસ્ટમ આધાર અથવા અન્ય કોઈપણ રાષ્ટ્રીય ઓળખ ડેટાબેઝ સાથે જોડાયેલ છે. અનુત્તરિત પ્રશ્ન એ છે કેઃ જો મોનિટરિંગ સ્ક્રીન પર બતાવેલ માહિતી આધારમાંથી લેવામાં આવી નથી, તો કયો ડેટાબેઝ ચહેરાની ઓળખ સિસ્ટમને આપી રહ્યો છે ?

પોલીસ અધિકારીઓના મતે આ ટેક્નોલોજી એવા વ્યક્તિઓને ઓળખવા માટે બનાવવામાં આવી છે જે કાયદા અમલીકરણ રેકોર્ડમાં પહેલાથી જ અસ્તિત્વ ધરાવે છે. અમારી પાસે ગુનેગારોનો મોટો ડેટાબેઝ છે, જેમાં તેમના ફોટા છે. તેથી અમે વિસ્તારના વિવિધ સીસીટીવી કેમેરામાંથી મળેલા ફૂટેજ પર ચહેરાની ઓળખ કરીએ છીએ, જેથી જોઈ શકાય કે શું સોફ્ટવેર અમારા ગુનાહિત ડેટાબેઝ પરના કોઈ વ્યક્તિ સાથે મેળ ખાય છે કે નહીં.

અધિકારીઓનું માનવું છે કે, આનો ઉદ્દેશ્ય સુરક્ષાને મજબૂત બનાવવા, વોન્ટેડ વ્યક્તિઓને શોધવા અને મોટા જાહેર મેળાવડા દરમિયાન સંભવિત કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓને રોકવાનો છે. ચહેરાની ઓળખ સિસ્ટમ ઈક્ષણા સર્વેલન્સ વાહનની અંદર રાખવામાં આવી છે, જે ૨૦૨૩ G20 સમિટ પહેલા દિલ્હી પોલીસે રજૂ કરેલું મોબાઈલ મોનિટરિંગ પ્લેટફોર્મ છે. આવા બે વાહનો વિરોધ સ્થળની નજીક તૈનાત કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે. એક મોબાઈલ કમાન્ડ સેન્ટર તરીકે કાર્ય કરે છે, જે જંતર-મંતરની આસપાસ સ્થાપિત સીસીટીવી કેમેરામાંથી લાઈવ ફૂટેજ એકત્રિત કરે છે. બીજું વાહન એઆઈ-સંચાલિત ચહેરાની ઓળખ સોફ્ટવેરનો ઉપયોગ કરીને આવનારા વીડિયોને પ્રક્રિયા કરે છે જે પોલીસ



ડેટાબેઝમાં સંગ્રહિત છબીઓ સાથે કેદ કરેલા ચહેરાઓની તુલના કરે છે.

પ્રદર્શનોમાં ભાગ લેનારા ઘણા વિદ્યાર્થીઓ કહે છે કે, આ દેખરેખથી અસ્વસ્થતાનું વાતાવરણ છે. કેટલાક પ્રદર્શનકારીઓએ પોતાના ચહેરા ઢાંકવાનું શરૂ કરી દીધું છે, તેઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે, પ્રદર્શનો દરમિયાન રેકોર્ડ કરાયેલી છબીઓ પછીથી સંગ્રહિત, વિશ્લેષણ અથવા તેમના ભવિષ્યને અસર કરી શકે તેવી રીતે ઉપયોગમાં લઈ શકાય છે. એક UPSC ઉમેદવારે સમજાવ્યું કે સહભાગીઓ તેમની ઓળખ છૂપાવી રહ્યા હતા કારણ કે, તેમને સરકારી સેવામાં કારકિર્દી બનાવતી વખતે પ્રોફાઈલ કરવામાં આવશે તેવો ડર છે.

પ્રદર્શનકારીઓએ એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, પ્રદર્શનો દરમિયાન એકત્રિત કરવામાં આવેલા વીડિયો રેકોર્ડિંગને અધિકારીઓ દ્વારા કેટલા સમય સુધી જાળવી રાખવામાં આવશે અને શું ફૂટેજનો ઉપયોગ વિરોધ સાથે સંબંધિત ભવિષ્યની તપાસમાં થઈ શકે છે. આ ફૂટેજ કાઢી નાખવા માટે કોઈ નિશ્ચિત સમયરેખા નથી.

પોલીસ અધિકારીઓએ સૂચવ્યું છે કે, હાલમાં વિરોધ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા સર્વેલન્સ ફૂટેજને કાઢી નાખવા માટે કોઈ પૂર્વનિર્ધારિત સમયગાળો નથી. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ જો રેકોર્ડિંગ્સ ચાલુ અથવા ભવિષ્યની તપાસ સાથે સંબંધિત માનવામાં આવે તો તેને સાચવીને રાખી શકાય છે.

સાર્વજનિક રીતે જાહેર કરાયેલ રીટેન્શન નીતિના અભાવે ડેટા સંગ્રહ, પારદર્શિતા અને જવાબદારી અંગે નાગરિક અધિકાર હિમાયતીઓમાં ચિંતાઓ વધારી દીધી છે. આ નિરીક્ષણ પગલાં હવે કાનૂની તપાસનો વિષય બની ગયા છે. દિલ્હી હાઈકોર્ટ સમક્ષ દાખલ કરાયેલી એક અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, વિરોધ પ્રદર્શન સ્થળોએ સતત વિડિઓ મોનિટરિંગ અને ચહેરાની ઓળખ નાગરિકોના ગોપનીયતા અને શાંતિપૂર્ણ રીતે રહેવાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે.

# 'જમ્મુ અને કાશ્મીરમાં એવા પ્રદેશો પર ચીની પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે જે ભારતના છે' : MEA ગેરકાયદેસર કબજા સામે વાંધો ઉઠાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

વિદેશ મંત્રાલયે શુક્રવારે ચીન પર ભારતની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, તે જમ્મુ અને કાશ્મીર, લદ્દાખમાં ભારતીય પ્રદેશો પર "ગેરકાયદેસર રીતે કબજો" કરી રહ્યું છે. સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગ દરમિયાન, MEA પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, સરકાર જમ્મુ અને કાશ્મીરમાં ચીની પ્રોજેક્ટ્સ સામે વાંધો ઉઠાવે છે. "EAMએ કહ્યું કે, જ્યારે સાર્વભૌમત્વના મુદ્દાઓની વાત આવે છે, ત્યારે તે વાસ્તવમાં ભારત છે જે હોવું જોઈએ અને તેમને ઉઠાવી રહ્યું છે. ભારત કોઈપણ રીતે ચીનની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરતું નથી અને સતત રહ્યું છે," જયસ્વાલે કહ્યું. "પરંતુ ચીન ૧૯૬૩થી જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં ભારતીય પ્રદેશો પર ગેરકાયદેસર કબજો કરી રહ્યું છે, જ્યાં ચીન દ્વારા પણ ભારતનો અધિકાર સત્તાવાર રીતે સ્વીકારવામાં આવે છે. જમ્મુ અને કાશ્મીરમાં એવા પ્રદેશો પર ચીની પ્રોજેક્ટ્સ છે જે ભારતના છે અને અમે તેનો વિરોધ કરીએ છીએ," તેમણે ઉમેર્યું. આ વાત વિદેશ મંત્રી એસ જયશંકરે મનીલામાં આસિયાન સમિટ દરમિયાન તેમના ચીની સમકક્ષ વાંગ યીને મળ્યાના એક દિવસ પછી આવી છે.

# 'વંદે માતરમ્'ના અપમાનને ફોજદારી ગુનો ગણવા માટે રાજ્યસભામાં બિલ લાવવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સરકારે શુક્રવાર, ૨૪ જુલાઈના રોજ રાજ્યસભામાં એક બિલ રજૂ કર્યું જેમાં રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'માં કોઈપણ અવરોધ અથવા અપમાનને ફોજદારી ગુનો બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે 'રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ ૨૦૨૬' રજૂ કર્યું અને ડાબેરી પક્ષોના સભ્યો સહિત ઘણા વિપક્ષી સભ્યોએ રજૂઆતનો વિરોધ કર્યો હતો. આ બિલ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ ૧૯૭૧માં સુધારો કરશે, જે દેશના રાષ્ટ્રીય પ્રતીકો (જેમાં રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીતનો સમાવેશ થાય છે) નું અપમાન અથવા અનાદર કરવાને ફોજદારી ગુનો બનાવે છે, જેમાં ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ બિલ વંદે માતરમને રાષ્ટ્રગીત, 'જન ગણ મન' જેટલું જ વૈધાનિક રક્ષણ આપવા માંગે છે. સરકારનું આ પગલું વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની વર્ષભરની ઉજવણી વચ્ચે આવ્યું છે. ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ સભાની બેઠકમાં, તેના પ્રમુખ રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું હતું કે, ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ઐતિહાસિક ભૂમિકા ભજવનાર બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત વંદે માતરમને રાષ્ટ્રગીત જેવો જ દરજ્જો મળશે. હાલમાં વંદે માતરમના અપમાનને રોકવા માટે કોઈ ચોક્કસ કાનૂની જોગવાઈ નથી. તેથી કોઈપણ વ્યક્તિને ઈરાદાપૂર્વક વંદે માતરમ્ ગાવાથી અટકાવવા અથવા આવા ગાનમાં કોઈપણ સભામાં ખલેલ પહોંચાડવાથી રોકવા માટે, કાયદાની કલમ ૩માં સુધારો કરવાનો પ્રસ્તાવ છે જેથી રાષ્ટ્રગીતને પણ તેના દાયરામાં લાવી શકાય, જેથી આવા કૃત્યોને સજાપાત્ર બનાવી શકાય.

**આ બિલ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ ૧૯૭૧માં સુધારો કરશે**

# કોલકાતામાં વિદ્યાર્થીઓની વિશાળ રેલી : મમતા બેનરજી દિલ્હી ખાતે NEET વિરોધમાં ભાગ લેશે

**તૃણમૂલના સુપ્રીમો સોમવારે જંતરમંતર ધરણામાં જોડાશે, કથિત પેપર લીકના વિરોધમાં દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે**

(એજન્સી) તા.૨૪

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વડા મમતા બેનરજીએ જાહેરાત કરી છે કે, તેઓ NEET પ્રશ્નપત્ર લીક અને પરીક્ષામાં ગેરરીતિઓ અંગે દિલ્હીના જંતરમંતર ખાતે યુવા વિરોધમાં જોડાશે. આ જાહેરાત તેમણે ૨૧ જુલાઈના શહીદ દિવસની રેલી દરમિયાન TMCની ૨૧ જુલાઈના શહીદ દિવસની રેલી દરમિયાન આંદોલનને ટેકો આપવાનું વચન આપ્યાના થોડા દિવસો પછી આવી છે. તેમણે કહ્યું હતું કે, જો જરૂર પડે તો તેઓ દિલ્હી જશે. પક્ષના સૂત્રોએ શુક્રવારે પુષ્ટિ આપી હતી કે, તેઓ હવે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા આયોજિત ધરણામાં ભાગ લેશે. NEET વિવાદના સંચાલન માટે બેનરજીએ વારંવાર ભાજપ શાસિત કેન્દ્ર સરકારની ટીકા કરી છે અને વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ,



## NEET પેપર લીક વિવાદ : પશ્ચિમ બંગાળમાં વિદ્યાર્થીઓ અને સુરક્ષા દળો વચ્ચે ઘર્ષણ; કોલકાતા પોલીસે લાઠીચાર્જ, ટીયર ગેસનો ઉપયોગ કર્યો

**પ્રદર્શનોકારીઓએ એસ્પ્લેનેડમાં ડોરિના ક્રોસિંગ વિસ્તારને અવરોધિત કર્યો હતો અને પોલીસ પર ફૂટવેર અને પાણીની બોટલો ફેંકી હતી**

અને ટીયર ગેસના ઉપયોગની નિંદા કરી છે. પ્રદર્શનમાં જોડાવાના તેમના નિર્ણયને કથિત પરીક્ષા ગેરરીતિઓ પર વિપક્ષના અભિયાનને મજબૂત બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, બેનરજી દિલ્હીની તેમની મુલાકાત દરમિયાન કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી, તેમજ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિત વરિષ્ઠ વિપક્ષી નેતાઓને પણ મળી શકે છે. આ જાહેરાત કોલકાતામાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો સાથે સુસંગત હતી, જ્યાં હજારો વિદ્યાર્થીઓ અને રાજકીય કાર્યકરોએ કથિત NEET પેપર લીક પર કાર્યવાહી, શિક્ષણ પ્રણાલીમાં સુધારા, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું અને વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી બંધ કરવાની માગણી સાથે શહેરમાં કૂચ કરી હતી. CJPએ સિયાલદાહથી ધર્મતલા સુધી શાંતિપૂર્ણ કૂચ કરવાની પરવાનગી માંગી હતી. જો કે, કોલકાતા પોલીસે પરવાનગીનો ઈન્કાર કર્યો હતો, જેના કારણે સંગઠન સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI) સહિત આઠ ડાબેરી વિદ્યાર્થી સંગઠનો દ્વારા આયોજિત યાત્રામાં જોડાયું હતું. CJPના કોલકાતા યુનિટે જણાવ્યું હતું કે, તેમણે શાંતિપૂર્ણ કૂચ માટે પરવાનગી માંગતી બે ઈ-મેઈલ મોકલી હતી પરંતુ તેમને કોઈ મંજૂરી મળી નથી. કોઈ જવાબ ન મળવા છતાં તેમણે શુક્રવારના પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને યુવાનોને પોતાનો ટેકો ફરીથી વ્યક્ત કર્યો છે. સિયાલદાહ સ્ટેશનથી બપોર પછી તરત જ રેલી શરૂ થઈ હતી. એક કલાકમાં સિયાલદાહ ફ્લાયઓવર વિરોધીઓથી ભરાઈ ગયો હતો. બપોરે લગભગ ૩:૦૦ વાગ્યા સુધીમાં સરઘસ તાલતલા સુધી હતું, જ્યારે એક કલાક પછી એસ્પ્લેનેડ અને ધર્મતલા ગ્રાઉન્ડ પર થંભી ગયું હતું. કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા અને ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે માર્ગ પર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શ્યામા પ્રસાદ મુખર્જીનું ચિત્ર લઈને યુવાનોના એક જૂથે ડાબેરીઓની આગેવાની હેઠળની રેલીમાં પ્રવેશ કર્યા પછી એસ.એન. બેનરજી રોડ પર થોડા સમય માટે તણાવ હતો. વિરોધીઓ જૂથ તરફ દોડી ગયા હતા, જેના કારણે પોલીસે દરમિયાનગીરી કરી તે પહેલાં અથડામણ થઈ હતી. સાંજે હિંસા ફાટી નીકળી હતી, જો કે, અથડામણ કોણે શરૂ કરી તે સ્પષ્ટ ન હતું. વિરોધીઓએ પોલીસ કર્મચારીઓ પર ઈંટો, બોટલો અને જૂતા ફેંક્યા હોવાના આક્ષેપ સાથે અધિકારીઓએ લાઠીચાર્જ શરૂ કર્યો. અથડામણ વધુ તીવ્ર બનતા, રેપિડ એક્શન ફોર્સ (RAF) તૈનાત કરવામાં આવી હતી અને ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા. સાંજે લગભગ ૬:૦૦ વાગ્યા સુધીમાં, ડોરીના ક્રોસિંગ નજીક ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો પોલીસે પ્રદર્શનકારીઓને રાણી રાશ્મોણી એવન્યુ તરફ ધકેલી દીધા હતા. આ પહેલા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ વિરોધ પ્રદર્શનો અંગે કડક ચેતવણી જારી કરી હતી. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે, જો સરઘસ દરમિયાન ક્યાંય પણ રાષ્ટ્ર વિરોધી નારા લગાવવામાં આવશે, તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. દેશને ૧૯૪૭માં આઝાદી મળી હતી. 'આઝાદી, આઝાદીના નારા લગાવવા અને બેકાબૂ વર્તનને સહન કરવામાં આવશે નહીં.' આ દરમિયાન સંઘ પરિવારે શિક્ષા સંસ્કૃતિ સુરક્ષા મંચના બેનર હેઠળ અનેક જિલ્લાઓમાં પ્રતિ-ઝુંબેશ શરૂ કરી. ABVP, શિક્ષક સંગઠનો અને વિદ્યાભારતી સહિતના સંગઠનોએ રાયગંજ, ઝારગ્રામ, બાંકુરા, ઉત્તર ૨૪ પરગણા, જલપાઈગુડી અને પશ્ચિમ વર્ધમાનમાં રેલીઓ અને શેરી સભાઓ યોજી હતી. સંઘના જણાવ્યા મુજબ અધિકારીઓએ પુનઃપરીક્ષા હાથ ધરી અને પરિણામો સરળતાથી પ્રકાશિત કર્યા પછી 'હિંસક વિરોધ પ્રદર્શનોનું કોઈ કારણ નહોતું'. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, 'રાષ્ટ્ર વિરોધી શક્તિઓ' આંદોલનનો લાભ લેવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના નેતાઓએ પણ વિદ્યાર્થી આંદોલનને ટેકો આપ્યો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શુભંકર સરકારે ભાજપ પર વિસ્તરતા આંદોલનને નબળું પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. મોદી સરકારના દસ વર્ષના કાર્યકાળ દરમિયાન વિવિધ પરીક્ષાઓના પ્રશ્નપત્રો ૧૫૨ વખત લીક થયા છે. રાહુલ ગાંધી દેશની કથળતી શિક્ષણ વ્યવસ્થા સામે અવાજ ઉઠાવનારા સૌપ્રથમ હતા. આજે તે વિરોધ એક અશાંતિમાં પરિવર્તિત થયો છે.

# 'યુવાન છોકરીઓ સાથે ક્રૂરતાપૂર્વક દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો' : ભાજપના દિગ્ગજ નેતા મુરલી મનોહર જોશીએ વિદ્યાર્થીના વિરોધને સમર્થન આપ્યું

**તેમણે કહ્યું કે, મને આશા છે કે, આને ફક્ત કાયદો અને વ્યવસ્થાના મુદ્દા તરીકે નહીં ગણવામાં આવે જેનો બળપ્રયોગ દ્વારા ઉકેલ લાવવામાં ન આવે, એ જોઈને ખૂબ જ દુઃખ થાય છે કે, નાની છોકરીઓ સાથે પણ ક્રૂરતાપૂર્વક દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ (HRD) મંત્રી, મુરલી મનોહર જોશી ગુરૂવારે કથિત NEET પેપર લીક સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં આવ્યા અને પરીક્ષા પ્રણાલી પ્રત્યેની તેમની ચિંતાઓને સમર્થન આપ્યું અને કહ્યું કે, તેઓ બળપ્રયોગ કરતાં સહાનુભૂતિને પાત્ર છે. તેમણે NEET પરીક્ષા-પેપર લીક સામે ચાલી રહેલા વિરોધ પર ચિંતા વ્યક્ત કરી અને વિનંતી કરી કે તેને 'ફક્ત કાયદો અને વ્યવસ્થાના મુદ્દા તરીકે ગણવામાં ન આવે જેનો બળપ્રયોગ દ્વારા ઉકેલ લાવવામાં ન આવે.' નવી દિલ્હી સહિત દેશના ઘણા ભાગોમાં વ્યાપક પરીક્ષા-પેપર લીકના વિરોધ પછી આ અઠવાડિયે કાર્યકરો અને કેન્દ્ર સરકાર વચ્ચેનો અવરોધ વધુ તીવ્ર બન્યો છે. દેશના વિવિધ ભાગોમાંથી યુવાન વિદ્યાર્થીઓને નવી દિલ્હીના રસ્તાઓ પર દિવસો સુધી એકઠા થતાં જોવું દુઃખદાયક છે. પરીક્ષા પ્રણાલી અંગેની તેમની ચિંતાઓ સાચી છે અને તેનો સહાનુભૂતિ અને કાયમી ઉકેલ શોધવાની ઈચ્છા સાથે સામનો કરવો જોઈએ. હું ઉત્સાહપૂર્વક આશા રાખું છું કે, આને ફક્ત કાયદો અને વ્યવસ્થાના મુદ્દા તરીકે



નહીં ગણવામાં આવે જેનો બળના ઉપયોગ દ્વારા સામનો કરવામાં ન આવે. એ જોવું ખૂબ જ દુઃખદ છે કે, નાની છોકરીઓ સાથે પણ ક્રૂર રીતે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. બળનો આવો ઉપયોગ ભારતીય સમાજના મોટા વર્ગને 'વિકસિત ભારત'ના રાષ્ટ્રીય ધ્યેયથી દૂર કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરૂવારે પરીક્ષા પેપર લીકમાં સામેલ લોકોને ઝડપી સજા સુનિશ્ચિત કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, 'આપણા યુવાનોના કલ્યાણ અને ભવિષ્ય કરતાં વધુ મહત્ત્વનું કંઈ નથી', તેમણે આ પગલાને પરીક્ષા પ્રણાલીમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે એક નિર્ણાયક પગલું ગણાવ્યું છે. છતાં ટીકાકારો દલીલ કરે છે કે, આ પગલું ભારતના શિક્ષણ માળખામાં પ્રણાલીગત ખામીઓને દૂર કરશે નહીં. કોકરોચ જનતા પાર્ટી (CJP) આંદોલનના નેતૃત્વ હેઠળના વિદ્યાર્થી જૂથોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાતને અપૂરતી ગણાવીને ફગાવી દીધી છે. તેઓ આગ્રહ રાખે છે કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઈએ, તેમને વારંવાર પરીક્ષામાં ગેરરીતિઓ માટે સીધા જવાબદાર ઠેરવવા જોઈએ.

ટ્રેઝરી બેન્ચના સભ્યો અને વિપક્ષ વચ્ચે વિરોધ હોવાથી આ મુદ્દો સંસદના ચોમાસુ સત્રને સ્થગિત કરી રહ્યો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે અથડામણ સાથે પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે, જેમાં ઘણા લોકો ઘાયલ થયા છે. સોમવારે જ્યારે વિરોધીઓ સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા ત્યારે પોલીસે ટીયર ગેસ અને લાઠીચાર્જનો આશરો લેવો પડ્યો હતો. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષી નેતાઓએ સંસદમાં ધરણા કર્યા છે અને કેન્દ્ર સરકાર પર વિદ્યાર્થીઓના ભવિષ્યના ભોગે શિક્ષણ મંત્રી પ્રધાનને બચાવવાનો આરોપ લગાવ્યો છે.

# પાકિસ્તાનમાં આતંકવાદી હુમલામાં ૧૫ લોકોનાં મોત; ભોગ બનેલાઓમાં ૨ પોલીસકર્મી, લશ્કરી અધિકારીઓનો સમાવેશ

(એજન્સી) તા.૨૪

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં રાત્રે આતંકવાદીઓએ સુરક્ષા ચેકપોસ્ટને નિશાન બનાવ્યા બાદ સૈનિકો, પોલીસ કર્મચારીઓ અને એક સરકારી અધિકારી સહિત ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયા, હોવાનું લશ્કરે શુક્રવારે જણાવ્યું હતું. હુમલાખોરોએ વિસ્ફોટકોથી ભરેલું વાહન સુરક્ષા ચેકપોસ્ટની પરિમિતિ દિવાલમાં ઘુસાડી દીધું, જેના કારણે વ્યાપક વિનાશ થયો.

"હુમલાખોરોએ વિસ્ફોટકોથી ભરેલું વાહન દિવાલ સાથે અથડાવ્યું," નિવેદનમાં કહેવામાં આવ્યું છે. "વિસ્ફોટની અસરને કારણે, ચેકપોસ્ટ પરના માળખાને ગંભીર નુકસાન થયું હતું."

સેનાએ જણાવ્યું હતું કે, "બાર લશ્કરી, બે પોલીસકર્મી અને એક સરકારી પૂર્વ વન વિભાગના અધિકારી સહિત પંદર બહાદુર પુત્રોએ અંતિમ બલિદાન આપ્યું અને શહાદત (શહીદ) સ્વીકારી,"

કોઈ સંગઠને તાત્કાલિક હુમલાની જવાબદારી સ્વીકારી નથી. જો કે, આ પ્રદેશમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) સાથે જોડાયેલી આતંકવાદી હિંસામાં વધારો જોવા મળ્યો છે, જેણે આ વિસ્તારમાં વારંવાર હુમલાઓ કર્યા છે.

પાકિસ્તાને વારંવાર ખૈબર પખ્તુનખ્વા અને પડોશી બલુચિસ્તાનમાં હુમલાઓમાં વધારા માટે અફઘાનિસ્તાનથી કાર્યરત આતંકવાદી જૂથોને જવાબદાર ઠેરવ્યા છે. કાબુલમાં તાલિબાન સરકારે કોઈપણ અફઘાન સંડોવણીનો ઈન્કાર કર્યો છે. તાલિબાન વહીવટીતંત્ર અને સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું હતું કે, જૂનમાં પૂર્વી અફઘાનિસ્તાન પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા તાજેતરના હુમલામાં ડઝનબંધ નાગરિકો માર્યા ગયા હતા.

**NEET-UG ૨૦૨૪ પેપર લીક મામલે ચોંકાવનારો વળાંક**

# જેને મુખ્ય સૂત્રધાર ગણાવ્યો હતો તેને જ CBIએ આપી ક્લિનચિટ

**બિહાર પોલીસની કથિત મુખ્ય સૂત્રધાર સંજીવ મુખિયાને ક્લિનચિટ : તપાસમાં સંજીવ વિરૂદ્ધ કોઈ પુરાવા મળ્યા નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

વર્ષ ૨૦૨૪માં સમગ્ર દેશને હચમચાવી દેનાર NEET-UG પેપર લીક કેસમાં એક મોટો ખુલાસો થયો છે.

બિહાર પોલીસ દ્વારા આ પેપર લીક રેકેટના કથિત મુખ્ય સૂત્રધાર ગણાવાયેલા સંજીવ કુમાર ઉર્ફે સંજીવ મુખિયાને CBI દ્વારા ક્લીન ચિટ આપી દેવામાં આવી છે. બિહાર પોલીસ પાસેથી આ કેસની તપાસ હાથમાં લીધા બાદ CBIએ આ પગલું ભર્યું છે.

CBI દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ૨૦૨૪ની NEET-UG પરીક્ષાના પેપર લીક અથવા તેની વહેંચણીમાં સંજીવ મુખિયા સામેલ હોવાના કોઈ પુરાવા તપાસ દરમિયાન મળ્યા નથી. વર્ષ ૨૦૨૪માં જ્યારે બિહાર પોલીસે આ કેસની પ્રાથમિક તપાસ શરૂ કરી હતી, ત્યારે સંજીવ મુખિયા ભૂતકાળમાં અન્ય પેપર લીક કેસોમાં સંકળાયેલો હોવાથી તેના પર શંકા ગઈ હતી. આ શંકાના આધારે જ બિહાર પોલીસે એફઆઈઆર (FIR)માં તેને આરોપી તરીકે દર્શાવ્યો હતો.

કેસની તપાસ પોતાના હાથમાં લીધા પછી CBIએ પ્રશ્નપત્રની ચોરી કરવાથી લઈને, તેની વહેંચણી કરવા અને તેનો ફાયદો ઉઠાવનાર તમામ લોકોની ઓળખ કરી લીધી છે. CBI દ્વારા પટણા કોર્ટમાં ૪૫ લોકો વિરૂદ્ધ પૂરતા પુરાવા સાથે અલગ-અલગ ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવી છે. આ સમગ્ર ષડયંત્રમાં સામેલ તમામ ગુનેગારોની ઓળખ થઈ ગઈ છે અને એજન્સીએ એ વાત સુનિશ્ચિત કરી છે કે, આ કૌભાંડમાં સામેલ એક પણ દોષિત કાયદાની પકડમાંથી બચીને છટકી ન શકે.

તપાસ દરમિયાન સંજીવ મુખિયા ફરાર થઈ ગયો હતો અને પાછળથી બિહાર પોલીસે તેની અટકાયત કરી હતી. એફઆઈઆરમાં નામ હોવાને કારણે CBIએ પૂછપરછ માટે તેને પોલીસ કસ્ટડીમાં લીધો હતો. પરંતુ, ઊંડાણપૂર્વકની તપાસ બાદ પણ કોઈ પુરાવા ન મળતા CBIએ તેની સામે કોઈ ચાર્જશીટ દાખલ કરી ન હતી, જેના પગલે તેને NEET-UG કેસમાં જામીન મળી ગયા હતા. જોકે, બિહાર પોલીસ દ્વારા ચલાવાતા અન્ય કેસોમાં પણ આરોપી હોવાના કારણે તે હજુ પણ ન્યાયિક કસ્ટડીમાં છે.

# મુંબઈ-ગુજરાત હાઈવે પર ૪૦ કિ.મી. લાંબો મહાજામ

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં હાલના દિવસોમાં મુશળધાર વરસાદ થઈ રહ્યો છે, જેનાથી હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. મહારાષ્ટ્ર-ગુજરાત ચેક પોસ્ટ નજીક છેલ્લા ૭૨ કલાકથી વરસાદના કારણે હાલત અત્યંત ખરાબ છે. ઝીરો કનેક્ટિવિટીના કારણે બંને રાજ્યો વચ્ચે સંપર્ક કરવો મુશ્કેલ થઈ ગયો છે. જો કે કેટલીય જગ્યા પર રાહત અને બચાવ ટીમ દ્વારા રેસ્ક્યૂ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ દરમ્યાન આર્મીના જવાનો જે મહારાષ્ટ્રથી ગુજરાત તરફ જઈ રહ્યા હતા, તેઓ પણ ટ્રાફિક જામમાં ફસાઈ ગયા છે. હાલમાં વાપી ચેક પોસ્ટ હજુ પણ બંધ છે. તો વળી મુંબઈથી ગુજરાત તરફ જતો NH-48ની હાલત ખૂબ જ ભયંકર છે. અહીં નેશનલ હાઈવે પર ૩૫થી ૪૦ કિમી લાંબો જામ લાગેલો છે. આ ગાડીઓ છેલ્લા ૨-૩ દિવસથી જામમાં ફસાયેલી છે. ગાડીઓને નીકળવાનો રસ્તો નથી મળી રહ્યો. જેના કારણે ગાડીઓ જ્યાં હતી, ત્યાંને ત્યાં રોકાયેલી છે. જો કે, કાલે રાતથી વરસાદ થોડો ઓછો હતો, પણ હવે ફરી એકવાર ભારે વરસાદ શરૂ થયો છે. જેનાથી સામાન્ય લોકોની સમસ્યા વધતી જાય છે. બીજી તરફ ભારે વરસાદના કારણે રેલ સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. દક્ષિણ ગુજરાતમાં રેલવે ટ્રેક પર પાણી ભરાયા હોવાના કારણે મુંબઈ જતી ૭ પેસેન્જર ટ્રેનોને મધ્યપ્રદેશના વિવિધ સ્ટેશનો પર રોકી દેવામાં આવી છે. પશ્ચિમી રેલવેના રતલામ ડિવિઝન પીઆરઓ મુકેશ કુમારે જણાવ્યું કે, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ધોલવાદ-ઉમરગામ રોડ ખંડમાં એક પુલ પર પાણી ખતરાના નિશાનથી ઉપર પહોંચવાના કારણે દિલ્હી-મુંબઈ ખંડ પર અવરજવર પ્રભાવિત થઈ છે. તેમણે જણાવ્યું કે, ટ્રેનોને રતલામ, નમલી, નાગદા, મેઘનગર, લિમખેડા, થંદલા રોડ અને બામનિયા સ્ટેશનો પર રોકવામાં આવી છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના પાલઘરમાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદના કારણે બે લોકોના મોત થયા છે. સ્થાનિક પ્રશાસન અને એનડીઆરએફની બે ટીમોએ આખી રાત બચાવ અભિયાન ચલાવ્યું. આ દરમ્યાન પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૨૪૪ લોકોને બચાવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, સુરક્ષાના કારણોથી જિલ્લાની સ્કૂલો અને શિક્ષણ સંસ્થાઓને શુક્રવારોને પણ બંધ રાખવા નિર્દેશ આપ્યા છે. જિલ્લા આપદા પ્રબંધન પ્રકોષ્ઠના પ્રમુખ વિવેકાનંદ કદમે જણાવ્યું કે, એજન્સીઓ અને રેસ્ક્યૂ ટીમો સવારના લગભગ ૫ વાગ્યે રેસ્ક્યૂ કામ પૂરૂં કર્યું. ભારે વરસાદ બાદ પાલઘરના કેટલાય વિસ્તારો જળમગ્ન થઈ ગયા છે, જેમાં દહાનૂ અને તલસારી સૌથી વધારે પ્રભાવિત વિસ્તાર હતા.

**અમદાવાદમાં પણ રેડએલર્ટ**

# ગુજરાતમાં ચારેકોર પાણી જ પાણી : ઠેર-ઠેર ભારે ખાનાખરાબી : ઉત્તર-મધ્ય-દક્ષિણ ગુજરાત ભયભીત






(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં ચોમાસાની તોફાની બેટીંગ વચ્ચે આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૨૪૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ પાટણના રાધનપુરમાં ૯ ઈંચ ખાબક્યો છે, જ્યારે વાવ-થરાદના ભાભર અને દિયોદર તાલુકામાં ૭ ઈંચ વરસ્યો છે. આ ઉપરાંત ૧૪ તાલુકામાં ૩થી ૬ ઈંચ તો ૮૬ તાલુકામાં ૧થી ૨ ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે બાકીના તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. સુરતમાં ખાડીપૂરની સ્થિતિ વધુ વિકટ બની છે. સુરતમાં ૨ અને નવસારીમાંથી કુલ ૪ મૃતદેહ મળી આવ્યા છે. નવસારીમાં પૂરની કટોકટી સામે પહોંચી વળવા NDRF-SDRF અને મિલિટરી બટાલિયન ઉપરાંત ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર મારફતે ભાટ ગામ નજીક ફસાયેલા ૩૦થી વધુ લોકોને એરલિફ્ટ કરાયા છે. પૂરના કારણે એક હજારથી વધુ કારોને નુકસાન થયું છે. દક્ષિણ ગુજરાતના બંદરો પર એલસી-૩ સિગ્નલ લગાવવામાં આવ્યું છે. બીજી, તરફ જામનગરના કાલાવડમાં ઘોડાપૂરમાં ફસાયેલી કારને ગ્રામજનોએ ટ્રેક્ટર અને દોરડા વડે ખેંચીને મોટી દુર્ઘટના ટાળી હતી. રાજકોટના ગોંડલ-જેતપુર નેશનલ હાઈવેથી સ્વામિનારાયણ ગુરુકુલ થઈને વીરપુર જતા રસ્તે ઘોડાપૂરમાં કાર તણાતાં ૨ લોકોની શોધખોળ હાથ ધરાઈ છે. અમદાવાદમાં અનરાધાર વરસાદથી દુકાનો-ઘરોમાં હજુ પાણી ભરાયેલા છે. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર બાવળા પાસે ભારે વરસાદના કારણે ગંભીર સ્થિતિ સર્જાતાં બગોદરાથી સનાથલ સુધીનો માર્ગ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. બાવળાના ગેલોપ્સ પાર્ક પાસે પૂરના પાણીમાં ફસાયેલા ૯૦૦ જેટલા લોકોને બચાવવા માટે પોલીસ અને SDRFની ટીમો દ્વારા યુદ્ધધોરણે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હાઈવે બંધ થતાં વાહન-વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, જેથી તંત્ર દ્વારા અમદાવાદ-રાજકોટ વચ્ચે મુસાફરી કરતા વાહનો માટે બગોદરાથી વેજળકા થઈને ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે ૨૪ જુલાઈના રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ સહિત વાવ-થરાદ, મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, ખેડા અને ગાંધીનગરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે કચ્છ, જામનગર, રાજકોટ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં ભારે તથા અતિભારે વરસાદની આગાહી કરવામાં આવતાં વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૨૫ જુલાઈ, ૨૦૨૬ (શનિવાર)ના રોજ અમદાવાદ શહેરની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ તેમજ ખાનગી શાળા અને કોલેજોમાં શૈક્ષણિક કામગીરી બંધ રાખવામાં આવશે. આ ઉપરાંત AMC સંચાલિત તમામ આંગણવાડીઓને પણ તા. ૨૭ જુલાઈ, ૨૦૨૬ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યભરમાં સર્જાયેલી ધોધમાર વરસાદી સ્થિતિને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ અમદાવાદ શહેરમાં ભરાયેલા વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ કરવા વહીવટી તંત્રને કડક આદેશ આપ્યા હતા. બીજી તરફ, રાજ્યના DGPએ પણ તમામ SP અને રેન્જ IG સાથે વીડિયો કોન્ફરન્સ યોજી પોલીસ કાફલાને સતત પ્રજાની વચ્ચે રહી ટ્રાફિક અને રેસ્ક્યૂ કામગીરીમાં સક્રિય રહેવા સૂચના આપી હતી. ૨૩ જુલાઈના વરસાદની પળેપળની અપડેટ ગણદેવીમાં ભારે નુકસાન નવસારી જિલ્લામાં વરસાદનું જોર ઘટતાં અંબિકા નદી ઘટીને ૩૬.૮ ફૂટ અને કાવેરી ૧૮ ફૂટ પર આવતાં રાહત થઈ છે, પરંતુ પૂર્ણા નદી હજુ ૨૯ ફૂટ પર સ્થિર છે. પાણી ઓસરતાં જ વાંસદા તરફનો ઓવરબ્રિજ ધોવાઈ જતાં રસ્તો બંધ થયો છે. ગણદેવી તાલુકાના ૨૫થી વધુ ગામોમાં ૧,૦૦૦થી વધુ વાહનો તણાઈ જતાં કરોડોનું નુકસાન થયું છે, જ્યારે હીરા ઉદ્યોગના હબ ગણાતા શાંતાદેવી વિસ્તારમાં ૧૨ ફૂટ પાણી ભરાતાં ૩,૦૦૦થી વધુ પરિવારો ફસાયા છે, જેમને મનપા દ્વારા ઘરો સુધી જઈને રાશન અને જરૂરી સામગ્રી પહોંચાડાઈ રહી છે. અમદાવાદમાં ૨૪ જુલાઈના રોજ વહેલી સવારે ૫ વાગ્યાથી સાર્વત્રિક ધોધમાર વરસાદ શરૂ થયો છે, જેમાં સૌથી વધુ ચાંદખેડામાં ૨ ઈંચ તેમજ ગોતા, મેમ્કો, નરોડા અને એરપોર્ટ સહિતના વિસ્તારોમાં ૧.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના પગલે ત્રાગડ રોડ, IOC રોડ અને ડિકેબીન રોડ સહિતના માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા, જ્યારે મોડીરાત્રે ભરાયેલા પાણીના કારણે બંધ કરાયેલા ૧૭ અંડરબ્રિજમાંથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનો નિકાલ કરાતાં ૯ બ્રિજ શરૂ કરાયા છે.

મકરબા, પરિમલ, અખબાર નગર, મણિનગર દક્ષિણી, કાળીગામ, ચાંદલોડિયા, રાણીપ GST તથા ચાંદખેડા જેવા ૮ અંડરબ્રિજ હજુ પણ બંધ છે. ખોખરા જાડેજા કોર્નર પાસે પાણીમાં ફસાયેલી બસમાંથી મણિનગર ફાયર ટીમે ૫૫ લોકોને સહીસલામત બહાર કાઢ્યા હતાં. આ ઉપરાંત નિકોલની મધુમાલતી આવાસ યોજનામાં પાણી ભરાતાં ૧૦૦૦થી વધુ રહીશો તેમજ શેલા વિસ્તારની આકાશ રેસીડેન્સીના પાર્કિંગમાં વાહનો ગરકાવ થતાં સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં દરિયો ખૂબ જ રફ રહેવાની શક્યતા છે. માછીમારોને આગામી બે દિવસ સુધી દરિયો ન ખેડવા માટે સખત સૂચના આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના બંદરો પર એલસી-૩ સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

રાજસ્થાનમાં સક્રિય લો પ્રેશર, રાજસ્થાન નજીકથી પસાર થતું મોન્સૂન ટ્રફ તેમજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો સમાવેશ થાય છે. આ તમામ હવામાન સિસ્ટમને કારણે રાજ્યમાં વ્યાપક અને ભારે વરસાદની શક્યતા યથાવત છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે અમદાવાદમાં ૨૯૪.૬ મિમી (૧૧.૬૦ ઈંચ) વરસાદ નોંધાયો હતો, જે વર્ષ ૧૯૨૭ બાદ આ વર્ષે જુલાઈ મહિનામાં સૌથી વધુ વરસાદ છે. વર્ષ ૧૯૨૭માં જુલાઈ મહિનામાં ૪૧૪.૮ મિમી (૧૬.૩૩ ઈંચ) વરસાદ નોંધાયો હતો.

## ગુજરાતમાં મેઘપ્રલય જારી : રાજ્યભરમાંથી ૩૮,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર !



### નવસારીમાં ઝીંગાના તળાવમાં ફસાયેલા ૧૫ મજૂરોને એરલિફ્ટ કરવા પડ્યા

(સંવાદદાતા દ્વારા) તા.૨૪

દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવથી નવસારી-વલસાડ જળબંબાકાર બન્યા છે. ૩૮,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. નવસારીના મેંધર ભાટ ગામે ઝીંગાના તળાવમાં ફસાયેલા ૧૫ શ્રમિકોને કોસ્ટ ગાર્ડે એરલિફ્ટ કર્યા હતા. હાલોલ-શામળાજી હાઈવે પર પાણી ભરાતા JCBથી ડિવાઈડર તોડી પાણીનો નિકાલ કરાયો. રાજ્યમાં NDRF-SDRFની ૪૯ ટીમો તૈનાત છે.

દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં અવિરત વરસાદથી ગુજરાતમાં મેઘતાંડવની સ્થિતિ જોવા મળી રહી છે. નવસારી, વલસાડ જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ છે. અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે, ત્યારે નવસારીમાં ગણદેવીના મેંધર ભાટ ગામે ઝીંગાના તળાવમાં ફસાયેલાં ૧૫ લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા. વરસાદની વિકટ પરિસ્થિતિમાં રાજ્યભરમાંથી ૩૮,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

નવસારીમાં અવિરત વરસાદથી અનેક વિસ્તારો જળમગ્ન થયા છે. તેવામાં ગણદેવીના મેંધર ભાટ ગામે છેલ્લા ૧૮ કલાકથી ફસાયેલાં મજૂરોની મદદે કોષ્ટ ગાર્ડની ટીમ પહોંચી હતી. આમ, મેંધર ભાટ ગામે ઝીંગાના તળાવમાં ફસાયેલાં ૧૫ લોકોને એરલિફ્ટ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ફસાયેલાં મજૂરોએ વીડિયો મારફતે મદદ માગી હતી.

પંચમહાલના શહેરામાં મોડી રાત્રિથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો.જેમાં ૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે, ત્યારે ભારે વરસાદને પગલે હાલોલ-શામળાજી હાઈવે પર પાણી ભરાતા વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. હાઈવે પર ભરાયેલા વરસાદી પાણીનો ઝડપી નિકાલ કરવા ત્નઝ્રમ્ની મદદથી હાઈવેના ડિવાઈડર તોડવાની ફરજ પડી હતી. કટ આઉટ પુરાતા માટી હટાવીને વરસાદી પાણીનો નિકાલ થાય તેવી કામગીરી હાથ હાથધરાઈ હતી. દર વર્ષે ભરાતા વરસાદી પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા વાહનચાલકોની માગ કરી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC) અહેવાલ મુજબ, ૨૪ જુલાઈએ સવારે બે કલાકમાં વાવ-થરાદ જિલ્લાના દિયોદર તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાભર, અરવલ્લીના ધનસુરા, અમરેલીના લીલિયા અને પાટણના સાંતલપુર તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

ગુજરાતમાં ચોમાસાની ઋતુ દરમિયાન અત્યાર સુધીમાં વહીવટી તંત્ર દ્વારા ૩૮,૬૫૩ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે ૫,૫૪૭ લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC), ગાંધીનગરના અહેવાલ મુજબ, કોઈપણ કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લાઓમાં NDRF અને SDRFની ૪૯ ટીમો તૈનાત કરાઈ છે. આ ઉપરાંત અમદાવાદ, નવસારી અને વલસાડ ખાતે ભારતીય સેનાની ૨-૨ ટીમો પણ ડિપ્લોય કરવામાં આવી છે.

આ ઉપરાંત વડોદરા ખાતે એરફોર્સની ટીમ દ્વારા નાગરિકોનું રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યું છે. જ્યારે કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા નવસારી, વલસાડ અને તાપીના વિસ્તારોમાં એરિયલ સર્વેની કામગીરી ચાલી રહી છે. વધુમાં, કોસ્ટ ગાર્ડ દ્વારા બીલીમોરા અને ગણદેવીમાં પૂરના પાણીમાં ફસાયેલા નાગરિકોને બચાવવાની કામગીરી પણ પૂરજોશમાં હાથ ધરવામાં આવી છે. ભારે વરસાદને કારણે લીલીયાના મફત પ્લોટ વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા છે. ગોઠણસમાં પાણી ભરાતા લોકો હાલાકી ભોગવી રહ્યા છે અને ઘરમાં પાણી ભરાતા લોકોની ઘર વખરીને પણ નુકશાન થયું છે.

## ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ; પૂરનું સંકટ વધુ ઘેરૂં, બચાવ કામગીરી વધુ તીવ્ર

**વાદળ ફાટવા જેવા વરસાદથી રસ્તાઓ, ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા, જેના કારણે સામાન્ય જનજીવન ઠપ્પ**



અમદાવાદ, તા.૨૪

શુક્રવારે ચોમાસાનો પ્રકોપ નાટ્યાત્મક રીતે ઉત્તર ગુજરાત તરફ વળ્યો છે, થોડા કલાકોમાં જ મુશળધાર વરસાદથી બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓ ડૂબી ગયા છે, જ્યારે દક્ષિણ ગુજરાત વિનાશક પૂર જેવી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યું છે. નવા વરસાદે ગુજરાતની પૂર કટોકટીમાં વધારો કર્યો છે, જ્યાં હજારો લોકો વિસ્થાપિત થયા છે, હાઈવે કાપી નાખવામાં આવ્યા છે, બચાવ કામગીરી ચાલુ છે અને ભારતીય હવામાન વિભાગ (IMD)એ રાજ્યના મોટા ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. સૌથી વધુ ભારે વરસાદ બનાસકાંઠાના દિયોદર તાલુકામાં નોંધાયો હતો, જ્યાં ૨૪ જુલાઈએ સવારે ૬થી ૧૦ વાગ્યા દરમિયાન લગભગ છ ઈંચ વરસાદ પડ્યો હતો, જેમાં ફક્ત બે કલાકમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. વાદળ ફાટવા જેવા અતિભારે વરસાદથી રસ્તાઓ, ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા, જેના કારણે સામાન્ય જનજીવન ઠપ થઈ ગયું. વરસાદનો પટ્ટો ઉત્તર ગુજરાતમાં ફેલાયેલો હતો, જેમાં ભાભરમાં પાંચ ઈંચ, જ્યારે પાટણ જિલ્લાના રાધનપુર અને સાંતલપુરમાં લગભગ ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદથી અરવલ્લીના ધનસુરા અને અમરેલીના લીલીયામાં પણ પાણી ભરાઈ ગયા હતા, જે દર્શાવે છે કે, ચોમાસાએ હવે એકસાથે અનેક પ્રદેશોમાં તેની સૌથી તીવ્ર પ્રવૃત્તિ ફેલાવી દીધી છે. ઉત્તર ગુજરાતમાં ફરી પૂર આવ્યું છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં પાછલા બે દિવસના અવિરત વરસાદના પરિણામે ભારે વરસાદ પડ્યો છે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે, ૩૮,૬૫૩ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, જ્યારે ૫,૫૪૭ ફસાયેલા રહેવાસીઓને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી બચાવવામાં આવ્યા છે. એકલા નવસારીમાં લગભગ ૧૦,૦૦૦ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે, જ્યારે વલસાડમાં લગભગ ૧૨,૦૦૦ રહેવાસીઓને સ્થળાંતર કરવામાં આવ્યા છે, જે માનવતાવાદી પ્રતિભાવના કદને પ્રતિબિંબિત કરે છે. બચાવ કામગીરીને મજબૂત બનાવવા માટે, સમગ્ર ગુજરાતમાં NDRF અને SDRFની ૪૯ ટીમો તૈનાત કરવામાં આવી છે, જ્યારે ભારતીય સેનાએ છ ટીમો તૈનાત કરી છે, જેમાં અમદાવાદ, નવસારી અને વલસાડમાં દરેક બે ટીમો છે. આ સાથે જ, ભારતીય કોસ્ટ ગાર્ડે પૂરગ્રસ્ત બીલીમોરા અને ગણદેવીમાં ફસાયેલા રહેવાસીઓને શોધવા અને બહાર કાઢવા માટે હવાઈ સર્વેક્ષણ અને બચાવ કામગીરી હાથ ધરી છે. વરસાદના પ્રકોપે ફરી એકવાર અમરેલી જિલ્લાની નબળાઈઓ ઉજાગર કરી છે, જ્યાં નદીઓ છલકાઈ ગઈ હતી અને શહેરી પૂરના કારણે રોજિંદા જીવન ખોરવાઈ ગયું હતું. લીલીયા શહેરમાં, અવિરત વરસાદ પછી નવલી નદી તેના કાંઠા તોડી નાખ્યા હતા, જેના કારણે મુખ્ય બજારની દુકાનોમાં પૂરના પાણી ઘૂસી ગયા હતા અને વેપારીઓને વ્યવસાય સ્થગિત કરવાની ફરજ પડી હતી. દુકાનોમાં પાણી ઘૂસી જતાં શેરીઓ ઝડપથી નાળામાં ફેરવાઈ ગઈ હતી, જેના કારણે રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. બગસરામાં પણ પરિસ્થિતિ એટલી જ ચિંતાજનક હતી, જ્યાં અવિરત વરસાદથી સ્વામિનારાયણ મંદિર અને કુંકાવાવને જોડતો રસ્તો ડૂબી ગયો હતો, જેના કારણે વાહનોની અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી. શહેરના ઘણા રસ્તાઓ નદી જેવા દેખાતા હતા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે પરિવારો ફસાયેલા હતા અને વીજળી અને પરિવહન સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ખતરનાક પરિસ્થિતિઓ વચ્ચે, લીલીયા પ્રદેશમાં દાદમાન-મોટા કંકોટ કોઝવે પર એક મોટી દુર્ઘટના ટાળવામાં આવી હતી, જ્યાં એક યુવાન મોટરસાયકલ સવાર પૂરગ્રસ્ત રસ્તો પાર કરવાનો પ્રયાસ કરતી વખતે તણાઈ ગયો હતો. સતર્ક રહેવાસીઓ તાત્કાલિક કાર્યવાહીમાં દોડી ગયા હતા અને મુશ્કેલ બચાવ પછી, યુવાનને સલામત સ્થળે ખેંચવામાં સફળ રહ્યા હતા, જેના કારણે વરસાદ સંબંધિત બીજી મૃત્યુ થઈ શકે છે. બીજી જગ્યાએ, રાજકોટ જિલ્લાના વીરપુર તરફ જતી વખતે ગોંડલ-જેતપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ નજીક બે વ્યક્તિઓ તેમની કાર સાથે તણાઈ ગયાના અહેવાલ બાદ બચાવ ટીમોએ શોધખોળ કામગીરી તીવ્ર બનાવી છે. નવસારીના વાંસદામાં બીજી એક ઘટનામાં, વિકેશ પટેલ તરીકે ઓળખાતો એક યુવાન પુલ પરથી કાવેરી નદીમાં પડી ગયો હોવાના અહેવાલ છે, જેના કારણે પોલીસ અને કટોકટી ટીમોએ વ્યાપક શોધખોળ કામગીરી શરૂ કરી છે. શહેરના અગ્રણી હીરા પ્રોસેસિંગ હબ પૈકીના એક, નવસારીના શાંતાદેવી વિસ્તારમાં પણ પૂરના પાણીએ ગંભીર આર્થિક ફટકો પહોંચાડ્યો છે. પૂર્ણા નદી સામાન્ય કરતાં લગભગ ૧૨ ફૂટ ઉપર વહેતી હોવાથી, ઉદ્યોગો અને વ્યવસાયિક સંસ્થાઓ છેલ્લા બે દિવસથી બંધ છે, જેના કારણે હીરા પ્રક્રિયા અને સંબંધિત વ્યાપારિક પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે અને નોંધપાત્ર નાણાકીય નુકસાન થયું છે. દરમિયાન, અમદાવાદમાં શુક્રવારે સવારે ૫ વાગ્યાથી વ્યાપક વરસાદ પડ્યો હતો, જેમાં ચાંદખેડામાં લગભગ બે ઈંચ, જ્યારે ગોતા, મેમ્કો, નરોડા અને એરપોર્ટ વિસ્તારમાં લગભગ દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો. સવારના વરસાદ દરમિયાન શહેર મોટા પૂરથી બચી ગયું હોવા છતાં, ઘણા વિસ્તારોમાં પાણી ભરાયાના અહેવાલો છે. મધ્ય ગુજરાત પણ ભારે તણાવમાં રહ્યું કારણ કે, ખેડા જિલ્લાના મહેમદાવાદ, માતર, વાસો અને નડિયાદમાં વર્ચ્યુઅલ પૂરની સ્થિતિ જોવા મળી હતી. છેલ્લા ૨૪ કલાકમાં મહેમદાવાદમાં લગભગ ૨૦ ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે માતરમાં લગભગ ૧૮ ઈંચ વરસાદ પડ્યો હતો, જેના કારણે ગામડાઓ પાણીમાં ડૂબી ગયા હતા અને ઘણા મુખ્ય રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી હતી. ખેડા-ધોળકા હાઈવે બંધ કરવામાં આવ્યો હતો, જેમાં રસ્તાના લાંબા ભાગો ડૂબી ગયા હતા, જ્યારે માતર-તારાપુર હાઈવે પણ પાણી ભરાઈ ગયો હતો. પાણી ભરાઈ જવાથી વાહનચાલકો અટવાઈ ગયા છે અને ઘણા લોકોને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ખતરનાક માર્ગ અપનાવવાની ફરજ પડી છે. ઉત્તર ગુજરાતમાં, ભારે પાણીના પ્રવાહને કારણે માલવણ-બેચરાજી હાઈવે પર બજાણા પુલ પણ પાણીમાં ડૂબી ગયો હતો, જ્યાં પાણી ભરાઈ જવાથી અધિકારીઓને કલાકો સુધી વાહનવ્યવહાર બંધ રાખવાની ફરજ પડી હતી. મુસાફરો પાણીના સ્તર ઘટવાની રાહ જોતા બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. તાજેતરનો વરસાદ ગુરૂવારે અપવાદરૂપે વરસાદ પડ્યો હતો જ્યારે ગુજરાતના ૨૦૦થી વધુ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો, જેમાં નવસારીના ચીખલી અને અમદાવાદના ધોળકામાં લગભગ ૧૮ ઈંચ, જ્યારે ખેરગામ અને મહેમદાવાદમાં લગભગ ૧૭ ઈંચ વરસાદ પડ્યો હતો. તે મુશળધાર વરસાદને કારણે દક્ષિણ ગુજરાતમાં વ્યાપક પૂર આવ્યું હતું, જેના કારણે તાજેતરના વર્ષોમાં રાજ્યના સૌથી મોટા બચાવ કાર્યમાંનો એકનો માર્ગ મોકળો થયો હતો. નદીઓ ખતરનાક રીતે ઉપર તરફ વહેતી હોવાથી અને જળાશયોમાં સતત પાણી ભરાઈ રહ્યા હોવાથી, ભારતીય હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, પરિસ્થિતિ વધુ વણસી શકે છે. પંચમહાલ, મહિસાગર અને દાહોદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે ૧૩ જિલ્લાઓ ઓરેન્જ એલર્ટ હેઠળ છે અને ૧૦ જિલ્લાઓ યલો એલર્ટ હેઠળ છે, જે આગામી ૨૪ કલાકમાં વધુ ભારેથી અતિભારે વરસાદની શક્યતા દર્શાવે છે.

## ગુજરાત પર તીવ્ર વરસાદી આફત આગામી ત્રણ દિવસ હજુ અતિભારે

અમદાવાદ,તા.૨૪

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ બોપલની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓ કોમનમેનની જેમ પાણીમાં ઉતર્યા હતા..દરમિયાન તેમની સાથે મેયર હિતેશ બારોટ, મ્યુનિસિપલ કમિશનર તેમજ પોલીસ કમિશનર પણ હતા. મોટા પ્રમાણમાં પાણી ભરાતા અમદાવાદ-રાજકોટ હાઈવે બંધ કરાયો.. વાહનો માટે બગોદરાથી વેજળકા થઈને ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે. અમદાવાદના કર્ણાવતી ક્લબની પાછળ આખો વિસ્તાર જળમગ્ન.અનેક સોસાયટીઓમાં પાણી ભરાતા આર્મી ઉતારવી પડી..બોટ મારફતે લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરાયો. અમદાવાદમાં સતત બીજા દિવસે સ્થિતિ ગંભીર.શેલાની આકાશ રેસિડેન્સીના બેઝમેન્ટમાં ૨૦૦ વાહનો ડૂબ્યા, તો બાવળાના 'ગેલોપ્સ પાર્ક'માં ફસાયેલા ૯૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું. ખાડીપૂરથી સુરતનું પર્વતગામ બેટમાં ફેરવાયું...મીઠીખાડીના પાણી હજુ નથી ઓસર્યા. તો મુખ્ય રોડ-રસ્તાઓ સહિત સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થયો.. સાત જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે..અમદાવાદ સહિત વાવ-થરાદ, મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, ખેડા અને ગાંધીનગરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.. વીરપુરમાં તેલ હોકરા નદીના પૂરમાં કાર તણાઈ..બે લોકો સવાર હોવાની આશંકા..ગોંડલ-જેતપુર નેશનલ હાઈવેથી વીરપુર જતા રસ્તે બનાવ.. ભારે વરસાદમાં રાજ્યમાં ૧૬ જેટલી ટ્રેનો રદ કરવામાં આવી..તો અમદાવાદ એરપોર્ટ પર પાણી ભરાયા...ભારે



**મુખ્યમંત્રી પટેલે પણ પાણીમાં ઊતરીને તાગ મેળવ્યો**

વરસાદથી એરપોર્ટ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ.જેના કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વડોદરાના પ્રતાપનગરમાં પૂરઝડપે આવતી બ્રેઝા કારે આમલેટની લારીને અડફેટે લીધી.. લારી પર કામ કરતા આધેડનું માથું ફાડી નાખ્યું.. અકસ્માત સર્જનારો ભાજપનો વોર્ડ ઉપપ્રમુખ હોવાનું સામે આવ્યું..

## અમદાવાદ-વિરમગામ રેલવે ટ્રેક પાણીમાં ડૂબી જતાં અનેક ટ્રેનો રદ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ રેલટ્રેક પર છારોડી અને વિરમગામ સ્ટેશનો વચ્ચે ભારે વરસાદને કારણે થયેલા જળભરાવના પગલે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પહોંચી છે. પશ્ચિમ રેલવે દ્વારા કેટલીક ટ્રેનો સંપૂર્ણ રદ કરવામાં આવી છે, કેટલીક ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોનો માર્ગ બદલવામાં આવ્યો છે. ઉપરાંત અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

**કઈ કઈ ટ્રેન સેવાને અસર**

- રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ, ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ ટ્રેન નં. ૬૯૧૮૬/૬૯૧૮૫ વિરમગામ-અમદાવાદ-વિરમગામ MEMU તેમજ ટ્રેન નં. ૫૯૫૧૨/૫૯૫૧૧ વિરમગામ-મહેસાણા-વિરમગામ પેસેન્જર સંપૂર્ણપણે રદ રહેશે.
- આ ઉપરાંત, ટ્રેન નં. ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૪ જુલાઈના રોજ સુરેન્દ્રનગરથી ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે ટ્રેન નં. ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૫ જુલાઈના રોજ ગાંધીનગર કેપિટલથી સુરેન્દ્રનગર વચ્ચે રદ રહેશે.
- જળભરાવને કારણે ટ્રેન નં. ૧૬૩૩૫ ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ, ૯૪૮૦૨ ધ્રાંગધ્રા-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ અને ૧૧૪૬૩ વેરાવળ-જબલપુર એક્સપ્રેસનું સંચાલન ૨૪ જુલાઈના રોજ વિરમગામ-કટોસણ રોડ-કલોલ-અમદાવાદ માર્ગ પરથી ડાયવર્ટ કરીને કરવામાં આવશે.
- તે ઉપરાંત ટ્રેન નં. ૧૨૨૯૭ અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસનું પ્રસ્થાન પણ મુલતવી રાખવામાં આવ્યું છે. આ ટ્રેન ૨૪ જુલાઈના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યે અમદાવાદથી ઉપડવાની હતી, પરંતુ હવે તે ૨૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૨:૧૦ વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરશે.

**પશ્ચિમ રેલવેની મુસાફરોને અપીલ**

પશ્ચિમ રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે, તેઓ મુસાફરી શરૂ કરતા પહેલાં પોતાની ટ્રેનની નવીનતમ સ્થિતિની તપાસ કરીને જ પ્રવાસ માટે નીકળે.


● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com